Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધપૂડો

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

૮૦૧
૨૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... २०गा / २८

पञ्जिका संख्या २८०२६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધપૂડો

રાષ્ટ્રીય વિદ્યામંદિર
સત્યાગ્રહાશ્રમ

[illegible]
पुस्तक सं० ....
आगत सं० ....
[illegible] ....
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૯

સર્વ હક પ્રકાશક સંસ્થાને આધીન

પાંચમી વાર, પ્રત ૫,૦૦૦
કુલ પ્રત ૧૨,૦૦૦

સવા રૂપિયો મે, ૧૯૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

આશ્રમની શાળામાં વિદ્યાર્થીઓ એક હસ્તલિખિત દ્વૈમાસિક ચલાવે છે. વિદ્યાર્થીઓ એટલે કણશઃ અને ક્ષણશઃ વિદ્યાર્જન કરનાર મધમાખો. જ્યાંથી મળે ત્યાંથી જ્ઞાન મેળવી એનો તેઓ 'મધપૂડો' રચે છે. આશ્રમ અને આશ્રમની શાળા એ જ એક મોટો મધપૂડો છે. એનું એક પ્રતિબિંબ તે આ હસ્તલિખિત દ્વૈમાસિક. આશ્રમના શિક્ષકો પણ પોતાને વિદ્યાર્થીઓ જ ગણે છે. 'મધપૂડા'માં આવેલા તેમના લેખોમાંથી આ સંગ્રહ તૈયાર થયો છે. 'મધપૂડા'ના જુવાન તંત્રીઓ, અથવા તેમની ભાષામાં કહીએ તો મધુકરરાજાઓ પોતાનું મધુ પ્રગટ કરવાને તૈયાર ન હતા. જંગલની મધમાખો પણ દુર્ગમ સ્થાને પોતાનો મધપૂડો સુરક્ષિત બાંધે છે. પણ આજ સુધી કયો મધપૂડો મધુલોલુપોથી સુરક્ષિત રહ્યો છે? સંગ્રહ કરેલું મધુ હંમેશાં લૂંટનારાઓને જ અર્પણ હોય છે. આ મધનું પણ તેમ જ છે.

આશ્રમની કેળવણીમાં પરીક્ષાને સ્થાન નથી. જીવન એ જ મોટી પરીક્ષા છે. તેમાં તો ક્ષણે ક્ષણે પસાર થવાનું હોય છે. પણ વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો ઉપયોગ કરી કંઈક સર્જનાત્મક લખવાનું મન થવાનું જ. સાહિત્ય એ કેળવણીનું ગૌણ પણ આવશ્યક અંગ છે; અને એ પોતાનો વિકાસ શોધવાનું જ. એ વૃત્તિને દોરવાનું કામ આ મધપૂડો કરે છે.

આમાં આવેલા કેટલાક પત્રો ખાનગી સ્વરૂપના હતા. પત્ર-લેખકોને એ ફરી તપાસવાની તક મળી હોત તો કદાચ એમાં કંઈક ફેરફાર થાત. એમની દૃષ્ટિએ વંચતે એ સુધારો ગણાત. પણ કાગળોમાં તો કાચા વિચારો પણ શોભી નીકળે છે, અને સ્વાભાવિકતા એ જ એની ખૂબી હોય છે. એટલે તે એવા ને એવા જ રાખ્યા છે.

પ્રકાશક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોખલિયું

પ્રાર્થના	કાકા કાલેલકર	૮
પ્રાણથી પ્યારો દેશ	જુગતરામ દવે	૯
મધપૂડો કોણ રચે ?	ગાંધીજી	૧૩
મધમાખી શું શીખવે છે ?	,,	૧૩
માધુકરી	કાકા કાલેલકર	૧૪
સ્વર્ગીય શાળા	વિનોબા ભાવે	૧૯
ખાદીકેળાં	મહાદેવ દેસાઈ	૨૨
ક્ષાત્રધર્મ	કાકા કાલેલકર	૩૩
બલિદાનનો મહિમા	ચંદ્રશંકર શુક્લ	૩૪
કરેણનું ફૂલ	કાકા કાલેલકર	૪૦
દયાળુ રાજકુમાર	નરહરિ પરીખ	૪૫
રાજમાતા મીનલદેવી	,,	૪૬
હેમાચાર્ય	,,	૪૯
વસ્તુપાળ–તેજપાળ	,,	૫૭
મોટર	કાકા કાલેલકર	૬૫
બુદ્ધ ભગવાનનો સંઘ	કિશોરલાલ મશરૂવાળા	૬૬
બુદ્ધનો ગૃહત્યાગ	,,	૭૧
કાળવન	સ્વામી આનંદ	૭૭
અંત્યજ સાધુ બળ	રમણીકલાલ મોદી	૮૪
વિયેનાનો સાધુ	ચંદ્રશંકર શુક્લ	૮૯
કલાનું હાર્દ	કાકા કાલેલકર	૯૪
મહેલનું ચિત્ર	,,	૯૫
હૃદયનો રંગ	નરહરિ પરીખ	૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણદાયી હવા	કાકા કાલેલકર	૯૭
અસ્પંદ તીર્થ	,,	૯૮
બારીમાંથી ડોકિયું	,,	૧૦૦
પંખીગીત	,,	૧૦૫
ઘોડાનું બંધન	જુગતરામ દવે	૧૧૫
ભવિષ્યપુરાણ	કાકા કાલેલકર	૧૧૮
ગંગામૈયા	,,	૧૨૧
શ્રીનગર–કાશ્મીર.	,,	૧૨૪
શ્યેનચાંગ તાસ્સ	પ્રભુદાસ ગાંધી	૧૨૯
ચિંચવડના પત્રો	કાકા કાલેલકર	૧૪૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધપૂડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मधुमन्मे निष्क्रमणं मधुमन्मे परायणम् ।
वाचा वदामि मधुमद् भूयासं मधुसंदृशः ॥

મારું પ્રાકટ્ય પ્રિયહિત થાઓ. મારી વિદાય પણ પ્રિયહિત થાઓ. જેમ મારી વાણી મધુર છે તેમ હું સર્વાંશે મધુર થાઉં.

—અથર્વવેદ

પ્રાર્થના

પ્રભો ! દુનિયામાં સત્ય અને અસત્ય મિશ્રિત છે. અમારી વૃત્તિ શુદ્ધ નથી. અમને સત્ય વીણીને ભેગું કરવાની કળા તેમ જ શક્તિ આપ.

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણથી પ્યારો દેશ*

(કેસૈયાનો ઢાળ)

ભારત મારી, માવડી મારી,
ધારણહાર સ્વદેશ,
જનમ વારું લાખ જો તારો,
એક હલે મા! કેશ.
રોઈ રોઈ નેણનાં તારે
શીદ સુકાવવાં નીર?
શીદને તારા કેશ વીંખાયેલ?
શીદ મા! મેલાં ચીર?
શીદ મા! તારે ધૂળનાં બેસણાં?
શીદને મુખડું મ્લાન?
તેત્રીસ કોટિ સુત છે તારે
પાથરનારા પ્રાણ.
શાનું તારે દુખડું હૈયે?
શાને મા! ઓછું લઈએ?
લાજ તે તારે માવડી! શાને?
શાને અન્તર ક્લેશ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ 'જય સ્વદેશ —
તું પ્રાણથી પ્યારો દેશ.'

---

* બંગાળી કવિવર દ્વિજેન્દ્રલાલ રાયના 'આમાર દેશ' નામના ગીતનું ગુજરાતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

બુદ્ધદેવે જ્યાં પ્રગટીને મા !
ખોલ્યાં મુક્તિનાં દ્વાર;
આજેય જેના નામને નમતો
ભક્તિથી અર્ધ સંસાર.
કાબુલથી તે સાગર સુધી
જેહની જશસુગંધ
છાઈ ગયો એક કાળ અશોકશો
ગરવો રાજવી સન્ત.
એવાની શું તું ન જનેતા ?
નથી એ શું તારા બેટા ?
એ સરવેનો તું જ તું માતા !
પ્રાણથી પ્યારો દેશ;
શાનું તારે દુખડું હૈયે ?
શાને મા ! ઓછું લઈએ ?
લાજ તે તારે માવડી ! શાને ?
શાને અન્તર ક્લેશ ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ 'જય સ્વદેશ --
તું પ્રાણથી પ્યારો દેશ.'

૩

રામ સમાણા સુત મા ! તારે,
લીધ લીલામાં લંક;
એક સમે સાત સાગરને તુજ
ખેડતાં નાવ નિઃશંક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાપાન ચીન તિબેટમાં તારાં
કરતાં બાળ વહેવાર
કોની રે કોની માય! તું માતા?
કોણ તારો પરિવાર?
શીદ મા! તારે ધૂળનાં બેસણાં?
શીદ મા! આવાં રૂપ જ દામણાં?
શાનું તારે દુખડું હૈયે?
શાને મા! ઓછું લઈએ?
લાજ તે તારે માવડી! શાને?
શાને અન્તર ક્લેશ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ 'જય સ્વદેશ —
તું પ્રાણથી પ્યારો દેશ.'

૪

કાનજી કેરી બંસરીનો જ્યાં
સૂર મધુર સુણાય;
વ્યાસ ભણે જ્યાં જ્ઞાનની ગીતા ને
તુલસી હરિગુણ ગાય;
પ્રતાપને શિવ રે રાયા
ધરમની વહારે ધાયા.
એહ બધાના દેહ જ્યાં પાક્યા
તે જ તું શું નહિ દેશ?
નામ એ સૌનાં કંઈક ઉજાળીએ,
માત! દે એહ આશિષ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાનું તારે દુખડું હૈયે?
શાને મા! ઓછું લઈએ?
લાજ તે તારે માવડી! શાને?
શાને અન્તર ક્લેશ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ 'જય સ્વદેશ —
તું પ્રાણથી પ્યારો દેશ.'

૫

આજ તો મા! તારી દિવ્ય પ્રભા
ઘેરાઈ ઘોર અંધાર,
વીખરાશે એ વાદળાં, ખીલશે
તેજના ભાલ અંબાર.
માડી! તારું જગવગોણું
ઉથાપીશું નીચાજોણું.
માનવી છૈયે માડી! અમે નથી
મેંઢાં માનવવેશ.
દેવી તું મારી, સાધના મારી,
સ્વર્ગ ને તું જ સ્વદેશ.
શાનું તારે દુખડું હૈયે?
શાને મા! ઓછું લઈએ?
લાજ તે તારે માવડી! શાને?
શાને અન્તર ક્લેશ?
તેત્રીસ તારાં ક્રોડ મળીને
ગાજીએ 'જય સ્વદેશ —
તું પ્રાણથી પ્યારો દેશ.'

જુગતરામ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધપૂડો કોણ રચે ?

મધપૂડો રચવાની આપણામાં લાયકાત છે કે ? આપણામાં મધમાખીના ગુણો છે ? મધમાખી તો એક ક્ષણ પણ નિરુદ્યમી નથી રહેતી. વખતની કે કામની ચોરી કરવી એ તો તેને મન મહાપાપ છે. મધમાખીના જેવી સ્વચ્છતા આપણે કેળવી છે ? મધમાખીનું ઘર કોઈ દહાડો જોયું છે ? જ્યારે જુઓ ત્યારે તે સ્વચ્છ હોય છે. આપણાં પાનાં આપણે એવાં જ સ્વચ્છ રાખી શકશું ? મધપૂડા જેવું ગીચોગીચ વસેલું એકે ઘર કે ગામ આપણે નથી જોતા, છતાં દરેક મધમાખીને સારૂ રહેવાની પુષ્કળ જગ્યા હોય છે. આપણા મધપૂડામાં આપણે બધા એવી સુવ્યવસ્થિત રીતે સમાઈ શકશું ?

આપણો આ મધપૂડો એ આશ્રમરૂપી મધપૂડાની કંઈક ઝાંખી કે નકલ હશે કે ? કે તેનો આપણા જીવનની સાથે કંઈ સંબંધ જ નહીં હોય ?

આ પ્રશ્નોના ઉત્તર દરેક મધમાખી પોતાના મનમાં યથાશક્તિ આપે.

મોહનદાસ ગાંધી

મધમાખી શું શીખવે છે ?

મધમાખીના ઉદ્યોગની શી વાત ? મધમાખી તંદ્રારહિત થઈને પોતાનું નીમેલું કામ નિયમિત રીતે કરે છે. એ જ નિયમને આપણે ન અનુસરીએ ? જે જે કરવાનું — નાનું કે મોટું કામ — હોય તે તનતોડ મહેનત કરી પૂરું કરીએ તો જ મધપૂડો શોભે. મધપૂડો એટલે આ માસિક નહીં. આપણો આ સંઘ એ મધપૂડો.

મોહનદાસ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માધુકરી

આ પ્રાંતમાં બોર્ડિંગો ઘણી છે. કેટલીક બોર્ડિંગો અથવા છાત્રાલયો તવંગર ઘરના છોકરાઓને માટે હોય છે, કેટલીક ગરીબોને માટે હોય છે. છાત્રાલયના ઉદ્દેશ બે હોય છે : છોકરાઓ માટે ખાવાની તથા રહેવાની સગવડ, અને બીજું તેમનું જીવન નિયમિત થાય માટે તેમના ઉપર દેખરેખ. ગરીબોને માટે જે છાત્રાલય હોય છે તેમાં બન્ને વસ્તુ મફત આપવામાં આવે છે. આવાં છાત્રાલયો સાર્વજનિક દાનમાંથી ચાલે છે. ઘણાં છાત્રાલયો બરાબર ચાલતાં નથી એવી બૂમ ઘણી વાર સંભળાય છે. પણ તેના કારણમાં આપણે નહીં ઊતરીએ. સંસ્થા એટલે જ સાર્વત્રિક નિયમ. તે વગર સંસ્થા ચાલી ન શકે, અને નિયમ તો બધાને માટે સરખા હોવા જોઈએ. પણ જેમના ઉપર નિયમ ચલાવવાના હોય છે તે કાંઈ બધા સરખા હોતા નથી.

મહારાષ્ટ્રમાં એક એવી અદ્‌ભુત સંસ્થા છે, જેની અંદર નિયમ નથી, અને છતાં તે સંસ્થા સાર્વત્રિક છે. તેનું નામ માધુકરી. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી છાત્રાલયનું નામ ન હતું. ગરીબ મહારાષ્ટ્રમાં છાત્રાલય જેવી સંસ્થા કાઢવી પણ સહેલ વાત નથી. અને ગરીબ વિદ્યાર્થીઓની ભણવાની સગવડ તો કરવી જ જોઈએ. માટે જ ત્યાં માધુકરીની પ્રથા જૂના કાળથી ચાલતી આવે છે. આ સુંદર પ્રથાનો લાભ ફક્ત બ્રાહ્મણ છોકરાઓ જ લઈ શકે છે એટલી એક જ તેમાં ખામી છે. બીજા છોકરાઓને માટે આવી સગવડ કરવામાં આવે તોપણ તેઓ તેનો લાભ નહીં લે. અરે ! પણ માધુકરી છે શું એ કહ્યા પહેલાં જ હું તેના ગુણદોષ બતાવવા નીકળ્યો !

એક ગામડાનો છોકરો દસ વરસનો થયો. એના મનમાં થયું કે આપણે ભણીએ તો જ આપણો ઉદ્ધાર થાય. બસ ! તેણે પોતાની મા પાસેથી બે ચાર રોટલીઓ, થોડી ચટણી, પૌંઆ અને ગોળ એટલું લીધું અને ચાલ્યો શહેરમાં. કયું શહેર ? ગમે તે પૂના, સતારા, વાઈ, નાશિક, બેલગામ અથવા અમરાવતી. શહેરમાં જઈ બે ચાર ઘેર રહેવાની જગા મળશે કે કેમ તેની તપાસ કરી. જગા તો મફત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ જોઈએ. જગા ન મળી. છોકરો સીધો ગયો મંદિરમાં, અને ત્યાં પોતાની પથારી પાથરી. બીજે દિવસે સવારે મળસકે ઊઠ્યો, નાહીધોઈ, તિલક કરી નિશાળમાં કે શાસ્ત્રી પાસે ગયો.

"ગુરુજી ! મારે ભણવું છે."

"શું ભણવું છે?"

"સંસ્કૃત કે અંગ્રેજી જે હશે તે."

ગુરુજી કહે, "ઠીક, બેસ ભણવા. તું ક્યાં રહે છે?"

"હું કાલે જ આવ્યો છું. મુરલીધરના મંદિરમાં રહું છું."

દશ વાગ્યે છોકરો ગુરુજી પાસેથી પાછો આવ્યો. હાથપગ ધોઈને પીતાંબર પહેરી હાથમાં ઝોળી લઈને બહાર નીકળ્યો. ઝોળી એટલે બે હાથ ચોરસ એક લૂગડું. એના બબ્બે છેડાની ગાંઠ વાળે છે ને વચ્ચે થાળી મૂકે છે. એક હાથમાં અંદરથી કલાઈ કરેલો એક લોટો હોય. (આ લોટાને ત્યાં તપેલી કહે છે.) આટલું સાહિત્ય લઈને જે પોળમાં તે રહેતો હોય (પોળને ત્યાં આળી કહે છે. સંસ્કૃતમાં आवली, आलयावली, ઘરોની હાર.) ત્યાં બારણા આગળ ઊભો રહીને છોકરો સ્પષ્ટ અને શુદ્ધ અવાજથી પોકારે છે:

ॐ भवती भिक्षां देही

તરત જ મોટું પીતાંબર પહેરેલી એક સ્ત્રી ઘરમાંથી બહાર આવે છે અને પૂછે છે: "अरे मुला, तू नवीन दिसतोस. तू कुठला? इकडे कोणाकडे शिकतोस?" બિચારા ગુરુજીએ જેટલા પ્રશ્ન નહીં પૂછેલા તેના કરતાં બમણા પ્રશ્નોનો જવાબ અહીં આપવો પડશે. પ્રશ્નોમાં તિરસ્કાર બિલકુલ નહીં. સહાનુભૂતિ પણ નહીં. તે તો છોકરાએ મેળવવી રહી.

છોકરાએ ટૂંકામાં પણ નિખાલસ દિલથી બધા જવાબ આપ્યા ત્યારે કાકુ અંદર ગઈ અને કડછી ભાત, રોટલાનો એક નાનો કકડો અને એક બે કડછી ખાટી દાળ છોકરાને આપી. રોટલા ઉપર ઘીનાં એક બે ટીપાં તો હોય જ. (તમે કહેશો કેટલી કંજૂસાઈ! હા, કંજૂસાઈ તો ખરી, પણ આવા પાંચ દશ છોકરાઓ તો માધુકરી માટે આવે જ, અને ઘરની કાકુ બધાંને થોડું થોડું આપે જ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું લીધું અને ગયો તે છોકરો બીજાને ત્યાં. ત્યાં પણ ૐ भवति भिक्षां देही । ત્યાં પણ એવા જ સવાલ અને જવાબ. ત્યાં પણ એને એટલો જ ભાત, એટલો જ રોટલો અને એટલું જ ઘી મળ્યું. ખાટી દાળને બદલે અહીં શાક મળ્યું. ત્રીજાને ત્યાં ગયો. ત્યાંની કાકુએ કહ્યું, "હજુ રસોઈ તૈયાર થઈ નથી. પણ જોઈતો હોય તો થોડો ગોળ આપું."

છોકરો પાંચ છ ઘર ફર્યો અને તેને બે ટંક પૂરતું ખાવાનું મળી ગયું. ઉતારે આવ્યો અને જે મળ્યું હતું એમાંથી કેટલાક રોટલાના કકડા, ગોળ અને શાક તેણે સાંજને માટે કેળના પાંદડા ઉપર નોખાં રાખી મૂક્યાં. બાકીનું ખાઈ, થાળી ઊટકી, એ જ થાળીમાં સાંજનું ખાવાનું મૂક્યું અને ઝોળી ખીંટી પર મૂકી દીધી, કેમ કે એને બિલાડીની મહેમાનગીરી કરવી ન હતી. ફરી બપોરે ભણવા ગયો. ત્યાં નિશાળના કેટલાક છોકરાઓ સાથે મૈત્રી કરી. સાંજે બધા છોકરા સાથે સારી પેઠે રમ્યો. એની રમવાની હોશિયારી જોઈ બધા છોકરા એના ઉપર ખુશખુશ થઈ ગયા. છોકરાઓએ પૂછ્યું, "તું કોણ? ક્યાંનો? હમણાં ક્યાં રહે છે?"

મહારાષ્ટ્રમાં આવી માધુકરી માગી ખાવું અપમાનભરેલું ગણાતું નથી. ગરીબાઈ એ કંઈ પાપ નથી. આળસ પાપ છે. છોકરો કોઈ એક ઘર ઉપર આધાર રાખતો નથી, કેમ કે તેથી એને પરતંત્ર થવું પડે, ને ઘરના લોકોની ખુશામત કરવી પડે અને ઘણો વખત પણ ગુમાવવો પડે; જમવાનો, ભણવાનો, નિશાળે જવાનો વખત ન સચવાય. માટે એ પાંચ દસ ઘર ફરે છે. એને જાતજાતનું ખાવાનું મળે છે, બધા લોકો સાથે એને ઓળખાણ થાય છે, અને એથી વિશેષ તો એ કે જેટલાને ત્યાંથી ખાવાનું લઈ આવે છે તેટલાની એના પર દેખરેખ રહે છે. આ બધા લોકોની માયા મેળવવી અથવા મળતી માધુકરી ગુમાવવી એ એના ચારિત્ર્ય અને ઉદ્યોગ ઉપર છે. છોકરો માંદો પડે તો આ પાંચ દસ ઘરમાંથી કોઈ ને કોઈ તેની સારવાર તો કરે જ. (પણ માધુકરી છોકરો માંદો પડે જ શાનો?)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજે દિવસે રજા હતી. તે દહાડે આપણો છોકરો નવા કરેલા કેટલાક દોસ્તોને ત્યાં ગયો. તેને ત્યાં જોઈતી જૂની ચોપડી મળી ગઈ. ‘અમરકોષ’ અથવા ડિક્ષનરી જેવી ચોપડી તો એને મળે જ નહીં. પણ કાંઈ ફિકર નહીં. બપોરે કે રાત્રે કોઈ પણ છોકરાને ત્યાં જઈ ડિક્ષનરીમાંથી એ શબ્દ ખોળી કાઢશે. છોકરાનું ભણતર ઠીક ચાલ્યું. પણ એને વ્યાકરણ કંઈ ઠીક આવડે નહીં. હવે શું કરવું ? પેલો દેશપાંડેનો ગણપત વ્યાકરણમાં હોશિયાર છે. એ રોજ અર્ધો કલાક આપશે તો બે મહિનામાં હું તૈયાર થઈ જઈશ. છોકરો ગયો ગણપતને ત્યાં અને કહ્યું : “ગણપત, હું તારે ત્યાં રોજ દેવપૂજાને માટે ફૂલ અને તુળસી આણી આપીશ. મને તું વ્યાકરણ ભણાવીશ ?” ગણપતે કહ્યું, “ખુશીથી.”

બે મહિનામાં છોકરાનું વ્યાકરણ પાકું થયું. એક દિવસ ગણપતના દાદાએ છોકરાને પૂછ્યું, “તને દેવપૂજા આવડે છે ?” છોકરાએ કહ્યું, “ના જી, હું તો ફક્ત સંધ્યા અને રામરક્ષા ભણ્યો છું.” ડોસાએ કહ્યું, “ત્યારે અમારા ગણપતને પુરૂષસૂક્ત ભણાવવા રામભટ શાસ્ત્રી આવે છે એની પાસે તું પણ આવીને ભણજે.” ડોસો મનમાં કહે, “છોકરો ચાલાક લાગે છે, બે મહિનામાં વ્યાકરણ શીખી ગયો. ગણપત સાથે વેદ ભણશે તો ગણપત પણ ખંતથી અભ્યાસ કરશે. સ્વાર્થ પણ થયો અને પરમાર્થ પણ થયો.”

ધીમે ધીમે છોકરાનું શરીર, એનું ભણતર, એનું ચારિત્ર્ય અને એની કીર્તિ વધતાં ગયાં. સ્વાભાવિક રીતે એના દશ બાર વાલીની એના તરફ સહાનુભૂતિ પણ વધી. છોકરાનું ચારિત્ર્ય અને તેની હોશિયારી જોઈ ગણપતના દાદાએ તેને કહ્યું, “અલ્યા, તું મંદિરમાં રહે છે એના કરતાં અમારે ત્યાં આવીને રહે. અમારે ત્યાં જ તું જમ અને રોજ સવારની દેવપૂજા કર.” છોકરો કહે, “તમારે ત્યાં રહેવા તો આવું, પણ તમારે ત્યાં જમવાનું બહુ મોડું થાય છે. માટે હું તો માધુકરી માગીને જ ખાઈશ. તમારે ત્યાં દેવપૂજા કરીશ, તેને બદલે તમે મને પહેરવાનાં કપડાં અને લાયબ્રેરીના ચાર આના આપશો તો ઠીક થશે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાં વરસ આવી રીતે ગયાં. હવે તે છોકરો શહેરનાં એક બે છોકરાંને ગણિત ભણાવે છે. તેમાંથી એને દશ બાર રૂપિયા મળે છે. છતાં એણે માધુકરી છોડી નથી. માધુકરી તો અન્નપૂર્ણા દેવી છે. છ સાત વરસ પછી તે છોકરો ગણપત સાથે ફરગ્યૂસન કૉલેજમાં ગયો. ત્યાં રેસિડેન્સી (છાત્રાલય)માં સાત ક્લબ છે. ત્યાં પણ ગણપતની ઓળખાણને લીધે બધી ક્લબમાં એને વાર મળ્યા. વાર એટલે અઠવાડિયામાં એક એક ક્લબમાં એક એક દિવસ મફત જમવાની રજા. એટલે દરેક ક્લબમાં એક મહિનામાં ચાર દિવસ જમે. મફત જમે છે તેથી તે કંઈ કોઈનો ઓશિયાળો નથી. ચર્ચાપરિષદમાં તે આગળપડતો ભાગ લે છે. પ્રતિસ્પર્ધીઓનો સખત વિરોધ કરે છે, અને પોતાના મત વિષે અભિમાન ધરાવે છે. છોકરાઓને ભણાવીને મેળવેલા પૈસાથી એણે પ્રથમ સત્રની ફી આપી. સત્રાંત પરીક્ષામાં એનો નંબર ત્રીજો આવવાથી એને છાત્રવૃત્તિ (સ્કૉલરશિપ) મળી, અને ધીમે ધીમે તે એક પ્રખ્યાત વિદ્વાન બની ગયો.

આજે એને સારો પગાર મળે છે. એને ત્યાં ત્રણ વિદ્યાર્થીઓ રહે છે અને દશ વિદ્યાર્થીઓને માધુકરી મળે છે.

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ।।

મારા એક ગુરુ રાવજી બાળાજી કરંદીકર એ જ રીતે બેલગામમાં ભણેલા અને ત્યાં જ તેઓ અમારી સરદાર્સ હાઈસ્કૂલના હેડ માસ્તર થયા હતા. જે તપેલીમાં તેઓ માધુકરીની ખાટી દાળ લેતા તેમાં રૂપિયા ભરીને તેમણે તે બ્રાહ્મણોને દાન આપ્યા. ઘરમાં બહુ જ કંજૂસાઈથી રહેતા, એટલા માટે પડોસીઓ તેમની બહુ જ નિંદા કરતા, પણ જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો ત્યારે તેઓ પોતાની જિંદગીની કમાણી પોણો લાખ રૂપિયા શિક્ષણના કાર્યને માટે દેશને સારુ મૂકી ગયા હતા. શ્રદ્ધાપૂર્વક તેમને હું પ્રણામ કરું છું.

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગીય શાળા

સ્વર્ગલોકમાં ભગવાન પરમાત્માની એક નિશાળ હતી. તેનું નામ દેવશાળા હતું. એ દેવશાળામાં ઇંદ્ર, ચંદ્ર, વાયુ, વરૂણ, સૂર્ય, કુબેર, બ્રહ્મા વગેરે તેત્રીસ કોટી દેવો ભણતા. તેઓ બહુ ઉત્સાહથી અધ્યયન કરતા. આળસનું તો તેમની પાસે નામ પણ ન હતું. ખાવાપીવામાં અને બીજાં બધાં કામોમાં તેઓ બહુ જ વ્યવસ્થિત હતા. દેવો છાત્રાલયમાં રહેતા, પણ ત્યાં છાત્રાલયનો વ્યવસ્થાપક કોઈ હતો જ નહીં, એ કહેવાની જરૂર નથી. નિશાળમાં કોઈ દિવસ રજા પડતી નહીં. નાહવાધોવાને માટે ખાસ વખત રાખેલો હતો, તે વખતે બધા દેવો આકાશગંગાના ધોળા પાણીથી સાબુ વગર પોતાનાં કપડાં વગેરે ધોઈ લેતા. એમ નિશાળનું કામ નિયમિત ચાલતું હતું.

એક દિવસ એવું બન્યું કે, બધા દેવો પરમાત્મા પાસે જઈને કહેવા લાગ્યા કે, "અઠવાડિયામાં અમને એકાદ દિવસની રજા આપવી જ જોઈએ."

છોકરાઓના ચારિત્ર્યને લીધે પરમાત્માનો તેઓની ઉપર ઘણો જ પ્રેમ હતો, એટલે તેમણે કહ્યું કે, "હું અઠવાડિયામાં એક દિવસ તો રજા ન આપું, પણ જાઓ આજે રજા આપું છું. પણ જો તમારામાંથી એક પણ વિદ્યાર્થી તેનો દુરુપયોગ કરશે તો પછી હું તમને કદી રજા નહીં આપું."

બધા દેવોએ એ વાત કબૂલ કરી. એવી રીતે દેવશાળામાં પહેલવહેલી રજા પડી. દેવો ખુશ થયા અને રમવા ચાલ્યા ગયા. પણ બ્રહ્માને રમવા જવાનું ગમ્યું નહીં. તે પોતાની ઓરડીમાં બેઠા. નવરું મન એ ભૂતનું કારખાનું છે. બ્રહ્મા જૂનાં કાગળો કાઢીને તેનાં ચિત્રો બનાવવા લાગ્યા. પહેલાં તેમણે આકાશ, વાયુ, જળ વગેરે પંચભૂતો બનાવ્યાં. પછી પશુ, પક્ષી, માછલી વગેરે ભૂચર, ખેચર અને જળચર પ્રાણીઓ બનાવ્યાં. છેવટે પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી અક્કલ વાપરીને તેમણે મનુષ્યની આકૃતિ બનાવી. બધાં પ્રાણીઓમાં પ્રાણ પૂરી દીધો. માથામાં અક્કલ પૂરવાનું કામ રહ્યું એટલામાં તો રાત પડી ગઈ. વાળુ કરવાનો ઘંટ થયો. બધા દેવો પોતપોતાના થાળીવાટકા લઈને જમવા ચાલ્યા. પણ બ્રહ્માનું કામ હજી પૂરું થયું ન હતું. પૂરું કર્યા સિવાય જમવું જ નહીં એવો તેમણે સંકલ્પ કર્યો અને પોતાનું કામ જારી રાખ્યું. માણસ સિવાય બીજાં બધાં પ્રાણીઓના માથામાં અક્કલ રેડી. હવે માણસના માથામાં અક્કલ ભરવાનું બાકી રહ્યું હતું. પણ દેવશાળાનો નિયમ હતો કે દશ વાગ્યા પછી બધી દીવાબત્તી હોલવી નાખવી જોઈએ. અને વખત તો થોડો બાકી રહ્યો હતો. કામ પુષ્કળ અને મહત્ત્વનું હતું. બિચારો બ્રહ્મા કામ પૂરું કરી નાખવાના લોભમાં જમવા પણ ઊઠ્યા નહોતા. છતાં હવે બહુ જ દોડાદોડ કરવી પડી. ઉતાવળમાં ને ઉતાવળમાં કોઈના માથામાં બમણી અક્કલ પુરાઈ ગઈ અને કોઈના માથામાં દોઢી અક્કલ ઘાલી દીધી. છતાં આખરે તો સમય પૂરો થઈ જ ગયો, અને અક્કલ પણ ખૂટી. તેથી કેટલાક માણસો બિચારા અક્કલ વગરના રહી ગયા.

બીજે દિવસે શાળામાં પરમાત્માએ બધાને પૂછ્યું કે "તમે કાલે શું કર્યું?" સૌએ પોતપોતાનાં કામ કહી સંભળાવ્યાં. છેવટે બ્રહ્માનો વારો આવ્યો. પરમાત્માએ પૂછ્યું, "તું બધામાં હોશિયાર કહેવાય છે. તેં શું કર્યું તે કહે." બ્રહ્માએ કહ્યું, "મેં કાગળનાં ચિત્રો બનાવ્યાં છે."

ચિત્રો જોઈ પરમાત્મા બહુ જ ગુસ્સે થયા અને બોલ્યા કે "તેં આ બહુ જ ખોટું કામ કર્યું. તેં આખી સૃષ્ટિ પેદા કરી વધારે ઓછી અક્કલવાળાં પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં છે, તેથી કરીને તેઓ વચ્ચે ઝઘડો મચશે ને આપણી શાન્તિનો ભંગ થશે. માટે હું હવે કોઈ દિવસ તમને રજા આપવાનો નથી."

બ્રહ્માએ નિરાશ થઈને બધાં ચિત્રો હવામાં ફેંકી દીધાં. તે જ આ આપણી સૃષ્ટિ. હવે સૃષ્ટિમાં શું થયું? બધાં પશુઓ માણસ ઉપર ત્રાસ વર્તાવવા લાગ્યાં. પણ માણસોમાં બુદ્ધિ વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

८०११ २२०५६
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
२८

હોવાથી પશુઓનું તેમની ઉપર કંઈ ચાલ્યું નહીં. ઊલટાં ગાય, બળદ, ઘોડા, કૂતરા, ગધેડાં વગેરે બધાંને માણસોના ગુલામ થવું પડ્યું. તેઓએ પરમાત્માની પ્રાર્થના કરી. તેઓની પ્રાર્થના સાંભળીને કરુણામય પ્રભુ પૃથ્વી ઉપર પ્રગટ થયા. બધાએ પરમાત્માને વીનવ્યા કે અમને વધારે અક્કલ આપો. પરમાત્માએ કહ્યું, "હું નકામી અક્કલ બગાડવા ઇચ્છતો નથી, પણ તમારી જો ઇચ્છા હોય તો હું આ તમારું રૂપ બદલીને માણસનું રૂપ આપી શકું." કેટલાકોએ છૂપા વેશે વેર લેવાના ઇરાદાથી હા પાડી. પણ બીજાઓએ કહ્યું, "स्वधर्मे निधनं श्रेयः । અમે અમારો ધર્મ નથી છોડવા ઇચ્છતા."

જેઓએ ના પાડી તેઓ પહેલાંની જેમ પશુ સ્થિતિમાં જ રહ્યા અને જેઓએ હા પાડી તેઓ માણસોમાં ભળી ગયા. આ બધા ગાય–માણસો, ઘોડા–માણસો, કૂતરા–માણસો, માછલી–માણસો, પંખી–માણસો પહેલાંના માણસોને સંતાવવા લાગ્યા. પણ તેઓ બહુ ફાવી ન શક્યા. તેથી માછલી–માણસોએ સબમરીન બનાવી. પણ બુદ્ધિમાન માણસો પોતાની શાંત ક્ષમાવૃત્તિને લીધે અજિત રહ્યા. છેવટે આ પાછળના માણસો માંહોમાંહે લડવા લાગ્યા. આ યુદ્ધની શરૂઆત ઈ. સ. ૧૯૧૪માં થઈ હતી. અંત ક્યારે આવશે તે પરમાત્માને ખબર!

વિનોબા ભાવે

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાદીકેળાં

૧

નટવર બિચારો કોણ જાણે કયા નક્ષત્રમાં જન્મ્યો હતો તે તેને એક નહીં પણ અનેક નામો પાડનારા મળ્યા હતા. કોઈ તેને બહુ કાળો હોવાને લીધે 'કાળીદાસ' કહે, તો કોઈ તેનાં મેલાંઘેલાં, ફાટેલાંતૂટેલાં, ખાદીનાં કપડાં જોઈને 'જંદો' કહે. માથું મોટું અને જરા કદરૂપો એટલે કોઈ 'મોટામથાડ' કહે, અને એ મોટા માથા ઉપરની નાની ખાદીની ટોપીમાંથી નીકળી આવતી મોટી ચોટલી કોઈ ખેંચે. કોઈ તેનાં અનેક થીંગડાંવાળાં કપડાં અને સામાન્ય બેડોળ દેખાવને ઉદ્દેશીને દલપતરામભાઈનું સુભાષિત ઉચ્ચારે: 'મેલોઘેલો પેલો જુઓ આગખેલમાં ઊભેલો, ગોદડે ગૂંથેલો એવો આવે હનુમાનજી.'

નટવર ગરીબનો છોકરો એટલે ગરીબ થઈ આ બધું સહન કરતો. કદી માસ્તરની આગળ ફરિયાદ નહીં કે કદી ઘેર ફરિયાદ નહીં. માસ્તરની આગળ ફરિયાદ કરે તો કાંઈ વળે નહીં એવી એને બીક હતી. કારણ સંસ્કૃત રૂપો ન આવડે, સંસ્કૃત ઉચ્ચારો ખોટા કરે, ઇતિહાસની ચોપડી ખરીદવાને પૈસા ન મળે એટલે તે ગોખ્યા વિના તેમાંયે છેલ્લો નંબર રહે. ગણિત ઠીક ઠીક આવડતું એટલે દર વર્ષે ધોરણ ચડતો, પણ ઘણુંખરું તો શિક્ષકની દયાથી તે ચડતો, કારણ માફીથી ભણનારને ચડાવવો એ ઠીક મનાતું. આ વર્ષથી તો માફી અર્ધી થઈ હતી. ફી ચાર રૂપિયા એટલે નટવરના ગરીબ બાપને બે રૂપિયા દર મહિને ખખડાવવા પડતા હતા. માસ્તરની આગળ ફરિયાદ ન કરવાનું તો કારણ ઉપર કહી ગયો. ઘેર ફરિયાદ ન કરવાનું કારણ એ હતું કે બાપ આખો દહાડો બહાર રખડતો હોય; સાંજે ઘેર મોડો આવે અને કોઈ વાર તે બાપની સાથે ફરવા નીકળ્યો હોય ત્યારે બાપની ચિંતામાં વધારો કરવાનું આ શાણા દીકરાને મન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન થાય. એવામાં નટવરને વળી એક નવું નામ મળવાનો પ્રસંગ આવ્યો. એ નામ કહું તે પહેલાં નટવરના બાપનો ઇતિહાસ સહેજ કહેવો પડશે.

૨

નટવરનો બાપ ખાદીના જમાના પહેલાં બીડી વેચતો. ઘરમાં નાનાં છોકરાં અને સ્ત્રી બીડી બનાવતાં, પોતેય બનાવતો અને દહાડાને છેડે દુકાન કરીને અને ફેરી કરીને રૂપિયો દોઢ રૂપિયો કૂટી કાઢતો. એક દિવસ તેના જીવને પલટો લીધો. શહેરમાં ગાંધીજી આવ્યા. બીડી વેચનાર ભાષણ સાંભળવા ગયો; ગાંધીજીએ દારૂના વ્યસન ઉપર બોલતાં બીડી તંબાકુના વ્યસન ઉપર અને તેને ઉત્તેજન આપનાર તેના વેચનારા ઉપર ટીકા કરી તે તેણે સાંભળી, અને ખાદી વિષે ગાંધીજીના મર્મભેદી ઉદ્‌ગાર તેના હૃદયસોંસરા પેસી ગયા. ઘેર આવીને કંઈક મસલત કરી અને બીડી બનાવવી બંધ કરી; હતી એટલી વેચી નાખીને ખાદીની દુકાન કાઢવાનો વિચાર કર્યો. ખાદીની દુકાન કરે તો થોડા પૈસા જોઈએ. પૈસા રોકવાના તો મળે જ નહીં એટલે ખાદીની ફેરી કરવાનો નિશ્ચય કર્યો. બીડી વેચીને થોડા રૂપિયા કર્યા. તંબાકુ પાતરાં વગેરે ઓછે ભાવે બીજા દુકાનદારોને વેચી દીધાં તેમાંથી થોડા રૂપિયા થયા. તેમાંથી ભંડારમાંથી ખાદી લઈ આવ્યો અને રૂપિયે બે પૈસાથી આનો ચડાવીને ગલી ગલીમાં અને મહોલ્લા મહોલ્લામાં ખાદીની ફેરી કરવા લાગ્યો. છોકરો અંગ્રેજી શાળામાં ભણતો હતો તેને ઉઠાડી લઈ રાષ્ટ્રીયમાં મૂકવાની હિંમત ન ચાલી, કારણ તેને માફીમાં ભણાવવામાં ગોઠવણ કરાવી આપનાર શિક્ષકોના ઉપકારનો બોજો હતો, અને 'મેટ્રિક' 'ફાઈનલ' થશે તો કંઈ સરકારી નોકરી મળશે એવી પણ શિક્ષકોએ ગરીબ માણસને લાલચ આપેલી હતી. બે ત્રણ વર્ષ તો ઠીક ઠીક ચાલ્યું, પછી લોકો ખાદી લેતા બંધ પડ્યા. કોઈ કોઈ તો તે વેચવા જતો ત્યાં મશ્કરી પણ કરવા લાગ્યા. પણ તેની હિંમત અને ધીરજ અડગ હતાં. સ્ત્રીઓની પાસે જાય. તેમને અનેક ભાતો બતાવે, તેમને ગમે તે રીતે સાડી છપાવી લાવવાનું કહે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ન ગમતી પાછી આપે તો પાછી લે, અને કોઈ ખાદીની સાથે બીજી વસ્તુઓ બજારમાંથી લાવવાનું કહે તો તે પણ લઈ આવે. એક બાઈએ તેની ઉપર દયા લાવીને એક દિવસ કહ્યું, 'ભાઈ, આ અમારે માટે કોઈ વાર ફળ અને શાકભાજી પણ લાવો છો અને ગાંધીનાં વસાણાં પણ લાવો છો તે અમને બરોબર નથી લાગતું. પણ તમે ભલા છો એટલે કહેવાનું મન થાય છે. તમે એમાં પણ ખાદીની જેમ રૂપિયે અર્ધો આનો લો તો?' પેલો કહે: 'ના બહેન, એ મારો ધંધો નહીં. એ તો તમે મારી ખાદી લો તેના બદલામાં હું કરું છું. એટલું ન કરું તો તમે મારી ખાદી ન લો.' એટલે પેલી બાઈએ બીજી સૂચના કરી: 'જુઓ તમને માઠું તો ન લાગે? સોનેરી કેળાં આ ઋતુમાં સરસ આવે છે. તમે એક બે લૂમ લાવતા જાઓ તો સહેજે ખપી જાય, અને ખાદીની જેમ એને પણ તમારો ધંધો કરો. ખાદી ન વેચાય તો કેળાં વેચાય.' 'ના બહેન, તમે મંગાવશો તો લાવીશ, એનો વેપાર ન પોસાય. ખાદી તો પડી રહે તો બે દહાડા પછી વેચાય. પણ કેળાંનું શું થાય?' પણ પેલી ભલી બહેનના આગ્રહથી પેલાએ ખાદીના ધંધામાં કેળાં દાખલ કર્યાં. આ ફેરફારથી ઠીક ઠીક ચાલ્યું. પણ હવે એની મુશ્કેલી વધતી જતી હતી. ભંડારવાળાએ પૈસામાં નફો આપવાને બદલે ખાદી જ આપવા માંડી, અને ખાદી ઘણી વાર એને ઘેર પડી રહેવા લાગી. કોઈ કોઈ વાર ઘરમાં ખાદી પડી હોય અને રોકડ કશી ન હોય એવા દિવસો પણ આવવા લાગ્યા. અધૂરામાં પૂરી નટવરની માફી અર્ધી થઈ. નટવરે પણ ખાદીની ફેરી કરવા માંડી. તેનો અભ્યાસ પડ્યો. વર્ગમાં આવડે નહીં, મશ્કરીઓ થાય, છતાં કમાણીમાં વધારો થાય નહીં. નટવરને તો તે ખાદી જ પહેરાવતો, પણ ઘરમાં સ્ત્રી સમજી નહોતી, હવે નફામાં પણ ખાદી જ આવવા લાગી એટલે સ્ત્રી પણ ખાદી પહેરવા લાગી હતી. પણ ઘણી વાર તે કહે કે, 'તમે આટલી ફેરી ફેન્સી લૂગડાંની કરતા હો તો સહેજે આપણું પેટ ભરાય અને જતે દહાડે આપણે વિલાયતી લૂગડાંની દુકાન પણ કરીએ.' પણ એ ભાઈ માને એવા હતા નહીં. એણે તો ખાદી વેચવા જતાં નવાં ઓળખાણ કર્યાં હતાં. એક જણને ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમિત ‘નવજીવન’ વાંચવા માગી લઈ આવતો અને નટવરનેય કોઈક વાર વંચાવતો.

આમ દિવસ જતા હતા તેવામાં એક વાર ઘરમાં પૈસા ન મળે. નટવરનો બાપ માંદો પડ્યો. ખાદીના એક બે ટુકડા રહ્યા હતા, અને કેળાંની લૂમ આગલા દિવસની પડી રહી હતી. નટવરને બે રૂપિયા ફી જોઈએ. રૂપિયા ક્યાંથી કાઢવા? તેનો ટેકીલો બાપ કોઈની પાસે ઉછીતા કરે એમ નહોતું. મા કહે: ‘કહેજેની માસ્તરને, આવતે મહિને આપશું. આ વેળા મારા બાપા માંદા છે અને પૈસા નથી.’ નટવર કહે: ‘અધીં માફી છે તે પણ જશે. મારાથી પાઠ થતા નથી, માસ્તરને શે મોઢે કહું કે આવતે મહિને ફી આપીશ?’ એટલે માએ જરા ચિડાઈને કહ્યું: ‘આ તારા બાપની ખાદી અને કેળાંની લૂમ છે તે લઈ જા અને આપ માસ્તરને.’ સાચે જ નટવરે તેમ કર્યું. પારસી માસ્તર. તે તો ખાદી અને કેળાં જોઈને લાલચોળ થઈ ગયો. ‘આનું હું સું કરસ? તારા બાપની કાંની ખાંઢે લઈને વેચવા નીકલસ કે? ઉઠાવ ટેબલ પરથી.’ નટવર ભાગ્યે જ કોઈ દિવસ રોયો હશે. માર પડે તો ન રુએ, મશ્કરી થાય તો ન રુએ, પણ ઘેર માએ બાપની ખાદી ઉપર ટકોર કરેલી અને અહીં માસ્તરે પણ તેમ કર્યું એટલે તે આંખમાંથી આંસુ ન ખાળી શક્યો. ડૂસકે રોયો અને માસ્તર વર્ગ ન ચાલતો હોય ત્યારે જ્યાં બેસતા હતા ત્યાં જઈને બેસીને રોવા લાગ્યો. વર્ગ થઈ રહ્યા પછી માસ્તર પોતાના ઓરડામાં જઈને જુએ તો નટવર હજી રોતો હતો. દયાળુ પારસીથી એ દૃશ્ય ન જોવાયું, કહ્યું: ‘જા, આ વખતે ફી હું આપી દેવસ, તું લેસન જરા ઠીક કરતો હોય તો ફુલ ફ્રીશિપ માટે હેડમાસ્તરને કહેવાય. પણ તું કમનસીબ છોકરો છે. શું થાય?’

૩

નટવર રાજી થયો, ખાદી અને કેળાં ઘેર લઈ ગયો, અને બાપને શિક્ષકની ભલમનસાઈની વાત કરી, પણ વિદ્યાર્થીઓને નટવરને નવું નામ આપવાની તક મળી. આજથી નટવરનું નામ ‘ખાદીકેળાં’ પડ્યું! અને એ નામે પહેલી વાર બોલાવનાર એક મરચા જેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનકડી ઉંમરનો પણ પૈસાદારનો છોકરો ધીરુ હતો. બીજાં નામની નટવરને ચીડ ચડતી હશે, પણ તે જણાવતો નહીં; 'ખાદીકેળાં' નામમાં પોતાના બાપના પ્રામાણિક ધંધાની હાંસી થતી હતી તેથી એ નામે તેને બોલાવવામાં આવતો ત્યારે ચીડ ચડતી. વર્ગમાં એક છોકરો સૌથી કદાવર, સૌથી હોશિયાર, ખેલવે, કૂદવે અને ભણવે પણ, વર્ગનો મૉનિટર હતો. ધીમંતની સત્તા અને શિરજોરી શિક્ષકના કરતાં વધારે હતી. સૌ છોકરા એનું કહ્યું માનતા. ધીમંત ગમે ત્યારે કોઈ પણ છોકરાને બાંક ઉપર ઊભા કરી કરાવી શકતો, ગમે ત્યારે 'માયનસ' અપાવી શકતો, ગમે ત્યારે 'ઇંપોઝિશન' અપાવી શકતો, અને ક્રિકેટના મેદાનમાં તો કોઈ કોઈ વાર નેતરનો પણ ઉપયોગ કરતો! બધા નિયમોનો તે ભંગ કરતો, પણ કોઈનો નિયમભંગ પોતે સાંખી શકતો નહીં. ગમે તેને તે હુકમ કરે તે માનવો જ પડતો. એ પબ્લિક પ્રોસીક્યૂટર (સરકારી વકીલ)ના છોકરાનો સિતારો બધી રીતે પાધરો હતો. કારણ ભણવામાં સરસ હોઈ બધા માસ્તરે તેને ચડાવી મૂકેલો હતો, અને ઘેર એકનો એક છોકરો એટલે ભણવાનાં સાધનની પણ વાણ નહોતી. એક દિવસ નટવરને ધીમંતરાય કહે: 'ખાદીકેળાં, ખાદીકેળાં, જાને બે પૈસાનાં દાળશેવ લઈ આવને!' નટવરને ચીડ ચડી. ના પાડી. 'કેમ કાળીદાસ, ફાટચો કે? જંદા જેવો લાગે છે, અને હાડકાં ભાંગી વધારે જંદો બનાવી મૂકીશ.' 'એ તો જોઈશ પણ મને આમ ગાળ મા આપ!' 'ઓહો! આ બધી ગાળો, કેમ? હવે તો બધા પાસે નટવરરાય કહેવડાવીશ, કેમ?' 'તારે થાય તે કરી લે, નથી લાવતો દાળશેવ,' કહીને નટવરે પગ પાસે પડેલો એક પહાણો હાથમાં લીધો. ધીમંતરાય ડરી ગયા અને પૂંછડી દબાવી ચાલતી પકડી.

૪

નટવરનો બાપ મુફલિસ હતો, પણ તે ભલો હતો એમ તો આપણે જોયું. 'નવજીવન' માગી આણીને વાંચતો, અને રદ્દી ચોપડીઓની દુકાનેથી પોતાને માટે પૈસા પૈસાની ભજનની ચોપડીઓ લાવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વાર 'હરિશ્ચંદ્ર તારામતી'ની અને 'ચાંપરાજ હાડા'ની વાત પણ આવે તો તે નટવરને વાંચવાની કહે. આ વખતે એક પૈસામાં 'બાલમિત્ર' નામની એક ફાટેલી તૂટેલી ચોપડી લાવ્યો હતો. નટવર આ ચોપડી નિશાળે લઈ જતો અને બપોરની રજામાં કોઈ મિત્ર ન મળે અને ખાવાનું કશું હોય નહીં એટલે નિશાળના ચોગાનમાં એક વડ હતો તેની નીચે એકલો એકલવાયો જઈને બેસી આ ચોપડીમાંની વાર્તાઓ વાંચે. આજે નટવર 'નાના સારંગીવાળા'ની વાત વાંચવામાં ગુલતાન હતો, 'ઇસ તન ધન કી કોન બડાઈ, દેખત નયનમેં મિટ્ટી મિલાઈ' એ સારંગીવાળાનું ગાન વાંચીને મનમાં તે ગણગણતો હતો. આગળ વાંચતાં નાના સારંગીવાળાના જે હાલ થાય છે તે વાંચતાં તેને ચીતરી ચડી હતી. જેમ વાર્તામાં પેલા દુષ્ટ છોકરાએ સારંગી-વાળાની સારંગીના ટુકડા કર્યા તેમ તે છોકરો મારી આગળ હોય તો તેના ટુકડા કરી નાંખું એમ વિચારતો વિચારતો દાંત પીસતો હતો. ત્યાં તેણે દૂર ચોગાનના એક ખૂણામાં કોલાહલ સાંભળ્યો. ધીરુની આપણે ઓળખાણ કરી ગયા છીએ. 'ખાદીકેળાં' નામ આપનાર મરચું ધીરુડિયો હતો. આજ ધીરુડિયાની ઉપર ધીમંતરાય પ્રહાર કરી રહ્યા હતા. નટવરને લાગ્યું કે જાણે જીવતીજાગતી સારંગીના કોઈ ટુકડા કરી રહ્યું છે. તુરત ચોપડી પડતી મેલી તે દોડ્યો. ધીરુ તો મોટા માણસનો છોકરો. આ 'જંદા'ની તો તે મશ્કરી કરતો, એટલે માર ખાતા ધીરુને પણ જાણે નટવર પોતાની કુમકે આવે છે તે જોઈને નાનમ લાગી, પણ આખરે માર ખાવાના કરતાં કુમક લેવી ઠીક ગણી રોતો રોતો અને ધીમંતને સંભળાવતો સંભળાવતો પોતાની નિર્દોષતા પ્રગટ કરતો ગયો. 'હું દોડતો આવ્યો, ઘંટ વાગી જાય એમ હતું, મારું ધોતિયું વાડના તારમાં ભરાયું, અને દહીંવડાંની કુલડી તૂટી ગઈ—જોની મારા ધોતિયા અને કોટ પર દહીં ઢળેલું છે તે તો જો,' આમ ડૂસકે ડૂસકે રોતાં કહેતો હતો. નટવર કળી ગયો. ધીમંતરાયશેઠે ધીરુને દહીંવડાં લેવા મોકલ્યો હતો. ધીરુ દોડતો ગયો દોડતો આવ્યો, અને લાવ્યો, પણ તારની સૂયાવાળી વાડમાં તેનું ધોતિયું ભરાયું, ફાટ્યું અને દહીં ઢળી ગયું. ધીમંત કહેતો હતો, 'તું રસ્તામાં ખાઈ ગયો; અને બહાનું કાઢવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર થોડું ઢોળી દીધું.' એક પછી એક સોટી ધીરુના ઉપર પડ્યે જતી હતી. નટવરે ઘાંટો પાડીને કહ્યું : 'દુષ્ટ બસ કર !' ધીમંત નટવરને મારવાનો તો લાગ શોધતો જ હતો. પેલાએ ધીરુને મારવો બંધ કર્યો, અને બાંયો ચડાવીને નટવરને કહ્યું, 'આવી જા, આજે તને બતાવું છું. તારા બાપનું શું ગયું 'તું, અમે લડતા 'તા તેમાં. ખાદી વેચ, ખાદી,' કહીને નટવરના ઉપર તૂટી પડ્યો. ધીરુ તો ધ્રૂજી રહ્યો હતો. તેને લાગતું હતું કે 'નટવર હાર્યો તો મારી બૂરી વલે છે. મને વધારે માર પડશે.' પણ બસ હવે તો પેલાઓ વચ્ચે દ્વંદ્વ ચાલ્યું. ચાર વાર નટવર હાર્યો, પણ તે થાકે એમ હતું નહીં. લડતાં લડતાં તેને કંઈક કરામત સૂઝી. તેણે ડાબે હાથે મુક્કો મારી આ વેળા પહેલો હુમલો કર્યો, અને ધીમંતને પટક્યો. આસપાસ ટોળું તો ભેગું થઈ ગયું હતું. છોકરાઓ 'શાબાશ જંદા,' 'શાબાશ મોટામથાડ' એમ પોકારતા હતા. ધીરુ પોકારતો હતો, 'ડાબે હાથે ઠીક ફાવે છે, નટવર ડાબે જ દીધે રાખ.' આમ અનેક વાર ધીમંતને પટક્યો. નટવરનાં કપડાં જરા વધારે ફાટ્યાં હતાં, ધીમંતનો વાંસો સારો હલકો થયો હતો. છોકરાઓ 'ધીમંત હાર્યો'ની બૂમો પાડવા લાગ્યા તે તેનાથી સહન નહોતું થતું. એટલે વળી એક વાર તેણે ધસારો કર્યો. આ વખત પણ ધીમંતભાઈ પટકાયા ! નિશાળનો ઘંટ વાગી ગયો હતો. આ વર્ગના અને બીજા છોકરાઓ તો આ નાટક જોવા ઊભા રહેલા એટલે માસ્તરો ખાલી વર્ગ લઈ બેઠા હતા. હેડમાસ્તરને ખબર પડી. તેણે 'શાબાશ'ના અને બીજા અવાજો સાંભળ્યા. તે આવ્યા. ધીમંત નીચે અને ઉપર નટવર એવો કુસ્તીનો રંગ હતો, એટલે તેમણે તો નટવરની સામે ધસારો કર્યો. ધીમંતરાય તો વર્ગના મૉનિટર, અતિશય માન ભોગવનારા. તેણે જોયું કે આજે માનનો ભંગ થયો છે. હવે વધુ ભંગ ન થવા દેવો જોઈએ. 'સાહેબ, બધો વાંક મારો છે. જવા દો આજે. મેં નાહકનો ધીરુને માર્યો, અને નટવરે તેની વહારે ધાઈ, મારો વાંસો થોડો હલકો કર્યો. અમે લડ્યા તેમાં તેને હોઠે વાગ્યું. પણ વાંક મારો જ હતો.' આમ ધીમંતે હારેલી બાજી પાછી મેળવી લીધી. કારણ સૌને ખાતરી હતી કે નટવરને તો હેડમાસ્તર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેક વર્ગમાં ફટકા મારીને જ છોડશે. બધી સજા ધીમંતે ભારે ઉદારતાથી વહોરી લીધી, અને પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી.

પણ તે દિવસથી ધીમંતની આંખમાંથી નટવરને માટે ઝેરને બદલે અમી વરસવા લાગ્યું, અને બધા છોકરાઓ તેની મશ્કરી કરતા તો બંધ થયા, એટલું જ નહીં પણ તેને મદદ કરવા લાગ્યા. કોઈ બપોરની રજામાં ખાવાનું આપે, તો કોઈ રમતગમતમાં નોતરે, તો કોઈ સંસ્કૃતના ઉચ્ચાર કરાવે. ધીમંતે દરરોજ થોડું થોડું શીખવવાનું માથે લીધું. નટવરનાં બીજાં બધાં નામ તો ઊડી ગયાં; 'ખાદીકેળાં' રહ્યું તે પણ કોઈ વાર વહાલમાં વાપરવાનું.

૫

ધીરુએ તો ઘેર જઈને બધી વાત પોતાના બાપને કરી, અને તેમને વીનવ્યા કે આ ગરીબ છોકરાના બાપની પાસેથી ખાદી લેવી અને પોતાને માટે ખાદીનાં કપડાં કરાવવાં. તેના બાપે એક દિવસ નટવરને ખાદી લઈને ઘેર બોલાવ્યો, ખૂબ સોદો કરાવ્યો, અને નિશાળમાં હવે ધીરુ અને નટવર બંને ખાદી પહેરનારા થયા. ધીમંતને નટવરનાં ફાટેલાં તૂટેલાં લૂગડાં ઉપર દયા આવતી પણ ખાદી પહેરવાનું તો શેનું મન થાય? અને તેના બાપ પબ્લિક પ્રોસીક્યૂટર રહ્યા.

પણ ઈશ્વર તેની પણ પેરવી કરતો હતો. પછીના ચોમાસામાં ધીમંત બહુ માંદો પડ્યો. છ સાત દિવસ સુધી તો સામાન્ય તાવ હશે કરીને તેનાં માબાપે ઝાઝી ખબર નહોતી આપી, પણ ખબર પડી કે તાવ 'ટાઇફૉઈડ' છે એટલે માસ્તરને કાગળ લખ્યો, અને તેમાં હકીકત જણાવી. મૉનિટર માંદા એટલે માસ્તરે કાગળ વર્ગમાં વાંચી સંભળાવ્યો અને 'ટાઇફૉઈડ' કેવો તાવ છે તે પણ વિવેચન કરીને સમજાવ્યું. નટવર થરથરી રહ્યો. એવા મોટા માણસને ઘેર કેમ જવાય? પણ જોવા તો જવું જ જોઈએ એવો નિશ્ચય કરીને ધીરુનો સાથ લઈને ધીમંતની ખબર લેવા ગયો. ધીરુએ મેલાઘેલા નટવરની પબ્લિક પ્રોસીક્યૂટરને ઓળખાણ કરાવી એને ધીમંત પાસે જવા દેવાની ભલામણ કરી. નટવર તે દિવસે ધીમંતની પાસે લાંબો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત બેઠો. બીજે દિવસે સવારે ગયો અને સાંજે જઈ મોડી રાત સુધી બેઠો. ત્રીજે દિવસે રાત્રે ધીમંતને ઘેર સૂવાની રજા મેળવી. નટવર ધીમંતના ઘરના માણસ જેવો બન્યો. ધીમંતની સારવારમાં પૂરેપૂરો ભાગ લેવો, તેને વખતોવખત ઝાડા થાય તે ઉપાડવા, તેને ધોવો, બધું કામ તેને સોંપાવા લાગ્યું.

ધીમંતને દિવસના તાવ સારી પેઠે રહેતો. સાંજે થોડો ઓછો થતો. થરમૉમિટર જોતાં પણ નટવરને આ માંદગીને અંગે જ આવડ્યું. એક દિવસ થરમૉમિટર ઉતારવાનું ભુલાયેલું કે ગરમ પાણીએ ધોવાયેલું—કોણ જાણે શા કારણે ધીમંતની સારવારમાં બીજો જે માણસ હતો તેણે રાત્રે ગરમી માપવા થરમૉમિટર મૂક્યું અને પાંચ ડિગ્રી તાવ જણાયો. પેલાએ હાંફળાફાંફળા ઊઠી સૌને જગાડ્યાં. સૌના જીવ ઊડી ગયા. દાક્તરોને બોલાવવાની દોડાદોડ થવા લાગી. નટવર કહે, 'ભાઈને રોજના જેટલો જ તાવ દેખાય છે, હાથ લગાડીએ તો બહુ લાગતો નથી.' પણ તેનું કોણ સાંભળે? એકનો એક છોકરો એટલે સૌએ ગભરાટ કરવામાં બાકી ન રાખી. બરફ તો હતો જ, પણ ઘણાની જરૂર પડશે કરીને નટવરને દોડાવ્યો. અંધારી રાત, વરસાદ પડતો હતો, પણ નટવર તો ઘેલાની જેમ દોડ્યો. એક આઇસવાળાની દુકાન ખોલાવી દશ શેર બરફ લીધો, ધોતિયાનો છેડો ફાડી તેમાં બરફ બાંધી માથા ઉપર મૂકી બે માઈલ ચાલતો તે ત્રણ સાડા ત્રણે ઘેર પહોંચ્યો. દાક્તર આવી ગયો હતો. દાક્તરે પોતાનું થરમૉમિટર મૂકીને ગરમી માપેલી અને બે ડિગ્રી તાવ છે, ગભરાટનું કશું જ કારણ નથી, એમ કહીને ઘેર ગયો હતો. નટવર આવ્યો ત્યારે બધું શાંત હતું. ભીંજાતો ભીંજાતો બરફ લઈને આવ્યો; પણ બરફની તો જરૂર નહોતી.

૬

આમ ચાલ્યા કરતું હતું. પેલી રાતથી નટવરની કિંમત ખૂબ અંકાવા લાગી હતી. ૨૧ દિવસે ધીમંતનો તાવ ઊતર્યો. ત્યાર પછી તે શાળામાં આવતો થયો ત્યાં સુધી નટવર તેને ઘેર હંમેશાં જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસાદ ન જુએ, ટાઢ ન જુએ. ધીમંતમાં ઉપકારવૃત્તિનું સિંચન આમ જાણ્યે અજાણ્યે રોજ થયાં જ કરતું હતું. પછી તો ધીમંતને નટવર વિના ન ચાલે અને નટવરને ધીમંત વિના ન ચાલે, એવી સ્થિતિ થઈ ગઈ. એક વાર બે ત્રણ દિવસ નટવર નિશાળે ન આવવાને લીધે ધીમંતે તેને ઘેર તપાસ કરી. નટવરને તાવ હતો. રાતના આઠ વાગ્યા સુધી તેનો બાપ આવ્યો નહોતો. 'કોઈની દવા ચાલે છે કે?' પૂછતાં નટવર કહે, 'કાલથી જ તાવ આવે છે. આજકાલમાં ઊતરી જશે.' થોડા વખત પછી ખાદીનો ઢગલો ખાંધે લઈને નટવરનો બાપ ઘેર આવ્યો. 'ભાઈ, તમારાં પગલાં અમારે ત્યાં ક્યાંથી?' કરીને ધીમંતની તેણે ખબર પૂછી. ધીમંતે સવારે દાક્તર લઈને આવવાની માગણી કરી. પેલો કહે: 'ના, અમને આટલી માંદગીમાં દાક્તર બોલાવવા ન શોભે. અમારાં છોકરાં તો માદાં પડે અને સારાં થાય.' ધીમંતને આ બધું નવું જાણવાનું હતું. 'તમે દિવસના ખાદી વેચવા જાઓ ત્યારે ઘેર નટવરની પાસે કોણ બેસે?' "એની મા છે ને.' ધીમંતના મનમાં અનેક વિચારો આવ્યા અને ગયા. 'મારી સારવાર માટે નટવર આવ્યો હશે ત્યારે ફેરીમાં નટવર ન જવાને લીધે એને બિચારાને પૈસા પણ ઓછા જ મળ્યા હશે તો! મારા બાપ ખાદી શા સારુ ન લે?' પેલા ખાદીના ઢગલાની કિંમત પૂછી પોતાની ગાડીમાં બધી ખાદી નંખાવીને ઘેર લઈ ગયો. ઘેર જઈ બાપને બધી વાત કરી. કહ્યું, 'બધી ખાદી લઈ આવ્યો છું. પણ એક દિવસ ખાદી લઈ આવીએ તેમાં શું વળે?' પબ્લિક પ્રોસીક્યૂટર સાહેબે આજ નટવરનો બધો ઇતિહાસ અથથી ઇતિ ધીમંતની પાસે સાંભળ્યો. 'આપણે નટવરને પાંચ રૂપિયા સ્કૉલરશિપ આપીશું,' કહીને તેણે છોકરાને સંતોષવાનો પ્રયત્ન કર્યો. પણ ધીમંત એમ સંતોષાય તેમ નહોતું. 'આપણે સૌ ખાદી ન લઈએ? ચીમનકાકા અને દલાકાકા (બંને વકીલો) ખાદી પહેરે તો શું ખોટું? તમે પહેરો તો બીજા વકીલો પણ પહેરે!' પબ્લિક પ્રોસીક્યૂટર હસ્યા. 'મને તો નટવરની સાથે ખાદી વેચવા જવાનું પણ મન થાય. હું વેચવા જાઉં તો ઘણા જણ લેશે.' 'ઘેલો થા મા, ઘેલો'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહીને તેમણે વાત ઉડાવી. ધીમંતને સુખ ન વળે. રાત્રે ઊંઘ ન આવે. રોજ રોજ તેના બાપની આગળ વાત કરે. 'વારુ, નટવરના બાપને લઈને આપણા ઓળખીતા વકીલોને ત્યાં જજે. હું તેમને સૌને ખાદી લેવાનું કહી રાખીશ. આપણે ત્યાં ગુલાબચંદ ઝવેરી આવે છે તેની પાસે તો ખૂબ લેવડાવશું,' કહી બાપે છોકરાને શાંત પાડ્યો.

૭

પાંચ રૂપિયાની સ્કૉલરશિપની ખુશખબર લઈને નટવરના બાપને ધીમંત મળવા ગયો. નટવરનો બાપ કહે: 'પાંચ રૂપિયા અમારે શું કરવા 'તા ? માફી થઈ જાય તો ચાલે. અને તમારા જેવા ખાદી પહેરશો એટલે મારે ઘેર પૈસા જ છે તો. ભાઈ, મારા કરતાં તો બિચારાં ઘણાં ગરીબ છે. ખાદી મારા જેવાને નભાવે એટલું જ નહીં પણ સેંકડો હજારો ગરીબોને નભાવે છે. હું તો બીડી વેચતો હતો ત્યારે ભૂખે નહોતો મરતો પણ પેલાં બાપડાં ખાદી નહોતી ત્યારે ભૂખે મરતાં હતાં. તમે ખાદી પહેરનારા વધારશો એટલે મારા નટવરને કૉલરશી જ છે.' 'તે તો હું કરવાનો જ. હું તો મારા ક્લાસના બધા છોકરા પાસે ખાદી પહેરાવીશ. પણ આટલું વર્ષ તો નટવરને સ્કૉલરશિપ લેવા દો. મારા બાપાને સારું લાગશે. એક વાત તમને પૂછું? તમે ખાદીની ફેરી ફરો તેને બદલે દુકાન કાઢો તો નહીં ચાલે?' 'ચાલે, પણ દુકાન માટે ઘણા પૈસા જોઈએ. ખાદી ઘણી રાખવી જોઈએ. તેને માટે હું પૈસા ક્યાંથી લાવું ? આ તો ફેરી ફરીએ તો તુરત પૈસા આવે. રોજ પૈસા આવતા જાય અને રોજ ખાદી લાવી વેચતો જાઉં. ભંડારમાંથી મને મહિના મહિના જેટલી ખાદી ઉધાર મળે તો ફાવે. પણ આપણે કાંઈ લાગવગ છે ભાઈ ?' આમ વાતો કરતાં કરતાં ચપળ છોકરો બધું સમજી લઈને ઘેર ગયો.

૮

હવે ધીમંતે મૉનિટરપણું ખાદીપ્રચાર માટે ચલાવવા માંડ્યું. 'નટવરના બાપાની પાસે બધાએ ખાદી લેવી' એવા તેના હુકમ ફરી વળ્યા. ગુલાબચંદ શેઠનો છોકરો તો ખાદીવાળો બની ગયો હતો જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણચાર મહિનામાં લગભગ બધો વર્ગ ખાદી પહેરતો થયો. પણ ધીમંતને તો પૂરો રંગ લાગ્યો હતો. તેના બાપની પાસે રોજ તે વાત કરતો, નટવરનાં જૂનાં 'નવજીવન' રજામાં વાંચતો, અને ખાદીની અને ગાંધીજીની બહુ બહુ વાતો કરતો. લાડકો દીકરો એટલે બાપ બધી વાત સાંભળતા. આખરે દીકરાને સંતોષવા સારુ ગુલાબચંદ શેઠને સમજાવી ભંડારમાંથી ગુલાબચંદની જવાબદારી ઉપર પુષ્કળ ખાદી ઉપાડવાની નટવરના બાપને માટે રજા મેળવી. નટવરના બાપને હવે સ્વતંત્ર દુકાન થઈ. પણ દુકાને બેસવું તેને ન ગોઠ્યું. નટવરને શાળામાંથી ઉઠાવી લઈ તેને દુકાને બેસાડ્યો. અને પોતે તો પોતાની ખાદીની ફેરીને જ વળગી રહ્યો.

મહાદેવ દેસાઈ

ક્ષાત્રધર્મ

બીજાને પ્રહાર કરતાં આવડે અથવા યુદ્ધમાં ઉત્સાહપૂર્વક ચડાઈ કરતાં આવડે તે ક્ષત્રિય, એવું શાસ્ત્રમાં ક્યાંયે લખ્યું નથી. 'युद्धे चाप्यपलायनम्' અથવા 'क्षतात्किल त्रायते' એ ક્ષત્રિયનું લક્ષણ છે. 'હું કોઈને મારતો નથી, હું અહિંસક છું,' એમ કહેનાર દરેક માણસના વચનની સરખી જ કિંમત નથી હોતી; તેની સરખી અસર પણ થતી નથી. જે માણસને મરતાંયે આવડે ને મારતાંયે આવડે એવો વીર પુરુષ જ્યારે સત્યાગ્રહી થઈને સામો થાય છે, ત્યારે તેની અસર સામા માણસ પર શી થાય છે, કેટલી થાય છે, એનો ખ્યાલ જ લોકો કરતા નથી. જેના હૃદયમાં આત્મા છે તેના પર અહિંસક પ્રેમધર્મી વીરના વિરોધથી અદ્ભુત અને અચૂક અસર થાય છે. અનુભવ વગર એ વાત ગળે ન ઊતરે. આવા દાખલાઓ ઓછા છે. તેથી જ સત્યાગ્રહ વિષે લોકોમાં આટલી નાસ્તિકતા છે.

ક્ષાત્રધર્મના દ્યોતક તરીકે હંમેશાં ઢાલ તરવાર ચીતરે છે, એ મને ગમતું નથી. ઢાલ તરવાર તો બહારવટિયા પાસેયે હોય અને બીકણ પાસેયે હોય. ઢાલ તરવાર ન હોય ત્યારે શું ક્ષત્રિયનું ક્ષત્રિયત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછું થાય છે? ક્ષત્રિય માટે મુદ્રા અથવા બિરદ પસંદ કરવું જ હોય તો ખ્રિસ્તી લોકોએ પસંદ કરેલું ચિહ્ન જ પસંદ કરવા લાયક છે; બદામના આકારનું હૃદય અને તેની અંદર ભોંકેલું ખંજર. છાતીમાં ખંજર ખમીને જ ક્ષત્રિય પેદા થાય છે. ઉદારતા અને નિર્ભયતા એ ક્ષત્રિય હૃદયના મુખ્ય ગુણ હોય છે. સંપૂર્ણ વફાદારી અને જે વસ્તુનો એક વાર સ્વીકાર કર્યો, જેને આશ્રય આપ્યો તેને કોઈ કાળે દગો દે નહીં, તે માટે હંમેશાં મરવા તત્પર હોય. એ મૃત્યુતત્પરતા એ જ ક્ષાત્રધર્મની સુવાસ છે. હૃદયમાં ખંજર એ જ એને વ્યક્ત કરી શકે છે.

કાકા કાલેલકર

બલિદાનનો મહિમા

રોમના ઇતિહાસમાં સાધુ ટેલિમેકસના બલિદાનની સુપ્રસિદ્ધ કથા જેવી કમકમાટી ઉપજાવનારી છે તેવી જ તે આ સત્યાગ્રહ યુગમાં જાણવા જેવી છે. સાધારણ કુસ્તી તો આપણે બધા કરીએ છીએ, મલ્લોની કુસ્તી પણ આપણામાંના કોઈકે જોઈ હશે, હાથી હાથી સામસામા સાઠમારી કરે છે તે પણ ઘણા જાણતા હશે, માણસોને હાથીના પગ નીચે કચડીને મારી નાખવામાં આવતા એ પણ ઇતિહાસ વાંચનારને જાણમાં હશે, સ્પેનમાં આજે પણ માણસ અને સાંઢની સાઠમારી થાય છે અને સેંકડો સાંઢોનો ભોગ અપાય છે એ તાજું વર્ણન પણ કેટલાકે વાંચ્યું હશે. પણ એ બધાની ખૂનરેજીને ભુલાવે એવાં તો રોમમાં એક કાળે થતાં ગ્લેડિયેટર્સ (મલ્લો)નાં યુદ્ધો હતાં.

ઈ૦ સ૦ પૂર્વે ૨૬૪થી ઈ૦ સ૦ ૪૦૦ સુધી એટલે લગભગ સાતસો વર્ષ સુધી એ પ્રથા રોમન સામ્રાજ્યમાં ચાલુ રહી. મૃત મનુષ્યપ્રીત્યર્થ નરમેધ કરવાના જૂના રિવાજમાંથી એનો જન્મ થયો, અને જોતજોતામાં તો એ બધે જ ફેલાઈ ગઈ. એક એક પ્રસંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલ્લોની સેંકડો જોડીઓ ભાલા કે તલવાર લઈને લડતી. માણસોને એકબીજાનાં ગળાં રેંસતા જોવામાં જ લોકોને આનંદ પડવા લાગ્યો. રાજાથી માંડીને રંકમાં રંક સુધી લોકો એ તમાશાઓમાં હાજર રહેતા. પહેલાં તો ગુલામો અને યુદ્ધના કેદીઓને જ લડાવવામાં આવતા. પાછળથી મુક્ત લોકો પણ એમાં ઊતરવા લલચાયા ને સારાં સારાં કુટુંબના માણસો પણ એમાં ભાગ લેતા થયા. રાજાઓએ લોકપ્રિય થવા સારુ મલ્લયુદ્ધો માટે મોટાં મોટાં પથ્થરનાં પ્રેક્ષાગારો (ઍમ્ફિથિયેટર) બાંધી આપ્યાં. રોમમાં આજે એવું એક ખંડેર છે તે એંશી હજાર માણસ માય એવડું છે. એવાં પ્રેક્ષાગારો રોમન સામ્રાજ્યના એકેએક મોટા શહેરમાં હતાં. એમ કહેવાય છે કે આવું એક પ્રેક્ષાગાર પડી ગયું તેમાં વીસ હજાર માણસ ચગદાઈ મૂઆં. પછી તો મલ્લયુદ્ધો ચાપાણીના મેળાવડાની જેમ રોજનાં થઈ પડ્યાં. મોટો માણસ મરી જાય ત્યારે મલ્લયુદ્ધ થાય. અમલદારોનો અમલ શરૂ થાય ત્યારે મલ્લયુદ્ધ. શ્રીમંત વેપારી માલ ખપાવવો હોય ત્યારે મલ્લયુદ્ધ કરાવે. સામાજિક ઉત્સવ હોય એટલે મલ્લયુદ્ધ તો ખરાં જ. જે માણસ વધારે મલ્લયુદ્ધ કરાવે તેને ચૂંટણીમાં વધારે મત મળે. ઉમરાવને ત્યાં ઉજાણી હોય ત્યાં લોકો ખાતા જાય ને મલ્લયુદ્ધ જોતા જાય. એક ઉમરાવ તો એવો હતો કે જેને લોહીની છાંટ ઊડતી જોયા વિના ખાવાનું ભાવતું નહીં. જાહેર હોજ અને હમામખાનાં એ રોમની ખાસ વિશેષતા હતી. ત્યાં પણ મલ્લયુદ્ધ થવા લાગ્યાં.

અત્યાર સુધી પુરુષે પુરુષ લડતા. છોકરાછોકરીઓ માણસોનાં લોહી ઊડતાં જોતાં. કવિઓ એનાં વર્ણનો કરતા. લોકોને એ સિવાય બીજી વાતમાં રસ પડતો નહીં. દયા કે કમકમાટી જેવી વસ્તુ જ લોકો ભૂલી ગયા. પરંતુ સ્ત્રીઓ પણ યુદ્ધમાં ઊતરવા લાગી ત્યારે તો હદ વળી ગઈ. આખા સામ્રાજ્યમાં મલ્લોની શાળાઓ સ્થપાઈ અને મલ્લોનાં ધાડાં ને ધાડાં દેશમાં ફરવા લાગ્યાં. ક્રૂરતા કાંઈ એટલેથી અટકે? એટલે જાનવરો — રીંછ, સાંઢ, વાઘ, હાથી, સિંહ, જિરાફ, સાબર, મગર, સાપ — લડાવવાનું ને મારવાનું દાખલ થયું. એક એક તમાશામાં હજારો પ્રાણીઓનો સંહાર થતો. દિવસોના દિવસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી તમાશા ચાલતા. નીરો કરીને માનવકુલાંગાર, માતૃઘાતક, લોહીતરસ્યો એક બાદશાહ થયો. એણે પોતાની મોજને ખાતર આખું રોમ બળાવ્યું, અને એક વાર બગીચામાં રોશની કરવા ખ્રિસ્તીઓને રાળવાળાં પહેરણ પહેરાવી જીવતા બાળી મૂક્યા. લોકો ભાનસાન ભૂલ્યા હતા અને તેઓએ મર્યાદા મૂકી હતી. જે માણસ મલ્લયુદ્ધોને ઉત્તેજન આપતો તેને તેઓ પૂજતા. ઘણા ઘણા ભલા બાદશાહોએ આ ખૂનરેજીમાં કાંઈક મર્યાદા દાખલ કરવાનાં ફાંફાં માર્યા. નીતિશાસ્ત્રીઓએ રોઈ રોઈને ઉપદેશો આપ્યા, પણ એનો જુવાળ તો દિવસે દિવસે ચડતો જ જતો હતો.' લડનારાઓ પણ રાજીખુશીથી મરવા તૈયાર થતા. એ રીતે મરવામાં મોટું માન ગણાતું. એક બાદશાહ કહેતો, 'મને મરતા માણસની મુદ્રામાં કેવો ફેરફાર થાય છે એ જોવામાં બહુ રસ પડે છે.' મલ્લો લડી રહે અને એક હારે એટલે એને મારીને પૂરો કરવો કે જીવતો રાખવો એ પ્રેક્ષકોને પૂછવામાં આવતું અને એમના નિર્ણય પ્રમાણે હારેલા માણસના હાલ થતા.

ઇતિહાસકાર લેકીએ પોતાના 'યુરોપના આચરણનો ઇતિહાસ' નામના પુસ્તકમાં આ યુદ્ધોનું બહુ જ વિગતવાર વર્ણન આપ્યું છે. આજે આપણને આ વાત સાંભળતાં કંપારી છૂટતી નથી કારણ માણસો આટલા હૈયાસૂના કેમ થઈ શકે એ આપણી કલ્પનામાં ઊતરી શકતું જ નથી. પણ એ સ્થિતિ સાત સૈકા સુધી ચાલી અને સત્તા કે નીતિ બેમાંથી એકે એને રોકી શકયું નહીં.

જે કામ કોઈ ન કરી શકયું તે એક ખ્રિસ્તઘેલા સત્યાગ્રહી સાધુએ કર્યું. ઈશુ ખ્રિસ્તે માનવજાતિના ઉદ્ધારને ખાતર પ્રાણ અર્પણ કર્યાં એ ખ્રિસ્તી માન્યતાને સાધુ ટેલિમેકસે જીવન્ત કરી બતાવીને પ્રાણાર્પણ કરી પાપપંકમાંથી માનવજાતિનો ખરેખરો ઉદ્ધાર કર્યો. એક જ માણસના નિર્દોષ લોહીમાં કેટલી અપાર શક્તિ રહેલી છે તે આ સાધુના બલિદાને બતાવ્યું. એનું લોહી રેડાયું અને સાત સૈકાના અત્યાચારનો એક જ દિવસમાં અંત આવી ગયો.

અંગ્રેજ કવિ ટેનિસને તેની અનુપમ શૈલીમાં આ બલિદાનનો મહિમા ગાયો છે. આપણા જમાનાને સારુ ટેલિમેકસના બલિદાનની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કથામાં અપૂર્વ પ્રેરણા રહેલી છે. એટલે 'મધપૂડા'ના વાચકોને એ કાવ્યનો સાર આપવા આ અલ્પ પ્રયત્ન કર્યો છે.

દોઢ હજાર વર્ષ પહેલાંની આ વાત છે. ગ્રીસ દેશને એક દૂરને ખૂણે એક ખ્રિસ્તી સાધુ રહેતો હતો. સ્થાન એકાંત અને નિર્જન હતું. ખ્રિસ્તે જેમ માનવજાતિના કલ્યાણ માટે દેહ આપ્યો તેમ પોતે પણ માનવજાતિ માટે પ્રાણ અર્પણ કરવાની તેની ઊંડી અભિલાષા હતી.

રોજ સંધ્યા સમયે પશ્ચિમ ભણી પૃથ્વીના ઉદરમાંથી ફાટી નીકળતો ધગધગતો લાવારસ ઊછળી રહ્યો હોય એમ લોહીવર્ણે પૃથ્વી રંગાઈ જતી. અસ્તાચળ પર જતા સવિતાનારાયણ કોપ્યા હોય એમ રાતાં રાતાં કિરણોનો અંબાર ધરતી પર પથરાતો.

ઈશુનું ચારસોમું વર્ષ હતું. દિવસો પર દિવસો જતા હતા અને આવી રક્તવર્ણી સંધ્યાઓ થતી હતી. આવી સંધ્યાઓના સૂર્યનો પ્રકાશ એક ગુફામાં પડતો હતો.

એ ગુફામાં પેલો સાધુ રહેતો હતો. તેનું નામ ટેલિમેકસ હતું. તે ઉપવાસ અને પ્રાર્થનામાં દિવસો વિતાડતો. માણસની સાથે બોલવા જેટલા પ્રસંગમાં પણ તે નહોતો આવતો. કાયકષ્ટથી તેનાં ડાચાં બેસી ગયાં હતાં, આંખો ઊંડી ગઈ હતી અને શરીર સુકાઈ લાકડા જેવું થયું હતું.

ગુફાની અંદર એક પાષાણની ક્રોસની આકૃતિ હતી. તેના પવિત્ર હાથથી એ બંધાઈ હતી. રોજ સૂર્યકિરણ એના પર અથડાતાં. સાધુ ત્યાં રોજ આવતો, આમતેમ ફરતો અને આ બધું જોતો.

એક દિવસ સાયંકાળે તેની નજર એકાએક પશ્ચિમ તરફ ગઈ. તેને થયું: 'અહા! આ તે પશ્ચિમમાં શું પૃથ્વીને દાવાનળ લાગ્યો છે કે પોતાના પતનથી કોપેલો શેતાન અગ્નિ વરસાવે છે?' જાણે કોઈ એના પ્રશ્નનો જવાબ આપતું હોય એમ ઊંડો અવાજ આવ્યો: 'જાગ, હે સ્વપ્નદ્રષ્ટા, આમ કૃતિશૂન્ય જીવન શું ગાળે છે? આળસુ શું પડ્યો રહે છે? નિઃસ્વાર્થ સેવામાં જીવન કૃતાર્થ કરવાને બદલે આમ વૃત્તિઓ સૂકવી નાખતો શું દહાડા ખુટાડે છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટેલિમેકસની આંખે અંધારાં આવ્યાં. નજર આગળથી કંઈક દશ્યો પસાર થઈ ગયાં. જાણે ઝાંખાં પડછાયા જેવાં માણસો લડતાં લડતાં ઊડી જાય છે. વળી એક બીજું દશ્ય દેખાયું. એક પાંખોવાળી આકૃતિ વેગે ઊડતી ઊડતી તેની પાસે આવીને પશ્ચિમ તરફ આંગળી કરી તેના કાનમાં ફૂંક મારી ગઈ 'રોમ'.

હૃદય બોલી ઊઠયું : 'પ્રભુનો આદેશ!' આદેશ સાંભળ્યો કે તે ઊઠ્યો અને આથમતા સૂર્યની દિશામાં મોઢું કરી ચાલવા માંડયું. ઉજ્જડ મુલકો અને ફળદ્રુપ ખેતરો વટાવતો તે આગળ વધવા લાગ્યો. રોજ સાંજે પશ્ચિમમાં સૂરજ આથમતો ને રાતે આકાશમાં ચકચકતું તારામંડળ ઊગીને પશ્ચિમ તરફ ઢળી પડતું. રોમ નજીક નજીક આવતું હતું. સો, વહાણાં વાઈ ગયાં. ટેલિમેકસ થાકીને લોથ થઈ ગયો. તેના પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા. આખરે તેણે રોમમાં પગ મૂક્યો.

એ ખ્રિસ્તી શહેર કહેવાતું. એની ભવ્યતા, એની જાહોજલાલી આ સાધુની આંખને ફીકીફીકી લાગી. એ ઘેરાયેલી આંખ તો રોમના સહસ્રસ્તંભ મહાલયોની ખખડધજ દીવાલોની વચ્ચે ઊડતા પેલા દેવદૂતને જોવાને તલસતી હતી.

એટલામાં નફટાઈથી હસતું, સમ ખાતું અને ગાળો ઉચ્ચારતું, ઠઠ્ઠામશ્કરી અને હોહા કરતું એક ટોળું પસાર થયું. રીઢા રોમનો એમની રાક્ષસી રમતોની વાતો કરતા હોકારાપ્કારા કરતા ચાલ્યા જતા હતા. ટેલિમેકસના કાન વૃદ્ધાવસ્થા અને થાકને લીધે બહેર મારી જવા આવ્યા હતા. તે હોઠ ફફડાવીને બડબડતો હતો: 'પ્રભુનો આદેશ!' માણસોનો તો જુવાળ ચડતો હતો. દરિયાની ઓટમાં જેમ કોઈ તૂટયુંફૂટયું ખંડેર તણાઈ જાય એમ આ ઓટમાં ટેલિમેકસ ઘસડાયો. થોડી વારે આંખો ફાડીને જુએ છે તો પોતે રોમના વિશાળ કોલોઝિયમ આગળ આવી પહોંચ્યો હતો.

અને એણે ત્યાં શું જોયું? પાંજરામાં પૂરેલા વનરાજની ત્રાડ સંભળાઈ. જૂના વખતમાં ખ્રિસ્તીઓના લોહીના તરસ્યા સિંહની એવી જ ગર્જનાઓ રોમમાં સંભળાતી હતી. ત્રણ ગુલામો એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરેલા સિંહને ઘસડી જતા હતા. એક ગુલામ એક મરેલા માણસને તાણતો હતો.

પાંજરાના ટોળાનો હડસેલો આવ્યો અને ટેલિમેકસ ઠેસ ખાઈને કોલોઝિયમની અંદર દાખલ થઈ ગયો. બેઠો. તેની આંખે અંધારાં આવી ગયાં. પણ બહારના બપોરના તડકાથી અંજાઈ ગયેલ આંખ જ્યારે પળવાર પછી ઊઘડી ત્યારે તેણે આજુબાજુ નજર નાંખી નિહાળી જોયું. માથા પર રાતો લોહી જેવો ચંદરવો તાણેલો હતો. ધૂળમાંથી માણસોના લોહીની છાંટ ઊંચે ઊડતી હતી. ગ્લેડિયેટરો યુદ્ધ માટે ધસ્યા જતા હતા. અને એંશી હજાર ખ્રિસ્તીઓ માણસ માણસનું ખૂન કરે તે જોવા બેઠા હતા.

શરીરને અચાનક આચકો લાગે ને એકાદું જૂઠું પડેલું અંગ જાગ્રત થઈ જાય તેમ ટેલિમેકસના દેહમાં ઈશ્વરે જાણે એકાએક બળનો સંચાર કર્યો. તેનામાં નવલોહિયા કુમારનો ઉત્સાહ રેડાઈ ગયો. તે કૂદી ઊઠ્યો, હળવે રહીને નિસરણીનાં પગથિયાં ઊતર્યો; અને જે વાડ પ્રેક્ષકોને આત્મઘાતી મારાઓથી જુદી પાડતી હતી તેના ઉપર થઈને ટપી ગયો. ત્યાંથી આગળ ધસ્યો અને મલ્લોની તલવાર ઊછળતી હતી તેમની વચ્ચે જઈને ખડો થઈ ગયો. હાથ ઊંચા કરી ગંભીર અવાજે તેણે સાદ કર્યો: 'થંભી જાઓ! જેણે માણસજાતને સારુ પોતાના પ્રાણ કુરબાન કર્યા એ પરદુઃખભંજન મહાન ઈશુ ખ્રિસ્તને નામે કહું છું કે થંભી જાઓ!'

ક્ષણેક શાંતિ પથરાઈ ગઈ. જાણે સ્મશાન. બીજી જ ક્ષણે સર્પોનું અરણ્ય ફૂંફાડા મારતું હોય એવા ચીડ અને તિરસ્કારના સુસવાટ સંભળાયા. પ્રેક્ષકોમાંથી ઘુઘવાટ કરતા સાગરના જેવી ઘોર ગર્જના થઈ, અને પછી એકસામટા હજારો પથરાઓનો વરસાદ વરસ્યો. વૃદ્ધ સાધુ ટેલિમેકસ હતો ન હતો થઈ ગયો, અને ફરી પાછી પૂર્વવત્ સ્મશાનશાંતિ છવાઈ ગઈ.

ટેલિમેકસનું સ્વપ્ન ફળ્યું. એ સ્વપ્નમાંથી એક ભવ્ય કૃતિનો જન્મ થયો અને દુનિયા જાગી. એ વિશાળ કોલોઝિયમમાં ભેગાં થયેલાં ઝનૂની ટોળાંઓ તો એ મૃત દેહને અર્ધાં ભયથી અર્ધાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્ચર્યથી ટગરટગર જોઈ રહ્યાં. એમના પર એ મરણની કશી અસર ન થઈ; પણ જે હૈયાંઓમાં કાંઈક દયા ઉદારતા રહી હતી તે તો શરમથી થથરી ગયાં. હમામખાનાંમાં, ફોરમમાં, ચૌટે ચૌટે, ચકલે ચકલે ને શેરીએ શેરીએ એ મરણની જ વાતો થવા લાગી. ઉપદેશકોની વાણીએ એ બલિદાનનો મહિમા દિવસોના દિવસો સુધી ગાયો. એ ઉદારચરિત સાધુના અંતકાળના અમર શબ્દો ઉપર દિવસોના દિવસો સુધી પ્રવચનો ચલાવ્યાં. એ અમર શબ્દોના પડઘા વાતાવરણને ભેદતા બાદશાહ ઑનોરિયસને કાને અથડાયા. ઑનોરિયસે એ વાત સાંભળી અને તે દિવસથી ફરમાન કાઢ્યું કે આજ પછી હવે રોમ આ અધર્મના સડામાં સબડશે ન કરે અને રોમના ઉત્સવો માણસે વહેવરાવેલા માણસના લોહીથી કલંકિત ન થાય.

ચંદ્રશંકર શુકલ

કરેણનું ફૂલ

૧

લાલ કરેણની શોભા ગુલાબ કરતાં પણ કોક કોક વાર ચડી જાય છે. સિંહગઢ ઉપરની ઠંડી હવા કરેણને બહુ જ માફક આવતી જણાય છે. દરેક ઝાડ ઉપર યૌવનની છટા પુરબહારમાં દેખાય છે. મહારાષ્ટ્રની સ્ત્રીઓમાં ફૂલોની વેણી માથે ઘાલવાનો શોખ અસાધારણ હોય છે. છતાં કોઈ પણ સ્ત્રી કરેણનાં ફૂલ ન જ પહેરે. એ ફૂલ નિર્ગંધ હોય છે એટલા માટે નહીં, પણ કરેણનું ફૂલ માથે ચડાવવાની લાયકાત સિદ્ધ થયા વગર તે ન પહેરાય એ માન્યતાને લીધે.

કરેણ એ તો સતીનું આભૂષણ. સાધ્વી સ્ત્રી પતિવિરહ અસહ્ય થવાથી જ્યારે સહગમન કરવા નીકળે ત્યારે કરેણનાં ફૂલોની માળા પહેરીને જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદાં જંગલી કરેણનાં ફૂલો આર્યવિવાહના ચરમ આદર્શનાં દ્યોતક થઈ પડ્યાં છે. જ્યારે જ્યારે કરેણનું ઝાડ નજરે પડે છે ત્યારે ત્યારે પાતિવ્રત્ય અને સતીત્વનું જ જાણે દર્શન થાય છે.

૨

આપણા દેશમાં જે અનેક રખડતી કોમો છે તેમાંની જ દક્ષિણની રામોશી કોમ છે. રામોશી અસ્પૃશ્ય નથી ગણાતા. છતાં ઉજળિયાત કોમો એમને છેટે રાખે છે. અને એ પણ સાચું છે કે રામોશીઓ પોતે ઠરેલ વસ્તીમાં રહેવાનું પસંદ નથી કરતા. એમને પોતાની જ સંસ્કૃતિ વહાલી છે. નિરંતર પ્રવાસ, ખુલ્લી હવા અને પ્રાણ કરતાં અધિક પ્રિય એવું સ્વાતંત્ર્ય એ એમનો જીવનરસ છે. લૂંટફાટ, ચોરી, અને ધાડાંખોરી એ એમના વ્યવસાયો થઈ પડ્યા છે. બિચારા શું કરે? ઉજળિયાત કોમો જોડે ભળવું એ તો માથાનો ઘા. અને ન ભળે તો દુનિયામાં એમને સ્થાન ક્યાં? શહેરો, ગામડાંઓ, ખેતરો, બગીચાઓ તો એમને માટે નથી જ. રહ્યાં જંગલો. તેમાં પડ્યા શી રીતે તેઓ પોતાનું ગુજરાન ચલાવે? એટલે આખરે જીવવાનો છેલ્લો રસ્તો જ એમના હાથમાં આવ્યો. મોટાં મોટાં રાષ્ટ્રો અને સામ્રાજ્યો જીવવાનો જે રસ્તો લે છે તે જ નાના પ્રમાણ ઉપર આ લોકો અખત્યાર કરે છે. પણ સુધારો કાંઈ એમને આમ ટકવા દે? ઉજળિયાત કોમોએ ઉજળિયાત ઢબે એમનો શિકાર ચલાવ્યો અને આખરે એમને પોતાની સંસ્કૃતિ પાસે આણ્યા. મહારાષ્ટ્રના રામોશીઓ મૂળ આંધ્ર દેશ તરફથી અહીં આવ્યા હશે. અહીંના લોકોએ એમને શાંત પાડવાનો એક બહુ સરસ ઉપાય શોધી કાઢ્યો. જ્યાં રામોશીઓ ચોરી કે લૂંટફાટ કરતા હોય ત્યાં રામોશીઓને જ રખેવાળનું કામ સોંપી દેવામાં આવે છે. આમ कंटकेनैव कंटकम् એ ન્યાયે રામોશીઓના ઉપદ્રવથી સમાજ ધીમે ધીમે સુરક્ષિત થવા લાગ્યો, અને રામોશી પણ નાયક અને સરદાર થવા લાગ્યા. એ જ ઉપાય આપણે મુસલમાનો અને ગોરાઓના આગમન વખતે અખત્યાર કર્યો. પણ પરિણામ ભળતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ આવ્યું. હાલમાં રામોશીઓ પગીનું અને વરતણિયાનું કામ કરે છે. ગામડામાં ચોરી થાય તો ચોરનું પગેરું કાઢવાનું કામ પણ આ જ લોકો કરે છે. અને ઘણું કરીને એમાં નિષ્ફળ નીવડતા નથી.

શિવાજીએ આ કોમનો સ્વભાવ બરાબર પારખ્યો હતો. અને તેથી પોતાની ફોજમાં તે હંમેશાં રામોશીઓની ભરતી કરતા. વફાદારીમાં કર્ણ વખતે ડગે, પણ રામોશી ન ડગે. રામોશી લોકોની પણ શ્રદ્ધા હતી કે શિવાજી એ અવતારી પુરુષ છે; યવનોનું કાસળ કાઢવા માટે પ્રત્યક્ષ શંભુ મહાદેવ જ શિવાજીનું રૂપ લઈને અવતર્યા છે.

રામોશીઓની નીતિની કલ્પના એમના જીવન જેવી જ હોય છે. જેનું લૂણ ખાધું, જેને વફાદારી સોંપી, તેના પ્રત્યે એકનિષ્ઠ, જાન આપે પણ દગો ન દે. બાકીની દુનિયા પ્રત્યે તેઓ કશું નૈતિક બંધન માનતા જ નથી. અને જેને એક વાર શત્રુ ગણ્યો તેની સામે તો જે ઉપાય સૂઝે તે હલાલ.

૩

તાનાજીએ શિર સાટે સિંહગઢ લીધા પછી પુરંધરનો કિલ્લો હાથ કરવો એ મુખ્ય કામ હતું. વૈકુંઠને દરવાજે જેમ જય અને વિજય ઊભા હોય છે તેમ પૂનાને રસ્તે સિંહગઢ અને પુરંધર સામસામા ઊભા છે. આ બે કિલ્લાઓ પૂનાની અને આસપાસના મુલકની ચાવી જેવા છે. બહામની રાજ્ય વખતે દક્ષિણના બધા કિલ્લાઓ કોઈ ને કોઈ સરદાર કે જાગીરદારના તાબામાં રહેતા. માત્ર પુરંધર અને સિંહગઢ એ બે કિલ્લાઓ બાદશાહી ગણાતા. એમની દેખરેખ કોઈ બાદશાહી અમલદારના જ હાથમાં રહેતી. શિવાજીના પિતા શહાજી જ્યારે અહમદનગર રાજ્યના ખાનબાબા અથવા કર્તાહર્તા થયા ત્યારે આ બે કિલ્લાઓ એમના હાથમાં આવ્યા.

સિંહને ભોગે ગઢ તો હાથ આવ્યો. હવે પુરંધરનું શું? શિવાજીએ એક ફોજ પુરંધર લેવા મોકલી. સાથે રામોશીઓ પણ હતા. આ રામોશીઓનો આગેવાન વરદોજી હતો. જે યુક્તિથી સિંહગઢ કબજે કર્યો એ જ યુક્તિ પુરંધર લેવા માટે અજમાવવાનો ફોજનો વિચાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. એક રામોશીએ છાનામાના ઉપર જઈ, એક ખીંટી ઠોકી દીધી. દોરીની સીડી બંધાઈ ગઈ, અને રામોશી તથા માવળાઓ રામચંદ્રના સૈનિકોની પેઠે ગઢ ચઢવા લાગ્યા. પણ એક જ યુક્તિ હંમેશાં કામ ન લાગે. શત્રુના પહેરેગીરોએ માવળાઓને ઉપર ચડતા જોયા. ઉપર ચડેલાને ઠાર કરી દોરડીઓ કાપી નાખી. સીડી ઉપરના નીચે પડીને ઠાર અથવા ઘાયલ થયા. પછી મુસલમાનોએ બનતું કર્યું. અને પુરંધર લેવા માટે શિવાજીને બીજો પ્રયત્ન કરવો પડ્યો.

સીડી ઉપરથી જે પડ્યા એમાં વરદોજીનો ભાઈ મલમીપટી હતો. રામોશી લોકોમાં એની બહાદુરીની ભારે ખ્યાતિ હતી. જ્યાં ઘણા મરી ગયા ત્યાં મલમીપટી બચી ગયો. એને સખત વાગ્યું હતું. પણ બીજાના કરતાં વહેલો ભાનમાં આવી એ આસપાસનાં ઝાંખરાંમાં સંતાઈ રહ્યો. રાત પડ્યા પછી શરીર ઢસડતો ઢસડતો નજીકના એક નાનકડા ગામમાં જઈ પહોંચ્યો. ત્યાં એના એક ભાઈબંધે એને સંતાડી રાખ્યો અને દવાપાણી કરી બે મહિનામાં સાજો કર્યો. બે મહિના વીત્યે સાજોતાજો થયેલો મલમીપટી સિંહગઢ પાછો આવ્યો. પણ ત્યાં એના ભાગ્યમાં શું જોવાનું લખ્યું હતું?

૪

માઠી ખબર પવનને વેગે ફેલાય છે. પુરંધર સર કરવાનો પ્રયત્ન નિષ્ફળ ગયાના સમાચાર સિંહગઢ પહોંચતાં કેટલી વાર લાગે? કોણ મૂઆ, કોણ ઘાયલ થયા, એનો હિસાબ થયો. પણ મલમીપટીનું નામ ન મળે. એ બહાદુર તો એ લડાઈમાં કામ આવ્યો હોવો જોઈએ. બધાએ એ જ અનુમાનને ટેકો આપ્યો. મલમીપટી કાયર હતો જ નહીં કે કોઈ માની લે કે એ નાસી ગયો હશે અને મોં સંતાડી ક્યાંક ફરતો હશે.

એની પ્રાણેશ્વરીએ માંડ બે દિવસ સંશયની દુવિધામાં ગાળ્યા હશે. પછી એણે નિશ્ચય કર્યો. એ ન રોઈ, ન એના મોઢા ઉપર ગમગીની દેખાઈ. સિંહગઢના પહાડ જેવી એ ગંભીર થઈ. એની આંખો સુકાઈ ગયેલી અને કાંઈક ફાટેલી દેખાતી હતી. રાત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસનો ભેદ એને માટે રહ્યો જ નહોતો. જ્યાં જુએ ત્યાં શૂન્ય દૃષ્ટિએ જુએ. એનું બાળક જ્યારે એની પાસે આવે ત્યારે એની આંખોમાં કાંઈક માનુષી ભાવ અવતરતો. પણ ફક્ત એક ક્ષણને માટે જ. એણે તો નિશ્ચય કરી દીધો હતો. આ ભવ એને માટે પથ્થર જેવો થઈ ગયો હતો. બ્રાહ્મણો આવ્યા. બધાંએ સતીનો નિશ્ચય વધાવી લીધો. હવે તે બધાની મુરબ્બી થઈ હતી. ઘરડેરાં પણ આવી એને પગે લાગ્યાં. જ્યાં સાંભળો ત્યાં લોકો સીતા, સાવિત્રી અને પાર્વતીની જ વાતો કરતા હતા. અનાર્ય ગણાતી આ અભણ કોમની આ આરણ્યક સતીને આર્યધર્મની દીક્ષા કોણે આપી હશે? કયા પ્રચારકે એને સતીધર્મ ઉપર વ્યાખ્યાન આપ્યું હશે? ધર્મ જ્યાં લોકોના જીવનમાં અને સમાજના વાતાવરણમાં વ્યાપી રહ્યો છે ત્યાં પ્રચારકની જરૂર શી? જીવતો ધર્મ, પળાતો ધર્મ, એ પોતે જ પોતાનો પ્રચારક છે. શું ધર્મ કરતાં વ્યાખ્યાનો વધારે જલદ છે?

જલદી જલદી તૈયારી થઈ ગઈ. સગાંવહાલાં ભેગાં થઈ ગયાં. સતીએ પતિના જોડા અને પતિની પાઘડી છાતી સરસાં ચાંપી લીધાં, અને ચિતા ઉપર આરોહણ કર્યું. લોકો સ્તબ્ધ થઈને જોવા લાગ્યા. સાસ લેવો પણ ભૂલી ગયા. ચોમેર જ્વાળાઓ ફરી વળી. અરે આ શું! એક નિસાસો સરખો પણ સંભળાતો નથી. ધન્ય છે સતીને! ધન્ય છે સતીના સતને! કોઈને કશું સૂઝ્યું નહીં. કોઈ એકબીજા સામું પણ જોતું નથી. બધી જ આંખો એકીટસે જ્વાળાની લીલા જુએ છે. અને જ્વાળા કરતાંયે તેજસ્વી સતીની લીલાનું ધ્યાન ધરે છે! આખરે વૃદ્ધ ગોર બોલી ઊઠ્યો: 'હર હર મહાદેવ!' બધાંએ એ ઘોષ ઝીલી લીધો. અસંખ્ય હૃદયની શ્રદ્ધાએ સિંહગઢ ગજાવી મૂક્યો: 'હર હર મહાદેવ!'

૫

મલમીપટી ઘેર આવ્યો. લોકોએ એને સતીની જગા બતાવી. એણે મોતી જેવડાં બે આંસુ અને એક કરેણનું ફૂલ એ સ્થાને અર્પણ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

સિંહગઢ ઉપર વાયવ્ય દિશામાં એક નાનકડું દેરું છે. એમાં વજ્રચૂડે મંડિત સતીનો હાથ હજુયે વિરાજે છે. ભારતમાતા! આ તારું સત છે, એની રક્ષા કરવાની શક્તિ પણ તારી જ છે. તું શક્તિસ્વરૂપિણી છે એમ તારાં આદ્યસંતાનોએ ગાયું છે. અમને એનો સાક્ષાત્કાર ક્યારે થશે?

કાકા કાલેલકર

દયાળુ રાજકુમાર

ચાલુક્ય રાજા ભીમદેવ પહેલાના સમયમાં એક વખત ગુજરાતમાં વરસાદ નહીં પડવાથી દુકાળ પડ્યો અને લોકો રાજાનો કર આપી શક્યા નહીં. જે લોકો પાસે માલમિલકત હતી એવા લોકોને રાજ-સેવકો પાટણમાં લઈ આવ્યા અને ભીમદેવ આગળ રજૂ કર્યા. રાજ-કુમાર મૂળરાજના દિલમાં આ લોકોનો કકળાટ સાંભળીને દયા ઉત્પન્ન થઈ અને તેની આંખમાં આંસુ આવી ગયાં. પછી મૂળરાજે પોતાની ઘોડા ખેલવાની કળાથી રાજાને ઘણો જ પ્રસન્ન કર્યો.

રાજાએ વર માગવા કહ્યું ત્યારે મૂળરાજે કહ્યું કે, "આ બધા દ્રવ્યભંડારો તો મારે વર્જ્ય છે, પણ તમે મારી માગેલી વસ્તુ આપી શકશો કે કેમ એ વિષે શંકા રહે છે તેથી માગતાં સંકોચ થાય છે." તે ઉપરથી રાજાએ વર માગવાનો ઘણો આગ્રહ કર્યો ત્યારે કુમારે માગ્યું કે, "આ સર્વે લોકોનું મહેસૂલ લેવું છોડી દો." આ વચનો સાંભળી રાજાની આંખમાંથી આનંદનાં આંસુ આવી ગયાં, કુમારની માગણી સ્વીકારી સૌ ખેડૂતોને છોડી મૂક્યા, અને બીજો વર માગવા કહ્યું. પણ કુમાર નિર્લોભી અને માની હોવાથી બીજું કંઈ ન માગતાં પોતાને સ્થાને જઈ બેઠો.

બંધનમુક્ત થયેલા લોકો મૂળરાજની સ્તુતિ કરતા ખુશ થઈ પોતપોતાને ઘેર ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ બનાવને ત્રીજે જ દિવસે રાજકુમારનું અકસ્માત્ મરણ નીપજ્યું. ભોળા લોકો કહેવા લાગ્યા કે મીઠી નજરથી મૂળરાજના પ્રાણ ગયા. પુત્રમરણના શોકસમુદ્રમાં રાજા સહિત સમગ્ર લોક નિમગ્ન થઈ ગયાં. જ્ઞાની લોકોએ ધીમે ધીમે તેમનો શોક નિવારણ કર્યો. બીજે વર્ષે વરસાદ સારો થવાથી પુષ્કળ અન્ન પાક્યું. સૌ લોક બમણો કર લઈ રાજા પાસે ગયા. રાજાએ તે લેવાની ના પાડી એટલે લોકોએ બહુ આગ્રહ કર્યો. આ પ્રેમકલહનો નિર્ણય કરવાનું વૃદ્ધોની સભાને સોંપાયું. સભાના લોકોએ એ વર્ષનું મહેસૂલ રાજાએ લેવું એવો ઠરાવ જાહેર કર્યો, પરંતુ રાજાએ એ દ્રવ્યને બીજા ઉપયોગમાં ન લેતાં તેમાંથી મૂળરાજના કલ્યાણને અર્થે ત્રિપુરુષપ્રાસાદ નામનું દેવાલય બંધાવ્યું.

રાજા, પ્રજા અને કુમાર ત્રણે ધન્ય જ ને !

નરહરિ પરીખ

રાજમાતા મીનલદેવી

૧-તેનો પ્રજાપ્રેમ

કવિ નર્મદાશંકરે 'જય જય ગરવી ગુજરાત'વાળી તેમની પ્રસિદ્ધ લાવણીમાં નિર્દેશેલા અણહિલવાડના રંગ જે સિદ્ધરાજ જયસંગના વખતમાં ખીલી ઊઠ્યા હતા તે સિદ્ધરાજ જ્યારે નાની ઉંમરનો હતો ત્યારે તેના તરફથી તેની મા મીનલદેવી રાજ્યકારભાર ચલાવતી. રાજ્ય બહુ ડહાપણ અને બાહોશીથી સંભાળી પુત્ર લાયક ઉંમરનો થયો એટલે તેને તે સોંપી દઈ મીનલદેવી યાત્રા કરવા નીકળી. સોમનાથની યાત્રાનો પ્રસંગ આચાર્ય મેરુતુંગે રચેલા 'પ્રબંધચિંતામણિ' ગ્રન્થમાં નીચે પ્રમાણે વર્ણવ્યો છે.

પછી મીનલદેવી શ્રીસોમનાથને યોગ્ય સવા કરોડ સુવર્ણ મહોરની સેવા લઈને યાત્રા કરવા ચાલી. ત્યાં યાત્રાળુ લોકોને રાજાના સેવકોએ રોક્યા હતા અને જેમનાથી કર નહોતો આપી શકાયો તે રોતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કકળતા પાછા વળતા હતા. મીનલદેવીનું કોમળ હૈયું આ જોઈને પીગળ્યું અને યાત્રા કર્યા વિના જ તે પાછી ફરી. સિદ્ધરાજે તેને પાછા ફરવાનું કારણ પૂછ્યું તો તેણે કહ્યું કે, "કોઈ પણ પ્રકારે આ ત્રાસદાયક કર તું માફ કરે તો જ હું સોમનાથ જઈશ. ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ છે." માતાનો આ પ્રકારનો આગ્રહ જોઈ તે કર ઉઘરાવવાને મોકલેલું પંચકુલ[1] રાજાએ પાછું બોલાવી લીધું અને ૭૨ લાખ દામનો[2] તેમનો પટો ફાડી નાખી તેનું પુણ્ય હાથમાં જળ લઈ માતુશ્રીને અર્પણ કર્યું. પછી મીનલદેવીએ સોમેશ્વરનાં દર્શન કરી સુવર્ણપૂજાની ભેટ તથા તુલાપુરુષાદિક[3] મહાદાન આપ્યાં.

૨–તેનું ગર્વહરણ

આ પ્રમાણે રૈયતને દુઃખમુક્ત કરી તથા મોટાં દાન આપ્યાં તેથી મીનલદેવીના મનમાં અહંકાર થયો કે આજને સમે મારા જેવી દાનેશ્વરી કોઈ છે નહીં અને થશે પણ નહીં. આ વિચાર કરતાં કરતાં અહંકારથી ભરપૂર મીનલદેવી નિદ્રાવશ થઈ. રાત્રીએ સ્વપ્નામાં સોમનાથ મહાદેવે તપસ્વીનો વેશ ધારણ કરી મીનલદેવીને કહ્યું, "આ મારા દેવમંદિરમાં કોઈ એક ઘણી જ ગરીબ યાત્રાળુ સ્ત્રી આવી છે, તેનું પુણ્ય તું માગ."

આમ કહી મહાદેવ તો અદૃશ્ય થઈ ગયા. મીનલદેવીએ સવારમાં ઊઠીને વિચાર કર્યો કે ગરીબ સ્ત્રીનું પુણ્ય લેવું કાંઈ કઠણ નથી. દ્રવ્ય આપીને પણ લઈ શકીશ. એમ ધારી અનુચરોને કોઈ ગરીબ સ્ત્રી યાત્રા કરવા આવી હોય તો તેને શોધી પોતાની પાસે લાવવા

---

૧. પંચકુલ—કર ઉઘરાવવાને મોકલેલું પંચ. તેમાં મામલતદાર, તલાટી, સુખીપટેલ, મહાજનનો એક માણસ તથા ગામનો ચોકીદાર એટલા હોય.

૨. દામ—એ તાંબાનો સિક્કો છે. સં. દ્રમ્મ. જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી કિંમતના દામ ચાલતા. આપણા બેથી ચાર પૈસા જેટલી કિંમતનું ત્રાંબું તેમાં આવતું.

૩. તુલાપુરુષાદિક મહાદાન—આ દાનમાં દાતા સુવર્ણાદિ કોઈ વસ્તુ વડે જોખાય છે અને પોતાના વજન જેટલું સોનું દાન કરી દે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યું. અનુચરો એક ગરીબ બ્રાહ્મણીને લઈ આવ્યા. રાજમાતાએ તેને કહ્યું કે, "તારું પુણ્ય મને આપ. તેના બદલામાં તું માગીશ એટલું દ્રવ્ય હું તને આપીશ."

આમ મીનલદેવીએ ઘણું કહ્યું પણ પેલી સ્ત્રીએ તે કબૂલ કર્યું નહીં. ત્યારે મીનલદેવીએ તેને પૂછ્યું: "તેં એવું તે શું પુણ્ય કર્યું છે તે મને કહી દેખાડ." પેલી સ્ત્રીએ જવાબ આપ્યો: "હું ઘેરથી નીકળી ભિક્ષા ઉપર નિર્વાહ કરતી ચારસો ગાઉથી આવી છું. ગઈ કાલે તીર્થોપવાસ કર્યો હતો. આજે કોઈ પુણ્યશાળી પાસેથી જેવો-તેવો મીઠા વગરનો સાથવો મળ્યો તેનો અર્ધો ભાગ કરીને સોમેશ્વરની પૂજા કરી. બાકી રહેલા અર્ધમાંથી અર્ધો એક અતિથિને આપી શેષ ભાગનાં મેં પારણાં કર્યાં. આપ તો મહાપુણ્યશાળી છો. આપના પિતા, ભાઈ, સ્વામી અને પુત્ર સર્વે રાજા છે. વળી યાત્રાળુને માથેથી આપે કર કઢાવી નંખાવ્યો, સવા કરોડ મહોરની પૂજા કરી. એવાં મોટાં પુણ્ય કરનાર છતાં અલ્પ જણાતું મારું પુણ્ય લેવાની આપ ઇચ્છા કરો છો એ શું? પરંતુ મારા ઉપર કોપ ન કરો તો આપને કહું." રાણીએ ગુસ્સે ન થવાની ખાતરી આપી એટલે બ્રાહ્મણીએ કહ્યું: "ખરી વાત વિચારીએ તો આપના કરતાં મારું પુણ્ય ઘણું છે. ઘણી સંપત્તિ છતાં પણ નિયમ પાળવા, છતી શક્તિએ સહન કરવું, યુવાવસ્થામાં વ્રતો પાળવાં, તથા દરિદ્ર અવસ્થામાં દાન આપવું એ સર્વ અલ્પ હોય તોપણ તેમાં મોટો લાભ થાય છે." આ પ્રકારનાં વચનો સાંભળી રાજમાતા મીનલદેવીનો અહંકાર ઊતરી ગયો.

નરહરિ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેમાચાર્ય

૧

મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહે પોતાના દરબારમાં અનેક કવિ અને પંડિતરત્નોને એકઠાં કર્યાં હતાં. પોતે શૈવધર્મી હતો, છતાં જૈન પંડિતો અને સાધુઓને તથા અન્ય ધર્મીઓને પણ તે સારો આશ્રય આપતો. આથી તેના દરબારમાં વિધર્મીઓ વચ્ચે ઘણી વખત પોતપોતાના ધર્મની શ્રેષ્ઠતા સ્થાપિત કરવા ચર્ચા થતી અને તે ચર્ચામાં સિદ્ધરાજ બહુ રસપૂર્વક ભાગ લેતો. જૈન સૂરિ હેમાચાર્ય તે સમયના બહુ પ્રખર વિદ્વાન તથા કવિ ગણાતા, અને રાજદરબારમાં તેમની ભારે પ્રતિષ્ઠા હતી.

માળવાના યશોવર્મા રાજાને જીતી સિદ્ધરાજ પાટણમાં આવ્યો ત્યારે દેશના સર્વે વિદ્વાનો તેને આશીર્વાદ દેવાને આવ્યા. શ્રીહેમચંદ્ર-પ્રમુખ જૈન આચાર્યો પણ આવ્યા. તે સૌનો રાજાએ ઘણા માનથી સત્કાર કર્યો. સભામાં સૌ બેઠા પછી બીજા આચાર્યોના આગ્રહથી ઘણા બુદ્ધિમાન એવા શ્રીહેમાચાર્યે રાજાને આશીર્વચનો કહ્યાં :

"હે કામદુઘા ગાય, તું તારા ગોમય રસથી પૃથ્વીનું સિંચન કર. હે રત્નાકર સમુદ્ર, તમે મોતીના સાથિયા પૂરો. હે ચંદ્ર, તું જળથી ભરેલા પૂર્ણ કુંભ જેવો થા, હે દિગ્ગજો, કલ્પવૃક્ષનાં પત્રો હાથમાં લઈ તમે તોરણ બાંધો. કારણ સિદ્ધરાજ પૃથ્વીમાં દિગ્વિજય કરી આવે છે. માટે માંગલિક પ્રગટ કરો."

આ કાવ્યની ચાતુરીથી પ્રસન્ન થયેલા રાજાએ હેમાચાર્યની ઘણી પ્રશંસા કરી. એટલે કેટલાક બ્રાહ્મણો બોલ્યા : "અમારાં વ્યાકરણાદિ શાસ્ત્રો ભણ્યા તો વિદ્વાન થયા, તેમાં શું આશ્ચર્ય ?" રાજાએ હેમાચાર્યની સામે જોયું એટલે હેમાચાર્ય બોલ્યા કે, "પૂર્વે શ્રીતીર્થંકર મહારાજે બાલ્યાવસ્થામાં ઇંદ્રની આગળ કહેલું વ્યાકરણ, જે જૈનેંદ્ર વ્યાકરણ કહેવાય છે, તે હું ભણેલો છું." આ વચન સાંભળી બ્રાહ્મણો બોલ્યા : "એ બધાં પૂર્વનાં ગપ્પાં જવા દઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારામાં આધુનિક કાળમાં કોઈ વૈયાકરણ થયો હોય તો બતાવો." આ વચન સાંભળી હેમાચાર્ય બોલ્યા: "જો મહારાજ સિદ્ધરાજ સહાય કરે તો થોડા જ કાળમાં એક નવું પંચાંગ વ્યાકરણ હું બનાવું."

રાજાએ ઘણા માનથી આ માગણી સ્વીકારી અને દેશેદેશ પંડિતો મોકલી હેમાચાર્યને તમામ વ્યાકરણના ગ્રંથો મંગાવી આપ્યા. પછી એક વર્ષની અંદર હેમાચાર્યે સવા લાખ શ્લોકનું પંચાંગ વ્યાકરણ તૈયાર કર્યું અને રાજાનું તથા પોતાનું નામ તેની સાથે જોડી 'સિદ્ધહૈમ' એવું તેનું નામ રાખ્યું. આ ગ્રંથમાં આઠ અધ્યાયો છે. પહેલા સાત અધ્યાયમાં સંસ્કૃત ભાષાનું વ્યાકરણ છે અને આઠમા અધ્યાયમાં હિંદુસ્તાનમાં તે સમે બોલાતી બધી પ્રાકૃત ભાષાઓનાં વ્યાકરણો છે. આ ગ્રંથની શૈલી અત્યન્ત સરળ અને ભાષા પ્રસાદવાળી છે.

રાજાને બેસવા યોગ્ય મોટા હાથી ઉપર એ ગ્રંથને મૂકી, તે ઉપર શ્વેત છત્ર ધરાવી બે બાજુએ ચમર કરનારાઓને ઊભા રાખી અતિ અદ્‌ભુત શોભા સાથે હેમાચાર્યના સ્થાનમાંથી રાજમંદિરમાં લાવી રાજાએ પોતાને હાથે તેની શ્રેષ્ઠ પૂજા કરી અને તેની પોતાના પુસ્તકાલયમાં સ્થાપના કરી. પછી રાજાના હુકમથી બીજાં વ્યાકરણોનો ઉપયોગ ન કરતાં એ જ વ્યાકરણ વિદ્યાલયોમાં ભણાવવાનું શરૂ થયું.

આ વ્યાકરણમાં દર્શાવેલા નિયમોનાં ઉદાહરણો આપવા માટે શ્રીહેમાચાર્યે એક મહાકાવ્ય રચ્યું. તેમાં તેમણે ચાલુક્ય વંશનું બહુ સુંદર વર્ણન કર્યું છે. પોતાના વ્યાકરણનાં ઉદાહરણો પણ અનુક્રમે આવે અને ઇતિહાસવર્ણન પણ આવે એમ બે વસ્તુનો આશ્રય તેમાં હોવાથી દ્વયાશ્રય મહાકાવ્યને નામે એ પ્રસિદ્ધ છે.

૨

પોતાની સાધુતા અને વિદ્વત્તાથી સિદ્ધરાજ તથા કુમારપાળના દરબારને શોભાવનાર મહાન જૈન સૂરિ શ્રીહેમાચાર્યની ઉત્પત્તિનો વૃત્તાંત નીચે પ્રમાણે છે.

ધંધુકા નગરમાં ચાચીગ નામનો મોઢ વાણિયો રહેતો હતો. તેની સાક્ષાત્ લક્ષ્મી જેવી, જિનશાસનની દેવી જેવી પાહિની નામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સતીશિરોમણિ સ્ત્રી હતી. તેને સં. ૧૧૪૫ના કાર્તિક સુદ ૧૫ને દિવસે પુત્રપ્રસવ થયો. તેનું નામ ચાંગદેવ પાડવામાં આવ્યું. તે આઠ વર્ષનો થયો એવામાં દેવચંદ્ર નામે આચાર્ય પાટણથી તીર્થયાત્રા કરવા નીકળેલા ધંધુકા આવી પહોંચ્યા. આચાર્ય દેરામાં વંદન કરવા ગયા ત્યારે ચાંગદેવ સિંહાસન ઉપરની આચાર્યની બેઠક ઉપર બેસી બીજાં બાળકો સાથે રમતો હતો. દેવચંદ્ર આચાર્યે ચાંગદેવનાં અંગ ઉપાંગ ઉપર રહેલાં વિલક્ષણ લક્ષણ જોઈને વિચાર કર્યો કે જો આ બાળક ક્ષત્રિય કુળનો હશે તો જરૂર ચક્રવર્તી રાજા થશે. વાણિયા-બ્રાહ્મણ કુળનો હશે તો ચક્રવર્તી રાજાને પણ પોતાની આજ્ઞામાં રાખે એવો સમર્થ પ્રધાન થશે; માટે જો એ જૈન ધર્મની દીક્ષા પામે તો જિનશાસનની મોટી ઉન્નતિ કરી કલિયુગમાં પણ સતયુગ પ્રવર્તાવે.

પછી સંઘને એકઠો કરી તેને સાથે લઈ આચાર્ય ચાચીગને ઘેર ગયા. ચાચીગ શેઠ પરગામ ગયેલા હતા પરંતુ પાહિનીએ સંઘનો તથા આચાર્યનો બહુ માનપૂર્વક આદરસત્કાર કર્યો અને સંઘની માગણી બહુ આનંદની સાથે સ્વીકારી તેણે પોતાના પતિને પૂછ્યા વિના પુત્ર આચાર્યને સોંપી દીધો. ચાંગદેવને લઈ આચાર્ય કર્ણાવતી ગયા અને ત્યાં ઉદયન મંત્રીના છોકરા સાથે તેને રાખ્યો. પરગામથી ઘેર આવતાં પુત્ર આપી દીધાના સમાચાર મળતાં ચાચીગ ઘણો ખિન્ન થયો અને પુત્રનું દર્શન થતાં સુધી આહારનો ત્યાગ કરવાની બાધા લીધી. કર્ણાવતી જઈ ક્રોધ કરીને આચાર્ય પાસેથી પોતાનો પુત્ર પાછો માગ્યો, પણ ઉદયન મંત્રી વગેરેએ ચાચીગને સમજાવી તેના મનનું સમાધાન કર્યું.

પછી ચાચીગે જ મહામહોત્સવ કરી તેને દીક્ષા અપાવી. તે વખતે દેવચંદ્ર ગુરુએ તેનું નામ સોમદેવ મુનિ પાડ્યું. થોડા કાળમાં જ્યારે મહાબુદ્ધિના ચમત્કારથી તે સર્વ શાસ્ત્રમાં ઘણો નિપુણ થયો ત્યારે ગુરુએ તેનું હેમચંદ્ર (સોનાનો ચંદ્ર) એવું નામ સ્થાપ્યું. ૨૧ વર્ષની ઉંમરે હેમચંદ્ર મુનિ સકળ સિદ્ધાંતના જાણકાર તથા આચાર્યના છત્રીસ પ્રકારના ગુણે કરીને વિરાજમાન થયા ત્યારે તેમને આચાર્ય-પદ અર્પણ કરવામાં આવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

હેમાચાર્યની વિદ્વત્તાની સિદ્ધરાજ કેટલી બધી કદર કરતો તથા તેમને કેટલું માન આપતો તે આપણે જોઈ ગયા છીએ. સિદ્ધરાજ પોતે જોકે શૈવધર્મી હતો છતાં હેમાચાર્યે પોતાના ચારિત્રના પ્રભાવથી તેના સમયમાં પણ જૈનધર્મનો સારો પ્રચાર કર્યો હતો. કુમારપાળે તો પોતાના પાછલા કાળમાં જૈનધર્મ સ્વીકાર્યો હતો અને તેના સમયમાં ગુજરાતમાં જે અમારિઘોષણા પ્રવર્તી તે તેમની જ પ્રેરણાથી.

કુમારપાળ સાથે તેમના પ્રથમ પરિચયનો અથવા ખરું કહીએ તો તેમની સાથેના કુમારપાળના પ્રથમ પરિચયનો પ્રસંગ જાણવા જેવો છે. સિદ્ધરાજની બીકથી કુમારપાળ માર્યો માર્યો નાસતો ફરતો એક વાર ખંભાત જઈ ચડ્યો. ઉદયન મંત્રી બહુ દાનેશ્વરી છે એમ જાણી તેમની પાસેથી ખોરાકખર્ચી મેળવવાની આશાએ તેમને ત્યાં ગયો. મંત્રી અપાસરામાં હેમાચાર્ય પાસે હતા ત્યાં જઈ તેમને મળ્યો. કુમારપાળના અંગ ઉપરનાં ચમત્કારિક લક્ષણો જોઈ આચાર્ય બોલ્યા કે "અહો, આ તો ચક્રવર્તી રાજા થશે." ઉદયન મંત્રીના માન્યામાં આ વાત આવી જ નહીં અને કુમારપાળને તો એ મશ્કરીરૂપ જ લાગી. આમ બંનેને શંકાયુક્ત જોઈ હેમાચાર્યે લેખ કરી આપ્યો કે જો આ કુમારપાળને સં. ૧૧૯૯ના કાર્તિક વદ ૨ ને દિને પટ્ટાભિષેક ન થાય તો મારે નિમિત્ત જોવાનો ત્યાગ છે. કુમારપાળે પણ પ્રતિજ્ઞા કરી કે એ આપની વાણી સાચી પડે તો આપ જ રાજા અને હું તો આપના ચરણનો સેવક થાઉં. કુમારપાળની પ્રતિજ્ઞા સાંભળી હેમાચાર્ય બોલ્યા કે નરકને પ્રાપ્ત કરાવનારી રાજ્યની ઇચ્છા તો અમને શાની હોય? પણ તમે કૃતજ્ઞ થઈ આ વચન ન વીસરી જતાં જિનશાસનના નિરંતર પરમ ભક્ત થજો.

૪

કુમારપાળના ગાદીએ આવ્યા પછી દરબારમાં હેમાચાર્યનાં સત્તા તથા માન બહુ જ વધી ગયાં. કુમારપાળ બધા રાજકાજમાં હેમાચાર્યની સલાહ પ્રમાણે વર્તતો અને હેમાચાર્ય પણ રાજા તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા બંનેનું હિત વિચારી નિઃસ્પૃહતાથી સાચી સલાહ આપતા. એક દિવસ કુમારપાળે હેમાચાર્યને પૂછ્યું કે, "હે મહારાજ, મારો વંશ પ્રલયકાળ સુધી સ્થિર રહે એવી યુક્તિ બતાવો." ત્યારે હેમાચાર્ય બોલ્યા: "વિક્રમ રાજાની પેઠે જગતને ઋણરહિત કરવાથી અથવા શ્રીસોમેશ્વર મહાદેવનો કાષ્ઠમય પ્રાસાદ સમુદ્રકિનારા ઉપર હોવાથી મોટાં મોજાંઓએ ખવાઈ ગયો છે તેનો જીર્ણોદ્ધાર કરવાથી તારી કીર્તિ યુગાન્ત સુધી રહેશે." જૈન હોવા છતાં મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાની સલાહ સાંભળી કુમારપાળની ખાતરી થઈ ગઈ કે હેમાચાર્ય જેવા જગતમાં બીજા કોઈ મારા શુભચિંતક નથી. તત્કાલ શુભ મુહૂર્ત નક્કી કરી શ્રીસોમેશ્વરપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરવાનું શરૂ કરાવ્યું.

પ્રાસાદના નીચેના ભાગના જીર્ણોદ્ધારનું કામ પૂરું થતાં શિખરના કામનો આરંભ થવાની વધામણીનો પત્ર આવ્યો. ત્યારે રાજાએ હેમાચાર્યને પૂછ્યું કે, "આ પ્રાસાદ નિર્વિઘ્ને સંપૂર્ણ થાય તે માટે મારે શું કરવું ઘટે છે તે કહો." હેમાચાર્યે કહ્યું કે, "ધ્વજારોપણ થતાં સુધી મદ્યમાંસનો ત્યાગ કરો." રાજાએ મદ્યમાંસનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી. બે વર્ષ પછી ધ્વજારોપણ કરવાનો જ્યારે સમય આવ્યો ત્યારે રાજાએ પોતે લીધેલો નિયમ મૂકવાની ઇચ્છા હેમાચાર્ય આગળ પ્રગટ કરી. ત્યારે હેમાચાર્ય બોલ્યા કે, "નિયમ સહિત સોમેશ્વર મહાદેવનાં દર્શન કરી યાત્રા પરિપૂર્ણ થયા પછી નિયમ મૂકવામાં આવે તો સારું."

રાજા તો હેમાચાર્યના ગુણથી દિનપ્રતિદિન વિશેષ મુગ્ધ થતો જ જતો. તે સહન નહીં થઈ શકવાથી દરબારમાંથી કેટલાકે રાજાને કહ્યું કે "હેમાચાર્ય આપને ઉપરથી મીઠું મીઠું બોલી ખુશ કરે છે, પણ તે અંતરથી સોમેશ્વરદેવને માનતા નથી. જો પરીક્ષા જોવી હોય તો પ્રાતઃકાળે સોમેશ્વરની યાત્રાએ આવવાનું કહેજો." રાજાએ જ્યારે હેમાચાર્યને યાત્રાએ આવવાની વિનંતી કરી ત્યારે હેમાચાર્યે કહ્યું: "જેમ ભૂખ્યા માણસને આગ્રહથી જમવાનું નિમંત્રણ કરનાર મળે તથા જેમ જવાની ઉત્કંઠાવાળાને આગ્રહથી કોઈ ખેંચી લઈ જનાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મળે તેમ અમારા જેવા તપસ્વીઓને તીર્થયાત્રાનું છે; માટે તમારે વિશેષ આગ્રહ કરવાનું કાંઈ પ્રયોજન નથી." આ ઉત્તરથી પ્રસન્ન થઈ રાજાએ પાલખી આદિ જે જે વાહનો જોઈએ તેનો અંગીકાર કરવા આચાર્યને વિનંતી કરી. પણ હેમાચાર્યે કહ્યું: "અમે તો પગે યાત્રા કરીને જ પુણ્ય ઉપાર્જન કરીએ છીએ. માટે અત્યારથી ચાલી નીકળીશું અને શત્રુંજય, ગિરનાર આદિની યાત્રા કરતા કરતા તમે દેવપાટણમાં પ્રવેશ કરશો તે વખતે અમે આવી મળશું."

દેવપાટણમાં વળી કેટલાક ઈર્ષાખોર લોકોએ રાજાને ભંભેર્યો કે હેમાચાર્ય જૈન છે, તેથી તીર્થંકર સિવાય બીજા કોઈને નમસ્કાર કરશે નહીં. પરંતુ હેમાચાર્યે તો પોતાની મેળે જ મહાદેવની નીચે પ્રમાણે સ્તુતિ કરી નમસ્કાર કર્યા. તેથી રાજા બહુ જ પ્રસન્ન થઈ ગયો. હેમાચાર્યે કહ્યું:

"કોઈ પણ સમયમાં કોઈ પણ નામથી વિખ્યાત થતા રાગદ્વેષરહિત જે મહાદેવ કહેવાતા હોય તે ભગવાનને હું નમસ્કાર કરું છું.

"જેથી જન્મમરણરૂપ સંસાર થાય છે એવા રાગદ્વેષ જેના નાશ પામ્યા છે એવા બ્રહ્મા અથવા વિષ્ણુ અથવા શિવ અથવા જે કોઈ નામથી કહેવાતા હોય તે ભગવાનને હું નમસ્કાર કરું છું."

અહીં સોમનાથ મહાદેવના મંદિરમાં જ બધા રાજસેવકોને દૂર કરી કુમારપાળે હેમાચાર્યને પૂછ્યું કે બધાં દર્શનો ભિન્ન ભિન્ન મતોનું પ્રતિપાદન કરે છે તેથી મારું મન સંદેહમાં રહે છે, માટે આ તીર્થસ્થાનમાં સત્ય વસ્તુ મને સમજાવી મારી શંકાનું નિવારણ કરો. હેમાચાર્યે રાજાને જૈનમત બહુ સ્ફુટ કરીને સમજાવ્યો અને તે સાંભળી ત્યાં જ રાજાએ જૈનધર્મ અંગીકાર કર્યો તથા મદ્યમાંસનો સદાને માટે ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી. પછી પોતાના રાજ્યમાં રાજાએ માંસાહારનો પ્રતિબંધ કર્યો અને દેવદેવીઓને ભોગ ચડાવવામાં થતો પશુવધ પણ અટકાવ્યો. રાજ્યમાંથી દાણનાં થાણાં ઉઠાવી નાંખ્યાં તથા નવારસિયું ધન પાપરૂપ સમજી તેની ઊપજ બહુ ભારે હોવા છતાં તેનો પટો ફાડી નાંખ્યો. રાજાએ પુષ્કળ જૈન મંદિરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાં બંધાવ્યાં તથા અનેકનો જીર્ણોદ્ધાર કર્યો. પોતાની પ્રજામાં દયાધર્મ તથા નીતિનો ફેલાવો કરવા માટે રાજા કુમારપાળે બહુ ભારે પ્રયત્નો કર્યા છે. નીતિ કહેતાં સપ્તવ્યસનનો ત્યાગ, દ્યૂતક્રીડા, માંસભક્ષણ, સુરાસેવન, વેશ્યાગમન, મૃગયાવિહાર, પરધનહરણ તથા પરદારાગમન — આ સાત વ્યસનોનો ત્યાગ કરવાનો ઉપદેશ સાધુસંતો પાસે પ્રજામાં તેણે ખૂબ કરાવ્યો. અને તે છતાં કોઈ માણસ ઉપર જણાવ્યા પૈકીનો કોઈ ગુનો કરતો તો તેને બહુ સખત સજા થતી. રાજાના આ પ્રયત્નોથી રાજ્યમાં નીતિનું ધોરણ બહુ ઊંચું થયું હતું. અને પ્રજા સુખસમૃદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચી હતી.

૫

હેમાચાર્યે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રન્થો લખ્યા છે. વિદ્યાકળાની કોઈ પણ શાખા તે વખતે એવી ન હતી જે વિષે હેમાચાર્યે લખ્યું ન હોય. અને દરેક વિષયમાં પોતાની પૂર્વે રચાયેલું તમામ સાહિત્ય તપાસી તેમાંથી દોહન કરી અને કોઈ વાર તેમાં વૃદ્ધિ કરી પોતાની પ્રાસાદિક અને મધુર ભાષામાં તેમણે ગ્રન્થો રચ્યા છે. તેમના ગ્રંથોની ખાસ ખૂબી એ છે કે પોતાના જમાના સુધી તે તે વિષયમાં થયેલી પ્રગતિની પરિપૂર્ણ સમાલોચના તેમાં આવી જાય છે. વૈદક, જ્યોતિષ, સંગીત, શિલ્પ, નીતિ કોઈ પણ વિષય ઉપર લખવાનું તેમણે બાકી નથી રાખ્યું. તેમનું કુલ લખાણ સાડાત્રણ કરોડ શ્લોક પૂરતું કહેવાય છે. જોકે તેમના બધા ગ્રન્થો હજી જડી આવ્યા નથી.

તેમના 'સિદ્ધહૈમ વ્યાકરણ' તથા 'દ્વ્યાશ્રય મહાકાવ્ય' વિષે આપણે જાણીએ છીએ. 'દેશીનામમાળા' નામના તેમના ગ્રન્થમાં જેમની વ્યુત્પત્તિ સંસ્કૃતમાંથી ન નીકળતી હોય તેવા સ્થાનિક તથા પ્રાન્તિક દેશ્ય શબ્દોનો સંગ્રહ છે. 'છંદોનુશાસન' ગ્રન્થ છંદશાસ્ત્ર ઉપર છે. 'કાવ્યાનુશાસન' ગ્રન્થ કાવ્યશાસ્ત્ર ઉપર છે. 'પ્રમાણમીમાંસા' એ ન્યાયશાસ્ત્ર ઉપરનો ગ્રંથ છે. તે અધૂરો મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. 'અધ્યાત્મોપનિષદ્' એ યોગશાસ્ત્ર ઉપર બહુ મોટો ગ્રન્થ છે. 'પરિશિષ્ટપર્વન્' નામના ગ્રંથમાં શ્રી મહાવીરસ્વામી પછી થઈ ગયેલા પ્રધાન જૈન આચાર્યોનાં ચરિત્ર છે. 'ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર' એ પ્રત્યેક કલ્પમાં થતા ત્રેસઠ મહાપુરુષોના જીવનચરિત્રનો ગ્રન્થ છે. આટલી પ્રખર વિદ્વત્તા ઉપરાંત હેમાચાર્યની યોગસિદ્ધિ, તપશ્ચર્યા, ઉદારતા અને સાધુતા જોતાં એમને 'કલિકાલસર્વજ્ઞ' એવું જે ભવ્ય ઉપનામ જૈનો આપે છે તે સર્વથા યોગ્ય જ છે.

કુમારપાળના રાજ્યમાં મોટા ૨૧ જ્ઞાનભંડારો (પુસ્તકાલયો) હેમાચાર્યે સ્થપાવ્યા હતા. એ જ્ઞાનભંડારોનો તો નાશ થઈ ગયો હશે. પરંતુ પાટણ, ભરૂચ અને ખંભાતના જ્ઞાનભંડારોમાંના ઘણા ગ્રંથો મળ્યા છે અને તે હાલ પૂના, લંડન તથા બર્લિનની લાઇબ્રેરીઓમાં પહોંચી ગયા છે.

હેમાચાર્યનું અવસાન સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની વયે થયું. રાજા કુમારપાળને તેમના મરણથી બહુ દુઃખ થયું. તેમના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો ત્યારે રાજાએ તેમાંની ભસ્મ પવિત્ર છે એમ જણાવી તેનું તિલક કરીને નમસ્કાર કર્યા. તે જોઈ સામંતોએ તેનું અનુકરણ કર્યું. પછી તો લોકો પણ ભસ્મ આંખે અડાડવા લાગ્યા અને ભસ્મ થઈ રહી ત્યારે તે સ્થાન ઉપરની માટી લઈ જવા માંડી અને તેથી ત્યાં એક મોટો ખાડો પડ્યો. પાટણમાં હેમખાડના નામથી આજે પણ તે જગા પ્રસિદ્ધ છે.

નરહરિ પરીખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુપાળ–તેજપાળ

૧

મોટા મોટા ચક્રવર્તી રાજાઓના જેટલી જ પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિને પામેલા આ બે મંત્રીશ્વરો શ્રીપત્તનના રહેવાસી તથા પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના જૈનધર્મી વણિકો હતા. મંત્રીપણું તેમના કુળમાં વંશપરંપરાથી ચાલતું આવ્યું હતું. પરંતુ તે વખતે પાટણમાં ચાલુક્ય રાજાઓની સત્તા નબળી પડી ગઈ હતી અને ધોળકાના રાજા લવણપ્રસાદ તથા તેના પરાક્રમી પુત્ર વીરધવળે ગુજરાતમાં પોતાની સત્તા જમાવી હતી. આમ રાજસત્તાનું કેન્દ્ર ધોળકા હોઈ વસ્તુપાળ તથા તેજપાળ રાજસેવાની ઇચ્છાથી ત્યાં ગયા. વીરધવળ તે વખતે મંત્રીની શોધમાં જ હતો, એટલે બે ભાઈઓના આવ્યાની વાત જાણી રાજપુરોહિત શ્રી સોમશ્વરદેવે રાણા સાથે તેમનો મેળાપ કરાવ્યો. તેમની આકૃતિ તથા ગુણથી પ્રસન્ન થઈ રાણાએ રાજ્યનું મંત્રીપદ સ્વીકારવા તેમને વિનંતી કરી. રાણાને વસ્તુપાળે જે ઉત્તર આપ્યો તે ઉપરથી તેનું ઉત્તમ ચારિત્ર તથા રાજ્યનીતિશાસ્ત્રમાં તેની પ્રવીણતા પ્રત્યક્ષ થાય છે. વસ્તુપાળે કહ્યું : ‘હે રાજા, હવે કળીકાળ આવ્યો છે. તેમાં સેવકોને વિષે ભક્તિ રહી નથી અને ભૂપતિને વિષે કૃતજ્ઞતા રહી નથી. ભૂપતિની દૃષ્ટિ તમથી નાશ પામી છે તેથી લોભાંધને તે આગળ ચડાવે છે, અને તેઓ પછી તેમને એવે માર્ગે લઈ જાય છે જ્યાં સર્વનો વિનાશ નીપજે છે. સર્વથા લોભરહિત તો કોઈ નથી, લોભથી જ સર્વે રાતદિવસ પ્રભુસેવા કરે છે, તથાપિ બુદ્ધિમાને એવું કામ કરવું જોઈએ કે જેથી સંસારમાં નિંદા ન થાય અને સ્વર્ગમાં બાધ ન આવે. માટે, ન્યાયનો આધાર રાખી, ખલજનોનો અનાદર કરી, અરિનો પરાજય કરી, શ્રીપતિચરિત્રને હૃદયમાં ધરી, ધરિત્રીનો ઉદ્ધાર કરવા આપ ઇચ્છતા હો તો આપની આજ્ઞા માથે ચડાવીએ, નહીં તો આપનું કલ્યાણ થાઓ. વળી અમે સેવાને અર્થે અત્રે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવેલા છીએ, અમારા ઘરમાં ત્રણ લક્ષ દ્રવ્ય છે. હવે અમે સેવામાં રહીએ તે પછી કદાપિ અમારી વિરુદ્ધ આપને કોઈ પિશુન-વચન (ચાડી) ઉપર વિશ્વાસ આવે તો અમારા દ્રવ્ય સહિત અમને રજા આપવી. અમારૂં સર્વસ્વ હરી લેવું નહીં.' રાજાએ આ બાબત તેમને ખાતરી આપી અને પ્રધાનમુદ્રા તેજપાળના હાથમાં આપી તથા સ્તંભતીર્થ (ખંભાત) અને ધવલક્ક (ધોળકા)નું આધિપત્ય વસ્તુપાળને સોંપ્યું.

૨

તેજપાળ ઘણો શૂરવીર અને યુદ્ધકળામાં પ્રવીણ હતો તથા વસ્તુપાળ ઘણો વિદ્વાન અને બુદ્ધિમાન હતો. રૈયત ઉપર વિશેષ વેરો નાખ્યા વગર તથા કોષને વધારે ક્ષીણ કર્યા વગર દેશની રક્ષા કરે અને યુદ્ધ કર્યા વગર દેશ વધારે તે બુદ્ધિમાન પ્રધાન જાણવા, એ આ બે ભાઈઓનું સૂત્ર હતું. પ્રધાનપદે આવ્યા પછી તેઓએ આસપાસના રાજાઓ સામે વિગ્રહ તથા સંધિ કરી રાજ્યને પરચક્રના ભયથી મુક્ત કર્યું. ગોધરાનો ઘુઘુલ નામે માંડલિક રાજા રાણા વીરધવળની આજ્ઞા માનતો નહીં અને તેના રાજ્યમાં આવતી વણજારોને લૂંટતો. તેની તરફ મંત્રી શ્રીવસ્તુપાળ તેજપાળે ભાટ મોકલ્યો કે અમારા સ્વામીની આણને માન, નહીં તો બીજા રાજાઓ જેવી તારી દશા થશે. એ સાંભળીને ક્રોધ કરી ઘુઘુલે વીરધવળને કાજળની દાબડી અને સાડી મોકલ્યાં. એ લઈને આવેલા ભાટનો તો સત્કાર કરી વીરધવળે રજા આપી. પછી રાજસભામાં કહ્યું કે ઘુઘુલ સામે ચડવા કોણ બીડું ઝડપે છે? તેજપાળે બીડું ઉઠાવ્યું અને સૈન્ય લઈ ગોધરા તરફ ચાલ્યો. યુદ્ધની શરૂઆતમાં ઘુઘુલે મંત્રીસેના વિખેરી નાખી. પોતાની સેનાને ચોમેર નાસતી જોઈ તેજપાળે પોતાની બાજુમાં ઊભેલા સાત કુલીન રજપૂતોને કહ્યું, "અરિ બળવાન છે, આપણું સૈન્ય ભાગી ગયું, અને આપણે પણ ભાગીશું તો આપણી શી ગતિ થશે? એમાં શો યશ? જીવવામાં પણ પછી શો સાર? માટે ચાલો હવે તો યથોચિત કરવું ઘટે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત પેલા સાતેને ગળે ઊતરી અને આઠ ઘોડા અરિસૈન્યમાં ધસ્યા. પોતાના અગ્રણીને આમ લડતા જોઈ નાસતું સૈન્ય ફરી એકત્રિત થયું. તેજપાળ તો જબરો ધસારો કરી ઘુઘુલ પાસે જ પહોંચી ગયો. અને કહ્યું : 'હે માંડલિક, અમારા સ્વામીને જે બાહુથી કાજળની દાબડી મોકલી તે બાહુનું બળ તો બતાવો.' મંત્રી અને માંડલિકનું દ્વંદ્વયુદ્ધ અતિ દારુણ થયું. તેમાં મંત્રીએ ઘુઘુલને ઘોડેથી પાડી નાખી જીવતો પકડ્યો. પછી ઘુઘુલને લઈ મંત્રી ધોળકે આવ્યો. ત્યાં પેલી કાજળની દાબડી ઘુઘુલને ગળે બંધાવી અને પેલી સાડી પણ તેને પહેરાવી. એ અપમાન અને શરમ નહીં સહન થઈ શકવાથી ઘુઘુલ ત્યાં ને ત્યાં જ દાંતે જીભ કરડીને મરી ગયો.

એક વાર દિલ્હી નગરથી આવીને ચાર લોકોએ વીરધવળને સમાચાર આપ્યા કે દિલ્હીના સુલતાન મુઈઝુદ્દીનનું લશ્કર ગુજરાત તરફ કૂચ કરે છે. વીરધવળ બહાદુર હતો, પણ મુસલમાનોની ચોમેર થયેલી ફતેહો ઉપરથી એ લોકો દુર્જય છે એવું એને લાગી ગયું હતું. વસ્તુપાળે રાણાને ચિંતા ન કરવાનું કહ્યું અને બાદશાહના લશ્કરની સામે જવા એક લાખ ફોજ સાથે તૈયાર થયો. પોતાના સેવકો દ્વારા તેને ખબર મળ્યા કે શાહી લશ્કર આબુ પહાડને રસ્તે આવે છે, એટલે આબુના રાજાને મળી તેની સહાયથી શાહી ફોજ ગુજરાતની ઝાડીમાં પેઠી કે તેને ઘેરી લઈ, ઓચિંતો છાપો મારી વસ્તુપાળે તેનો નાશ કર્યો.

આમ જોરાવર દુશ્મનનો ખોફ વસ્તુપાળે વહોરી લીધો હતો, છતાં તક મળ્યે આ દુશ્મનાવટને તેણે પોતાના નીતિનૈપુણ્યથી મૈત્રીમાં ફેરવી નાખી. ઉપરનો વૃત્તાન્ત બન્યા પછી કેટલેક સમયે એવું બન્યું કે સુલતાનની વૃદ્ધ માતા હજ કરવાને જવા સારુ સ્તંભતીર્થમાં આવી. ચાંચિયા લોકોએ તેનું વહાણ લૂંટી લીધું. વહાણના માલિકે મંત્રીને ફરિયાદ કરી. એટલે તેણે ચાંચિયાઓની તપાસ કરી લૂંટનો માલ પાછો મેળવ્યો અને સુલતાનની માતાને થયેલા નુકસાનનું પૂરેપૂરું વળતર આપી તેના પ્રત્યે બહુ માયા દર્શાવી તથા તેની બહુ ચાકરીબરદાસ કરી, અને મક્કા જવાનો સારો બંદોબસ્ત કરી આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી એ સુલતાનની માતા જ્યારે પાછી ફરી ત્યારે નગરમાં તેનો પ્રવેશોત્સવ કરાવ્યો અને તેને ખૂબ માન આપ્યું. આ બધો વૃત્તાન્ત પોતાની માતાને મુખે સાંભળી સુલતાને વસ્તુપાળને દિલ્હી મળવા બોલાવ્યો. સુલતાને કહ્યું કે અમારાં માતુશ્રી તમારી બહુ જ સ્તુતિ કરે છે માટે કાંઈક યાચો.

વસ્તુપાળે એક તો સુલતાન રાણા સાથે મૈત્રીનો સંબંધ કાયમ રાખે એ માગી લીધું અને બીજું શત્રુંજય ઉપર આદિનાથની પ્રતિમા માટે તેને ખાસ પથ્થરની જરૂર હતી, એટલે સુલતાનના તાબાની એક ખાણના પાંચ પથ્થર માગ્યા.

સુલતાન સાથે બનેલી હકીકતનો વૃત્તાન્ત જ્યારે વસ્તુપાળે રાણા વીરધવળને કહ્યો ત્યારે તેણે બહુ જ પ્રસન્ન થઈને મંત્રીને દશ લાખ દ્રામ બક્ષિસ આપ્યા. વસ્તુપાળે તે ઘેર જતાં જતાં રસ્તામાં જ દાન કરી દીધા. કવિઓએ તેની સ્તુતિ કરી કે 'એક જ દ્વિજરાજને* દેખી પદ્મ સંકોચ પામે છે, પરંતુ લક્ષ દ્વિજરાજ દીઠા છતાં તમારું પાણિપદ્મ સદા વિકસી રહે છે એ આશ્ચર્ય છે.'

૩

વસ્તુપાળ એક વાર સ્તંભતીર્થ ગયો. ત્યાં એક મહા સમૃદ્ધ વહાણવટી રહેતો હતો. તેણે વસ્તુપાળનું અપમાન કર્યું. વસ્તુપાળે તેને સજા કરવાનો વિચાર કર્યો એટલે સીદીકે તેનો વિરોધ કરવા વડવા–ભાવનગર બંદરના રજપૂત રાજા શંખને પોતાની મદદે બોલાવ્યો. આ શંખ કાળપુરુષ જેવો મહાબળવાન અને મહા સૈન્યવાળો હતો. વસ્તુપાળે યુદ્ધમાં શંખનો પરાજય કર્યો અને સીદીકના રક્ષકોને હણી તેનાં ઘરબાર લૂંટી લીધાં. તેનું ઘર ખોદાવી નાખ્યું તો તેમાંથી સોનાની ઈંટો અને મણિમુક્તાફળ પાર વિનાનાં મળી આવ્યાં. એમ કહેવાય છે કે કુલ ત્રણ અબજનો માલ વસ્તુપાળને સીદીકના

* દ્વિજરાજનો એક અર્થ થાય ચંદ્ર અને બીજો અર્થ થાય બ્રાહ્મણ. એક ચંદ્રને દેખતાં કમળ સંકોચ પામે, પરંતુ લાખો બ્રાહ્મણોને જોઈ વસ્તુપાળનું હાથરૂપી કમળ વિકાસ પામે છે એટલે દાન દેવા ઊઘડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાંથી મળ્યો હતો. ત્યાર પછી વસ્તુપાળે સમુદ્રતટે આવેલા ઘણા નૃપોનો પરાજય કરી છેક મહારાષ્ટ્ર પર્યંત દેશ વશ કર્યો, અને ઘણું ધન પ્રાપ્ત કર્યું. જેમ ધન મળતું જાય તેમ વસ્તુપાળ કવિઓ, પંડિતો તથા ભાટચારણોને દાન આપવામાં વાપરતો જ જતો હતો. એ ઘણી વાર કહેતો કે જે પુરુષોએ રાજ્યના મોટા કારભારરૂપ પાપ કર્યાં પછી દાનાદિ કરીને પુણ્ય પેદા નથી કર્યું તેમને ધૂળધોયા પુરુષથી પણ અધિક અધમ હું માનું છું. એટલે કે ધૂળધોયો પણ ધૂળમાંથી કંઈક સારી વસ્તુ કાઢે છે; તેમ રાજ્યકારભારરૂપી ધૂળ ઉથામીને જેણે પોતાની સારી નામના ન કાઢી તે અધમ પુરુષ જાણવો. આ ભાઈઓ જેમ વધારે ધન ખર્ચે તેમ તેમની પાસેથી ધન વધતું જ જાય. જ્યારે તેમની પાસે ઘણું ધન ભેગું થયું ત્યારે એક વખત તે ધન કોઈ જગાએ દાટવાનો તેમણે વિચાર કર્યો. દાટવા માટે ખાડો ખોદતાં તેમને તો તેમાંથી ધનના બીજા ભંડાર લાધ્યા, એટલે વળી તેમની ચિંતા વધી. તે વખતે તેજપાળની પત્ની અનુપમાદેવી, જે ગુણ અને રૂપમાં અનુપમા જ હતી અને દાનેશ્વરીઓમાં શ્રેષ્ઠ હતી તેણે સલાહ આપી કે આ ધન ગિરિશિખર ઉપર ખર્ચો, જેથી સહુના દીઠામાં આવશે અને કોઈ લઈ જઈ શકશે નહીં. આ સલાહ મંત્રીશ્વરોની માતાને તથા વસ્તુપાળની સ્ત્રી લલિતાદેવીને પણ પસંદ પડી. તે ઉપરથી વસ્તુપાળ તથા તેજપાળે શત્રુંજય, ગિરનાર તથા આબુ પર્વત ઉપર બહુ જ સુંદર અને અદ્ભુત કારીગરીવાળાં દેરાસરો બંધાવ્યાં. આબુ ઉપરના દેરાસરમાં મંત્રીશ્વરોની પત્નીઓએ પોતાના ખાનગી દ્રવ્યમાંથી બે ગોખલા બનાવરાવ્યા છે. દેરાણીજેઠાણીના ગોખલા તરીકે યાત્રાળુઓને તે બતાવવામાં આવે છે. તેમાંનું નકશીકામ અતિ ઉત્તમ પ્રકારનું છે. એમ કહેવાય છે કે એ નકશી કોતરનાર કારીગરોને પથ્થર ઘડતાં જેટલી રજ પડે તેટલા ભાર સોનું મજૂરી તરીકે આપવામાં આવતું. આ દેરાસરો બંધાવવામાં મંત્રીશ્વરોએ દ્રવ્ય ખર્ચવામાં પાછું વળીને જોયું જ ન હતું. કારીગરો જે વસ્તુ અને સાધન માગે તે પૂરાં પાડવાની પોતાના મુનીમોને સદર પરવાનગી આપી દીધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. મંદિરનું કામ ચાલતું હતું તે વખતે વસ્તુપાળની આજ્ઞાથી તેજપાળ પોતાની સ્ત્રી અનુપમાને લઈને આબુ પર્વત ઉપર તે જોવા ગયો. પર્વતપ્રદેશ અને સવારમાં ટાઢ બહુ તથા બપોરે રસોઈપાણીમાં વખત જાય તેથી વિલંબ થાય છે એમ કારીગરો તરફથી કહેવામાં આવતાં અનુપમાદેવીએ કહ્યું: 'નાથ, રાતના કારીગર જુદા અને દિવસના કારીગર જુદા રાખો, એક કઢાઇયું ચાલતું કરી સહુને મિષ્ટ ભોજન કરાવી યથાયોગ્ય વિશ્રામ આપતા જાઓ. વળી ટાઢના નિવારણ માટે દરેક કારીગર પાસે એક એક સગડી મૂકવાનો પ્રબંધ કરો, એટલે કારીગરોને અગવડ પડશે નહીં, હર્ષથી કાર્ય કરતાં પ્રાસાદ પૂર્ણ થઈ જશે. આયુષ્ય તો નિત્ય ઘટતું જાય છે અરે લક્ષ્મી અસ્થિર જ છે, માટે મૃત્યુએ કેશ પકડ્યા હોય તેમ ધર્મ આચરવો.' આવાં વચનો કહી સુલક્ષણા પત્ની શાંત રહી. મંત્રીએ આ સલાહ પૂરેપૂરી મંજૂર રાખી અને પ્રાસાદ સત્વર પૂરો થઈ ગયો. આખા જગતમાં જેનો જોટો અત્યારે પણ નથી મળતો એવાં કામ તો આમ જ થઈ શકે.

શત્રુંજય, ગિરનાર તથા આબુની યાત્રાના સંઘો આ મંત્રીઓએ અનેક વાર કાઢ્યા હતા. તેમના ઠાઠનું તથા તેમાં તેમણે કરેલા પુણ્યદાનનું વર્ણન કરતાં પાર આવે તેમ નથી. સંઘ નીકળે ત્યારે કેટલાયે હાથી, કેટલાયે ઘોડા, અને સરસામાનથી ભરેલાં કેટલાંયે ગાડાં નીકળતાં. માણસોનો તો તેમાં પાર ન રહેતો. છતાં એ બધાંની સગવડ પૂરેપૂરી સાચવવાનો પ્રબંધ થતો. અપંગ અને રોગી યાત્રાળુઓ પણ પહાડ ઉપર ચડી દર્શન તથા પૂજા કરી શકે માટે આ બે ભાઈઓએ પર્વત આગળ સુખાસનોની સગવડ કરાવી અને સુખાસન ઊંચકનારાઓને ગ્રાસમાં ખેતરો કાઢી આપ્યાં. ગરીબ યાત્રાળુઓને ખાવાપીવાનો બંદોબસ્ત કરવા માટે તથા ઘેર પહોંચે ત્યાં સુધીનું ભાથું બંધાવવા માટે જુદાં ગામ કાઢી આપી તેની વ્યવસ્થા કરી. વિદેશથી આવતા સૂરિઓની સેવા માટે ખાસ માણસો નિયત કર્યાં. લાયક યાચક વસ્તુપાળ કે તેજપાળ પાસેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિમુખ ફરતો જ નહીં, અને અનુપમાદેવી તો મુનિઓ તથા સાધુ-સંતોની સેવા કરવામાં અને યાચકોને અન્નદાન આપવામાં જ પરોવાયેલી રહેતી.

આ બે મંત્રીશ્વરોના દાનનો લાભ એકલા જૈનધર્મીઓને મળતો અથવા તેનો વિસ્તાર એકલા ગુજરાતમાં જ હતો એમ ન હતું. ઉત્તરમાં કેદારથી તે દક્ષિણમાં શ્રીપર્વત (કાંચીની પાસે) અને પૂર્વમાં કાશીથી તે પશ્ચિમમાં પ્રભાસ સુધી કોઈ પણ દેવાલય ન હતું, કોઈ પણ ધર્મ કે વિદ્યાની સંસ્થા ન હતી જેને વસ્તુપાળતેજપાળની મદદ ન મળતી હોય. સોમેશ્વર મહાદેવના મંદિરને દર વર્ષે દશ લાખ અને કાશીવિશ્વેશ્વરના મંદિરને દર વર્ષે એક લાખની ભેટ ધરાતી. તે જ પ્રમાણે દ્વારકાના મંદિરને, પ્રયાગરાજને, ગંગાતીર્થને તથા આબુ ઉપરના અચળેશ્વર મહાદેવને એકએક લાખ દ્રવ્ય પ્રતિવર્ષ પહોંચાડવામાં આવતું. હિંદુસ્તાનમાં કાંઈ કે જાણવાલાયક કે પવિત્ર ગણાતું એવું એક પણ સ્થળ ન હતું જ્યાં વસ્તુપાળતેજપાળને યાદ કરાવે એવું કાંઈ ને કાંઈ ન હોય. તેમણે આખા દેશમાં થઈને ૩૦૦૨ તો શૈવ દેવાલયો બંધાવ્યાં હતાં. ધર્મશાળાઓ ૧૦૦૨, બ્રાહ્મણશાળાઓ ૭૦૦, લેખકશાળાઓ ૭૦૦, પાંજરાપોળો ૫૦૦, મોટાં તળાવો ૮૪, નાની તળાવડીઓ ૪૮૪, વાવો પણ ૪૮૪— આટલું તેમણે બંધાવ્યું હતું. ભરૂચમાં ભૃગુ મહાદેવનું દેવાલય પાંચ લાખ દ્રવ્ય ખરચી સમરાવ્યું હતું. બધા મળીને ૭૦૦ સદાવ્રતો તેમના તરફથી ચાલતાં હતાં. દેશના રક્ષણ અર્થે ૩૨ કિલ્લાઓ તેમણે બંધાવ્યા હતા. કાંઈક આશ્ચર્યજનક પણ વિશેષે કરીને ધ્યાનમાં રાખવા લાયક તો એ છે કે તેમણે ૬૪ મશીતિ (મસ્જિદો) બંધાવી હતી. જૈન દેવાલયો તેમણે બંધાવેલાં તથા સમરાવેલાં તેની ગણતરી કરતાં તો પાર જ આવે એમ નથી. શત્રુંજય, ગિરનાર તથા દેલવાડાનાં દેરાં જેમણે જોયાં છે તેમને આ બે ભાઈઓની કલાભિજ્ઞતાનો પરિચય થયા વગર રહેતો જ નથી. સાહિત્યના ઉત્તેજન અર્થે પણ તેમના જેટલું કરનારા વિરલ મળે. કવિઓ તથા પંડિતોને વખતોવખત તેઓ દાન કરતા રહેતા. તે ઉપરાંત જૈન તથા બ્રાહ્મણ ગ્રંથો લખાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે ૧૮ કરોડ દ્રવ્ય ખરચ્યું હતું. તેમનો દાનનો કુલ આંકડો ત્રણ અબજ ઉપર થાય છે.

૪

આ મંત્રીશ્વરોના કુશળ રાજકારભારમાં પ્રજા સંપૂર્ણ સુખી હતી. રાજ્યમાં બંદોબસ્ત બહુ સુંદર હતો. બહારના હુમલાનો તો ભય જ ન હતો, અને અંદર પણ ચોરી, લૂંટફાટ એવું કશું ચાલતું નહીં. ચારે વર્ણ પોતપોતાના ધર્મ યથાયોગ્ય પાળતી. દેશમાં દુર્ભિક્ષનું તો નામ જ રહ્યું ન હતું. રાણા વીરધવળની ઉદારતા પણ જેવીતેવી ન હતી. એક વખત ગ્રીષ્મઋતુમાં રાણો ચંદ્રશાળા (અગાસી) ને વિષે પલંગ ઉપર સૂતો હતો. ચાકર પગ દાબતો હતો. રાણાને ઊંઘી ગયેલો જાણી ચાકરે પગની આંગળી ઉપરની એક રત્નમુદ્રા કાઢી લઈ મોંમાં મૂકી. રાણો કાંઈ બોલ્યો નહીં અને બીજે દિવસે સવારે ભંડારી પાસેથી બીજી તેવી જ વીંટી મંગાવી પહેરી લીધી. રાતે રાણો તે જ સ્થાને તે જ રીતે સૂતો. ચાકર પગ ચાંપતાં પોતે લીધી હતી તેવી જ બીજી વીંટી જોઈ વિચારમાં પડી ગયો. રાણાએ કહ્યું, 'જો ભાઈ, આ વીંટી લઈશ નહીં, કાલે લીધી તે લીધી.' આ સાંભળતાં ચાકર તો ભયથી દીન બની ગયો. પણ રાણાએ કહ્યું, 'ભાઈ, ફિકર મા કર. એ તો અમારો દોષ કે તારી વૃત્તિ એવી હલકી બાંધી આપી જેથી તને ચોરી કરવાની ઇચ્છા થઈ. જા આજથી બેસવાનો ઘોડો અને વૃત્તિમાં અર્ધલક્ષ દામ આપવામાં આવશે.'

વીરધવળના મૃત્યુ પછી તેના પુત્ર વીસલદેવનો મંત્રીશ્વરોએ રાજ્યાભિષેક કર્યો, અને પહેલાંની માફક જ તેઓ રાજ્યકાર્ય કરતા રહ્યા. જ્યારે વસ્તુપાળને લાગ્યું કે મારા આયુષ્યની અવધ હવે પૂરી થવા આવી છે ત્યારે શત્રુંજયની યાત્રા કરવાનો તેણે વિચાર કર્યો. રાણા વીસલદેવ તથા રાજપુરોહિત સોમેશ્વર અશ્રુપૂર્ણ નયને તેનાથી છૂટા પડ્યા. ભાઈ તેજપાળ તથા પુત્ર જયન્તસિંહ તથા બીજો પરિવાર તો સાથે જ હતો. મંત્રી શત્રુંજય પહોંચતાં પહેલાં જ મરણ પામ્યો. તેજપાળ તથા જયન્તસિંહે શત્રુંજય ઉપર જ તેનો અગ્નિસંસ્કાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો. સંસ્કારભૂમિ પાસે સ્વર્ગારોહણ નામનો પ્રાસાદ બંધાવ્યો અને ઋષભદેવની પ્રતિમાની ત્યાં પ્રતિષ્ઠા કરી. મંત્રીની પત્નીઓ લલિતાદેવી તથા સૌખ્યિએ અનશન ગ્રહણ કરી પ્રાણસંન્યાસ કર્યો. તેનો ભાઈ તેજપાળ પહેલાંની માફક જ દાન આપતો આપતો પાંચેક વર્ષ પછી ગુજરી ગયો અને તેની સ્ત્રી અનુપમાદેવીએ તેની પાછળ તપ કરી દેહ છોડ્યો.

આ પ્રમાણે સૂરિશ્રી રાજશેખરપ્રણીત 'ચતુર્વિંશતિપ્રબંધ' તથા આચાર્યશ્રી મેરુતુંગ રચિત 'પ્રબંધચિંતામણિ' તથા શ્રીસોમેશ્વરદેવ રચિત 'કીર્તિકૌમુદી' એ કાવ્યગ્રંથોમાંથી દોહન કરી ગુજરાતના આ બે પ્રસિદ્ધ મંત્રીશ્વરોના ચારિત્રનું વર્ણન કર્યું છે.

નરહરિ પરીખ

મોટર

અરે! આ મોટર આમ એકાએક ક્યાંથી આવી? આખી દુનિયા નક્ષત્રપ્રકાશિત અંધકારમાં વિસામો લઈ રહી છે તેવે વખતે આંજી નાખનાર આ તેનું અજવાળું કેટલું ત્રાસદાયક લાગે છે! એણે પોતાના મોં સામે અજવાળું તો કર્યું, પણ એ અજવાળાએ તો આસપાસના અંધકારને માત્ર ઘોર બનાવી મેલ્યો છે. અરે! એનો ચકચકાટ કેવો સર્વને દિઙ્મૂઢ કરી નાખે છે!

ભોં–ભોં–ભોં કર્કશ અવાજ વડે પોતે જ પોતાની જાહેરાત બરાડતી તે ચાલી જાય છે. વિનય કોનું નામ એ તો જાણે તે જાણતી જ નથી.

શિવ શિવ શિવ! જુઓ પેલો ડોસો બિચારો તેની અડફેટમાં આવ્યો. વળી જુઓ, પેલું વાછરડું તેની નીચે ચગદાઈ મૂઉં; હાય, પેલા બીજાની ઉપર થઈને પણ આ ડાકણ ફરી વળી, આને જીવનની તો પરવા જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલે જ એના ભક્તોએ એને રસ્તો કાઢી આપવા ખાતર અમારો બગીચો ઉજ્જડ કરી નાખ્યો, અને અમારું તળાવ પૂરી નાખ્યું. સપાટ કરો, બસ બધે સપાટ કરી મૂકો. દશે દિશામાં અમારે માટે ચાલવાના રસ્તા કરી આપો. બસ, એ જ જ્યાં જુઓ ત્યાં તેમની બૂમ.

મોટરના મોં આગળ અજવાળું તો ખરું, પણ તેની પૂંઠ પચ્છાડે શું! ધૂળ અને દુર્ગંધના ગોટા.

સાચે જ; આ મોટર આધુનિક સંસ્કૃતિની તો ખરેખરી પ્રતિનિધિ જ છે.

વારુ, આટલું બધું કરીને, આટલી બધી દોડધામ કરીને એ ચાલી હશે તે કઈ તરફ? કહે છે કે કાળ બચાવવા માટે. એમ? પણ કાળથી બચવાનો ઉપાય એની પાસે છે શું? આ તો કાળના જડબામાં દોડી જાય છે. હે ભગવાન! એને બચાવજે, અને એનાથી જગતને બચાવજે.

કાકા કાલેલકર

બુદ્ધ ભગવાનનો સંઘ

જગતના ભૂતકાળના સંત પુરુષોમાં ભગવાન બુદ્ધ મારા ચિત્તને જેટલું આકર્ષે છે તેટલું બીજું કોઈ આજે આકર્ષતું નથી. એમની સંતતા જેટલી અદ્ભુત છે તેટલાં જ એમનાં કર્તૃત્વ અને યોજકશક્તિ મહાન છે. માનવસમાજ પ્રત્યેનો એમનો સંદેશો સીધો છે. એમાં કોઈ ઠેકાણે કોઈ વાદો, રૂઢિઓ કે સિદ્ધાંતોનું બુદ્ધિરહિત ગ્રહણ નથી. એમના ઉપદેશમાં કોઈ ઠેકાણે કલ્પનાની પૂજા નથી. એમની પૂજા જગતનાં પ્રત્યક્ષ પ્રાણીઓ પ્રત્યે જ છે.

સામાન્ય રીતે આપણે ભૂતકાળના સત્યયુગને પૂજીએ છીએ, અથવા ભવિષ્યકાળના સ્વર્ગની ઝંખના કરીએ છીએ. અને કલિયુગ એટલે નિંદ્ય, માટે વર્તમાનકાળની આપણે નિરંતર ઉપેક્ષા કરી છે. ભગવાન બુદ્ધ કહે છે કે ભૂતકાળનો સત્યયુગ ગમે તેવો સુંદર હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોયે મારે તે શા કામનો? અને ભવિષ્યના સ્વર્ગની પણ મારે શું કામ ઉધારી રાખવી? વર્તમાનકાળને હું બને તેટલો સત્યયુગ બનાવું તો જ ખરો પુરુષાર્થ અને રોકડી શાંતિ.

સામાન્ય રીતે આપણે ભૂતકાળના અવતારો અને સ્મૃતિકારોની પૂજા કરીએ છીએ, અથવા ભવિષ્યકાળે થનારા કલ્કિની વાટ જોઈએ છીએ. બંને પરોક્ષ ઉપાસના થાય છે. અને એ પરોક્ષ ઉપાસનામાં આપણું ચિત્ત મશગૂલ થઈ રહ્યું હોય તેટલામાં કેટલીયે વિભૂતિઓ આપણી નજર આગળથી પસાર થઈ જાય, તો પણ એમની આગળ આંધળા બની જઈએ છીએ. ભગવાન બુદ્ધના ધર્મવિચારમાં વર્તમાનકાળનો અવાજ એ જ શુદ્ધપણે સેવ્ય બની રહે છે.

વર્તમાનકાળના પ્રાણીઓ પ્રત્યે મિત્રતાનો અત્યંત વિસ્તાર કરી, એમનાં સર્વ પ્રકારનાં સુખ અને હિત માટે પોતાનું સર્વાર્પણ કરવું, એ બુદ્ધનો સીધો ધર્માચરણવિધિ છે. પોતાની શક્તિ પ્રમાણે જે જેટલું એ ધર્મનું પાલન કરે તેટલું એ સાત્ત્વિક સુખ ભોગવે, અને તેટલું એનાં સેવ્ય ભૂતપ્રાણીઓનું પણ કલ્યાણ જ થાય.

પોતાના અપાર બુદ્ધિસામર્થ્ય, ક્ષાત્રતેજ અને પુરુષાર્થ વડે એમણે પોતાની મિત્રતાની વૃત્તિનો વિસ્તાર વિશાળ પ્રદેશમાં કરવાનો નિશ્ચય કર્યો.

ધર્મપ્રચાર માટે સંઘ — મિશન સ્થાપનારા બુદ્ધ પહેલા હતા. એ સંઘનો ઉદ્દેશ જ એવો હતો કે એમાં ભિક્ષુ વિના બીજો પૂર્ણપણે કામ કરી જ ન શકે. જેને માનવમાત્ર પ્રત્યે મિત્રતા બતાવવી છે તે દુનિયાના રંકમાં રંક કરતાંયે વિશેષ સુખ કેમ ભોગવી શકે? જ્યાં સુધી એના કરતાં કોઈ વિશેષ ગરીબ મનુષ્ય સંસારમાં જીવે છે ત્યાં સુધી એનો જગત પ્રત્યે મિત્રતાનો દાવો કેવળ સદિચ્છાદર્શક છે. તેથી બૌદ્ધ ભિક્ષુઓને ભિક્ષાનું સાદામાં સાદું અન્ન, તરુતલવાસ, ગોમૂત્રનું ઓસડ, અને ચીંથરાની કંથા એ સ્વાભાવિક રીતે જ સ્વીકારવું આવશ્યક હતું.

માણસ પોતાનાં પાળેલાં પશુને જેટલા ભોગ આપે તેથીયે ઓછા ભોગથી જીવન ગાળી મનુષ્યની સેવા કરવી એ ભિક્ષુસંઘનો ધર્માચાર થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળે કરીને એ ત્યાગની પાછળ જે ભાવના હતી તે ભૂંસાઈ ગઈ, અને એ ત્યાગ જ ધ્યેય થઈ બેઠો. ત્યાગને લીધે જે સેવા કરી શકાતી હતી તે સેવાનો લોપ થયો, પણ એ ત્યાગનું બાહ્ય આચરણ કાયમ રહ્યું અને પૂજાવા લાગ્યું.

પણ ઉચ્ચ સેવાધર્મની જે આવશ્યક શરતની બુદ્ધે શોધ કરી તે શોધ હિંદુસ્તાનને વારંવાર કામ લાગી છે. એથી વિશેષ સરળ, શુદ્ધ અને સસ્તી સેવાની પદ્ધતિ આપણા દેશમાં મળી નથી, અને બીજી પદ્ધતિઓ યશસ્વી થઈ નથી. જેણે જેણે લુપ્ત થતા શુદ્ધ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરી તેણે ભિક્ષુસંઘો રચીને જ.

જે સમાજની આપણે સેવા કરવી છે તે સમાજને મળતા સુખોપભોગની ટેવ છોડ્યા વિના, તે સમાજના ગરીબમાં ગરીબ કરતાંયે ગરીબ બન્યા વિના એ સમાજની સેવા કરવાની આશા રાખવી એ ભૂલ છે.

સેવા કરવાને આપણે અનેક પ્રકારના સંઘો — સમાજો સ્થાપી રહ્યા છીએ. પણ આજે તો આપણી સ્થિતિ જે બાવા અને વેરાગીઓનો આપણને અણગમો આવ્યો છે તેમના કરતાં બહુ સારી ભાગ્યે જ ગણાય. એમણે કૌટુમ્બિક કર્મો છોડ્યાં છે, પણ એમનેયે પોતાની સંસ્થાઓ નિભાવવા 'ધર દો' કહી ઊભા રહેવું પડે છે. આપણે કુટુંબનિર્વાહના ગૃહસ્થોને માન્ય રસ્તાઓ છોડ્યા છે, અને આપણનેયે આપણી સંસ્થાઓ નિભાવવા ફાળાઓ માગવા પડે છે. બંનેનો એવો પ્રયત્ન છતાં એમનાં કે આપણાં કોઈનાં ભીખનાં હાંલ્લાં શીકે ચડતાં દેખાતાં નથી. કારણ કે એમાંથી એકેને એવી દૃઢ શ્રદ્ધા નથી કે જો અમારી પ્રવૃત્તિઓ યોગ્ય હશે અને અમારી વૃત્તિ શુદ્ધ હશે તો કેવળ ધનના અભાવે એમને બંધ પડવાવારો નહીં જ આવે; વગરમાગ્યે આવશ્યક સાધનો મળી જ રહેશે. तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् અને योऽसौ विश्वंभरो देवः स भक्तान्किमुपेक्षते ? એ વાક્યો આપણે બોલીએ છીએ, પણ એમાં આપણને શ્રદ્ધા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શ્રદ્ધા નથી તેનું મને દુઃખ થાય છે, પણ નવાઈ નથી લાગતી. આંબો વાવ્યા વિના કેરી ઊતરશે જ એમ શ્રદ્ધા ન થઈ શકે. તેમ આપણા હૃદયમાં ઊંડે ઊંડે એવી પ્રતીતિ રહેલી છે કે શ્રીકૃષ્ણે કહેલી પ્રતિજ્ઞા આપણે માટે ન હોઈ શકે; એટલું મીઠું ફળ ભોગવવાને માટે આપણે યોગ્ય બીજ વાવ્યું નથી. પ્રામાણિક રસ્તે પરસેવો ઉતારી, આપણા નિર્વાહ માટે પુરુષાર્થ કરવાની આપણે કદી કામના કરી નથી. ગમે તેવે માર્ગે ઓછામાં ઓછી મહેનતે આપણું જીવન ચલાવવાની હલકી અભિલાષા આપણે ગૃહસ્થકાળમાં પોષેલી. હવે આપણને કેમ શ્રદ્ધા ઊપજે કે આપણી સંસ્થાઓ માટે પ્રભુ પાતાળમાંથીયે ધન લાવીને આપશે?

અન્તર્યામી આપણા યોગક્ષેમનો નિર્વાહ કરે છે એમાં મને પૂર્ણ શ્રદ્ધા છે; પણ એ કાંઈ પક્ષપાતથી કરતો નથી. લાંબા કાળ સુધી, સ્વાવલંબીપણે, પ્રામાણિકપણે, જાતમહેનતથી જેણે જીવનવ્યવહાર ચલાવ્યો છે, તેને જ્યારે કોઈ શુદ્ધ પ્રવૃત્તિમાં પડવા માટે જીવનનિર્વાહનાં કર્મો કરવા સમય રહેતો નથી, ત્યારે ભૂતકાળમાં ઉતારેલા પરસેવાનું એ સ્વાભાવિક ફળ મળે છે કે સર્વસ્વનો ત્યાગ કર્યા છતાં એનો યોગક્ષેમ નભ્યો જાય છે. એના જ હૃદયમાં ભગવદ્‌વાક્ય ઉપર દૃઢ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

આપણા દેશનું પડેલું પાલડું ઊંચું કરવા આપણે ફરીથી ભિક્ષુ બનવું જ પડશે એમાં મને શંકા નથી લાગતી. પણ બુદ્ધના ભિક્ષુસંઘ કરતાં આપણો આજનો સંઘ જુદે ધોરણે રચવો પડશે. તે કાળના હિંદુ સમાજ કરતાં આપણું પાપ વધારે એકઠું થયું છે. એનું પ્રાયશ્ચિત્ત પણ વધારે તીવ્ર થવું જોઈશે, અને ધ્યેય પણ બદલવું જોઈશે.

આપણે હવે ભિક્ષુ–સંન્યાસી થયે પૂરું નહીં થાય. સમાજ પ્રત્યેની આપણી સેવાના બદલામાં ચાર ઘેર ઝોળી ફેરવી લાવવાનો આપણો અધિકાર નથી રહ્યો. હવે તો આદર્શ સંન્યાસી ભિક્ષા નહીં માગી શકે. એણે મજૂરી કરીને મજૂરીનું ફળ બીજાને અર્પણ કરવું અને સેવા કરવી, એ આદર્શ રાખવો પડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપે મજૂર–સત્તાવાદીઓનો સંઘ કાઢ્યો છે. એની રીત પ્રમાણે એ ખંડની પ્રજાઓ જગતની મુશ્કેલીઓ સામે એ રીતે જ લડે છે. આપણે એ દુઃખ ટાળવા માટે મજૂર–સંન્યાસીનો સંઘ નિર્માણ કરવો પડશે. એ સંઘ નહીં નિર્માણ કરીએ તો કાળ બીજી રીતે એ પરિસ્થિતિ લાવવાનો તો છે જ. પણ પરાધીનપણે એ પરિસ્થિતિ સ્વીકારવામાં નથી સુખ, સંતોષ કે કલ્યાણ.

પૂર્વના સંન્યાસીને વર્ણવિહિત કર્મો ન હતાં. બધાયે વર્ણના સંન્યાસીની જીવનનિર્વાહપદ્ધતિ એકસરખી હતી. હવે આપણો સંન્યાસ એટલે વર્ણનાં કર્મોનો ત્યાગ નહીં, પણ એ વર્ણ અને કર્મનાં સુખ અને સગવડનો જ ત્યાગ — જીવનના સર્વભોગોનો ત્યાગ. એકેય વર્ણનાં કર્મો શુદ્ધ રીતે થતાં નથી. એમને શુદ્ધ કરવાં, અને એ શુદ્ધ કરવા માટે તમામ અગવડો અને સંકટો સહન કરવાં, એ જ સંન્યાસીનું કર્તવ્ય*. જ્યાં સુધી આપણા અને આપણી પ્રવૃત્તિના યોગક્ષેમનો નિર્વાહ થશે જ એવી અટળ શ્રદ્ધા ઉત્પન્ન ન થાય ત્યાં સુધી જગતને સંદેશો આપવાનો ફાંકો રાખવો એ બકવાદ જ ગણાય. એ શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યાર પછી જ, અને તેને જ જગતનો સંદેશો આપવાનો અધિકાર છે. છેક હૃદયનાં ઊંડાણ સુધી જ્યાં ભય, પરાવલંબન અને પુરુષાર્થહીનતા પેસી ગયાં છે ત્યાંથી જગતને માટે શો સંદેશો નીકળવાનો હતો? અને એ સંદેશો ગ્રહણ કરનાર બીજી પ્રજાઓનો એમાંથી શો ઉદ્ધાર થવાનો હતો?

બુદ્ધના સંઘે જે સંદેશો અઢી હજાર વર્ષ ઉપર આપણા પૂર્વજોને પહોંચાડ્યો તે સંદેશાના જે સંસ્કાર વંશપરંપરાથી આપણા હૃદયમાં ઊતરી આવ્યા હોય, તે શુદ્ધપણે જાગ્રત કરી તેમને આજની રીતિએ અમલમાં મૂકવાનું આપણામાં બળ આવો! ૐ શમ્

કિશોરલાલ મશરૂવાળા

---

* 'વર્ણ' શબ્દ હું સંકુચિત અર્થમાં નથી વાપરતો. જન્મે કરીને આપણો વર્ણ, અને સંસ્કારો તથા કર્મોને લીધે આપણો વર્ણ એક નથી રહ્યો. ક્યારેયે સંસ્કારો અને કર્માનુસાર વર્ણ જ ખરો વર્ણ ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધનો ગૃહત્યાગ

[બુદ્ધ ભગવાન ઈશ્વર હોઈ સર્વજ્ઞ હતા, સંસારમાં અમુક રીતે પોતાને વર્તવાનું છે એમ જાણતા હતા, તો પછી એ પરણ્યા જ શા સારુ? અને પરણ્યા તો પછી એમણે સ્ત્રીપુત્રને તજી ગૃહત્યાગ કર્યો એમાં એ લોકોનો દ્રોહ ન કર્યો? યશોધરાનો શો વાંક હતો કે એને પતિવિયોગનું દુઃખ વેઠવું પડે? બુદ્ધના ત્યાગમાં આ દોષ નથી શું?—આવી આવી એક વિદ્યાર્થીએ કરેલી શંકાના સમાધાન અર્થે આ લેખ લખાયેલો છે.]

ચિ.—એ બુદ્ધ ભગવાનની જીવનકથાના કેટલાક ભાગોને વધારે પડતા માની લીધા છે. બુદ્ધ ભગવાન મારા તમારા કરતાં કોઈ બીજી જ જાતના સત્ત્વ હતા એવી માન્યતા પુરાણકારોએ આપણામાં ઉપજાવવા પ્રયત્ન કરેલો છે, પણ એ માન્યતા ભૂલભરેલી છે. જન્મીને જીવનમાં શું શું કરવાનું છે એનો ચોક્કસ નકશો જો તમે પહેલાં નક્કી કરી રાખ્યો છે એમ તમારે વિષે તમે કહી શકો એમ હોય તો બુદ્ધને વિષે તમે એ માનજો. એક બહુ જ સૂક્ષ્મ દૃષ્ટિએ એમ કહી શકાય કે દરેક માણસના જીવનક્રમની અસ્પષ્ટ રૂપરેખા જન્મતા પહેલાં જ નક્કી થયેલી હોય છે. પણ એ અમુકને ઘેર જન્મ લેશે, આટલાં વર્ષ જીવશે, અમુક સ્ત્રીને પરણશે, આટલાં છોકરાં થશે, અમુક દિવસે અમુક માણસની જોડે આવી આવી વાતો કરશે—એમ એનો જીવનક્રમ નક્કી થયેલો હોય છે અથવા એ પોતે ઇરાદાપૂર્વક નક્કી કરે છે એ વાત શ્રદ્ધા રાખવા જેવી નથી.

બુદ્ધમાં અને આપણામાં કોઈ પ્રકારનો તાત્ત્વિક ભેદ છે એમ માનવાની ભૂલ ન કરવી. જેમ કેટલાક માણસો નાનપણથી જ દયાળુ, પ્રેમળ, સત્યનિષ્ઠ હોય છે, કેટલાકમાં એ ગુણો ધીમે ધીમે વધે છે, અને કેટલાકમાં નાનપણથી જ એથી ઊલટા ગુણો હોય છે, છતાં એ બધા માનવીઓ જ છે; જેમ ગાંધીજી આપણા કરતાં ગમે તેટલા ચડિયાતા છે છતાં આપણા જેવા માનવી જ છે; તેમ બુદ્ધ ભગવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણા જેવા માનવી જ હતા. એમનામાં નાનપણથી જ સત્યનિષ્ઠા, દયા, પ્રેમ વગેરે ગુણોનાં બીજ અતિશય પ્રમાણમાં હતાં. જેમ જેમ એ મોટા થતા ગયા તેમ તેમ એ ગુણો કેટલેક અંશે એમનામાં વધતા ગયા, અને કેટલેક અંશે એમને તેઓ વિચારથી વધારતા ગયા. દરેક જન્મ લેનાર પ્રાણીમાં જેમ કેટલાક ગુણો હોય તેમ કેટલીક ત્રુટીઓ — અપૂર્ણતાઓ પણ હોય જ. અપૂર્ણતા ન હોય તો માણસ જન્મે જ શું કામ? એ અપૂર્ણતા અનેક પ્રકારની હોય: સત્ય વિષેના જ્ઞાનની, વિવેકની, પ્રેમની, ચારિત્ર્યની કે બીજા કોઈ પ્રકારની. તેમ બુદ્ધમાં જન્મથી જ અનેક મહાન ગુણો રહેલા હોવા છતાં અપૂર્ણતાયે ખરી જ. એ અપૂર્ણતાને લીધે એમનાથી ભૂલો થાય, દોષો થાય, એમને સાધનાઓ કરવી પડે, ઠોકરો ખાવી પડે, એક જ માર્ગ લેવો પડે, લીધેલા માર્ગને પાછો છોડવો પડે — એવું બને. જો માણસને બાળપણથી જ સત્ય શું, સત્ય વર્તન કોને કહેવાય વગેરેનું જ્ઞાન હોય તો જ એ ભૂલ વિનાનું જીવન ગાળી શકે, પણ એમ હોતું નથી.

તેથી બુદ્ધને પણ સાચું વર્તન કેવું હોવું જોઈએ, પરણવું જોઈએ કે નહીં, ભોગવિલાસ કરવા જોઈએ કે નહીં એનું યથાર્થ અને સ્પષ્ટ જ્ઞાન નહોતું. એ વિષે સાચી રીતે વિચાર કરવાની — વિવેક કરવાની શક્તિ પણ જન્મથી જ એમનામાં નહોતી. એમ હતી એમ માની લઈએ છીએ એટલે જ આપણે બુદ્ધને સમજવામાં ગોટાળામાં પડીએ છીએ.

બુદ્ધ પણ આપણા બધાની માફક સુખને શોધનારા હતા; અને તેથી લોકો જેમને સુખનાં સાધનો માને છે તે બધાં સાધનોમાંથી એમણે સુખ મેળવવાનો પ્રયત્ન કર્યો. લોકોની સુખની કલ્પના બળવાન શરીર, વિપુલ સમૃદ્ધિ, સ્ત્રી, કુટુંબ, નોકરચાકર, નાચરંગમાં સમાયેલી હોય છે. એવી જ પહેલાં બુદ્ધનીયે કલ્પના હતી. એથી એ પરણ્યા — પસ્તાયા.

પણ સામાન્ય માણસો પોતાનાં સુખનાં સાધનોમાંથી સાચે જ સુખ મળે છે કે નહીં, મળે છે તો કેટલું મળે છે, એ સુખ સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુ:ખ કેટલું હોય છે એનો વિચાર કરવા નથી બેસતા. સામાન્ય લોકો ચાલતી આવેલી રૂઢિ પ્રમાણે રહેવામાં સુખ માને છે. દાખલા તરીકે, જે ભાગમાં બાળલગ્નની રૂઢિ છે તે લોકો પોતાનું બાળક જન્મ્યા પછી જેમ બને તેમ જલદી પરણી જાય એટલે પોતાને બહુ સુખી થયેલા માને છે. પણ એમાં સાચે જ સુખ છે કે નહીં એનો તે સ્વતંત્રપણે વિચાર કરવા નથી બેસતા.

પણ બુદ્ધ આવા પ્રકારના માણસ નહોતા. એ તો સમ્યક્ સાવધાન હતા. તે ક્ષણે ક્ષણે તપાસતા રહેતા હતા કે જે જે સાધનોમાંથી હું સુખ મેળવવાનો પ્રયત્ન કરું છું તેમાંથી સુખ જ મળે છે કે કેમ, મળે છે તો કેટલું છે, એ સુખ સાચું છે કે ભાસ માત્ર છે, એની પાછળ દુ:ખ કેટલું છે. જ્યારે એમને એવાં રૂઢ સુખનાં સાધનોમાં કાંઈ સંતોષ થાય એટલું સુખ ન જણાયું ત્યારે સંતોષ થાય એવું સુખ ક્યાં હશે એ શોધ્યા વિના એમને કેવી રીતે ચેન પડે? જો ગાંધીજીને પરતંત્ર રાજ્યમાં અને રાજસ કે તામસ સંપત્તિની સંસ્કૃતિમાં સુખ નથી જણાતું તો એમને સ્વરાજ માટે અને દૈવી સંપત્તિની સંસ્કૃતિ માટે પ્રયત્ન કર્યા વિના ચેન કેમ પડે? એ રાતદહાડો રેંટિયા માટે—સ્વરાજ માટે તનતોડ મહેનત કર્યે જાય છે, કારણ કે એમને તેમ કર્યા વિના ચેન જ પડતું નથી. જે એમના જેટલા તપાસનારા નથી, જાગ્રત નથી તેમને જેવું જીવન ચાલ્યું જાય છે તેવું નિભાવી લેવા જેવું જ લાગે છે.

બુદ્ધ ફરવા નીકળ્યા અને એકેક વાર ઘરડા, રોગી અને મૂએલા માણસને જોઈને એમને વૈરાગ્ય થયો એ કવિનું કાવ્ય છે. સાચું એ છે કે એ અત્યંત સાવધાન નિરીક્ષક હોવાને લીધે એમને બધાયે સુખોપભોગને અંતે ઘડપણ, રોગ અને મૃત્યુ આવે છે એ સ્પષ્ટ જણાઈ આવ્યું. આપણને બધાને એવું જણાય તો છે, પણ આપણે એની ઉપર વિચાર કરવા નથી બેસતા. બુદ્ધ વિચારી હતા માટે વિચાર કરવા બેઠા; અને વિચારી જોતાં જોયું કે આ સુખોપભોગમાં કાંઈ માલ નથી; એ ઘડપણથી, રોગથી કે મૃત્યુથી માણસને બચાવી શકતા નથી; ઊલટા એ પ્રત્યે માણસને ખેંચી જાય છે. પોતે જેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યંત વહાલાં માને છે એવાં માબાપ, સ્ત્રી, પુત્ર, મિત્રો બધાંયે ઘડપણ, રોગ અને મૃત્યુથી પીડાવાનાં છે. જો એમના ઉપર એમને ખરું વહાલ હોય તો એમાંથી એમને બચાવવાં એ જ એમની સાચી સેવા કહેવાય.

એ દુઃખમાંથી બચવાનો ઉપાય શો ? દેશ, પરદેશ, કર્મ, યોગ, જ્ઞાન, જયાંથી એ મળી શકે ત્યાંથી એ ઉપાય શોધવો જ જોઈએ. એ ઉપાય શોધીને જગતને સુખી કરવું એ જ સાચા પ્રેમનું લક્ષણ. જો તમારા કુટુંબને સુખી કરવા માટે તમારે છ વરસ અમેરિકા કે વિલાયત રહેવાની જરૂર હોય તો તમે તમારાં કુટુંબીઓને છોડીને ત્યાં જાઓ કે નહીં ? જો તમારા દેશને સ્વતંત્ર કે સુખી કરવા માટે તમારે છ વરસ જેલ ભોગવવી પડે એમ હોય, અથવા તોપને ગોળે ચડવાની જરૂર પડે એમ હોય તો તમારે તેમ કરવું ઘટે કે નહીં ? તે વખતે તમારાં સ્ત્રીપુત્ર રઝળશે કે ઝૂરશે એવો વિચાર કરી શકાય ? બુદ્ધને એમનાં સગાંવહાલાં, જગતનાં પ્રાણીઓ, સર્વેને પરમ સુખી કરવાની ઇચ્છા હતી. પણ એ કેમ કરી શકાય એના ઉપાયનું જ્ઞાન નહોતું. એ શોધવા જો સ્ત્રીપુત્રનો, રાજ્યનો ત્યાગ કરવો પડે તો એ શું બહુ ભારે ત્યાગ કહેવાય ? એવો ત્યાગ તો આપણે ભૌતિક સ્વરાજ્ય માટે પણ પ્રજામાં ઇચ્છીએ છીએ.

બુદ્ધ ક્ષત્રિય હતા. એકાદ લડાઈમાં ગયા હોત તો ત્યાંયે એમનો કપાઈ જવાનો સંભવ હતો. લડાઈના પ્રસંગે પણ સ્ત્રીપુત્રને — મુગ્ધ હો કે જ્ઞાની હોય — રઝળતાં મૂકવાં પડત. યશોધરા ક્ષત્રિયાણી હતાં. ક્ષત્રિયાણીને યુદ્ધને લીધે થતો પતિવિયોગ એ સૌભાગ્યનાશનું ચિહ્ન નથી, વિશેષ સૌભાગ્યનું ચિહ્ન છે. વિદ્યાને માટે પરદેશ રઝળતા પતિની પ્રાપ્તિ એ જ બ્રાહ્મણીને પરમ સૌભાગ્ય, યુદ્ધને માટે રણમાં મરતા પતિની પ્રાપ્તિ એ ક્ષત્રિયાણીને માટે સાચું સૌભાગ્ય, ધનવૃદ્ધિને માટે પરદેશ ખેડતા પતિની પ્રાપ્તિ એ વાણિયાણીને માટે સાચું સૌભાગ્ય. કોઈ પણ બ્રાહ્મણી, ક્ષત્રિયાણી કે વાણિયાણી આવા પ્રસંગે થતો વિયોગ દુઃખરૂપ નથી માનતી. ઊલટું વિદ્યા માટે સાહસ વિનાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાહ્મણ, યુદ્ધ માટે સાહસ વિનાનો ક્ષત્રિય, અર્થ માટે સાહસ વિનાનો વૈશ્ય એ જ એમની સ્ત્રીઓ માટે છતે પતિએ રંડાપો.

પ્રમાણમાં આ તો ઓછી મહત્ત્વની વસ્તુઓ ગણાય. બુદ્ધના ત્યાગમાં તો જ્ઞાનપ્રાપ્તિનો ઉદ્દેશ હતો, સર્વને સુખી કરવાનો ઉદ્દેશ હતો. એટલા માટે થોડાં વર્ષ કે કાયમને માટે પણ સ્ત્રીપુત્રને એમનો વિયોગ થાય એ અસહ્ય લાગે છે, કારણ કે આપણામાં સાહસવૃત્તિ ઓછી થઈ ગઈ છે. સાહસી પ્રજાઓ આથીયે અલ્પ ઉદ્દેશને માટે આથી મોટા ત્યાગ કરે છે, અને એમની સાહસી પત્નીઓ અને માતાઓ એમને એમાં ઉત્તેજન આપે છે.

ત્યાગ કરતી વખતે યશોધરાની સ્થિતિ નિરાધાર નહોતી; એને ખાવાપીવાના સાંસા નહોતા. બુદ્ધના જવાથી એને શરીરનિર્વાહ-ની અડચણ આવી પડે એમ નહોતું. એટલે એવી કોઈ ફરજને અદા કર્યા વિના બુદ્ધે સંસારનો ત્યાગ કર્યો એમ નહીં કહી શકાય.

વળી, શારીરિક દૃષ્ટિએ બુદ્ધ વિશેષ સુખ માણવા જતા નહોતા. એ તો સર્વ પ્રકારનાં શારીરિક કષ્ટોને જ બાંધીને નીકળ્યા હતા. એટલે સાચું પૂછો તો તે પોતે એક સાહસ ખેડતા હતા. તેમાં સ્ત્રીપુત્રને ન સંડોવાવું પડે એ માટે એમને ઘેર રહેવા દેવામાં જ એમણે વ્યાવહારિક વિવેક વાપર્યો ગણાય.

બુદ્ધને ઘેર સુખ નહોતું લાગતું. એમને ભોગવિલાસ, સ્ત્રીપુત્ર વગેરેમાં કોઈ ઠેકાણે ચિત્ત ચોંટતું નહોતું. એમની સ્ત્રી કદાચ એમને માટે હેતથી મિષ્ટાન્ન કરીને લાવે ત્યારે એમને એ મિષ્ટાન્ન અંતે વિષ્ટારૂપ થવાનું છે એ વિચારથી મિષ્ટાન્નનો રસ ઊડી જાય અને અકારું લાગે. એવી માનસિક સ્થિતિમાં એમની સ્ત્રીને એમના સહવાસમાંથી શું સુખ મળી શકે? જ્યારે પતિપત્ની, પિતાપુત્ર કે સાથે રહેનારાં કોઈ પણ કુટુંબીઓ કે મિત્રોની માનસિક સ્થિતિ એવી બને કે એકના રસ તે બીજાના રસ ન રહે, એકને સુખરૂપ લાગનારી વસ્તુ બીજાને સુખરૂપ લાગે નહીં, અને તેથી સાથે રહેવું એ માનસિક ક્લેશનું કારણ બને, ત્યારે જેના રસો એવા જુદા પડી ગયા હોય તે જુદાં પડી જાય એ જ શું ડાહ્યા માણસોનો માર્ગ નહીં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી, જે વસ્તુ પોતાને નુકસાન કરનારી લાગે તે પોતાનાં પ્રેમીજનોને કેમ અપાય? બાળક સર્પ સાથે રમવા ક્લેશ કરે તેથી બાપ બાળકને તેમ કરવા દેશે? એ અગ્નિ ઝાલવા માગે, તેથી એના હાથમાં દેવતા મૂકશે? જે વિષયભોગને લીધે અંતે દુઃખ છે એમ જેને નિશ્ચયપૂર્વક લાગ્યું છે તે એ વિષયભોગ એનાં પ્રેમીજનોને અપાવવા પ્રયત્ન કરી શકે?

ધણી મરી જાય ત્યારે પણ સ્ત્રી કલ્પાંત કરે છે. છોડી જાય ત્યારે પણ કલ્પાંત કરે છે. સિદ્ધાર્થ મરણપથારીએ હોત, ત્યારે યશોધરા કલ્પાંત કરશે એ વિચારથી એ શું કરી શકત? એ છોડી જતા હતા તે કોઈ અનીતિયુક્ત હેતુથી કે હલકી ભાવનાથી પ્રેરાઈને નહીં પણ પોતાને, સગાંવહાલાંને, જગતને વધારે સુખી કરવાના, વિદ્યા ખોળવાના હેતુથી. હેતુની શુદ્ધતા ઉપર માણસની કઠોરતા કે દયાનો આધાર છે. કેવળ શારીરિક કર્મ — છોડી જવાની ક્રિયા—ઉપર નહીં. જ્યારે એ માર્ગ એમને મળ્યો ત્યારે એ પાછા ઘેર આવ્યા; પોતાનો માર્ગ પોતાને સાચો લાગતો હોવાથી યશોધરા અને રાહુલને ભિક્ષુ બનાવતાં અચકાયા નહીં.

આવી શંકા આપણને ઉત્પન્ન થાય છે કારણ કે આપણું શરીર અને શરીરનો વિચાર કરનારું મન એ જ આપણે છીએ એમ આપણે માનીએ છીએ, અને કોઈ ઉદાત્ત કાર્ય માટે આપણું શરીર, સગાંવહાલાં, ધન એ સર્વેનો નાશ થાય એવું સાહસ કરવાની આપણામાં બળવાન વૃત્તિ રહી નથી. સાહસી પ્રજાને આવી શંકા થાય જ નહીં. સાહસી સ્ત્રીપુત્રને આવાં દુઃખ અસહ્ય લાગે જ નહીં. થોડું દુઃખ લાગે, પણ તેને એ નિભાવી લે.

કિશોરલાલ મશરૂવાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળવન

[બ્રહ્મદેશમાં પ્રચલિત બૌદ્ધ દંતકથાઓમાંનું એક રૂપક.]

એક મોટું વન હતું. એ વન બહુ જ મોટું હતું. એમાં ઊંચાં ઊંચાં તરુવરોનો પાર નહોતો. એ મહાવૃક્ષો એટલાં તો ગીચ અને ફૂલ્યાંફાલ્યાં રહેતાં કે સૂર્યનું અજવાળું પણ ત્યાં પૂરું પહોંચી શકતું નહીં. લાંબી લાંબી વેલાવેલીઓ એકબીજામાં ગૂંચવાઈ એક ઝાડેથી બીજે ઝાડે વીંટળાઈ વળગી રહેતી, ઝાડોને ઢાંકી દેતી કે વડવાઈઓની પેરે નીચે ઊતરી લટકતી. વળી એ ઝાડોની નીચે જમીન પર ચોમેર નાની વેલાવેલીઓ પથરાયેલી રહેતી. એ બધાં અસંખ્ય કાંટાઓથી ભરપૂર હતાં. ચાલનારાંઓને ડગલે ડગલે એ કાંટા વાગતા, તેમનાં શરીર ઉઝરડાતાં, ને ચાલવું મુશ્કેલ થઈ પડતું. એ ઉપરાંત અનેક જાતના ચિત્રવિચિત્ર સર્પોથી એ વન સદાય ઊભરાતું. સર્પોનો ભૂરો રંગ જમીનના રંગ સાથે એવો તો ભળી જતો કે ભોળા વટેમાર્ગુઓ કશી આશંકા કર્યા વગર તેમના પર પગ મૂકી ચાલતા અને સહેજ સહેજમાં સર્પડંખનો ભોગ થઈ પડતા. બીજા કેટલાક સર્પો વળી રાતાપીળા અને સોનેરીરૂપેરી ચટાપટાથી એટલા સુંદર દેખાતા કે જોનાર સહેજે એમને સુંદર ફૂલ કે કીમતી માણેક માની ઊંચકવા જાય, ને એ ઊછળીને ડંખ મારે ત્યાં સુધી બિચારાને કશી ખબર પણ પડે નહીં!

એ વનમાં બીજાં નાનાં નાનાં મેદાનો પણ કેટલાંય હતાં. એમાં ફૂલો ઊગતાં. ફૂલો બહુ સુંદર હતાં. કોઈ દૂધ જેવી ધોળી ચળકતી પાંખડીઓવાળાં, અને વચ્ચે ઊંડા ખાડામાં ઢંકાઈ રહેતાં જાંબુડિયા રંગનાં, તો કોઈ ભૂરા આછા રંગનાં, એવાં ભાતભાતનાં એ પચરંગી ફૂલો તેમની પાતળી નાજુક ડાંડલીઓ પર ઝોલાં ખાતાં મનુષ્યની પેરે આમથી તેમ ડોલતાં; અને રંગબેરંગી ટીલાંટપકાંવાળાં ફૂલોની એ હારો ચમકતા તારાનાં તોરણો જેવી દેખાતી. આજુબાજુની હવા એ પુષ્પોની બહેકથી રાતદહાડો મઘમઘી રહેતી. પણ એ બધાંયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફૂલ કાંટાવાળાં હતાં; અને એ કાંટા ફૂલ તોડીને હાથમાં લીધા પહેલાં દેખાતા નહીં !

આ વનમાં અનેક રસ્તા હતા. કેટલાક તો બહુ પહોળા અને વનમાં આડેઅવળે દશે દિશામાં લઈ જનારા હતા. કેટલાક વટેમાર્ગુએ પેલાં સુંદર ફૂલોવાળા એકાદ મેદાન આગળ જ અટકી જતા. કેટલાક એ મેદાનોને બાજુએ મૂકીને આગળ જતા. પણ — પણ એ સૌમાંનો એકે રસ્તો સીધો ન હતો ! ગમે તે રસ્તો લો, જેમ જેમ તમે આગળ ચાલો તેમ તેમ તે વાંક ખાતો જાય, અને એમ — ચકરાવા ખાઈ ખાઈને — ચાલી ચાલીને પગ દુખવ્યા પછી માણસ પાછો જ્યાંનો ત્યાં આવી ઊભો રહેતો ! એ રસ્તાઓ જેમ પહોળા અને મોટા, તેમ પગ નીચેની હરિયાળી લીલા મખમલ જેવી વધુ વધુ મુલાયમ, બન્ને બાજુ ફૂલોનાં મેદાન વધુ વધુ સુંદર અને સૌથી વધારે જલદી વાંકાં વળનારાં !

ફક્ત એક જ રસ્તો સીધો હતો. પણ તે બધા રસ્તાઓથી જુદો હતો. વનની બાજુની ઊંડી ખીણને કાંઠે આવેલી ઊંચી ભેખડો અને સીધા, ઊભા, સ્વર્ગદ્વારના મંત્રી જેવા ખડકો વચ્ચે થઈ તે જતો. એ રસ્તો છેક ખરાબ, ઊંચોનીચો, પથ્થર અને કાંકરાઓથી ભરપૂર, અને વનમાંનાં ફૂલોનાં મેદાનોથી ક્યાંય દૂર હતો. એની બાજુએ કુંજોનું સૌંદર્ય, ફૂલોનાં તોરણ, ચળકાટ, મઘમઘાટ કશુંયે ન હતું. કેવળ સીધા, સૂકા, લૂખા, ઊભા ખડકો અને પગ ચીરી નાખે એવા ધારવાળા પથરાઓ ! રસ્તો પણ કેટલો સાંકડો ! નાની કેડી જ માત્ર — એક જરીક પગ લપસ્યો કે નીચે હજારો ફૂટ ઊંડી ખીણમાં પળમાં પ્રાણ નીકળી જાય એવી !

રાત્રે આ વનમાં અસંખ્ય દીવા ચમકતા. અહીં તહીં ઊડતાં પતંગિયાંની પેઠે, ડૂબતા સૂર્યની પેઠે, મૃત્યુને આલિંગતા મનુષ્યની પેઠે, ક્ષણ વાર પ્રફુલ્લપણે ઝબકી હોલવાઈ જતા. વનમાં ગાઢ અંધકાર ક્યારેય વ્યાપી રહેતો નહીં. હેતુહીન છતાં ઘડી ઘડી ચમકતા રહેનારા એ દીવાઓથી આખું વન ભર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વનમાં માણસો પણ હતાં — અસંખ્ય હતાં. તેઓ આખા વનમાં આમથી તેમ ભટક્યા કરતાં. આખું વન એવાં મનુષ્યોથી સર્વકાળ ઊભરાયા કરતું. ક્યાં જઈએ છીએ એવું એમને ભાન નહોતું. ક્યાં જવાની ઇચ્છા છે એનું પણ જ્ઞાન નહોતું. ફક્ત એટલું જ તેઓ જાણવા શીખ્યાં હતાં કે તેમનાથી પળવાર પણ અટકાય કે ઊભું રહેવાય તેમ નહોતું. આ વનનો માલિક કાળ હતો. એના હાથમાં હમેશાં એક બહુ પાતળી સેડવાળી ચાબુક રહેતી. કાળ કોઈને ઊભાં રહેવા દેતો નહીં. અહર્નિશ આગળ ને આગળ — ક્ષણની પણ વિશ્રાંતિ નહીં, વિરામ નહીં.

એ માણસમાંનાં ઘણાંને, જ્યારે પહેલવહેલાં તેઓ વનમાં આવ્યાં ત્યારે આ વન ઘણું ગમ્યું હતું. 'શાં સુંદર મેદાનો! શાં ફૂલ! શી ઉત્કટ સુગંધ! આવું આવું તે કોને ન ગમે?' તેઓ કહેતાં, અને આહ્‌લાદથી પેલા સુંદર રસ્તાઓ ઉપર થઈને પુષ્પકુંજોમાં ફરતાં, ફૂલોનું સૌંદર્ય જોતાં અને સુગંધ લેતાં. એ કુંજોની વચ્ચે સુંદર લીલા ઘાસ પર લાંબા થઈ સૂવાનું અને ફૂલોના સૌંદર્યનું પાન કરવાનું એમને મન થતું. પણ કાળ તેમને અટકવા કે ઊભાં રહેવા દેતો નહીં. ક્ષણવાર તેઓ ઊભાં રહેવા પામે, આનંદ પામે, પણ તુરત જ પાછળ કાળની ચાબુક વીંઝાતી સંભળાય, અને કસાણું મોં કરી તેમને આગળ ચાલવું પડે! પણ એની તેમને દરકાર નહોતી. 'આ વનમાં ફૂલોની અને કુંજોની ક્યાં ખોટ છે? અહીંયાં ઊભા રહેવા નહીં મળે તો શી હરકત છે? આગળ જઈશું, આ નહીં તો વળી બીજાં.' એમ કહી મનનું સમાધાન કરતાં, અને મનનો ઉત્સાહ ઓછો ન થવા દેતાં નવી નવી કુંજો જોતાં તેઓ આગળ જતાં.

પણ અંતે એમ અટક્યા વિના ભટકતા રહેવાનો એમને કંટાળો આવવા લાગ્યો; અને નવાં નવાં કુંજમેદાનો નિહાળવાથી મળતો આનંદ એ આનંદની ક્ષણિકતાના વિચારે ઉત્પત્તિની સાથે જ લય પામવા લાગ્યો. એમનો ઉત્સાહ, એમનો આહ્‌લાદ, અનિચ્છાએ ઓછા થતા ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વનમાં થોડાં — બહુ થોડાં બીજાં માણસો હતાં. તેઓ ઉપરનાં માણસો જેવાં નહોતાં. તેમને મોટા રસ્તાઓ પર અને કુંજોમાં જવું જરાયે ન ગમતું. તેમના વિચાર બહુ જુદા હતા; 'એ પુષ્પકુંજો બહુ સુંદર છે ખરી, પણ...' તેઓ કહેતાં, 'પણ એ કુંજો અને મેદાનોના રસ્તા! ક્યાં એ લઈ જાય છે? એ રસ્તે ભટકી ભટકીને અંતે જઈશું ક્યાં? ચકરાવા ખાઈ ખાઈને પાછા જ્યાંનાં ત્યાં! ત્યાં વિરામ નથી, વિશ્રામ નથી; સુગંધ છે પણ શાંતિ નથી. એ બધાં પુષ્પ, ને કુંજ, ને મેદાન, ને સૌરભ,— સૌ ઇંદ્રજાળ માત્ર! શાંતિ ક્યાં છે? ત્યાં તો કાળનું રાજ્ય છે. અવિશ્રાંત, ચિરજાગ્રત, દીર્ઘોદ્યોગી કાળ અને પેલી, એની બહુ ઝીણી, તીની પાતળી સેડવાળી, ઝીણી નાગણ જેવી ચાબુક! ત્યાં શાંતિ કેવી? આપણે તો શાંતિનાં જ તરસ્યાં છીએ. શાંતિ વિના જ વ્યાકુળ છીએ. આપણે ક્ષણિક સુગંધ અને ગંધનો આનંદ નથી જોઈતો. અને પેલા દીવા! એ દીવા પણ પતંગિયાના પ્રકાશ જેવા, દૂર દેશની વીજળી જેવા, ક્ષણવાર ચમકી, ઝબકી, હોલવાઈ જનારા! એમના પ્રકાશનો શો ભરોસો? આપણે એ ઇંદ્રજાળમાં ફસાશું નહીં. આપણે એના દીવા નથી જોઈતા. આપણો માર્ગદીપ અચળ છે, ધ્રુવ છે. આપણે કેવળ શાંતિ શોધીએ છીએ. આપણે સદાકાળ આ વનમાં ભટકતાં — ચકરાવા ખાતાં રહીશું નહીં. આપણે સદાકાળ પેલા ઊડતા દીવાઓથી અંજાઈશું નહીં.'

આવા નિરધારવાળાં એ શૂરાં, ફૂલો અને કુંજોના મોહમાં પડી સદાકાળ ચકરાવા ખાવા છોડી, પેલા પથ્થરો અને ખડકોવાળા દુર્ગમ માર્ગે જ ગયાં. 'આ કેડી બહુ જ સાંકડી અને ભયંકર છે ખરી, એની બાજુએ સુંદર ફૂલોની કુંજો પણ નથી, કેવળ ઊભા કાળા ખડક છે, પણ — એ સીધી તો છે! અંતે તે આપણને ક્યાંક ને ક્યાંક અવશ્ય પહોંચાડશે. ફરીફરીને ચક્કર ખાઈને પણ જ્યાંના ત્યાં નહીં આવીએ અને પણે...' તેમણે કહ્યું, 'પણે આગળ પ્રકાશદીપ પણ દેખાય છે. એક નાના સરખા તારાનો આછો પ્રકાશ! એ બહુ નાનો, બહુ થોડો છે. પણ એ ઊડતા પતંગિયા જેવો, વીજળીની ચમક જેવો, ખરતા તારાના જેવો ક્ષણિક નથી, અચલ છે. એ ઝબકી ઝબકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોલવાઈ જતો નથી, ઝાંખો પડતો નથી. એ પ્રકાશ સત્યનો છે. એ તારાના પ્રકાશ વડે આપણે આપણો માર્ગ ખેડશું, અને આપણે જે શોધીએ છીએ તે અવશ્ય આપણને જડશે.'

આવું આવું કહેતાં, ખડકો અને પથરાઓ વચ્ચે અનેક ઠેસઠોકરો ખાતાં, પડતાંઆખડતાં, ઊભા અણીદાર પથ્થરોથી ચિરાઈ જતાં પગથી લંગડાતાં પણ મનની દૃઢતા અને અંતિમ સાધ્ય પરની અવિચલ દૃષ્ટિને લીધે ઉમંગ અને આશાભર્યાં અંતઃકરણવાળાં એ નિશ્ચયી શૂરાં એ કઠિન માર્ગે જ ચાલ્યાં.

અને જેમ જેમ તેઓ આગળ જતાં ગયાં, તેમ તેમ તેઓ કાળના દોરથી પીડિત એવા પેલા કાળવનથી દૂર દૂર જતાં ગયાં. પેલાં મોહક ફૂલો અને કુંજોની ઇંદ્રજાળ, ચિત્રવિચિત્ર સર્પોથી ઝેરી બનેલું વાતાવરણ, પેલા ફરી ફરીને પાછા જ્યાંના ત્યાં લઈ આવતા રસ્તાઓના ચકરાવા — સૌ પાછળ પડતું ચાલ્યું. અને પુષ્પકુંજોમાં ફરતાં ફરતાં ફૂલોનું સૌંદર્ય જોવા અને પીવા અટકવા ઇચ્છતાં પેલાં ગભરુઓની પીઠ પર પડતી કાળની તીણી ચાબુકના ફટકારા પણ વધારે અસ્પષ્ટ થતા ગયા.

એમના માર્ગ પરનો અચલ તારો નજીક નજીક આવતો ગયો. એનું તેજ વધતું ચાલ્યું અને કાળવનના પેલા ઐંદ્રજાલિક ઊડતા દીવા ઝબકતા હોલવાતા અંતે બધા અદૃશ્ય થઈ ગયા. અને આખરે તેઓ સત્યના સૂર્ય નીચે ચિરકાળ ટકી રહેનારી અનંત શાંતિના સરોવરને કિનારે આવી પહોંચ્યાં — જેના પાવન જળમાં વાસનામાત્ર ધોવાઈ જાય છે.

એ જીત્યાં. એમની જીવનયાત્રા પૂર્ણ થઈ. કાળ, જીવન, લડવાનું, ઝૂઝવાનું, ચડવાપડવાનું સૌ કંઈ પાછળ રહી ગયું. કોઈ છેવટ સુધી સાથે ટકી શક્યું નહીં. થાક્યાંપાક્યાં, ઉઝરડાયેલાં, ચિરાયેલા પગવાળાં, એ શૂરાં અંતે નિર્વાણની અનંત અનિર્વચનીય શાશ્વત શાંતિને પામ્યાં.

અને પેલાં? પેલાં જે પાછળ રહ્યાં — જેઓ કાળવનનાં ફૂલો વીણવાના મોહમાં, પેલાં વિષપૂર્ણ બહેકથી બહેકતાં મેદાનોમાં ભટકતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યાં — કાળની ચાબુક નીચે સદાકાળ અતૃપ્ત સુખેચ્છાની તૃપ્તિ ઇચ્છતાં જલતાડન કરતાં રહ્યાં — તે? તેમનું શું થયું? તેઓ પણ શીખશે. તેઓ પણ સમજશે. કાળની દયામયી ચાબુક તેની પાછળ જ છે. એવા ભીષણ વનમાં એ તેમને પડ્યાં રહેવા નહીં દે. ઘડીએ ઘડીએ, પળે પળે, પાછળ ચાબુક વીંઝાશે અને તેમને આગળ ચાલવું પડશે. આગળ, આગળ, અહોરાત્ર આગળ, અંત વિનાનું આગળ! ચાલી ચાલીને અંતે તેઓ થાકશે. સુંદર મેદાનો એમની આંખ આગળ શોભા વિનાનાં થઈ રહેશે; સુગંધીથી બહેકતાં ફૂલો એમને અળખામણાં થઈ પડશે; પેલા કાંટા પણ ધીરે ધીરે એમને દેખાવા લાગશે, ખૂંચશે, ખટકશે! ફૂલોના સૌંદર્ય અને બહેકના નશામાં અત્યાર લગી તો એ કાંટા તેમની નજરે નહોતા ચડ્યા, તેઓ તેમને ભૂલી ગયાં હતાં. 'શાં સુંદર ફૂલ! શી ભભક! શી બહેક! કાંટા? અંહ! કયા પરવા હૈ? છોને રહ્યા. એ તો ઊલટી વધારે મજા. એમની જોડે લડવામાં તો ખરી મજા રહેલી છે. કાંટા વિના ગુલાબની શી કિંમત? કાંટા વિના વનની શી મજા? કાંટા ખમ્યા વગર ફૂલ એકઠાં કરવામાં શો સ્વાદ? કાંટાથી જ તો કિંમત ફૂલોની.'

આવા અભિમાને અક્કડ બનેલાં એ મૂઢ જનો ફૂલો વીણવામાં જ મચ્યાં. ફૂલો વિણાયાં —

અને કરમાઈ ગયાં!

પણ — પણ કાંટા કરમાયા નહીં! એ તો જેવા ને તેવા જ રહ્યા. જેણે ઝાઝાં ફૂલો એકઠાં કર્યાં હતાં તેને ભાગે ઝાઝા કાંટા આવ્યા. અને પેલો ચાબુકધારી વેત્રકપાણિ કાળ તો આઠે પહોર અને સાઠે ઘડી પાછળ જ. એમને તો ડગલે ડગલે મેદાનોની હરિયાળી પર લાંબા થઈને સૂઈ જવાનું ઘણુંયે મન થાય, પણ કાળમાલિકની મરજી તો કેવળ એની એ, એક જ — બસ આગળ આગળ, — ચાલો — આગે બઢો, મત ઠહરો — ચાલો આગળ, અટકો મા! પાછા વળવાની વાત નહીં, ઊભાં રહેવાની વાત નહીં, વિરામ નહીં. વિશ્રાંતિ નહીં. સદાય આગળ ને આગળ, અટક્યા વિના આગળ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ અંતે તેઓ થાક્યાં જ — બહુ થાક્યાં. 'આ ફૂલો –' અંતે તેમણે કહ્યું, 'આ તો સદાય એનાં એ, એકનાં એક. કંટાળો આવ્યો હવે તો એમનો. એમની બહેકથી માથું ચડે છે. એ તો મૃત છે. ફૂલો છે જ ક્યાં? વન તો આખું કાંટાથી ભર્યું છે. આમાંથી હવે છૂટવું કેમ કરીને? હવે તો જેમ જેમ વધારે વખત અહીંયાં ચક્કર ખાતા ફરીએ છીએ તેમ તેમ એ ફૂલો આંખને વધુ વધુ અળખામણાં લાગતાં જાય છે. એમના તો માત્ર કાંટા જ વધારે વધારે લાગે છે. આમાંથી હવે કેમ કરી છુટાય? આમાંથી છૂટયા વિના આરો નથી. કાળ અને એની પેલી ઝીણી નાગણ જેવી ચાબુકથી હવે તો હાર્યાં! નમસ્કાર નવ ગજના હવે તો એમને! પગ તો પાકીને તળવાઈ ગયા; આંખો અંજાઈ અંજાઈને આંધળી થવા આવી. આપણે સુધ્ધાં શાંતિ વાંછશું — જડે તો! પેલાં ખડકોવાળી કેડીએ પહેલાં ગયાં તેમને આપણે હસતાં હતાં. આપણને શાંતિ નહોતી જોઈતી. આજ લાગે છે કે જાણે આખી દુનિયામાં એ એક જ વસ્તુ વાંછવા જેવી છે. આ કાળ આપણને આમ આગળ ને આગળ હાંકવાં શું કદીયે નહીં છોડે? આ ઘડી ઘડી ચમકતા દીવા ઝબકતા હોલવાતા શું કદીયે નહીં મટે?'

આમ અંતે સૌ કોઈને પેલે સીધે માર્ગે વળવાનો વારો આવશે. દરેકને પોતાની ભૂલ સમજાશે. અંતે પ્રત્યેક જણને સમજાશે કે આ વન ભયાનક છે, એનાં ફૂલ ઇંદ્રજાળ માત્ર છે, એના કાંટા ભયંકર છે, સૌ કોઈ અંતે કાળથી બીતાં શીખશે.

અને આમ અંતે શાંતિની પિપાસા જ્યારે એમનામાં જન્મશે ત્યારે એ પેલે સીધે માર્ગે વળશે અને અખંડ શાંતિને વરશે. કોઈને પણ આ બૃહદારણ્યમાં યાવચ્ચંદ્રદિવાકરૌ નહીં રહેવું પડે. સૌ કોઈ શીખશે. સૌ કોઈને સમજાશે. જ્યારે ચાલી ચાલીને છેક થાકી — હારી જવાશે, જ્યારે ભચોભચ વાગેલા કાંટાઓથી પગ લૂલા ને લોહીલોહાણ થઈ જશે, અને આખી પીઠ કાળની — સંસારના સાચા શિક્ષક મહાદયાળુ કાળની — તીણી ચાબુકના ફટકા ખાઈ ખાઈને ઊપડી આવશે, ત્યારે — ત્યારે સૌ કોઈ સમજશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ નહીં સમજાય — આ હૃદયંગમ નહીં થાય — ત્યાં સુધી માનવ સીધો માર્ગ ગ્રહણ કરવાનો ઇચ્છુક નહીં બને.

પણ અંતે માણસમાત્ર આવી પહોંચશે.

બૌદ્ધ ધર્મનું આ એક બ્રાહ્મી રૂપક છે. એને સાંભળ્યાં મને બહુ દિવસ થયા. હું ધારું છું અહીં એને ફરી કહી બતાવવામાં એની કલાને ક્ષતિ પહોંચાડ્યાનો દોષ મારા પર નહીં આવે. +

સ્વામી આનંદ

અંત્યજ સાધુ બળ*

ગંગા નદી પાસે બળકોટ્ટ નામે કોઈ ચાંડાળ જાતિનો મુખી રહેતો હતો. તેને બળ નામનો એક પુત્ર થયો. તે નાનપણથી કદરૂપો અને કજિયાખોર હતો. એક વેળા વસંતની ઉજાણીમાં બધા છોકરાઓ ભેગા મળીને ખાઈપીને નાચવા લાગ્યા. બળ એ બધા સાથે લડવા લાગ્યો. એનો સ્વભાવ કોઈથી ન ખમાયો. એથી એના સગાઓએ તેને તોફાન કરતો અટકાવ્યો, અને એક બાજુએ બેસાડ્યો. એવામાં ત્યાં કાળો ભમ્મર ઝેરી સાપ દેખાયો. છોકરાઓએ અને ત્યાં બેઠેલા બીજા માણસોએ તેને મારી નાખ્યો. બીજી વાર એ જ જગાએ નાનો નિર્વિષ સાપ દેખાયો. છોકરાઓએ એના સામું પણ ન જોતાં

+ એચ. ફિલ્ડિંગ હોલના 'સોલ ઑફ એ પીપલ' નામના પુસ્તકના એક પ્રકરણના આધારે.

* જૈનોના ઉત્તરાધ્યયનસૂત્રના બારમા અધ્યયનમાં આ અંત્યજ સાધુની વાત નોંધેલી છે તે જેવી ને તેવી અહીં ઉતારી છે. એ ઉપરથી એ અંત્યજની યોગ્યતા કેટલી હતી તે સમજાશે. અહિંસા, સમતા, ક્ષમા એ ગુણોવાળા મુનિની વાર્તા આપણને તેમના તરફ સન્માન અને આદર ઉપજાવે છે. કોઈ પણ મનુષ્ય ગમે તે નિમિત્તે પ્રાપ્ત કરી — ગમે તે કારણે આત્મનિરીક્ષણ કરી — હૃદયની ઉચ્ચ લાગણીઓનો વિકાસ કરી શકે છે, એ આ વાતનું રહસ્ય છે. એવા અંત્યજોને નમસ્કાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જવા દીધો. એ જોઈને દૂર બેઠેલા બળે વિચાર કર્યો કે આ મારા ભાઈઓએ ઝેરી સાપને મારી નાખ્યો અને ઝેર વિનાના સાપને કંઈ પણ ન કર્યું: એ પરથી જણાય છે કે પ્રાણીઓ પોતાના ગુણોને લઈને સુખ કે દુઃખ પામે છે. હું મારા ભાઈઓને દીઠો ગમતો નથી તેનું કારણ મારા દોષો છે. માટે મારે દોષોનો ત્યાગ કરવો જોઈએ અને ગુણોની વૃદ્ધિ કરવી જોઈએ.

આમ વિચાર કરી બળ એક મુનિ પાસે ગયો. તેની પાસે ધર્મ સાંભળ્યો અને સાધુ થયો. પોતાની વાસનાઓ જીતવા તેણે આકરાં તપ આદર્યાં, અને શાંતિ મેળવવા મહાન પ્રયત્નો કર્યાં.

પોતાના પવિત્ર ચારિત્ર્યથી પૃથ્વીને પાવન કરતો એ બળમુનિ વિહાર* કરતાં કરતાં બનારસ પાસે તિંદુક નામની વાડીમાં આવી પહોંચ્યો. ત્યાં તેણે તીવ્ર તપશ્ચર્યા શરૂ કરી. આ તપથી તે વાડીનો યક્ષ મુનિ પર પ્રસન્ન થયો અને તેની સેવા કરવા લાગ્યો. કૌસલિક રાજાની—કૌશલ દેશના રાજાની દીકરી ભદ્રા યક્ષમંદિરમાં પૂજા અર્થે આવી. તેણે આ સાધુ તરફ તિરસ્કાર બતાવ્યો. આવા પવિત્ર પુરુષનો તિરસ્કાર થયેલો જોઈને યક્ષ તે છોકરીને સજા કરવા તેના શરીરમાં દાખલ થયો. તેના બાપે ઘણા વૈદ્યો અને ભૂવાઓને બોલાવ્યા છતાં ભદ્રાની સ્થિતિ સુધરી નહીં. છેવટે યક્ષે કહ્યું કે જો બળ નામના અંત્યજ સાધુને પરણાવવામાં આવે તો તેનો રોગ નાશ પામશે. રાજાએ યક્ષની વાત કબૂલ કરી અને ભદ્રાને મુનિ પાસે મોકલવામાં આવી. બળે કહ્યું: 'હે ભદ્રે! જો સાધુઓ સ્ત્રીની સાથે એક ઘરમાં વસે નહીં, તો પરણે કેમ? મુમુક્ષુ મુનિઓ લગ્નસંબંધમાં પડતા નથી.' પછી રાજાએ તેને રુદ્રદેવ નામના પુરોહિત સાથે પરણાવી.

એક વાર તે અંત્યજ મુનિ બળે એક માસના ઉપવાસ કર્યા. ઉપવાસના પારણાને દિવસે એ ભિક્ષા લેવા નીકળ્યા અને સૌથી પહેલાં એ બ્રાહ્મણોના યજ્ઞમંડપમાં ગયા. તપ અને ઇંદ્રિયદમન કરી કરીને દૂબળા થયેલા તે મુનિને જોઈને બ્રાહ્મણો હસવા લાગ્યા.

* રખડવું; મુસાફરી કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતિમદથી ગર્વિષ્ઠ થયેલા, યજ્ઞમાં હિંસા કરનારા, ઇંદ્રિયોને વશ નહીં રાખનારા એ બ્રાહ્મણોએ મુનિને કહ્યું: 'વિકરાળ પિશાચ જેવો તું કોણ છે? શી આશાએ અહીં આવ્યો છે? જા અહીંથી.'

મુનિ—હું શ્રમણ છું, બ્રહ્મચર્ય પાળું છું, સંયમી છું, અપરિગ્રહી છું. ભિક્ષા પર રહું છું. તમે પુષ્કળ અન્ન અનાથ વગેરેને આપો છો. ભિક્ષાનો સમય થયેલો હોવાથી તમારું વધ્યુંઘટ્યું મને આપો.

બ્રાહ્મણો—અહીં તો માત્ર બ્રાહ્મણો માટે ભોજન તૈયાર થયેલું છે. બ્રાહ્મણો સિવાય બીજા કોઈને તે આપી શકાય તેમ નથી. યજ્ઞનું અન્ન અમે તને નહીં આપીએ. તું અહીં કેમ ઊભો છે?

મુનિ—ખેડૂત લોકો વર્ષાકાળે ધાન્યની આશાએ ઊંચી તેમ જ નીચી બન્ને પ્રકારની જગાઓમાં બીજ વાવે છે. હું પુણ્ય-પવિત્ર ક્ષેત્ર છું. તેથી એવી શ્રદ્ધાથી તમે મારું અવશ્ય આરાધન કરો.

બ્રાહ્મણો—જગત જાણે છે કે અમે જ ક્ષેત્ર છીએ. તેમાં વાવેલાં બીજ પુણ્યરૂપે ફલદાયી થાય છે. જે ઉચ્ચ જાતિના છે અને વિદ્વાન છે તેઓ જ ઉત્તમ ક્ષેત્ર છે.

મુનિ—જેઓ ક્રોધી, અભિમાની, હિંસક, જૂઠું બોલનારા, ચોરી કરનારા અને પરિગ્રહી છે તે બ્રાહ્મણો બ્રાહ્મણ નામને શોભાવતા નથી. તેઓ પાપક્ષેત્રરૂપ છે. હે મહાનુભાવો! તમે કેવળ શબ્દોનો ભાર ઊંચકનારા છો. તમે વેદ ભણ્યા છો પણ તમે તેના મર્મને જાણતા નથી. મુનિઓ ભિક્ષાને માટે ઉચ્ચનીચ જાતિઓમાં આહાર માટે ફરે છે. તેઓ શાંત, નમ્ર, અહિંસક, તપસ્વી, સત્યવ્રતી, અપરિગ્રહી છે અને તેઓ જ બ્રાહ્મણ નામને શોભાવે છે. તેથી જ તેઓ ઉત્તમ ક્ષેત્ર છે.

બ્રાહ્મણોના વિદ્યાર્થીઓ—તું અમારા દેખતાં અમારા ગુરુની સામે આમ અસંબદ્ધ કેમ બોલે છે? ભલે અમારું રાંધેલું આ ભોજન સડી જાય, પણ તને તો નહીં જ આપીએ.

મુનિ—સાધુઓ ઇંદ્રિયોને જીતવાનો પ્રયાસ કરે છે. સમાધિના માર્ગ તરફ પ્રગતિ કરી રહ્યા છે; મન, વચન, કાયાથી કોઈનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકલ્યાણ નથી કરતા. તમે તેવાને ભોજન નહીં આપો તો આ બધા યજ્ઞો કરીને શો લાભ મેળવશો?

બ્રાહ્મણો — અહીં કોઈ ક્ષત્રિયો, રાંધનારા, અધ્યાપકો કે છાત્રો છે? આ સાધુડાને મારો અને ગળું પકડીને કાઢી મૂકો.

ત્યાં આવેલા કેટલાક કુમારો મુનિ તરફ દોડ્યા, અને લાકડી, નેતર અને ચાબુક વડે તેને મારવા લાગ્યા. તેવામાં ત્યાં રાજાની દીકરી, રુદ્રદેવ પુરોહિતની પત્ની ભદ્રા આવી. રોષે ભરાયેલા એ કુમારોને એણે શાંત પાડ્યા અને કહ્યું કે 'આ સાધુ તો મહાત્મા છે. જિતેંદ્રિય છે, સંયમી છે, બ્રહ્મચારી છે. મારા પિતાએ મને તેમને લગ્નમાં આપેલી, પણ મારો તેમણે સ્વીકાર ન કર્યો. તમે તેમનું અપમાન ન કરો. ભિક્ષા સમયે આ મુનિને તમે મારો છો તેથી તમે પતંગિયાંની પેઠે અગ્નિમાં બળશો. જો તમે તમારી જિંદગી અને માલમતા ઇચ્છતા હો તો તમે બધા ભેગા મળીને આ મુનિને નમસ્કાર કરો, અને તેને શરણે જાઓ.'

આ સાંભળીને કુમારોએ મુનિ સન્મુખ હાથ જોડ્યા. પીઠ અને માથાં નમાવ્યાં. તેમની આંખો આંસુથી ભરાઈ ગઈ. તેઓને નિશ્ચેષ્ટ જોઈને રુદ્રદેવ બ્રાહ્મણ પોતાની સ્ત્રી ભદ્રા સાથે તે મુનિને કહેવા લાગ્યો, 'હે ભગવાન, અજ્ઞાની બાળકોએ તમારી અવજ્ઞા કરી તે માફ કરશો. અમારું માથું તમારે ચરણે છે.'

મુનિ — ભૂતકાળમાં કે હમણાં મને તમારામાંથી કોઈના ઉપર ક્રોધ થયો નથી. ભવિષ્યમાં પણ તમારા પર થશે નહીં.

બ્રાહ્મણો — પ્રાણીનું હિત કરનાર! આપ શાસ્ત્રને અને ધર્મને જાણનારા છો. અમે આપને શરણે આવ્યા છીએ. અમે આપનું પૂજન કરીએ છીએ. આપને વિનંતિ કરીએ છીએ કે અમારું આ રસયુક્ત અન્ન ગ્રહણ કરી અમારા પર અનુગ્રહ કરો.

બ્રાહ્મણોના વિશેષ આગ્રહથી મુનિએ એક માસના ઉપવાસનું પારણું કર્યું.

આ પ્રમાણે બ્રાહ્મણોએ ગુણોને લીધે એક શૂદ્રને પણ યજ્ઞના હવિષ્યનું (યજ્ઞના બલિમાં આપવાની વસ્તુનું) દાન દીધું તેથી દેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતુષ્ટ થયા. ગંધોદક અને પુષ્પની વૃષ્ટિ થઈ અને દુંદુભિ ગાજી ઊઠયાં. આ જોઈ બ્રાહ્મણો આશ્ચર્ય પામ્યા અને બોલવા લાગ્યા, 'આ જગતમાં ગુણનો, તપનો ખરો મહિમા છે. કોઈ જાતિનો મહિમા નથી. આ ચાંડાળના કુળમાં જન્મેલા બળમુનિ સંયમગુણથી પૂજાને પામ્યા.'

મુનિ — તમે શા માટે અગ્નિની બાહ્ય ઉપાસના કરો છો? અને કેવળ બાહ્યશુદ્ધિ શોધો છો? દર્ભ, યજ્ઞસ્તંભ, ઈંધણાં, અને અગ્નિ કેમ વાપરો છો? સવારમાં જ પાણીને શા માટે અડકો છો? અંતરને સ્વચ્છ કરનારી આભ્યંતર શુદ્ધિ છોડીને જલાદિ બાહ્ય શૌચ મૂઢ પુરુષોને આનંદ આપનારું છે.

બ્રાહ્મણો — અમે કેવું વર્તન રાખીએ, કેવો યજ્ઞ કરીએ અને અશુભ કર્મોને કેમ દૂર કરીએ? તત્ત્વજ્ઞાનીઓ સાચો યજ્ઞ કોને કહે છે તે સમજાવો.

મુનિ — પ્રાણીઓની હિંસા ન કરો. અસત્યને ત્યાગો. કોઈએ ન આપેલી વસ્તુ ગ્રહણ ન કરો. ગર્વ છેતરપિંડીને ત્યાગો. આ પ્રમાણે તમે દમનશીલ રહો. પાંચ મહાવ્રતોથી રક્ષાયેલા, આ ભવ અને પરભવમાં અસંયમી જીવનને નહીં ઇચ્છનારા, દુઃખો સહન કરી કરીને શરીરને વિષેની મમતા છોડનારા પુરુષો યજ્ઞ કરે છે. એવા યજ્ઞ કર્મરૂપ શત્રુ પર વિજય મેળવે છે.

બ્રાહ્મણો — તમે કહેલા યજ્ઞમાં અગ્નિ, યજ્ઞકુંડ, ઘી વગેરે હોમવાની કડછી, છાણાં, સમિધનાં કાષ્ઠ, શાંતિપાઠ એ બધું શું છે? હોમવિધિથી તમે અગ્નિને તૃપ્ત કરો છો? તમારા યજ્ઞમાં પાણીનો કુંડ કયો? તીર્થસ્થાન શું? શામાં સ્નાન કર્યા પછી તમે દુષ્ટ કર્મોનો નાશ કરો છો? તમારા વિચારો બહુ ગંભીર છે, માટે તમારી પાસેથી જાણવા અમે ઇચ્છીએ છીએ.

મુનિ — તપ એ અગ્નિ છે, જીવન એ યજ્ઞકુંડ છે, સમ્યગ યોગ એ હોમવાની કડછી છે. શરીર એ છાણાં છે, કર્મો એ સમિધનાં કાષ્ઠ છે, સંયમ એ શાંતિપાઠ છે. સમ્યગ્ ચારિત્ર્યરૂપ વિધિ વડે હું યજ્ઞ કરું છું. ધર્મ એ કુંડ છે. બ્રહ્મચર્ય એ શાંતિતીર્થ છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્નેનું સેવન કરવાથી સમગ્ર કર્મરૂપી મળનાં મૂળ કારણો નાશ પામે છે. એ કુંડમાં સ્નાન કરીને મળરહિત થઈને રાગાદિના તાપથી રહિત થવાથી અત્યંત શીતળ બનીને હું દોષોનો ત્યાગ કરું છું. આ જ મહાસ્નાન છે.

આ સંવાદ પછી અંત્યજ મુનિ બળ પોતાને સ્થાન ગયા.

રમણીકલાલ મોદી

વિયેનાનો સાધુ

વિયેના એ ઑસ્ટ્રિયાની રાજધાની છે. ત્યાં સેંટ એટીએનનું દેવળ છે અને એની પાસે એક પથરો ઊભો કરેલો છે. એક કાળે એ જગ્યાએ લીંબોઈનું એક ઝાડ હતું એનું એ સ્મારક છે.

વિયેના આજે મોટું શહેર છે. પણ નવસો વરસ પહેલાં એ નાનકડું ગામ હતું. નાની નાની અને સાંકડી એની ગલીઓ હતી અને ગામ ફરતો નાનો કોટ હતો. એ કોટની જગાએ આજે તો એક આલીશાન રાજમાર્ગ આવેલો છે. એ કોટની બહાર પેલું દેવળ હતું, અને દેવળની આસપાસ એક જૂનું ને રળિયામણું જંગલ હતું. વસ્તી વધતી ગઈ ને ગામ મોટું થતું ગયું તેમ તેમ દેવળ નાનું પડવા લાગ્યું. ગામના બધા લોકો એમાં માઈ શકતા નહીં. ઘણા લોકો તો દેવળ બહાર ઝાડો નીચે જ ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતા અને દેવળનાં પગથિયાં પર ઊભો રહીને દેવળનો સાધુ ઉપદેશ કરતો તે સાંભળતા.

આમ ક્યાં સુધી ચાલે? એક દિવસ ગામનો મોટો મિસ્ત્રી હાથમાં કાગળિયાનો વીંટો લઈને આવ્યો. એની જોડે મજૂરો હતા. દોરી નંખાઈ, ખીંટીઓ ઠોકાઈ અને જમીન મપાવા લાગી.

ઝાડો ભયથી ફફડી ઊઠ્યાં. દેવળની પાસે એક નાની લીંબોઈ હતી. પડોશમાં એક વૃયોવૃદ્ધ ઓકનું ઝાડ હતું. લીંબોઈ ઓક તરફ ઝૂકી પડીને પૂછવા લાગી, 'હેં ભાઈ, પેલા લોકો શું કરે છે? આ બધું શાને સારુ હશે?'

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે દૈવ!' ઓકે નિસાસો નાખ્યો, 'આપણો કાળ હવે પાસે આવ્યો છે.'

લીંબોઈનું પાતળું થડિયું ધ્રૂજી ગયું અને પાંદડાં કંપવા લાગ્યાં.

ઓક બોલ્યું, 'હા. એમ જ થવાનું. ઘાસ ઉપર પેલું ચળકચળક થાય છે એનું નામ કુહાડી ને કરવત. એનાથી આપણાં શરીર કાપી નાખશે. પેલી ભીંતો ચણી ત્યારની મને તો એની ખબર પડી ગઈ છે. તે વખતે હું તારી પેઠે નાનું બાળક હતો. એક પછી એક મારા પડોશીઓને કાપી નાખ્યા ને એ દીવાલને સારુ જગા કરી. એ બધું મેં મારી આંખે જોયેલું. હવે આપણો વારો છે.'

ઓક તો માણસોને ગાળો દેવા લાગ્યું. કેવા કૃતઘ્ની રાક્ષસો! અમે એમની આડે ન આવીએ ત્યારે અમારી શોભાનાં વખાણ કરે છે ને અમારી છાયાનો પાડ માને છે. પણ અમારી જગ્યાનું કામ પડ્યું કે બધી દયા ભૂલી જવાના. કેટલાં વરસો થયાં આ વિયેનાના લોકો અમારી પાસે આવે છે, અમારી ડાળીઓની છાયામાં બેસીને થાક ઉતારે છે, કોલકરાર કરે છે અને પોતાનાં છોકરાંને પક્ષી અને ફૂલનાં નામ શીખવે છે. હવે એ નિર્દય લોકો બધું ભૂલી ગયા! હવે આ જંગલ કાપી નાખશે. માણસના જેવું ક્રૂર ને હૈયા-સૂનું પ્રાણી મેં હજી જોયું નથી. ભૂંડ કે વરુ કરતાં પણ એ બૂરા છે.'

ઓકનો કકળાટ સાંભળી લીંબોઈ બોલી, 'ના, ના. એવું શું કામ કહો છો, ભાઈ? માણસો દુષ્ટ નથી; મારી ખાતરી છે કે એ લોકો દુષ્ટ નથી. હું તો રોજ એમની પ્રાર્થનાઓ સાંભળું છું. આ સુંદર સૃષ્ટિ રચી એને સારુ એના સરજનહારનો—સૃષ્ટિના પિતાનો—તેઓ પાડ માને છે ને એનું સ્તવન કરે છે. તેઓ એ ઈશ્વર પાસે રોજ માગે છે કે હે પ્રભુ, તું અમારાં પાપો માફ કર અને અમને ભલા બનાવ. વળી એ માણસોનાં મોઢાં પર કેટલી બહાદુરી, આનંદ અને દયા દેખાય છે! જરૂર પડશે તો હું એમને માટે મારા પ્રાણ આપીશ.'

થોડા દહાડામાં ઓકની ભવિષ્યવાણી ખરી પડી. મજૂરોએ કુહાડીઓ લીધી ને ઝાડો કડડડ કરતાં જમીન પર લાંબાં થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગ્યાં. મજૂરોનું કામ ચાલતું ગયું અને જંગલ ચીસો અને કડકડાટથી ગાજી રહ્યું. મજૂરો ધીમે ધીમે પેલા ઓકની પાસે ને પાસે આવતા ગયા. એક દિવસ ઓકની પાસે મિસ્ત્રી અને દેવળનો સાધુ એબરહાર્ડ ઊભા હતા. સાધુએ કહ્યું, 'તમે તો બહુ ભવ્ય દેવળ બાંધવાના લાગો છો. એમાં ઈશ્વરનો જયજયકાર થશે અને આ નગર ધન્ય થશે. પણ આ જંગલ કપાય છે એ જોઈને જાણે મારું હૈયું કપાય છે. મારા પડોશીઓ હણાતા હોય એમ મને તો થઈ જાય છે.'

મિસ્ત્રી હસ્યો.

સાધુ બોલ્યો, 'મારી એક વિનંતિ સાંભળો. પેલા મોટા ઓકને રહેવા દો. એ મને બહુ વહાલો છે. બહુ ભલો છે. વિયેના શહેર કરતાંયે જૂનો છે.'

મિસ્ત્રીએ ડોકું ધુણાવ્યું. 'એ નવા દેવળની દીવાલની અડોઅડ છે, એની ડાળીઓ બહુ લાંબી છે. એને કેમ રહેવા દેવાય?'

સાધુ ફરી કરગર્યો. 'ત્યારે આ બચૂકડી લીંબોઈને તો બચાવો. એ બિચારી શું નુકસાન કરવાની હતી?'

મિસ્ત્રીએ ડોકું હલાવ્યું. 'ભલે, તમારી લીંબોઈને ભલે રાખો. નવા દેવળના બાગમાં એ છો રહેતી.'

સાધુ રાજી થયો. 'પ્રભુ તમારું ભલું કરે, ભાઈ. આ લીંબોઈથી આ વનનું સંભારણું રહેશે. લોકો એને જોશે ને વનને સંભારશે.'

બંને ચાલતા થયા.

ઓક લીંબોઈની આગળ બબડવા લાગ્યું, 'મારા મરણનો હુકમ તો મેં સાંભળ્યો. છતાં મને બહુ દુઃખ નથી થતું. તું તો બચી છે ને! તું મારું પેટ નથી તેથી શું, તું મને મારી દીકરી જેટલી વહાલી છે.'

આખું વન કપાયું. સૌથી છેલ્લો વારો ઓકનો હતો. એ કપાયું તે દિવસે રાતના આકાશ સાફ હતું. વાદળાં નહોતાં. ઉનાળાની રાત હતી. રૂપેરી ચાંદની જમીન પર પથરાઈ હતી. લીંબોઈ પર ફૂલ આવ્યાં હતાં. તેની સુવાસ હવામાં ફેલાઈ રહી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાએક પડેલાં ઝાડનાં થડિયાંમાં પ્રકાશના ચમકારા થવા લાગ્યા. નાનાં નાનાં સુંદર પ્રાણીઓના કપાળ પર ચળકતા તારાના એ ચમકારા હતા. તે એ વનની પરીઓ હતી. એમણે જાણે ધૂમસનાં કપડાં પહેર્યાં હતાં. એમનાં માથાં પર ફૂલપાંદડાંની માળાઓથી ગૂંથેલા મુગટ હતા. આ પરીઓ અત્યાર સુધી આ ઝાડોમાં રહી હતી. હવે તેમને નવાં રહેઠાણ શોધવાનાં હતાં. તેઓ ગભરાટથી આમતેમ દોડવા લાગી. તેમના વિલાપ અને ચીસો રાત્રિને ભેદતી હતી. અંતે તેઓ લીંબોઈની આસપાસ ભેગી થઈ. લીંબોઈનું થડ ઊઘડયું ને એમાંથી એક પરી નીકળી.

રોતાં રોતાં એ બીજી બધી બહેનોને વિદાય આપવા લાગી.

'આપણને સૌને સાથે દેશવટો મળ્યો હોત તો કેવું સારું થાત! હવે હું મધરાતે કોની જોડે ગાઈશ અને નાચીશ? આ સૂનકાર તો મને ખાવા ધાતો લાગે છે. હવે મારાથી એકલાં કેમ રહેવાશે?'

બીજી બહેનોએ એને આશ્વાસન આપ્યું.

'બનશે તો અમે કોક વાર છાનાંમાનાં તારી પાસે આવતાં રહીશું. તું અહીંયાં રહે, બહેન. લોકોને આપણા વહાલા વનની યાદ આપજે અને આપણને ભાઈબહેનની જેમ ચાહતા પેલા સાધુ પર આશીર્વાદ વરસાવજે.'

એકેએક પરી બોલી, 'મારા પણ એને આશીર્વાદ છે. ધન્ય થાઓ એનું જીવતર અને ધન્ય થાઓ એનું મરણ.'

ચમકચમક કરતી પરીઓ ચાલી ગઈ.

વરસો વહી ગયાં. લીંબોઈની પાસે ભવ્ય દેવળ ઊભું હતું. એથીયે પાસે સાધુ એબરહાર્ડનું ઘર હતું. લીંબોઈની આસપાસ બચૂકડાં ફૂલઝાડ ઊગ્યાં હતાં ને એમના પર રંગ-રંગનાં ફૂલો હસતાં હતાં. લીંબોઈને ફૂલો પર બહુ વહાલ આવતું. હવે એને સૂનું પણ નહોતું લાગતું, કારણ એની છાયામાં એક બાંકડો ને મેજ પડી રહેતાં ને સાધુ દિવસનો ઘણો ભાગ ત્યાં જ ગાળતો. ત્યાં વિયેનાના મોટા મોટા લોકો આ જ્ઞાની અને પવિત્ર સાધુની પાસે બેસવા આવતા. ત્યાં જ છોકરાંઓ એની પાસે વનની પરીઓની, દુષ્ટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાક્ષસોની, સંતોની અને એવી એવી વાતો સાંભળવા ટોળે મળતાં. રાજાના મહેલમાં ન થાય એટલી માણસોની આવજા આ બાગમાં થતી, કારણ વિયેનાનું એકેએક માણસ આ સાધુને ચાહતું ને એની પાસે સુખદુઃખની વાત કરવા આવતું. લીંઓઈની સુવાસ ફેલાવતી ડાળીઓની છાંયે કેટલાંયે ભાંગેલાં હૈયાં સાજાં થઈ જતાં.

લીંઓઈ અને સાધુ એકબીજા પર પોતાનું વહાલ ઢોળતાં. એ પ્રેમની તોલે જગતનો કયો પ્રેમ આવી શકે ? સાધુની અવસ્થા થવા આવી. સાધુ લીંઓઈને થાબડતો ને મળવા આવેલા લોકોને કહેતો :

'મારી જુવાનીનો આ એક જ સાથી છે. એનાં ફૂલોએ મારા આખા જીવનને સુવાસિત બનાવ્યું છે.'

એક વાર શિયાળામાં સાધુ માંદો પડ્યો. પક્ષી અને ફૂલો અદૃશ્ય થયાં હતાં, અને લીંઓઈની પાંદડાં વિનાની ડાળીઓમાં થઈને ગમગીન પવન મંદ મંદ વાતો હતો.

સાધુ કહેતો, 'અહા ! મારી બહેન મારે સારૂ રુએ છે. બહેન લીંઓઈ, મારા જેવું હેત તને કોણ દેખાડશે ?'

લીંઓઈ હવે તો ઊંચી થઈ હતી. સાધુના સૂવાના ઓરડામાં એ ડોકિયાં કરી શકતી. સાધુ દિવસે દિવસે વધારે ને વધારે ફીકો અને કૃશ થતો હતો એ તે જોતી હતી, પણ એણે એને એકે દિવસ ઈશ્વરને દોષ દેતો કે ભાગ્યનો વાંક કાઢતો ન સાંભળ્યો.

સાધુનો અંતકાળ પાસે આવ્યો. બારીએ લીંઓઈની પાંદડાં વિનાની ડાળીઓ ધીમે ધીમે અથડાતી હતી. મરણશય્યા પરથી સાધુએ બારી તરફ આંખ ફેરવી, અને ગણગણ્યો : 'હે પ્રભુ ! તારી જ ઇચ્છા પ્રમાણે થાઓ. જિંદગી મીઠી તો છે, પણ તારી જ ઇચ્છા પ્રમાણે થાઓ. અરે, મારી લીંઓઈને ફરી એક વાર ફૂલ આવેલાં જોવા જેટલું જ હું જીવ્યો હોત તો !'

પછી એક ચમત્કાર થયો.

એના મોઢામાંથી પેલા શબ્દો નીકળ્યા કે તરત જ લીંઓઈને પાંદડાં ફૂટ્યાં અને ફૂલ ખીલી નીકળ્યાં.

'બારી ઉઘાડો,' સાધુ ઝીણે અવાજે બોલ્યો.
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે ઊભેલા લોકો તો ચકિત થઈ ગયા. એક જણ બારી ઉઘાડવા દોડ્યો. ઓરડામાં સુવાસ ફેલાઈ ગઈ. પવનની એક ઝીણી લહેર આવી અને કેટલીક પાંખડીઓ લાવીને પથારી પર વેરી ગઈ. મરતા સાધુએ એક લઈને હોઠ પર મૂકી, પાંખડી પર જ એનો શ્વાસ વિરમી ગયો.

કાળે કરીને લીંબોઈ પણ ઘરડી થઈને મરી ગઈ. પણ વિયેનાના લોકો પેલા ભલા સાધુને ભૂલ્યા ન હતા. એ સાધુનું લીંબોઈ પરનું હેત સંભારીને તેમણે લીંબોઈની જગાએ એક પથ્થરનું સ્મારક કાયમ કર્યું. આજે પણ લોકો ત્યાં જાય છે ત્યારે એ પથ્થર તેમને પેલા પ્રાચીન વનનું સ્મરણ કરાવે છે.*

ચંદ્રશંકર શુક્લ

કલાનું હાર્દ

લોકોને ખુશ કરવા ખાતર જે પોતાની કલ્પનાશક્તિ કેળવે છે, રૂપ કાઢે છે, આકર્ષક પદાર્થો નિર્માણ કરે છે, અથવા મોહક આલાપો લે છે તે નર્તકની કોટીનો માણસ છે. એની વિદ્યા કે કલા જોકે દુનિયાને પ્રસન્ન કરે છે તોપણ એના સમાધાનને અર્થે તે બસ નથી હોતી. લોકો એના સંગીતના ભૂખ્યા હોય છે, અને એ લોકોની વાહવાનો ભૂખ્યો હોય છે. સંગીતમાં જે નિરતિશય આનંદ હોય છે તે મેળવવા જેટલું હૃદય એણે કેળવ્યું નથી. કંઠ મેળવ્યો એમાં એને શો લાભ થયો? એ સમાજનો આશ્રિત છે. જેને અંદરથી આનંદ મળે છે તે નિત્યતૃપ્ત હોય છે, સ્વસ્થ હોય છે. સહેજે ચિડાઈ જાય અથવા ફુલાઈ જાય એવા સ્વભાવવાળા માણસને હું જોઉં છું ત્યારે મનમાં કહું છું, 'આ માણસ ગુણી છે, પણ કલાધર નથી.' યુદ્ધકલામાં અનેક આવડતો જોઈએ છે. પણ મુખ્ય વાત તો મોતની બેપરવાઈ, મરવાની તૈયારી, વીરતા, એ જ હોય છે. તેમ કલામાં

* અંગ્રેજી ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વસ્તુઓની આવશ્યકતા હોય તોપણ वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि એવું હૃદયનું આર્યત્વ એ મુખ્ય હોવું જોઈએ. આને જ આપણે ધાર્મિકતાને નામે ઓળખીએ છીએ. એ જ જીવવાની કળા છે. એ જ્યાં ન હોય ત્યાં વિષયનો વિલાસ જ છે — પછી એને ગમે તેટલું સુંદર નામ આપો.

કાકા કાલેલકર

મહેલનું ચિત્ર

રાજાએ ઊંચો ઊંચો મહેલ બાંધ્યો. દુનિયાની બધી કારીગરી તેમાં ઠાલવી દીધી. દેશપરદેશના લોકો મહેલ જોવા આવવા લાગ્યા. આવા અજબ મહેલનું ચિત્ર કોણ ચીતરે? દરબારના ચિતારાઓ તો મહેલની દીવાલ ચીતરતાં જ થાકી ગયા હતા. તેમના કરતાં વધારે ભવ્ય કોઈ ચિત્રકાર જોઈએ છે. ચિત્રકારોનો ગુરુ પરમ વિરક્ત લીલાધર જંગલમાં રહેતો હતો. રાજાએ બહુ માનપૂર્વક તેને બોલાવ્યો અને કહ્યું, 'મારો મહેલ જેવો છે તેવો ચીતરી આપો.'

એક મહિનામાં ચિત્ર તૈયાર થઈ આવ્યું. અરે! આ તે શું? એક વિશાળ ચિત્રપટ પર વિશાળ આકાશ અને તેમાં રંગબેરંગી વાદળીઓની અપૂર્વ શોભા. નીચલી બાજુ પર એક બાજુએ વિસ્તીર્ણ ભૂમિભાગ છે અને તેમાંથી વહેતી એક ઐરાવતી સમી નદી ઊછળતા મહાસાગરને મળે છે. આકાશ ને ભૂમિની વચમાં એક ઉત્તુંગ પહાડ વિસ્તરેલો છે; તેની તળેટીમાં એક નાનકડા ટપકા જેવો મહેલ દેખાય છે.

રાજાએ પૂછ્યું, 'આ શું ચીતર્યું?' લીલાધરે જવાબ આપ્યો, 'રાજા, તેં કહ્યું નહોતું કે મારો મહેલ જેવો છે તેવો ચીતરો? વિશ્વપતિના વૈભવમાં નૃપતિના મહેલનું સ્થાન કેવું છે, કેટલું છે, એ ન બતાવું તો મહેલ જેવો છે તેવો કેમ ચીતરી શકાય? (ગજવામાંથી સૂક્ષ્મદર્શક કાચ કાઢીને) આ જો, તારા મહેલની કંઈ પણ વિગત કે કંઈ પણ શોભા આમાં આવવી બાકી રહી છે?'

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયનો રંગ

૧

એક ચિત્રકાર હતો. તેણે માત્ર એક છબી ચીતરી હતી. પણ તેના જ સમયના અસંખ્ય ચિત્રકારોએ અગણિત છબીઓ ચીતરી હતી. તેની છબીમાં ફક્ત એક રંગ હતો — આછો લાલ! અન્ય ચિત્રકારોની છબીઓમાં વિચિત્ર રંગ હતા, પણ જે તેની એક જ રંગવાળી છબી જોતું તે કહેતું કે 'અહા! આવી સુંદર છબી ક્યાંય દેખી નથી — ચક્ષુ ચોંટી જ જાય!'

એ લાલ રંગ દેખી બીજા સર્વ ચિત્રકારો અંદર અંદર કહેવા લાગ્યા, 'આ રંગ વળી ક્યાં મળે છે? આવો રંગ તો ક્યાંય જોયો નથી.'

તેને જ્યારે પૂછ્યું ત્યારે તે સહેજ હસીને બોલ્યો, 'જાણતા નથી?'

પછી કાંઈ ધ્યાન આપ્યા વિના તેણે છબી ચીતરવામાં મન પરોવ્યું.

સઘળા બોલ્યા, 'જોયું, કેવો અહંકાર છે!'

પણ ચિત્રકારે આ વાત કાને જ ન ધરી. પ્રશંસા કે નિંદા તેને મન કાંઈ ન હતું.

૨

કયા રંગથી તે આવી છબી ચીતરતો હતો તેનું રહસ્ય જાણવા સર્વે ચિત્રકારો ઉન્મત્ત થઈ ગયા. કેટલાકોએ વિજ્ઞાનની મોટી મોટી પોથીઓ ઉથામી અને નાના પ્રકારના લાલ રંગ કાઢ્યા; કેટલાક રંગની શોધ માટે દેશવિદેશ નીકળી પડ્યા અને નાના પ્રકારના રંગ સંગ્રહી લાવ્યા. તેનાથી છબીઓ ચીતરી. પણ એવું લાવણ્ય ખીલી ઊઠે ક્યાંથી?

આ તરફ પેલો ચિત્રકાર આ સઘળાની કાંઈ દરકાર જ રાખતો નહીં. એ તો એની મેળે છબી ચીતર્યે જ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છબી ઉપર જેમ જેમ લાલ રંગ ખીલતો ગયો તેમ તેમ તેના પોતાના અંગનો રંગ ફીકો થતો ગયો.

એક દિવસ સર્વેએ જોયું કે છબી પૂરી ચીતરાઈ રહી છે; પણ ચિત્રકાર તેને છાતી સરસી રાખી મરી ગયો છે.

જેટલા ચિત્રકારો હતા તે સર્વે ખબર મળતાં દોડી આવ્યા. તેના ખંડેર ઘરમાં સઘળા ખોળવા મંડી પડ્યા કે તે રંગની શોધ કોઈને મળી જાય. પણ કોઈ ખોળી કાઢી શક્યું નહીં.

ત્યાર પછી તેને જ્યારે ચિતા ઉપર સુવાડ્યો ત્યારે સર્વેએ તેની છાતી ઉપર એક ઘાનું ચિહ્ન જોયું! તે કેટલા દિવસનું હતું તે ખબર ન પડી! *

નરહરિ પરીખ

પ્રાણદાયી હવા

એક ગામડામાં લોકો બહુ જ ભોળા અને ભલા હતા. મોટેરાંનાં વચનને માન આપતા અને તેઓ કહે તેમ કરતા.

તે ગામમાં જૂના જમાનાનો એક ડોસો રહેતો હતો. તે હંમેશાં કહેતો કે, 'હેમંત ઋતુની હવા બહુ જ નરવી હોય છે. તે જેટલી શરીરમાં જાય તેટલો માણસ વધારે તંદુરસ્ત અને બળવાન બને. હેમંતની હવા એટલે શુદ્ધ પ્રાણ.'

કાળે કરીને ડોસો દેવલોક પામ્યો એટલે લોકો તેને વધારે સંભારવા લાગ્યા. તેના શ્રાદ્ધને દિવસે સૌ ગામલોક ભેગા થતા અને તેનાં વચનો યાદ લાવતા.

એક વખત એક જણે કહ્યું, 'ભાઈઓ, ડોસા કહેતા હતા તે પ્રમાણે ચાલીશું તો જ સુખી થઈશું. આપણે એમ કરીએ કે હેમંત ઋતુ પૂરી થતા પહેલાં ઘરનાં બારીબારણાં બંધ કરી પ્રાણદાયી હવા સંઘરી રાખીએ. બીજી હેમંત આવશે ત્યાં સુધી તે પહોંચશે. ઘરમાંથી

* બંગાળી ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર જવાનું બનતા સુધી ઓછું રાખીએ, અને તે પણ એક નાનકડું બાકોરું રાખીને તેમાંથી જ. પ્રસંગ પડ્યે જરા ઉઘાડ્યું કે તરત બંધ!'

આ સલાહ સૌને ગળે ઊતરી અને બધા તેમ જ કરવા લાગ્યા. પરિણામ શું આવ્યું તે કહેવાની જરૂર નથી.

રૂઢિઉપાસક, પુરાણપ્રિય, ચુસ્ત સનાતની હિંદુ સમાજ તે પરિણામ હંમેશાં અનુભવે જ છે.

કાકા કાલેલકર

અસ્પંદ તીર્થ

નદીમાં ભારે ઊંડો અને પહોળો ધરો હતો. રાજાને થયું કે, 'ચાલો આપણે શરદ ઋતુનું સ્વચ્છ, પવિત્ર પાણી સ્થિર કરી રાખીએ.' મંત્રીપુરોહિતોએ 'उदारः कल्पः उदारः कल्पः' કરી રાજાના વિચારને વધાવી લીધો. કડિયા મજૂર ભેગા થયા અને ધરની ચોમેર સુંદર નિર્દોષ અને મજબૂત દીવાલ બાંધવામાં આવી. પાણી પાસે જવા માટે દરેક વર્ગના જુદા જુદા ઘાટ બાંધવામાં આવ્યા અને કામ ઉત્તમ રીતે પૂરું થયું. પણ—

પણ હવે બહારનું નવું પાણી અંદર ન આવે, અને જૂનું પાણી બહાર ન જાય. લોકો કહેવા લાગ્યા, 'એ જ તો મોટો લાભ! અન્ય ઋતુનું અપવિત્ર પાણી અંદર ન જાય અને પવિત્ર પાણીનો એક છાંટો પણ મફત જાય નહીં! બધું પવિત્ર પાણી અમને જ મળે છે.' અંત્યજો આ પાણી સુધી આવી શકતા નહોતા એ કહેવાની જરૂર નથી. કેટલાક દયાવાન લોકો સરોવરમાંથી એકાદ લોટો કાઢી એમને આપતા ખરા. પણ મોટે ભાગે અંત્યજોને નદી સુધી જ જવું પડતું.

બ્રાહ્મણોએ અસ્પંદ સરોવરનું માહાત્મ્ય લખ્યું. દરેક રોગ ઉપર તેનું પાણી ઔષધરૂપ ગણાવા લાગ્યું, રોગ મટે નહીં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગીનો વાંક. પવિત્ર પાણીને દોષ કેમ લગાડાય? જતે દહાડે પાણી વધારે ને વધારે પવિત્ર ગણાવા લાગ્યું. અસ્પંદ સરોવરનું અસ્પંદ તીર્થ બન્યું અને સાચે જ અસ્પંદ તીર્થનું પાન કરનાર ભાવિક લોકો અસ્પંદ થવા લાગ્યા. કેટલાકને અર્ધાંગ લાગુ પડ્યો.

વખત જતાં અસ્પંદ તીર્થમાં કમળો ઊગ્યાં. ધન્ય ધન્ય! નદીમાં કોઈ કાળે કમળો દેખાયાં ન હતાં. દીવાલ બાંધી, ઘાટ બાંધ્યા, પાણી સાચવી રાખ્યું, ચંચળ પ્રવાહ બંધ કર્યો, તેનું આ શુભ પરિણામ. પવિત્ર જલમાંથી પવિત્ર કમળો ઊગ્યાં, પાણીની પવિત્રતા સિદ્ધ થઈ ચૂકી. નાસ્તિકોનાં મોં બંધ થયાં. જય! અસ્પંદ તીર્થ કી જય!

પાણી સુકાવા લાગ્યું. અસંખ્ય ઉચ્ચવર્ણી લોકોના નાહવા-ધોવાથી પાણીમાં પરસેવો વધવા લાગ્યો. બદબો ફેલાવા લાગી. પણ તેને બદબો કહે કોણ? છોકરાઓ કંટાળતા અને નદી તરફ જવાનું પસંદ કરતા. પણ તે તો છોકરાઓની દુર્વિનીતતા! વાર્તા બહુ લાંબી છે. ટૂંકામાં એટલું જ કહીએ કે આખરે અસ્પંદ તીર્થના માહાત્મ્ય કરતાં કાળમાહાત્મ્ય વધારે પ્રબળ નીવડ્યું. દીવાલના પથ્થરો ઢીલા થયા હતા. તીર્થના પાણીનું સેવન કરનારના હાથપગ સંધિવાથી એટલા અકડાઈ ગયા હતા કે દીવાલની મરામત કોણ કરે? અને પવિત્ર દીવાલના પવિત્ર પથ્થરને અડે કોણ? ખસેડે કોણ? બાપદાદાઓ-એ જેવા ગોઠવ્યા હતા તે બહુ જ ડહાપણપૂર્વક ગોઠવ્યા હતા. તેમાં ફેરફાર થાય નહીં. આખરે એક વર્ષે ભારે વરસાદ થયો, ઘોડાપૂરની રેલ આવી, અને દીવાલનું જે થવાનું હતું તે થયું.

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારીમાંથી ડોકિયું

૧

હું પક્ષી થાઉં તો કેવી મઝા પડે!

૨

પેલો પથરો જુઓ! હજારો વરસ થયાં જ્યાં પડ્યો છે ત્યાંનો ત્યાં જ છે. આટલાં વરસથી ત્યાં ઊભો છે છતાં પેલી કરાડ નીચે શું છે એની એને ખબર નથી. ટાઢ, તડકો, પવન, વરસાદ, બધું જ એને સહન કરવું પડે છે.

એના કરતાં એની બાજુએ ઊગેલું પેલું ઝાડ હજારગણું સારું. પવન આવે ત્યારે કેવું ડોલે છે! જેમ ઋતુ બદલાય તેમ એના પાંદડાંનો રંગ પણ બદલે છે. પાંદડાં ઘરડાં થયાં એટલે એ ખંખેરી નાખે છે. જરા રાહ જુઓ એટલે નવાં પાંદડાં તૈયાર! શિયાળો ગયો, વસંત વધ્યો, એટલે એ ઝાડ ખડખડાટ હસે છે. હસતાં હસતાં જુઓ કેટલાં ફૂલ એને ફૂટી નીકળ્યાં છે! ચોમાસામાં તો એને પાણી જોઈએ તેટલું મળે છે. ઉનાળામાં શું થાય? અરેરે! બિચારું ઝાડ એક ડગલુંયે ચાલી શકતું નથી. દાવાનળ સળગે તોયે એ નાસી ન શકે, અને કોઈ કુહાડી ઉગામે તોયે એ જરા સરખું ખસી શકતું નથી. એનાં ફળ અને ફૂલ શા કામનાં? છતાં એ પોતાનાં મૂળિયાં જમીનમાં ખૂબ ઊંડાણમાં ફેલાવી દે છે અને ગમે ત્યાંથી પીવાનું પાણી મેળવે છે. જે ઝાડને પાણી ખૂબ અને પાસે જ મળે છે તેનાં મૂળિયાં બહુ ટૂંકાં હોય છે. કેળનું ઝાડ જ્યારે પડે ત્યારે એનાં મૂળિયાં કેવાં ટૂંકાં ટૂંકાં દેખાય છે! રણમાં જે ઝાડો ઊગે છે તેનાં મૂળિયાં કેટલાંયે દૂર જાય છે. વડ અને પીપળાનાં મૂળિયાં તો એકએ ગાઉ પણ દૂર જઈ શકે છે એમ કહેવાય છે. મૂળિયાં આટલાં દૂર જાય પણ ઝાડ બિચારું ખસી ન શકે!

એના કરતાં તો પેલો જીવડો હજાર દરજ્જે સારો! એ ભલે નાનો હોય, ભલે એ રૂપાળો ન હોય, ભલે એને પેટે ચાલવું પડતું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય, પણ એ પોતાની જગા તો બદલી શકે છે! એક ઠેકાણે ખાવાનું ન મળ્યું તો ચાલ્યો બીજે ઠેકાણે. ઝાડ આગળ કીડાઓ તુચ્છ દેખાય છે, પણ એ જ કીડાઓ આખા ઝાડને ખાઈ પણ જાય છે. પણ બિચારા કીડાઓ કેટલા અસહાય! દુ:ખની પહેલી વાત એ કે એમને પેટે ચાલવું પડે છે. કોઈનો પગ પડ્યો તો ચગદાઈ જાય. ભાંગવા માટે એની પાસે હાડકું પણ ન મળે. એ પોતાનો બચાવ શી રીતે કરે?

એના કરતાં પેલાં પશુઓ સારાં! એમની પાસે દોડવા માટે પગ છે. કરડવા માટે દાંત છે. પોતાનો બચાવ કરવા માટે કેટલાંક પાસે શીંગડાંઓ પણ હોય છે. અને દરેક પાસે કંઈક જુદી જ ખૂબી! ઊંટે પોતાના પગ લાંબા કર્યા. કાંગારુએ પોતાની પૂંછડીનો એક વધારાનો પગ બનાવ્યો. જિરાફે પોતાની ડોક લાંબી કરી. હાથીએ પોતાનું નાક લંબાવ્યું. તે એટલે સુધી કે યોગીની પેઠે એ નાકમાંથી પાણી પીએ છે, નાક વતી જ શેરડી ઉખેડે છે. નાક લાંબું થયું એટલે હાથીને થયું કે ચાલો આપણે દાંત પણ લાંબા કરીએ. પણ એ દાંત જ એને નડ્યા. ખાવાના દાંત તો ઠીક અંદર રહ્યા રહ્યા કામ કરવા લાગ્યા, પણ બતાવવાના બહારના દાંત જ એના શત્રુ થઈ પડ્યા. એના દાંતને માટે જ એનો શિકાર થવા લાગ્યો.

હાથી આવડું મોટું જાનવર છે, પણ મને લાગે છે કે એના કરતાં પેલો વાંદરોય સારો. ગમે ત્યાંથી ગમે ત્યાં કૂદી શકે છે, ફળો વીણી વીણીને ખાઈ શકે છે, અને ઉતાવળમાં ખાવું હોય ત્યારે બંને ગલોફાં ભરી રાખી શકે છે. બધાં જંગલો એનાં જ. ઘણાં જાનવરોને પૂંછડી છે, પણ પૂંછડીની સાચી શોભા તો વાંદરાની જ!

ચાલવા દોડવા માટે ચારેચાર પગ વાપરવા એ ઉડાઉપણું ગણાય. કૂતરું જ જુઓને, ઘણી વાર ત્રણ પગે દોડે છે અને એક પગ સિલકમાં અધ્ધર રાખે છે.

આપણે માણસો રહ્યા. હાથીએ નાક વતી જે કામ લીધું તે આપણે ઊભા ચાલીને આગલા બે પગ વતી કરવાનું શરૂ કર્યું. પછી એને પગ કોણ કહે? એ તો હાથ થયા. પગના હાથ થયા અને હાથની આંગળીઓમાંથી અંગૂઠો જુદો પડ્યો તેથી જ માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાનો માલિક બન્યો. માણસની બધી મહત્તા એના હાથમાં જ છે. અને હાથમાંયે એના અંગૂઠામાં છે. આપણો અંગૂઠો કપાઈ જાય તો શું શું કરતાં નડે એનો એક વાર વિચાર તો કરી જુઓ. બે પગ ઉપર આપણે ચાલતા થયા તેથી જ આપણે છાતી કાઢી શક્યા અને માથું ઊંચું કરી શક્યા. માથું ઊંચું થયું એટલે વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં જણાયું કે આપણે ઉઘાડા છીએ; કપડાં વતી શરીર ઢાંકી શકાય, ટાઢ સામે રક્ષણ કરી શકાય. હાથ હતા એટલે કાંતવાનું સૂઝયું, ગૂંથવાનું સૂઝયું. પેલો અંગૂઠો વાપર્યા વગર જરા તકલી ચલાવી બતાવો તો ખરા!

પણ શું માણસ કરતાં કોઈ મોટું નથી? માછલીઓને આપણા કરતાં મોટી ન ગણો. એમને પાણીમાં રહેતાં આવડે છે તો આપણનેયે પ્રયત્ન કર્યે તરતાં આવડે છે. માછલીઓ પાણીમાં જોઈ શકે છે તો આપણે આંખો ઉઘાડીને તળાવમાં ડૂબકી મારી શકીએ છીએ. સમુદ્રનાં મોતી શું અમસ્તાં મળતાં હશે?

૩

પણ મને તો પક્ષી થવું જ ગમે! પહેલો લાભ એ છે કે પંડિતજી પાસે શીખ્યા વગર ગાતાં આવડે. બીજી વાત, કાંત્યા વગર સરસ કપડાં પહેરવાને મળે. સાબુ વગર એ સ્વચ્છ રહે. બદલવાં ન પડે. બટન કાઢવાઘાલવાની પંચાત નહીં. અબોટિયું પહેરવાની કશી જરૂર ન મળે. જેવા હોઈએ તેવા પવિત્ર. અરે કપડાં પહેર્યાં વગર જ નવાય! પેલા આચાર્ય રૉયને પણ ન સૂઝે એવા દેશી રંગનાં કપડાં! પહેલેથી જ પોતાને મનગમતો રંગ પસંદ કરી લેવો. કાગડો વિલાયતનો માણસ દેખાય છે. એને કાળાં કપડાં જ પસંદ પડે છે. અથવા મિલમજૂર હશે. કોલસામાં કામ કરવું અને ધોળાં કપડાં પહેરવાં એ કેમ પોસાય? પેલા બગલા ગાંધીપંથમાં ભળ્યા દેખાય છે. એમને ધોળો જ રંગ ગમે. અને પોપટ શું મુસલમાન? કેટલાકને એ રંગનો શોખ હોય તો કેટલાક પચરંગી હોય. કેટલાકનો રંગ ગરાશિયાની પાઘડી જેવો તો કેટલાકનો પારસીની ટોપી જેવો. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રંગ ખાતર હું પક્ષી નહીં થાઉં. પક્ષી તો ઊડવા ખાતર થવાય. તળેટીથી ઊડયા કે પહાડના શિખર સુધી. ઉપરથી ભૂસકો માર્યો કે ફરી નીચે. નદી ગાંડા હાથીની પેઠે દોડતી હોય તોયે શું? આપણે એમ ચાલ્યા ભુર્ર્ર્ સામે કાંઠે !

પક્ષીઓએ કુદરત ઉપર ભારે કાબૂ મેળવ્યો છે.. મને તો આખો દિવસ પક્ષીઓને જોવાનું જ મન થાય છે. એ કેવાં ઊડે છે ! કેટલાંક પાંખ ફફડાવે છે. કેટલાંક તો બંને પાંખો ફેલાવીને જાણે હવા ઉપર તરતાં જ હોય ! ઘડીકમાં એ વિચાર ફેરવે, છાતી ફુલાવે, અને હલકું થઈને એકદમ ઉપર જાય છે. ત્યાં મોટા મોટા ફેર ફરે છે. એ સમળીઓ આકાશમાં ફરતી હોય ત્યારે જોવાની તો ઓર જ મજા ! એનાં ગોળ ગોળ ચક્કર ઘડીકમાં એકબીજાને 'કાપે' છે. ઘડીકમાં એ સામે ફરે. ઉપર હોય એ નીચે જાય નીચલી ઉપર આવે. ખૂબ આનંદ આવે ત્યારે કિલ કિલ કિલ અવાજ પણ કરે. એની આંખો પણ કેવી તીણી હશે! નીચે કાંઈક જુએ એટલે ઝઅઅપ દઈને નીચે આવે. માથું નીચે ને પીછાં ઉપર, એવી રીતે ઊતરતી સમળીને તમે જોઈ છે? સમળી જ્યારે આમ નીચે ઊતરે ત્યારે એના ઉતારની રેષા જોવાલાયક હોય છે. ગણિતીઓ એ રેષાને 'પૅરાબોલા' કહે છે. પણ સમળી ધારે તો એને 'હાઇપર્બોલા' પણ કરી શકે છે.

કેટલાંક પક્ષીઓ કટકે કટકે ઊડતાં હોય એમ દેખાય છે. જાણે તીર પાસેથી જ એમણે ઊડવાના પાઠો લીધા હોય. એ લોકો મજામાં આવે એટલે મોજાંમાં ઊડે છે. અને બધાં જ મોજાં સરખા અંતરનાં. એક જાતની 'પાકોળી' હોય છે. એ જાણે કરચલા પાસેથી પોતાની ગતિ શીખી છે. સામે જવાને બદલે બાજુ બાજુ ઊડે છે. કેટલાંક ઊંચે ઊડનાર પક્ષીઓ જમણી પાંખ આકાશ તરફ અને ડાબી પાંખ પૃથ્વી તરફ રાખીને એક મોટું ચક્કર લગાવે છે અને ફરી સીધાં થઈ જાય છે. એમને એમાં શો આનંદ આવતો હશે ? તરવામાં જો એટલો આનંદ આપણને આવે છે તો એમને ઊડતાં કેટલો આવતો હશે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક પક્ષીઓ ઊડતાં હોય ત્યારે જ ગાય છે. સ્થિર થઈને બેઠાં કે મૌની મુનિ ! કેટલાંકનો સાવ એથી ઊલટો સ્વભાવ. ગાવું હોય ત્યારે સરસ સ્થાન શોધીને ઠાવકું મોઢું કરીને બેસે છે અને પછી પોતાના ગાયનના ફુવારા ફેંકયે જાય છે. એક વાર શરૂ કરે એટલે કલાકો સુધી ગાયાં જ કરે. કોયલ અને બપૈયા આ જાતનાં છે. સંસ્કૃત કાવ્યોમાં જ્યારે સર્ગ પૂરો થાય છે ત્યારે છેલ્લા શ્લોકનું વૃત્ત બદલાય છે. કોયલનું પણ એમ જ છે. એનું એક ગાયન પૂરું થયું એટલે તે વિશિષ્ટ રીતે અવાજ કરે છે, જરાક થોભી જાય છે, અને પછી નવો રાગ શરૂ કરે છે. નાનાં નાનાં પક્ષીઓ ટૂંકા રાગ પસંદ કરે છે. તેઓ ડાળીએ ડાળીએ કૂદતાં જ ગાય છે. કોક વખતે જાણે પહેલેથી નક્કી કર્યું હોય તેમ ત્રણ ચાર જાતનાં પક્ષીઓ એક જ ઝાડ પર બેસીને એકસામટાં ગાયન શરૂ કરે છે. આ વૃંદ-ગાયનમાં તાલનું નામ ન મળે, છતાં એક જાતનું સંગીત અને માધુર્ય જામે છે ખરું. આ જાતનો આનંદ લેવાનું મન સૌથી વધારે લેલાને થાય છે. બીજાં પક્ષીઓ ગાતાં હોય ત્યાં લલેડાં આવીને પોતાના રાગડા ભેળવવાનાં જ.

પક્ષીઓ જ્યારે ફૂલઝાડ પર આવીને બેસે છે ત્યારે એમને શું થતું હશે? ફળઝાડ ઉપરનો સવાલ તો સીધો છે. રસાળ ફળ જુએ એટલે એ સીધાં ખાવાને દોડે. ભક્ષ્ય-ભક્ષકનો એ કુદરતનો મુખ્ય ન્યાય છે. પણ રંગબેરંગી ફૂલો જોઈને પક્ષીઓને શું થતું હશે? પોતાના જેવાં જ રમતિયાળ અને રૂપાળાં ફૂલોને જોઈને એમના મનમાં મત્સર તો નહીં પેદા થતો હોય? ના. મત્સર તો માણસને માટે જ છે. કુદરતી સૃષ્ટિમાં બીજા ગમે તે ભાવો હોય, મત્સર જોવામાં નથી આવતો. મત્સર એ માનવી કૃતિ છે. મને લાગે છે કે પક્ષીઓ ફૂલોને જોઈને સમભાવથી એમને ગાવા કે ઊડવા નોતરતાં હશે, અને ફૂલો જવાબ ન આપે એ જોઈ મૂંઝાતાં હશે. એક ભારદ્વાજ પરમ દિવસે ચંપાના ઝાડ પર ફૂલ આગળ બેસી બોલતો હતો, 'તને જોઈને મને ગાવાનું મન થાય છે. તને કેમ ગાયન નથી સૂઝતું ? તારા જેવો સોનાનો રંગ મને હોત તો આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધ્યાકિરણમાં હું સૂરજની જ હરીફાઈ કરત. ચાલ મારી પાછળ આવ, આપણે સાથે ઊડીએ.' કેટલીયે વાર એણે ચંપાને અનુનય કર્યો. પણ એ માને નહીં. ન ઊઠે, ન બોલે, એણે તો એક નન્નો ચલાવ્યો હતો. એટલામાં પોતાનું કંઈ ખોવાઈ ગયું હોય અને એકાએક સાંભર્યું હોય તેમ ભારદ્વાજે પોતાનું મન ખેંચી લીધું, અને પોતાની ચળકતી પાંખો ફેલાવીને એ ઊડી ગયો. એ મને બોલાવત તો?

કાકા કાલેલકર

પંખીગીત

૧

હે પરમ ગાયક! તારું ગાન ક્યારે સાંભળીશું? તારી પાંખો ક્યારે જોઈશું? તારી સાથે તારા તળાવમાં ક્યારે નાહીશું? રોજ અમે માગીએ કે તરત જ તારો પ્રકાશનો ગોળ તું આકાશમાં ફેંકી દે છે. હે ગાયક! જો કદી અમે પ્રકાશના ગોળાની પ્રાર્થના કરતાં ભૂલી જઈએ તો તે દિવસે અમારા પર દયા કરીને વગર માગ્યે પ્રકાશ મોકલી દેજે.

તું ક્યાં રહે છે તે અમે જાણતાં નથી. કેવા રંગની તારી પાંખો છે એ અમને કોણ કહેશે? જરૂર આ ઉપર દેખાતું વાદળી આકાશ તારું ઈંડું છે, અમારું નાનું ઈંડું તોડી બહાર આવ્યાં અને આટલી વિશાળ સૃષ્ટિ અમે ઊડી પામ્યાં. તારું આ મોટું ઈંડું ભાંગશે ત્યારે કેવું વિશાળ જગત અથવા સાચું કહીએ તો ઊડત અમે જોવા પામીશું. પછી અમારે ગાવુંય નહીં પડે. પછી તો અમારે તારું ગાયન સાંભળવાનું જ રહેશે. પછી તો રાત્રે પણ અંધારું નહીં રહે. અમે આંખો મીંચીશું તોપણ અમને પ્રકાશ દેખાશે. એ દિવ્ય પ્રકાશથી જ અમારી તરસ છીપશે. એ ગાયનથી જ અમારી ભૂખ ભાંગશે. એ દિવ્ય જગતમાં દુષ્ટ બિલાડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો નહીં જ હોય. અમારાં ઈંડાં ખાઈ જનાર સરપે નહીં જ હોય અને બધાં જ પક્ષીઓ કશો અવાજ કર્યા વગર આમતેમ ઊડતાં હશે. કોઈને ભૂખ જ નહીં હોય, તેથી કોઈ એક પક્ષી બીજાને ખાશે જ નહીં. મોટાં મોટાં બાજ પક્ષીઓ પણ મોટા ગરુડની પેઠે નાનાં પક્ષીઓને પોતાની પાંખો ઉપર બેસાડીને ફરવા લઈ જશે.

હે પરમ પ્રકાશ! વખત થયો હોય તો તારું મોટું ઈંડું ફોડી દે. આ સાંકડી દુનિયામાં હવે નથી રહેવાતું. બીક અને ભૂખથી અમે અકળાયાં છીએ. આનો અંત આણ. તારું વિશાળ ઊડત અમને જોવા દે.

૨

હે પરમ સુંદર! પેલો સપ્તવર્ણી પુલ તેં આકાશમાં ફેલાવ્યો છે. શું એ રસ્તે અમે તારી પાસે આવીએ? અમે એકલાં એકલાં કેમ આવીએ? વિધવિધ રંગનાં અમે ભેગાં થઈએ તે પહેલાં જ તારો પુલ અદૃશ્ય થઈ જાય છે. અમે એક એક વર્ણવાળાંઓ પણ ભેગાં થઈ શકતાં નથી. અને અનેક વર્ણવાળાંઓ પણ ભેગાં થઈ શકતાં નથી. બગલાઓ કાગડાને ઓળખતા નથી, અને કાગડાઓ બગલાને ઓળખી શકતા નથી. અને પન્નાની શોભા લઈ ફરનાર પોપટ એ બંનેને ઓળખતા નથી. એ તારો સપ્તવર્ણી પુલ તો ચોખ્ખેચોખ્ખું કહી દે છે કે બધા વર્ણો સંપીલા થાય ત્યારે જ એ રસ્તે તારી પાસે જઈ શકાય. શું કરીએ? અમારા વર્ણો જ અમારી આડે આવે છે. પણ વર્ણો વગર કેમ રહેવાય? એ પણ મુશ્કેલી છે. વર્ણોનો અભાવ તો અંધારામાં જ હોય છે. અને અંધારું તો અમને જરાયે ગમતું નથી. અંધારું એટલે અશક્તિ. અંધારું પડ્યું કે એના બોજા તળે અમારી પાંખો દબાઈ જાય છે. ઊડવાનું તો એક કોરે રહ્યું, પાંખો ફફડાવવી પણ મુશ્કેલ થઈ જાય છે. માટે હે સૂક્ષ્મકિરણ! કાં તો અમને અંધારામાં જોવાની અને ઊડવાની શક્તિ આપ અથવા બધા વર્ણો એકબીજાને ઓળખે અને તારા સપ્તવર્ણી પુલની પેઠે અલગ છતાં એકબીજામાં ભળી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું હૈયું અમને આપ. વૃદ્ધ જનો કહે છે કે રાતના અંધારામાં જોઈ શકે એવાં પણ પક્ષીઓ હોય છે. પણ તે બહુ દુષ્ટ હોય છે, અમારાં બચ્ચાંને જ ખાઈ જાય છે. હે કિરણ! અંધારું એ છે જ બહુ ખરાબ વસ્તુ. અમારે માટે અંધારું દૂર કર. અંધારામાં ફરનાર પક્ષીઓ અમને ન બનાવ. જેવું આવડે છે તેવું તારું નામ અમે બંને સંધ્યાએ ગાઈશું. તને આનંદ છે! આનંદ છે! આનંદ!

૩

તારાં નામો અસંખ્ય છે. અમે તને પ્રકાશના ગોળ તરીકે ઓળખીએ છીએ. અમે તને કિરણ કહીએ છીએ. તું જ ગાયન છે, તું જ વર્ણ છે, તું જ અન્ન છે, તું જ પ્રાણી છે, ચિત્રવિચિત્ર છાયા પાડનાર પણ તું છે. બીકને વખતે ભરાઈ રહેવાનું આશ્રયસ્થાન પણ તું જ છે. તું જ તડકો અને તું જ વરસાદ છે. જાગૃતિ અને ઊંઘ તારાં જ સ્વરૂપો છે. અમારી છાતીને સુખ દેનાર અને અમારી પાંખોને અધ્ધર રાખનાર હવા પણ તું જ છે. દાણા વીણી લાવવા માટે ગમે તે દિશાએ ઊડી ગયાં હોઈએ તોપણ અમને અમારાં બચ્ચાંઓનું સ્મરણ રહે છે તે પણ તું જ છે. અને દાણા ખાઈને ધરાયાં હોઈએ ત્યારે પાંદડાં તળે કે કાદવમાં જડનાર ઇયળ પણ તું જ છે. ઉનાળામાં છાતી ફુલાવી ફુલાવીને તું અમારી સાથે નહાય છે. સવારમાં જ અમારા દરેકના ગળામાં બેસીને તું જાતજાતના આલાપ બોલે છે, અંધારું થતાં અમારી આંખોમાં તું જ સૂઈ જાય છે. અને સવાર પડયે તું જ એ આંખો ખોલે છે. તને આનંદ છે! આનંદ છે! આનંદ!

૪

આ શું થયું? હે પ્રકાશ! આ શું થયું? રોજ સવારે અંધારા ઉપર તારો વિજય થાય છે. આજે અંધારું જ તને ગળી જવા લાગ્યું છે. બાજ અમને પકડવા ધાય છે ત્યારે અમે તારું સ્મરણ કરીએ છીએ અને તું જ અમને બચાવે છે. આજે તારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહારે કોણ ધાય? અરે! ગયો! ગયો! પ્રકાશગોળો ગયો! હવે જગતનું અને ઊડતનું શું થશે? ત્યારે શું સૌથી બળવાન અંધારું જ છે? હે કાળરૂપ અંધકાર! તું ભલે ફાવી જા. અમે તને નમન કરવાનાં નથી. અમે તારું ગાયન ગાવાનાં નથી. તેજગોળાને તું ગળી જઈશ તોયે અમે તેનું જ ધ્યાન ધરીશું. તું બિલાડી છે. તું સરપ છે. તું બાજનો બાજ છે. તને બીક હજો! બીક!

હાય હાય! હવે શું થશે? બધે જ અંધારું ફેલાયું. પણ આ અંધારું તો જુદું જ દેખાય છે. એ એકાએક આવે છે અને એનો બોજો નથી લાગતો. આટલું અંધારું થયું તોયે આંખો બંધ થતી નથી અને પાંખો પણ ભારે લાગતી નથી.

ભાઈઓ, હવે બેસી રહેવાય નહીં. બધા ઊડો. જે દિશાએ સૂઝે તે દિશાએ ઊડો. કંઠમાં જેટલું જોર હોય તેટલું વાપરીને કોલાહલ કરો. આ અંધારાને હાંકી કાઢ્યે જ છૂટકો. નહીં તો આપણે આપણા માળાઓ સુધી પહોંચીએ તે પહેલાં જ એ આપણાં ઈંડાં અને બચ્ચાંને ખાઈ જશે. એને કેટલી ચાંચો છે કોણ જાણે! એકી ક્ષણે એ બધા જ માળામાં પહોંચી જાય છે. એને બીક હજો! બીક હજો! બીક!

૫

હાર્યો! અંધકાર હાર્યો! તેજગોળ વિજયી થયો! ચાલો આપણે બધાં ગાઈએ. ગાતાં ગાતાં ઘેર જઈએ. ઘેર જઈ ઈંડાં અને બચ્ચાંના સમાચાર પૂછીએ. કાળો મેશ જેવો અંધકાર કોણ જાણે કેટલો ડિલે ચોંટ્યો હશે! એક વાર નાહી નાખીએ તો ઠીક. કોણ જાણે એ અંધકાર ક્યાંથી આવ્યો હતો. રોજનો અંધકાર પૂર્વથી આવે છે અને સવારે પશ્ચિમ તરફ દોડી જાય છે. એ ભારે હોય છે પણ આપણને ઊંઘાડે છે, પણ આ બિલાડી જેવો અંધકાર બિલાડીની પેઠે જ અચાનક આવી ગયો. અને ક્યાં ગયો એનો પત્તો જ નથી. બચ્ચાંઓ કહે છે, તેજગોળાએ કિરણના ચાબખા મારી એને પીંજી નાખ્યો છે. તેમ હોય તો એના કકડા ક્યાં છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણું કરીને એ આપણાં ઈંડાંમાં ઘૂસી ગયો છે. તેમ ન હોત તો આપણને આટઆટલા દિવસ આપણાં ઈંડાં સેવવાં ન પડત. એ અંધકાર ફરી તેજગોળાની પાછળ ન પડે અને એને ખાઈ ન જાય તે માટે હવે કોની પ્રાર્થના કરીએ? એ અંધકારને અપચો થજો. એના પેટમાં કશું ન રહેજો. એનું ઈંડું ભાંગી જજો. પ્રકાશ તને આનંદ છે! આનંદ છે! આનંદ!

૬

પ્રકાશ! તને તરસ લાગતી હોય તો પેલાં વાદળાં પી જજે. અમારા તળાવમાં તારાં કિરણ ન નાખીશ. જો આ પાણી કેટલું ઓછું થઈ ગયું છે!

ના, અમે કૃતઘ્ન નથી. તારી કઠોરતામાં પણ તારી કૃપા જ છે એ અમે જાણીએ છીએ. જો, પાણી ઓછું કરીને તેં અમને કેટલાં માછલાં અને જીવડાં આપ્યાં! ખરેખર તું દયામય છે, અન્નપૂર્ણા એ પણ તારું જ નામ છે. ખેતરોમાંનું અનાજ થઈ રહેશે એમ જાણીને જ તેં આટલાં માછલાં અને જીવડાં બનાવ્યાં છે. અને જ્યારે અમારી ભીડ ભારે હોય છે ત્યારે પાણીનું કબાટ ખોલી અમારી આગળ તું આટલી અન્નસંપત્તિ ખુલ્લી કરે છે. એ માછલાં કેટલાં ચળકી ચળકીને અમને બોલાવે છે! પણ હે પ્રકાશ! એકાદ તળાવ પણ શું તું પાણીથી ભરેલું નહીં રાખે? અમને એ પક્ષપાત નહીં લાગે. અમે બધાં અંદર અંદર સમજી લઈશું અને સર્વ વર્ણનાં પક્ષીઓ એક જ સરોવરના પાણીમાં નાહી અને ક્રીડા કરીશું.

૭

વરસાદ! તને કેટલી ઉતાવળ? અમે શરીરે તેલ ચોળીએ એટલી વાર પણ તું નહીં થોભે? સાંજનો વખત થવા આવ્યો છે. ચામડી સુધી ભીંજાઈ જઈશું તો રાત્રે અમારું શું થશે? અમે ઈંડાં કઈ રીતે સેવીશું? અમારાં બાળબચ્ચાંને હૂંફ ક્યાંથી આપીશું? અમારો માળો સાવ ભીંજાઈ જશે. અને પછી આકાશની પેઠે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રોવા માંડશે. તને એટલુંયે નથી આવડતું કે માળાવાળાં ઝાડો બચાવીને ખેતરોને જ પાણી પાવું ? તારાં કિરણો તેજગોળા જેવાં જ લાંબાં લાંબાં હોય છે; પણ તે આવાં ટંડાં કેમ ? તમે બન્ને રહો છો તો એક જ ઝાડ ઉપર. વખતે એમ હોય કે તેજગોળો તીખાં ફળ ખાતો હશે, અને તને ખાટાં ફળ ભાવતાં હશે. અમે ટાઢે ધ્રૂજીએ છીએ. અને જો આ ધરતી પણ ધ્રૂજે છે. એના શરીર પર લીલાં લીલાં રુવાંટાં ઊભાં થયાં છે.

૮

સાંજે સૂઈ જઈએ છીએ ત્યારે આકાશમાં કેવાં ચળકતાં ફૂલો ખીલે છે! એ લાલ રંગથી બહુ ડરે છે. એટલાં બધાં ફૂલો છે, પણ લાલ રંગ હોય ત્યાં જવાની એમની હિંમત ચાલતી નથી દેખાતી. ઊંઘીને ઊઠીએ છીએ ત્યારે તો જુદાં જ ફૂલ આકાશમાં દેખાય છે. અને એ પણ લાલ રંગ ખીલે નહીં ત્યાં સુધી જ ચળકતાં રહે છે. એ કેમ આટલાં લાલ રંગથી ડરતાં હશે? તેજગોળો કંઈ આમ ડરતો નથી. એ તો સવારમાં જ ખસૂસ લાલ રંગ પહેરી લે છે. એ થોડો જ પક્ષી છે કે હંમેશાં એને એક જ રંગમાં રહેવું પડે?

૯

હે નિર્ભય! તને એ તેજગોળાની શી આટલી જરૂર છે કે એને તું હંમેશ સાથે લઈને ફરે છે? તેજગોળાની જરૂર તો અમારે છે. શું અમે સૂઈ જઈએ છીએ માટે તું એને લઈ જાય છે? એમ હોય તો અમે તને વચન આપીએ કે આખી રાત અમે જાગતાં જ રહીશું. પછી કોણ એને અમારી પાસેથી ચોરી જવાનું છે? રાત્રે એને ટાઢ ન વાય એટલા માટે એક મોટો માળો એને માટે તૈયાર કરીશું. રાત્રે ઊંઘ આવી જ જશે તો અમે બધાં અમારી પાંખો એના ઉપર ફેલાવીને સૂઈ જઈશું. એ કામ ઉપર ખાસ શાહમૃગને નીમીશું. પછી તો એની કશી ચિંતા ન રહી!

વખતે એમ હશે કે પશ્ચિમ તરફ પણ બીજાં પક્ષીઓ તારી પાસે તેજગોળાની માગણી કરતાં હશે. શું તારી પાસે એક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજગોળો છે? એકાક્ષ કાગડો કહેતો હતો કે દ્વિજરાજે પહેલાં બે તેજગોળા રાખ્યા હતા: એક પશ્ચિમ તરફ જાય એટલે બીજો પૂર્વ તરફથી નીકળે. પણ બાજો મોજીલો નીવડ્યો. મોજમજામાં પડી આળસ કરે એટલે રોજ મોડો પહોંચે તેથી એને કંઈક રોગ થયો છે. દહાડે દહાડે સુકાતો જ જાય છે. જ્યારે સાવ સુકાઈ જાય છે ત્યારે દ્વિજરાજ એને પોતાને ત્યાં લઈ જાય છે અને એને પંદર દિવસ ચાલે એટલો પૌષ્ટિક પાક આપે છે. જો એ નિયમિત થાય અને બીજા તેજગોળાની પેઠે નિયમિત ચાલે તો એના જેટલો જ ચળકતો થાય. પણ એ રખડેલ સીધો ચાલતો જ નથી અને ફરી સુકાતો જાય છે. વાંક દ્વિજરાજનો નથી પણ એ આળસુ ચાંદાનો જ છે.

ગમે તે હો, હે નિર્ભય! અમે ક્યારે નિર્ભય થઈશું? એ ગયો, તેજગોળો લાલ થઈને પેલા ડુંગરા પાછળ ઢળી પડ્યો! હવે ઉતાવળે માળા તરફ જવું જોઈએ. પાંખો થાકી ગઈ છે. હમણાં અંધારું આવશે. એનો બોજો કોણ ઉપાડે? હે નિર્ભય! રાત્રે વરસાદ ન પડે એવું કાંઈ નહીં કરે? અમારાં ઈંડાં-બચ્ચાંને બિલાડી જેવા અંધારામાંથી સલામત રાખજે.

૧૦

એક દિવસ ભૂંડા હાથવાળા માનવી જોડે મારે વાતચીત થઈ. એ મને ખેતરમાંનું અનાજ ખાવા ન દે. મેં કહ્યું, 'અમે ખાવાના, ખાવાના, ને ખાવાના.' એ મને પૂછે, 'શું આ ખેતર તારા પિતાનું છે?' આવું એણે કેમ પૂછ્યું હશે? મેં એને કહ્યું, 'ત્યારે બીજા કોનું છે? એ આપણા પિતાનું નથી? આખી ધરતી જ તો એની છે. એની પાંખો બધે જ પહોંચે છે. એની ચાંચ બધાને જ ખવડાવે છે. એની હૂંફથી આપણે જીવીએ છીએ.' એ ગાંડો કહે, 'કાયદા પ્રમાણે આ ખેતર મારું છે.' કોણ જાણે કાયદો એ શી વસ્તુ છે? અમને કાંઈ એ કાયદાની ખબર નથી. પિતાનું ખેતર એનું કેમ થાય? મેં એને કહ્યું, 'એ કાયદોઆયદો હું ન સમજું. અમને ભૂખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી છે. અમે ખાવાના, ખાવાના ને ખાવાના. તને ભૂખ લાગી હોય તો તું પણ ખાજે. તને કોણ ના પાડે છે?' પણ એ નાલાયક તો અનાજ ભેગું કરી કરીને પાછું જમીનમાં દાટી દે છે અને ઉપર ઘાસ મૂકે છે. પિતાની વ્યવસ્થા એવી છે કે ઘાસ ઉપર અનાજ હોય. આ અવળા લોકો અનાજ ઉપર ઘાસ મૂકે છે. જમીનમાંથી આવેલું અનાજ ફરી જમીનમાં કેમ દાટી દેતા હશે? એ કહે, 'આ અનાજ ઉગાડવામાં અમારી મહેનત છે માટે અમે લઈ જઈએ છીએ.' મેં તરત એને પૂછ્યું, 'ત્યારે મધમાખોની મહેનતનું મધ તમે કેમ લઈ જાઓ છો?' એટલું સાંભળ્યું કે તરત જ એ મોઢું ફેરવીને ચાલતો થયો. ઝંખવાણા પડ્યા જેવો લાગ્યો તો ખરો, પણ જતી વખતે અનાજ ખેતરમાં રહેવા દઈને ન ગયો. ભારે નફ્ફટ જાત!

૧૧

આ માનવીઓ પોતાનો વખત આટલો કેમ વેડફી નાખતા હશે? રોજ ઊઠીને નવી ઢબનાં નવાં મકાનો બાંધે છે. અનાજ ખેતરમાં ખાવાને બદલે ઘેર લઈ જાય છે. પગે ચાલવાનો લહાવો છોડીને જાણે મરી ગયા હોય તેમ બીજા પાસે પોતાને ખેંચાવે છે. સર્જનહારે પણ એમને એવા તો રાંક બનાવ્યા છે કે એમના શરીર ઉપર પૂરતા વાળ પણ નથી હોતા. ઉઘાડી ચામડીથી એ કેવા કદરૂપા દેખાય છે! સર્જનહારની જો દિલથી પ્રાર્થના કરત તો એમને વાળ ન મળત? પણ એ અહંકારી લોકોને પ્રાર્થના કરવાનું સૂઝતું જ નથી. એમને એક જાતનો રોગ થયો છે. ડોસાઓ કહે છે કે આપણી ભાષામાં એ રોગનું નામ 'બુદ્ધિભ્રંશ' છે. માનવીઓની ભાષામાં એનું નામ 'પ્રગતિ' છે. બ્રહ્માંડનાયક પાસેથી વાળ માગવાને બદલે તેઓ દરેક જણ રૂનો અથવા ઊનનો માળો પોતાના શરીર પર ચડાવે છે. અને આખો વખત એ માળામાં જ ફરે છે. પણ એમની ચામડી ભૂંડી એટલે માળા ઉપર રંગ ચડાવે છે. પણ એમને રંગ ચડાવતાંયે આવડતું નથી. આપણે એમની વચ્ચે ફરીએ છીએ છતાં એમને રંગની પસંદગી કરતાં આવડતું નથી. સાવ કલાશૂન્ય જાતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એમને પ્રાર્થના કરવાનો વખત ક્યાંથી મળે? 'પ્રગતિ'ના રોગમાંથી બચી જશે ત્યારે જ સર્જનહારનું સ્મરણ કરશે.

૬૨

કહે છે કે આપણને બુદ્ધિ નથી, કેમ કે આપણને 'પ્રગતિ'-નો રોગ થયો નથી. એ પરમવિહગે આપણને આટલા સુંદર અને સુંવાળા વાળથી શણગાર્યાં છે. એમાં વળી કયા ફેરફાર કરવા જઈશું? તેજગોળો જાતજાતનાં ફળો આપણે માટે પકવે છે. એના સ્વાદમાં શો સુધારો થવાનો હતો? અનાજ મારીને ખાવામાં શો લાભ હશે! અને કોઈ માનવીએ આપણા માળા જેવું સુંદર ઘર હજી બાંધ્યું છે? જ્ઞાનસિંધુએ એમને કેમ આટલી ઓછી અક્કલ આપી હશે? એમનાં બચ્ચાં પણ આપણાં બચ્ચાં જેવાં હોશિયાર નથી હોતાં. ઘણા દિવસ સુધી એમને અનાજ કે ફળ ખાતાં સરખુંયે આવડતું નથી. માબાપ જેવું બોલતાં શીખે એના પહેલાં કેટલીયે ઋતુ જાય. છે. અને એ લોકોની ભાષા પણ કેટલી ખરાબ! સાવ શહેરી! જાતજાતના ઉચ્ચાર કરે તોયે એકબીજાનું સમજે નહીં. હે ભગવાન! એ નીચ યોનિમાંથી એમનો ઉદ્ધાર ક્યારે થશે? 'પ્રગતિ'માંથી તેઓ ક્યારે સાજા થશે? અર્ધો દિવસ પણ તેઓ તારી સામટી પ્રાર્થના કરતા નથી. એમનો ઉદ્ધાર કેમ થશે? હે દયાબુદ્ધે! એમને બુદ્ધિ આપ. અને ત્યાં સુધી તેમને મૂઢ જાણી તેમના પર દયા કરજે.

૬૩

શું આ માનવીઓએ એ સનાતન સામે વેર બાંધ્યું છે? આપણે એમની વચ્ચે બેસીને પ્રાર્થના કરીએ છીએ. એ આશાએ કે આપણને જોઈને એમને પણ એ સનાતનનું સ્મરણ થાય. પણ એ દુષ્ટો આપણને જ મારે છે. નહીં તો પાંજરામાં પૂરી દે છે. આપણે મનમાં ને મનમાં જ પ્રાર્થના કરી લઈએ તો એમને એ રુચતું નથી. આપણી પાસેથી પ્રાર્થના માગે છે, અને પ્રાર્થના કરીએ છીએ ત્યારે આપણને જ જોવા બેસે છે. આટલાં અવિવેક અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નફટાઈ એમનામાં ક્યાંથી આવ્યાં હશે? અનાજ મારીને ખાય છે તેથી?

૧૪

એક માનવી કહેતો હતો કે અગિયારશને દિવસે તેઓ રોજનો ધંધો ઓછો કરી વધારે વખત પ્રાર્થનામાં ગાળે છે. જેઓ આમ બરાબર પંદર પંદર દિવસે કરે છે (એને તેઓ ઉપવાસ કહે છે.) તેઓ ભલા કહેવાય છે. અને આપણે રોજ તેમ કરીએ છીએ ત્યારે કહે છે કે આપણને બુદ્ધિ નથી! કેટલાક સાત સાત દિવસ ભેગા મળીને પ્રાર્થના કરે છે; અને તેય પણ કેટલી? આપણે એકાદ તળાવને ફરી વળીએ એટલામાં એમની પ્રાર્થના પૂરી થાય છે. અને પછી બધા જ એકબીજાના માળા તરફ તાકતા ચાલ્યા જાય છે. આપણે સવારમાં જ ઝાડે બેસીને સામુદાયિક પ્રાર્થના કરીએ છીએ, તેમ કરતાં એમને આવડું આળસ શાથી? એમને પ્રાર્થનાની લહેજત હજી મળી નથી એમ લાગે છે. પ્રાર્થના કરતી વખતે કેવું મોઢું કરે છે! આપણી બધાની પ્રાર્થનાના માલિકે કોઈને અગવડ ન થાય એટલા માટે આ વિશાળ વિશ્વનું રૂપ ધારણ કર્યું છે. એ જ આપણો તેજગોળો બન્યો છે. એ જ આપણો ખોરાક બન્યો છે. એ જ નદી અને સમુદ્ર બન્યો છે. એ જ સમુદ્રનાં માછલાં આપણા પેટમાં જાય છે. ઝાડ અને પાન, આકાશ અને તારા બધું જ એ બન્યો છે. છતાંયે માનવીઓ એને નામે મકાન બાંધી એમાં એ પરમ સુંદરને પોતાના જેવો જ કદરૂપો બનાવી એની મશ્કરી કરે છે. એને ખાવાનું પૂછી પોતે ખાઈ જાય છે! ઝાડ પરનાં ફૂલો કાઢી એ મૂર્તિ ઉપર બેસાડી દે છે. શું ઝાડ પરનાં ફૂલ એ ગંધરાજને ગમતાં ન હતાં? એના વિશ્વમાં આવી રીતે બને તેટલો બગાડ કરે છે, અને એનો આનંદ ગાવાને બદલે અચકલા બચ્ચાની પેઠે મોંમાં આવે તે માગ્યાં કરે છે. એમને કોણ સમજાવે? એમને કોણ શિખવાડે? આપણે આટલા બધા આનંદ ગાઈએ છીએ તોયે એમને ગમ પડતી નથી! સાચે જ એ દયાપાત્ર છે!

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાનું બંધન

પહેલાં ઘોડો આજની જેમ માણસોનો ગુલામ ન હતો. જેમ છોકરાંઓ કારણ હોય કે ન હોય તોપણ આખું આંગણું ગજાવી મૂકે છે તેમ ઘોડો આખા બીડમાં મનભાવતી હડિયાપટ્ટી કરતો. તેના મોંમાં કોઈનું ચોકડું ન હતું. તેની પીઠ ઉપર કોઈ સવાર ન હતું કે તેની છાતીએ ગાડીનું ઝૂંસરું ન હતું.

આ તેજદાર અને પાણીવાળું પ્રાણી જે દિવસ સ્વતંત્ર હતું તે દિવસ સ્વતંત્રતા ઓર બહારમાં ખીલતી.

એક બીડ પુષ્કળ મીઠા ઘાસથી ભરપૂર હતું. ઘોડો મનને ગમે તેમ વિચરતો. આ છેડે ઘાસની એક પૂળી ખાય ને હડી મેલે. સામે છેડેથી વળી એક પૂળી ખાય ને પાછો હડી મેલે. આમ એનો વખત જતો.

એક વખતે ઘોડો બીડમાં આમતેમ દોડી રહ્યો હતો. ત્યાં છેટે એને કંઈ કાળું કાળું દેખાયું. ઘોડો કાન ઊભા કરીને એની તરફ જોવા લાગ્યો. તેને લાગ્યું કે આ વળી નવો ડુંગર અચાનક ક્યાંથી ? ધારીને જુએ છે તો કાળા ડુંગર જેવું એ કંઈક ચાલે છે અને હળવે હળવે તેના બીડ તરફ વધી રહ્યું છે. હવે ઘોડો ગભરાયો. હતું તેટલું જોર કરીને તે બીડને સામે છેડે દોડી ગયો. ત્યાં ઘાસની ઓથે લપાઈને કાળ જેવા પેલા હાથીને જોઈ રહ્યો.

પેલો કાળો ડુંગર જેવો હાથી હતો. સુંદર ઘાસથી ભરેલું બીડ જોઈને તેના હરખનો પાર રહ્યો નહીં. તેણે આગળ જવાનો વિચાર માંડી વાળીને બીડમાં જ ધામો નાખ્યો. ઘોડો મુશ્કેલીમાં આવી પડ્યો. ચોવીસે કલાક ભયને લીધે તેની છાતીમાંથી થડકાટ ખસતો ન હતો, અને વિશાળ પેટવાળો હાથી છપ્પનિયા કાળની પેઠે વીઘાંનાં વીઘાં ચરી જઈને બીડને હથેળી જેવું કર્યે જતો હતો એ તેનાથી દીઠું જતું ન હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રોજનું દુ:ખ કેમ ખમાય? હાથીનું કાસળ કોઈ પણ ઉપાયે કાઢવું તો જોઈએ જ. ઘોડાએ વિચાર્યું, આપણા એકલાથી તો આની જોડે નહીં લડાય, કોઈની મદદ મેળવવી જોઈએ. ઘાસ ન ખાઈ શકે એવું કોઈ શોધવું જોઈએ. સિંહ પાસે જાઉં, પણ એની સામે જવાને પગ કેમ ઊપડે? મદદ માગવા જાઉં ને મને ફાડી ખાય તો ?

હં, માણસ જ ઠીક. ઘાસ એ ખાઈ શકનાર નથી, એટલે મારું ખીડ સહીસલામત જ છે અને મારી જાત પણ તેટલી જ સહીસલામત છે; કારણ મને મારવાકરવા આવશે ત્યારે દોડી એના હાથમાંથી છટકવું શું મુશ્કેલ છે ?

પોતાનો જાનમાલ સુરક્ષિત રહે અને છતાં દુશ્મન મરે એ માટે માણસની જ મદદ માગવી એમ તેણે મનની સાથે ઠરાવ્યું. માણસ એ ઘણું ચતુર પ્રાણી છે એમ તે જાણતો હતો. બળ ન હોવા છતાં બુદ્ધિ વડે માણસ હાથી જેવા બળવાન પ્રાણીને મારશે એમ જાણનાર ઘોડાએ એટલું ન જાણ્યું કે એ જ બુદ્ધિ વડે માણસ ધારે તો તેને પણ મારી શકે. ગરજવાન એટલી અક્કલ ક્યાંથી દોડાવી શકે? ઘોડો માણસને શરણ ગયો.

દૂરથી માણસે ઘોડાને આવતો જોયો. વાહ શું ઉત્તમ પ્રાણી ઈશ્વરે પણ પેદા કર્યું છે! એમ મનમાં વિચારતો એ તો એકીટશે ઘોડાને નીરખી જ રહ્યો. લાડુ જોઈને બાળકના મનની જેવી દશા થાય તેવી ઘોડાને જોઈ માણસના મનની દશા થઈ.

ઘોડાએ આવીને માણસના પગમાં લાંબા પડીને નમસ્કાર કર્યા અને ગદ્‌ગદ કંઠે પોતાના આવવાનું કારણ નિવેદિત કર્યું. તેણે કહ્યું, ‘માણસકાકા, અત્યારે મને એક તમારો જ આધાર છે. ગમે તેમ કરો, પણ મારું આટલું એક કામ કરી આપો. તમારો પાડ હું કદીયે નહીં ભૂલું.’

ઘોડાએ તે વખતે માણસની આંખ જોઈ હોત તો તેમાં ‘ઠીક લાગ આવ્યો છે’ એવી લુચ્ચાઈભરેલી વૃત્તિ તે ઉકેલી શક્યો હોત. પણ ગરજવાનને અક્કલ ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસે કહ્યું કે 'ભાઈ ઘોડા, તારા જેવા સુંદર પ્રાણીનું કામ કોણ ન કરે? પણ તું જાણે છે કે હું તો સાવ નાનો છું. મારાથી ઉતાવળે દોડી પણ શકાતું નથી. તારો વેરી હાથી કેવડો જબરો! એનું બળ કેટલું? છતાં હું કહું તેમ તું કરે તો મને ઉમેદ છે કે હું તને મદદ કરી શકીશ.'

ઘોડાએ કબૂલ કર્યું, 'જેમ કહેશો તેમ કરીશ. મારે માટે કરવું છે ને? ક્યાં તમારું કામ છે?'

ઘોડાએ મોંમાં આંગળી આપી, એટલે હવે માણસ હળવે હળવે એનો પહોંચો ગળવાની તૈયારી કરવા લાગ્યો. એણે કહ્યું, 'મને તારી પીઠ પર ચડીને બેસવા દે.' ઘોડો કહે, 'ખુશીથી.'

'મારે કઈ તરફ જવું છે એ તને ખબર પડે તેટલા માટે તારા મોંમાં લગામ નાખવા દે.'

ઘોડો કહે, 'કબૂલ.'

'મારે ઉતાવળું કે ધીમું ચાલવું છે તે તું સમજે તે માટે તારાં પડખાંમાં લોખંડી એડીઓ મારવા દે.'

ગરજુ ઘોડાએ કહ્યું, 'ભલે તેમ.'

કબૂલત થઈ ગઈ. ઘોડા ઉપર ચડીને માણસ હાથીને હરાવવા ચાલ્યો. યુદ્ધમાં બુદ્ધિમાન માણસે હાથીને પાડ્યો.

માણસ એ બીડમાં જ રહ્યો. ઘોડાના મોંમાં લગામ કાયમ હતી.

માણસ હવે આજ જશે, કાલ જશે, એમ ઘોડો દહાડા ગણતો હતો. પણ પેલાની તો જવાની દાનત જરાયે જણાતી ન હતી. એક દિવસ ઘોડાએ કહ્યું, 'માણસકાકા, આ જન્મમાં તો હું તમારું ઋણ નહીં ફેડી શકું. પણ મારી ખાતર હવે તમારે તમારાં બૈરીછોકરાંનો વિયોગ ખમવાની જરૂર નથી. હવે તો હું મારું ફોડી લઈશ.'

પરોપકારી માણસ બોલ્યો, 'તને એમ એકલો મૂકીને મારાથી કેમ જવાય? બૈરીછોકરાંને તો હું અહીં જ તેડી લાવનાર છું. તેં મારું શરણ લીધું તો મારે તને પૂરી મદદ કરવી એ મારો ધર્મ છે. તું તારા પોતાના જ જોર વડે એકલો રહેવા જેટલો હોશિયાર થઈ જા, ત્યાર પછી જ હું અહીંથી ખસી શકું.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘોડાને કાળજે હવે ફટકો પેઠો. થોડા દિવસ રહીને એણે ડરતાં ડરતાં પૂછ્યું, 'મારી જીભમાં છાલું પડ્યું છે. મારા મોંમાંથી આ લગામ. . . .'

ડોળા કાઢીને મોટો ઘાંટો તાણીને માણસ બોલ્યો, 'ફિટકાર છે તને, નિમકહરામ! તારે માટે મેં મારાં ઘરબાર છોડ્યાં, જીવનું જોખમ ખેડીને મેં હાથી જેવા મહા બળવાન પ્રાણી સાથે યુદ્ધ કર્યું, અને આટલી એક લગામ પણ તારાથી નથી ખમાતી? આવા નિમકહરામનો ભરોસો શો? કાંટાવાળી લગામ પહેરાવ્યા વગર તું પાંસરો ચાલવાનો જ નથી.'

ઘોડાએ ઘડીક ઠેકડા માર્યા. લગામના કાંટાથી તાળવું ફૂટી જતું હતું. ચાબુકના ફટકાથી પીઠ ચિરાઈ જતી હતી. એડીના ઘાથી પડખાં વીંધાઈ જતાં હતાં. તેના ઠેકડા બધા સુકાઈ ગયા.

ઘોડાનો આજની ઘડી સુધી છુટકારો થયો નથી. સ્વતંત્રતા શું એ હવે તો એને યાદ પણ નથી રહ્યું.

જુગતરામ દવે

ભવિષ્યપુરાણ

માણસને થયું કે ઘોડો હવે સ્વતંત્રતા ભૂલી ગયો છે. પણ જેમ ડૂબી ગયેલો સૂરજ રાત પૂરી થયા પછી ઊગ્યા વગર રહેતો નથી તેમ જ સ્વતંત્રતાનો ખ્યાલ પણ ફરી ઊગ્યા વગર રહેતો નથી. સ્વતંત્રતા એ આત્માનો ગુણ છે, અને તેથી તે આત્મા જેવી જ અમર છે. ઘણાં વરસ સુધી માણસની સેવા કર્યા પછી માણસનો સ્વભાવ ઘોડો ઓળખતો થયો. તેણે જોયું કે પોતે એકલાએ જ સ્વતંત્રતા ખોઈ નથી. ઘોડાની સેવા ઉપર હંમેશ આધાર રાખીને માણસ પણ પરાવલંબી થયો હતો. ઘોડાએ વિચાર્યું, 'વફાદારીથી માણસની સેવા કરું તોયે લોઢાની એડીનો માર તો ખાવો જ પડે છે. કાંટાવાળી લગામ પણ પોતાનું કામ કર્યાં જ કરે છે. આવું દુઃખ સહન કરીએ એના કરતાં મરવું બહેતર છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વરનો સ્વભાવ વિચિત્ર છે. જે મરવાને તૈયાર થાય તેને જીવવાનો માર્ગ તે તરત જ બતાવી દે છે.

ધૂર્ત માણુસના ધ્યાનમાં ન આવે એવી એક યુક્તિ ઘોડાને સૂઝી. ઘોડાએ મનમાં કંઈક નિશ્ચય કર્યો અને નિરાંતે સૂઈ ગયો. બીજે દિવસે ઘોડાએ માણુસે આપેલું ઘાસ ખાવાની ના પાડી. માણુસ ગભરાયો. અત્યાર સુધી ઘોડાને લાગતું હતું કે પોતાને માટે જ તે ઘાસ ખાય છે. ઘોડો ઘાસ ખાય એમાં માણુસનું પણ હિત રહેલું છે એ વાત તે રાત્રે તેના ધ્યાનમાં આવી. માણુસ ક્રોધે ભરાયો. ઘોડા ઉપર જીન કસીને માણુસે સવારી કરી. તે દિવસે ઘોડાએ માણુસને લઈ જવાની ના પાડી નહીં. માણુસે વિચાર કર્યો, 'આજે, એનો ડૂચો કાઢવો જોઈએ, એટલે એની મેળે ઘાસ ખાશે.' ઘોડો થાકીને લોથ થઈ ગયો અને ઘેર આવ્યો. માણુસે એની આગળ ઘાસ નીર્યું. પણ હરિના સમ, ઘોડો ઘાસ શાનો ખાય? માણુસ મૂંઝાયો. 'હવે મારું શું થશે? આ ઘોડાને આધારે મેં આટલી પ્રવૃત્તિ વિસ્તારેલી છે. હવે આ ઘોડા વગર તેને હું કેમ પહોંચી વળું?' બીજે દિવસે એણે એક ચાબુક લઈ ઘોડાને ઝંઝેડી નાખ્યો. ઘોડાને થયું, 'પાછલા બે પગથી લત્તાપ્રહાર કરી દાંત વતી જ માણુસને કરડી ખાઉં!' પણ પાછો ઘોડાને વિચાર થયો, 'ધૂર્ત માણુસ આગળ મારી શક્તિ ચાલે એમ નથી, તો પછી શક્તિ નકામી વાપરીને ક્ષીણ થઈ જવું શા કામનું?' ઘોડાએ ગમ ખાધી અને મૂંગે મોઢે માર ખાઈ લીધો. હવે ઘોડાને નવો ઉપાય સૂઝ્યો. માણુસને મારવાને પગ ન ઉગામવા જેટલો સંયમ કર્યો તેથી તેને સૂઝ્યું કે; 'મારા પોતાના બચાવ માટે હું પગ ન હલાવું તો આ જાલિમ માણુસને લઈ જવા માટે તો પગ શાને જ હલાવું?'

બીજે દિવસે માણુસે જીન કસ્યું, લગામ ચડાવી અને ઘોડા ઉપર સવાર થયો. 'ડચ, ડચ, ડચ, ડચ. કેમ? ઘોડો કેમ નથી ચાલતો?' 'કડાબ ફટ!' ચાબુકનો અવાજ થયો. પણ વ્યર્થ! પૂતળાની માફક ઘોડો ઊભો જ રહ્યો. માણુસે વિચાર કર્યો, 'આને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવાથી આપણું જ નુકસાન છે. ઘોડો મરી જશે તો ઘોડા કરતાં મને જ નુકસાન વધારે થશે.' દૂરંદેશી વાપરીને માણસે મિહમેજ ઉતારી નાખ્યાં, લગામ કાઢી નાખી અને ઘોડાના ગળામાં એક દોરડું બાંધીને સવાર થયો.

ઘોડાએ પણ વિચાર કર્યો, 'થયું એ ઘણું થયું. હવે તો આપણે ચાલી શકીએ.' ઘોડો બધા રસ્તા જાણતો જ હતો, ક્યારે ક્યાં જવાનું હોય છે એ પણ એના ધ્યાનમાં હતું. એટલે માણસ અને ઘોડો સુખેથી રહેવા લાગ્યા. પણ નહીં, મરીને સજીવન થયેલી સ્વતંત્રતા આટલાથી કેમ સંતોષ માને? ઘોડાને દોરડું પણ અસહ્ય થઈ પડ્યું. જૂનું દોરડું કાઢીને નવું દોરડું બાંધવા માણસ આવ્યો ત્યારે ઘોડાએ ફરી પોતાનું રૂપ પ્રકાશ્યું. માણસે બિચારે લાચારીથી દોરડું પણ કાઢી નાખ્યું. હવે તો ઘોડાની ઇચ્છા થાય ત્યારે જ તે માણસને લઈ જાય, અને મનમાં ન આવે ત્યારે ચોખ્ખી ના પાડે. આવી અનિશ્ચિત સેવામાં માણસ કંટાળ્યો. ધીમે ધીમે તેણે પોતાની પ્રવૃત્તિ ઓછી કરી. તે સ્વાવલંબી બન્યો અને ઘોડાને પણ પોતાનું બીડ મળી ગયું. જે સ્થિતિ પહેલાં હતી તે સ્થિતિ ઉપર બન્ને આવ્યા; પણ બન્નેના અનુભવમાં કેટલો ઉમેરો થયો હતો!

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગામૈયા

૧

ગંગા કશું ન કરત અને એકલા ભીષ્મને જન્મ આપત તોપણ આર્યજાતિની માતા તરીકે આજે તે પ્રખ્યાત હોત. ભીષ્મની ટેક, ભીષ્મની નિઃસ્પૃહતા, ભીષ્મનું બ્રહ્મચર્ય અને ભીષ્મનું તત્ત્વજ્ઞાન એ આર્યજાતિને માટે હંમેશનું આદરપાત્ર ધ્યેય બની ચૂક્યું છે. એવા મહાપુરુષની માતા તરીકે આપણે ગંગાને ઓળખીએ છીએ.

૨

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદીમાતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતળ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય છે. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય છે. સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે! શહેરનું મેલું વાતાવરણ ક્યાં અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

આ તો થઈ સામાન્ય નદીની વાત. પણ ગંગામૈયા તો આર્યજાતિની માતા છે. આર્યોનાં મોટાં મોટાં સામ્રાજ્યો એ નદીને કિનારે જ સ્થપાયાં છે. કુરુપાંચાલ દેશનો અંગવંગાદિ દેશો સાથે ગંગાએ જ સંયોગ કર્યો છે. આજે પણ હિન્દુસ્તાનની આબાદી ગંગાને કિનારે જ વધારેમાં વધારે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાનું જ્યારે આપણે દર્શન કરીએ છીએ ત્યારે પાકથી ઊભરાતાં ખેતરો ધ્યાનમાં નથી આવતાં, અને માલથી લદાયેલાં વહાણો જ ધ્યાનમાં નથી આવતાં, પણ વ્યાસવાલ્મીકિનાં કવનો, બુદ્ધમહાવીરના વિહારો, અશોક, સમુદ્રગુપ્ત કે હર્ષ જેવા સમ્રાટોનાં પરાક્રમો અને તુલસીદાસ કે કબીર જેવા સંતજનોનાં ભજનો — એ બધાં યાદ આવે છે. ગંગાનું દર્શન એટલે શૈત્યપાવનત્વનું પ્રત્યક્ષ દર્શન.

પણ ગંગાનું દર્શન કંઈ એકવિધ નથી, ગંગોત્રી પાસેના હિમાચ્છાદિત પ્રદેશમાંનું એનું રમતિયાળ કન્યારૂપ, ઉત્તરકાશી તરફનું ચીડ દેવદારના કાવ્યમય પ્રદેશમાંનું મુગ્ધાસ્વરૂપ, દેવપ્રયાગના પહાડી અને સાંકડા પ્રદેશમાં ચમકીલી અલકનન્દા સાથેની તેની રમત, લક્ષ્મણઝૂલાની કરાલ દંષ્ટ્રામાંથી છૂટ્યા પછી હરદ્વાર પાસેનું એનું અનેક ધારે સ્વચ્છંદવિહરણ, કાનપુરને વસીને જતો એનો ઇતિહાસ-પ્રસિદ્ધ પ્રવાહ, પ્રયાગના વિશાળ પટ ઉપરનો એનો કાલિન્દી સાથેનો ત્રિવેણીસંગમ — દરેકની શોભા કંઈક જુદી જુદી જ છે. એક દૃશ્ય જોવાથી બીજાની કલ્પના ન આવી શકે. દરેકનું સૌંદર્ય જુદું, દરેકનો ભાવ જુદો, દરેકનું વાતાવરણ જુદું, દરેકનું માહાત્મ્ય જુદું.

પ્રયાગથી ગંગા જુદું જ સ્વરૂપ પકડે છે. ગંગોત્રીથી પ્રયાગ સુધી ગંગા વર્ધમાન છતાં એકરૂપ ગણાય. પણ પ્રયાગ પાસે એને યમુના મળે છે. યમુનાનું તો પહેલેથી જ એવડું કાઠું છે. તે ખેલે છે, કૂદે છે, પણ રમતિયાળ નથી દેખાતી. ગંગા શકુન્તલા જેવી તપસ્વીકન્યા દેખાય છે, જ્યારે કાળી યમુના દ્રૌપદી જેવી માનિની રાજકન્યા દેખાય છે. શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા સાંભળીએ ત્યારે પણ પ્રયાગ પાસેના ગંગા અને યમુનાના મહામુશ્કેલીથી ભળતા શુક્લ-કૃષ્ણ પ્રવાહ યાદ આવે છે. હિન્દુસ્તાનમાં અસંખ્ય નદીઓ છે અને તેથી સંગમો પણ પાર વિનાના છે. આપણા પૂર્વજોએ આ બધા સંગમોમાં ગંગાયમુનાનો આ સંયોગ સૌથી વધારે પસંદ કર્યો છે, અને તેથી જ તેનું પ્રયાગરાજ એવું ગૌરવભર્યું નામ રાખ્યું છે. હિન્દુસ્તાનમાં મુસલમાનો આવ્યા પછી જેમ હિન્દુસ્તાનના ઇતિહાસનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપ બદલાયું, તેમ જ દિલ્હી, આગ્રા, અને મથુરાવૃંદાવન પાસેથી આવતા યમુનાના પ્રવાહને લીધે ગંગાનું સ્વરૂપ પણ સાવ બદલાઈ ગયું છે.

પ્રયાગ પછી ગંગા કુલવધૂની પેઠે ગંભીર અને સૌભાગ્યવતી દેખાય છે. હવે પછી એને મોટી મોટી નદીઓ મળતી જાય છે. યમુનાનાં જળ મથુરાવૃંદાવનથી શ્રીકૃષ્ણનાં સ્મરણાં અર્પે છે. જ્યારે અયોધ્યાથી આવતી સરયૂ આદર્શ રાજા રામચંદ્રના પ્રતાપી પણ કરુણ જીવનનાં સંભારણાં લાવે છે. દક્ષિણ તરફથી આવતી ચંબલ નદી રંતિદેવના યજ્ઞયાગની વાતો કરે છે. જ્યારે શોણભદ્ર મહાન કોલાહલ કરતો ગજગ્રાહના દારુણ યુદ્ધની ઝાંખી કરાવે છે. આવી રીતે પુષ્ટ થયેલી ગંગા પાટલિપુત્ર પાસે મગધ સામ્રાજ્ય જેવી વિસ્તીર્ણ થઈ જાય છે. તોપણ ગંડકી પોતાનો અમૂલ્ય કરભાર લઈ આવતાં અચકાઈ તો નથી જ. બિહારની પ્રાચીન ભૂમિમાંથી આગળ વધતાં ગંગા ક્યાં જવું તેના જાણે વિચારમાં પડી જાય છે. આવડો પ્રચંડ વારિરાશિ પોતાના અમોઘ વેગથી પૂર્વ તરફ ધસતો હોય તેને દક્ષિણ તરફ વાળવો એ શું સહેલી વાત છે? છતાં તે તેમ વળ્યો છે. બે સમ્રાટો અથવા બે જગદ્‌ગુરુઓ જેમ એકાએક એકબીજાને મળતા નથી તેમ ગંગા અને બ્રહ્મપુત્રાનું થયેલું દેખાય છે. બ્રહ્મપુત્રા હિમાલયની પેલી પારનું બધું પાણી લઈને આસામમાંથી પશ્ચિમ તરફ આવે છે. અને ગંગા આ બાજુથી પૂર્વ તરફ જાય છે. એમનો સામસામે મેળાપ કેમ થાય? કોણ કોને પ્રથમ નમે અથવા કોણ કોને મારગ આપે? આખરે બન્નેએ નક્કી કર્યું કે બન્નેએ દાક્ષિણ્ય કેળવી સરિત્પતિનાં દર્શને જવું, અને ભક્તિનમ્ર થઈ જતાં જતાં જ્યાં બને ત્યાં રસ્તામાં એકબીજાને મળી લેવું.

આમ ગોલંદો પાસે જ્યારે ગંગા અને બ્રહ્મપુત્રાનાં વિશાળ જળ ભેગાં થાય છે, ત્યારે સાગર આથી જુદો હોતો હશે કે કેમ એવી શંકા ઊપજે છે. વિજય પ્રાપ્ત કર્યા પછી ઘડાયેલી સેના પણ જેમ અવ્યવસ્થિત થઈ જાય છે અને વિજયી વીરો ફાવે તેમ ફરે છે તેમ હવે પછી આ મહાન નદીઓનું થાય છે. અનેક મુખે તે સાગરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઈને મળે છે. દરેક પ્રવાહનું જુદું જુદું નામ છે. અને કોઈ કોઈ પ્રવાહને તો એક કરતાં વધારે નામો છે. ગંગા અને બ્રહ્મપુત્રા એક થઈ પદ્માનું નામ ધારણ કરે છે. એ જ આગળ જતાં મેઘનાને નામે ઓળખાય છે.

આ અનેકમુખી ગંગા ક્યાં જાય છે? સુંદરવનનાં નેતરનાં ઝુંડ ઉગાડવા કે સગરપુત્રોની વાસના તૃપ્ત કરી તેમનો ઉદ્ધાર કરવા? આજે જઈને જોશો તો જૂના કાવ્યમાંથી અહીં કશું રહ્યું નથી. જ્યાં જુઓ ત્યાં શણનાં ગૂણિયાં બનાવનારી મિલો અને એવાં જ બીજાં ભમરાળાં કારખાનાં. જ્યાંથી હિંદી કારીગરીની અસંખ્ય વસ્તુઓ હિંદી વહાણમાં લંકા અથવા જાવાદ્વીપ સુધી જતી ત્યાંથી જ હવે વિલાયતી અને જાપાની આગબોટો પરદેશી કારખાનામાં બનેલો કચરો માલ હિન્દુસ્તાનનાં બજારોમાં ભરી દેવા માટે આવતી દેખાય છે. ગંગામૈયા પહેલાંની પેઠે આપણને સમૃદ્ધિઓ અર્પે છે, પણ આપણા નબળા હાથ તે ઝીલી શકતા નથી. ગંગામૈયા! આ દૃશ્ય જોવાનું તારા નસીબમાં હજી ક્યાં સુધી હશે?

કાકા કાલેલકર

શ્રીનગર–કાશ્મીર

ઈટલીનું વેનીસ શહેર કાંઈ મેં જોયું નથી. કઈ રીતે કહું કે કાશ્મીરમાં આવેલું શ્રીનગર એ હિંદુસ્તાનનું વેનીસ છે? શ્રીનગરમાં રસ્તાઓ પાણીના છે. જેમ બીજાં શહેરોમાં ગાડીમાં બેસી એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં જવાય છે તેમ ત્યાં હોડીમાં બેસીને જવાય છે. આપણે અહીં બે ચાર ગાડીઓ સામટી રસ્તા ઉપર જતી હોય તો કેટલો અવાજ થાય છે! જાણે મગજ પીંજાતું હોય! શ્રીનગરમાં એવું કંઈ ન મળે. લાંબી લાંબી અને સાંકડી હોડીઓ કશો અવાજ કર્યા વિના તીરની પેઠે ચાલી જાય છે. નદીનાં પાણી પણ કેવાં ધીમાં! હોડીને ઉપરથી નીચે જતાં જેટલી વાર લાગે છે, લગભગ તેટલી જ વાર નીચેથી ઉપર જતાં થાય. નદી વહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્પાકારમાં. એની બન્ને બાજુએ લાંબી લાંબી નહેરો ખોદેલી છે. નદી અને નહેરોને બન્ને કાંઠે મકાનો ઊભાં છે. તેથી આ જલમય રસ્તાની સગવડ મળી છે.

શ્રીનગર એ કાશ્મીરની રાજધાની છે. હિમાલયના ઉત્તુંગ પહાડોની વચ્ચે પક્ષીના માળા જેવો ત્રીસચાળીસ માઈલનો સપાટ પ્રદેશ છે. તેમાં આ શહેર આવેલું છે. ઉપર કહી ગયા તેમ વિતસ્થા નદી (હાલ એને જેલમ કહે છે) છે બહુ સૌમ્ય અને ધીમી, પણ જ્યારે વરસાદથી અથવા પહાડ ઉપરનો બરફ ઓગળવાથી રેલ આવે ત્યારે તો શ્રીનગરનાં ઘરોમાં પણ પાણી ભરાઈ જાય છે. અનેક વાર ઘરો પડી પણ જાય છે. નદી ઉપર સાત પુલ બાંધેલા છે. ત્યાં તેમને 'કદલ' કહે છે.

શ્રીનગર જવાના બે મુખ્ય રસ્તા છે. એક રાવલપિંડી થઈને અને બીજો જમ્મુ થઈને. રાવલપિંડીનો રસ્તો જેલમ નદીને કાંઠે કાંઠે જાય છે. આ રસ્તે ટાંગા અને મોટર જઈ શકે છે. જમ્મુનો રસ્તો પહાડી હોઈ પગરસ્તો છે; ઘોડા એ રસ્તે જઈ શકે. આપણા ઘોડા નહીં પણ કાશ્મીર તરફનાં ટટ્ટુઓ. રાવલપિંડીનો રસ્તો અનેક ઠેકાણે ટેકરીઓ તોડીને તૈયાર કરેલો હોવાથી ચોમાસામાં જોખમભરેલો થાય છે. ટેકરીઓ મોટા મોટા ગોળ ગોળ, પથરાઓ અને માટીની બનેલી છે. વરસાદ પડે એટલે માટી પોચી થઈ જાય છે અને મોટા પથરાઓ ઉપરથી ગબડતા રસ્તા પર આવીને પડે છે. ગાફેલ મુસાફર અથવા ગાડી, ઉપરથી પડતા પથરાના વરસાદ નીચે દટાઈ જવાનો ઘણો ભય રહે છે.

પણ આ બધું બારામુલ્લા (વરાહમૂલમ) સુધી જ. ત્યાર પછી એકદમ કાશ્મીરનો રમણીય પ્રદેશ શરૂ થાય છે. બારામુલ્લાથી રસ્તો એવો તો સપાટ અને સીધો છે કે આંધળો પણ સીધો ચાલ્યો જાય. એમાં વળી બંને બાજુએ બે બે હાથને છેટે સફેતાનાં સીધાં અને ઊંચાં ઊંચાં ઝાડ. કવિઓએ નંદનવનની કલ્પના કાશ્મીર ઉપરથી જ કરી હશે. જમ્મુનો રસ્તો જહાંગીર બાદશાહે વધારે રૂઢ કર્યો હતો. આ રસ્તો પીરપુંજાલ પહાડ ઓળંગીને આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદમ પૃથ્વી ઉપરના સ્વર્ગ તરફ લઈ જાય છે. એક ઊંચા ઊંચા અને લીલાછમ વનસ્પતિથી ઢંકાયલા પહાડના પગથિયા પાસે આપણે આવી પહોંચીએ કે તરત જ એક અષ્ટકોણ તળાવ નજરે પડે છે. અંદરનું પાણી જાણે નીલમણિનો અમૃતરસ. જોતાંવેંત થાય છે કે અહીં ગળીનાં રંગેલાં કપડાં કોઈએ ધોઈ કાઢ્યાં હશે. પણ એટલું સ્વચ્છ, મીઠું અને ઠંડું પાણી બીજે ક્યાં મળે? તળાવ જહાંગીર બાદશાહે બંધાવેલું છે. આ તળાવમાં જ જેલમ નદીનું મૂળ છે. તળાવમાંથી સુંદર બાંધેલી નહેર ચાલે છે, જેની અંદર અસંખ્ય માછલાં વિચરે છે. આ ભાગમાં માછલાં પકડવાની મનાઈ ન હોત તો ક્યારનીયે આ શોભા નષ્ટ થઈ ગઈ હોત. આ સ્થાનને વેરીનાગ કહે છે. આગળ જતાં ખનબલ કરીને એક સ્થાન આવે છે ત્યાંથી જેલમ નદી હોડીઓ ચલાવવા જેટલી મોટી થાય છે. જેલમને સીધું ચાલવાનું સૂઝતું જ નથી. એક ઠેકાણે તો એ અઢી માઈલ આગળ વધતાં વાંક લઈ લઈને એણે ચૌદ માઈલનો વિસ્તાર કરી નાખ્યો છે.

શ્રીનગર પાસે બે સુંદર ટેકરીઓ છે. એક બહુ ઊંચી છે. બીજી ઊંચી નથી, પણ ખૂબ પહોળી છે. ઊંચી ટેકરીને શંકરાચાર્યની ટેકરી કહે છે. મુસલમાનો તેને તખ્ત-ઈ-સુલેમાન કહે છે. ત્યાંથી ચારે તરફ દૂર સુધીનો દેખાવ અત્યંત ચિત્તાકર્ષક છે. એના ઉપર લગભગ ૨૨૦૦ વર્ષનું જૂનું મહાદેવનું એક મંદિર છે. પહોળી ટેકરીને હરિપર્વત કહે છે. અકબર બાદશાહે એના ઉપર કિલ્લો બાંધ્યો છે. આ ટેકરી પર માતાજીનું સ્થાનક છે. જહાંગીરની બેગમ નૂરજહાં હરિપર્વત ઉપર રહેવા આવતી ત્યારે બદામના ઝાડ તળે બેસતી. નૂરજહાં આવે તે પહેલાં ગરમીથી બદામનાં ફૂલ ખરી ન પડે એટલા માટે કાશ્મીરનો સૂબો ઝાડની આસપાસ બરફ પથરાવતો. નૂરજહાં આવે કે બરફ કાઢી નાખવામાં આવતો અને પડું પડું થઈ રહેલાં ફૂલોની એકદમ વૃષ્ટિ થતી. એક બેગમને એક રોજને માટે ખુશ કરવા ખાતર હજારો મજૂરોને બરફમાં કામ કરવું પડતું!

શ્રીનગરની આસપાસ શાલામાર બાગ, નિશાત બાગ વગેરે અત્યંત રમણીય બગીચાઓ છે. તેમની અંદર ઊડતા ફુવારા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસપાસનાં ઝાડો અને નાક તથા ગાલ ઉપર બટકાં ભરતો ઠંડો પવન એ બધાનો આનંદ એવો તો ઉન્માદકારી હોય છે કે એ સ્થાન છોડીને જવાનું મન જ થતું નથી. પણ શ્રીનગરની મુખ્ય શોભા તો ત્યાંનો ચીનારબાગ. ચીનાર એ વૃક્ષોનો રાજા છે. વડના જેવું મોટું એનું થડ હોય છે. એનો વિસ્તાર વડ અને પીપળા કરતાં મોટો હોય છે. અને પાંદડાં એરંડીનાં પાંદડાં જેવાં મોટાં અને કરકરિયાવાળાં હોય છે. પણ પાંદડાંનો રંગ એરંડીનાં જેવો ફીકો નહીં પણ ઘેરો લીલો હોય છે. એક ઝાડ એક તંબૂ કે ધર્મશાળાનું કામ સારે.

શ્રીનગરની આસપાસનાં ખેતરોમાં ઠેકઠેકાણે ઊંટની ડોક જેવા લાંબા લાંબા વાંસ દેખાય છે. આના વતી ત્યાંના છીછરા કૂવાનું પાણી ખેતરોને પવાય છે. ગુજરાતમાં પણ કેટલેક ઠેકાણે આ રચના દેખાય છે.

શ્રીનગર જવું હોય તો અષાઢશ્રાવણમાં જવું જોઈએ. અષાડ મહિનામાં ત્યાંની વનશ્રીનો વસન્ત પુરબહારમાં હોય છે. ગુચ્છાદાર ફૂલોની અંદર કોક કોક ઠેકાણે લીલાં લીલાં પાંદડાં જોઈને ખૂબ આનંદ થાય છે અને સાથે સાથે જમીનની સમૃદ્ધિનો સહેજે ખ્યાલ આવે છે. શ્રાવણ પૂરો થયો કે સફરજન, પેર, ચીકુ, ગૌરીફળ, અખરોટ વગેરે જાતજાતનાં ફળોની ઉજાણી સૃષ્ટિમાતા આપણને આપે છે. નાસપાતીનો તો ત્યાં કોઈ ભાવ પણ પૂછતું નથી. સુવાસિત ભાત અને કડમની ભાજીનો સાદો આહાર પણ ત્યાં અત્યંત મિષ્ટ લાગે છે. રસોઈમાં આમલી કે કોકમને બદલે ખાટી દ્રાક્ષ અને દાડમ (અનાર) વપરાય છે. લોકો લગભગ બધા જ માંસાહારી છે. કાશ્મીરમાં ન્યાતો તો બે જ, બ્રાહ્મણ અને મુસલમાન. બ્રાહ્મણોને પંડિત કહે છે. જે મુસલમાન નથી તે પંડિત. ખાસ શ્રીનગરમાં એંસી ટકા કરતાં વધારે વસ્તી મુસલમાનોની છે. શ્રીનગરમાં જૂની કારીગરી ખૂબ છે. અખરોટના લાકડાની જાતજાતની વસ્તુઓ બનાવવામાં આવે છે અને તેમાં હાથીદાંતની વેલપત્તી જડવામાં આવે છે. કાશ્મીરી શાલો તો પ્રખ્યાત છે જ. શાલના છેડા ઉપર કોઈ પણ ભાત પ્રથમથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંક્યા વગર ત્યાંના મુસલમાન કારીગરો એકા એકા સુંદર કોર અને છેડા ઉપરનાં પાન તૈયાર કરે છે. અહીંની મીનાકારી પણ ખૂબ વખણાય છે. કાશ્મીરનો વેપાર મધ્ય એશિયા સાથે હંમેશાં ચાલતો આવ્યો છે.

કાશ્મીરની હવા બહુ જ ઠંડી હોય છે એ કહેવાની જરૂર નથી. આની સામે ત્યાંના લોકોએ બહુ રમૂજી ઇલાજો યોજ્યા છે. પટુના* લાંબા લાંબા ડગલા પહેરે છે. એટલું જ નહીં પણ ડગલાની બાંય હાથની આંગળીઓ કરતાં પણ વેંત બે વેંત લાંબી રાખે છે. નિશાળે જતો છોકરો એક બે ચોપડી હાથમાં લે તોપણ તે બાંયની અંદર ઢંકાઈ જાય. છોકરાઓને કાંઈ ખાવું હોય તોપણ બનતાં સુધી બાંયમાંથી હાથ બહાર કાઢતા નથી. ખાવાની વસ્તુ બાંયના કપડા વતી પકડીને જ પતાવી દે છે. મુસાફરો એક નેતરની ટોપલીમાં નાનકડી સગડી રાખી તે ગળામાં બાંધી લે છે. અને તેના ઉપર હાથ શેકે છે.

શ્રાવણ પૂર્ણિમાએ અમરનાથની યાત્રા થાય છે. જ્યાં મનુષ્ય-વસ્તી નથી એવા પ્રદેશ વચ્ચે થઈને ચાર દિવસની મુસાફરી કરી યાત્રીઓ અમરનાથની ગુફામાં પહોંચે છે. ગુફાના એક ખૂણામાં પાણી ટપકે છે અને તે ઠરીને બરફ થઈ જાય તેનું જ કુદરતી શિવલિંગ બને છે. કુદરતના જ નિયમ પ્રમાણે બનતો આ અદ્‌ભુત બનાવ જોવા હજારો યાત્રીઓ ભેગા થાય છે.

આપણે કાશ્મીર જઈએ તો ત્યાં ભાડે ઘર રાખી રહેવાની જરૂર નથી. મોટી મોટી હોડીઓ પર લાકડાની ત્રણચાર ઓરડીઓ બાંધેલી હોય છે, તેમાં રહેવાની સગવડ સારી હોય છે. રસોડું, સૂવાની ઓરડી, દીવાનખાનું અને ઉપરની અગાશી, અને અગાશી ઉપર ચારપાંચ ખુરશીઓ, એવી સુંદર સગવડ આ નૌકાગૃહમાં હોય છે. અને લાભ એ કે ગમે ત્યારે, ગમે ત્યાં ઘર લઈ જવાય છે. આજે શ્રીનગરમાં તો કાલે અનન્તપુર પાસે, એક દિવસ બીજબ્યારામાં તો

* ઊનનું ફલાલિન જેવું કપડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજે દિવસે ખનબલ. હોડી ખેંચનાર માંજીઓ આપણો વાંધો ન હોય તો રાંધીને પણ ખવડાવે છે.

યુરોપિયન લોકો શ્રીનગરમાં ઓછા રહે છે. પણ શ્રીનગરથી થોડે દૂર ગુલમર્ગ કરીને એક પહાડ છે તેના ઉપર તેમણે એક યુરોપિયન શહેર વસાવ્યું છે.

કાશ્મીરમાં રેલવે નથી તેથી ઘી, દૂધ, ચોખા, ફળ બધું સસ્તું મળે છે; અને હવા બહુ જ સારી હોવાથી તંદુરસ્તી પણ બહુ સારી રહે છે. દુનિયાના જેટલા મુસાફરો કાશ્મીરમાં આવ્યા છે તેઓ બધા કહે છે કે કાશ્મીર એ સાચે જ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે.

કાકા કાલેલકર

શ્યેનચાંગ તાસ્સ

ચક્રવર્તી હર્ષવર્ધનના સમયના આપણા દેશના ઇતિહાસ પર અજવાળું પાડનાર ચીની સાધુ હ્યુએનસાંગે અહીં સોળ વર્ષમાં શું શું કર્યું તે ઇતિહાસનાં પાઠ્યપુસ્તકો કહે છે. પરંતુ એના પૂર્વજીવનની વાતને આપણા દેશના ઇતિહાસમાં ક્યાંયે સ્થાન મળ્યું નથી લાગતું.

ઇતિહાસનું પુસ્તક ભલે મૂગું રહે, આપણને આપણા ચીની ભાઈ શાન્તિરાજ એ બાબતમાં મજાની વાતો કહે એમ છે. તેમના કહેવા પ્રમાણે હ્યુએનસાંગનો ખરો ઉચ્ચાર 'શ્યેનચાંગ' છે. શ્યેનચાંગના જન્મથી માંડીને તેના પહેલા વર્ષના પ્રવાસ સુધીની વાત શાન્તિરાજ જાણે છે. આ વાતમાં એ શ્યેનચાંગને ચીનાઈ તુર્કસ્તાનની આ પાર પહોંચાડી દે છે.

ચીની લોકોમાં શ્યેનચાંગ વિષે બહુ ભારે આદર હોય એમ લાગે છે. પાંડવોને થઈ ગયે હજારો વર્ષો થયાં તોપણ હજુ આપણા દેશમાં ફરતાં ઠેકઠેકાણે આપણને ભીમની મોઈ, પાંડવોનાં પગલાં ઇત્યાદિ જોવાનું મળે છે. શ્યેનચાંગ જ્યારે અહીંથી પાછો સ્વદેશ ગયો ત્યારે રસ્તામાં તેનાં પુસ્તકો પલળી ગયેલાં એ તેણે એક ખડક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર સૂકવેલાં, તેનાં કેટલાંક પાનાં હજુ ત્યાં ચોંટી રહ્યાં છે! ચીનના ગામડિયાઓ એ બતાવી શકે.

શ્યેનચાંગે પોતે પશ્ચિમ દેશોની ડાયરી લખી છે. પાછળથી 'પશ્ચિમ દેશોમાં શ્યેનચાંગનો પ્રવાસ' અને 'શ્યેનચાંગનું જીવનચરિત્ર' લખાયેલાં છે. પણ એ તો સાક્ષરો માટે. ચીન દેશની આમપ્રજામાં તો એને વિષે નાનીમોટી અનેક દંતકથાઓ પ્રચલિત છે. ઉત્તર ચીનની દંતકથા જુદી, દક્ષિણ ચીનની જુદી. અને દરેક પ્રાંતનું વળી જુદું પાઠાંતર. શ્યેનચાંગને વાંદરો, વરૂણપુત્ર, અશ્વ તથા બીજા બે સમર્થ શિષ્યોનો સાથ હતો. તે શિષ્યમાંનો પહેલો ૧૦૮, બીજો ૭૬, ત્રીજો ૪૯, અને ચોથો ૩૬ પ્રકારનાં રૂપો લઈ શકતો હતો. કામળ, કમંડલુ, લાકડી, ઘોડો, કૂતરો વગેરે રૂપો ભીડને પ્રસંગે તેમણે ધારેલાં અને શ્યેનચાંગને ક્ષેમકુશળ રાખેલો. એ બધી દંતકથાઓ અને તેના ચારે શિષ્યોનાં જીવનચરિત્રો એક વાર્તાની વિસૃષ્ટિ છે. પણ એમાં આપણે ન ઊતરીએ.

ચીન દેશના શેનશી પ્રાંતમાં શાંગાન નામના ગામમાં છિન કુળ રહેતું. ચીનમાં એક એવો રિવાજ છે કે દર ત્રણ વર્ષે આખા પ્રાંતના હોશિયારમાં હોશિયાર એવા વિદ્વાનોની પરીક્ષા સરકાર લે અને તેમાં ઉત્તીર્ણ થયેલા પહેલા પાંચેકને સરકારી પદવી આપે. બાર વર્ષે આખા દેશની રાજધાનીમાં દરેક પ્રાંતમાંથી ચુનંદા વિદ્વાનો પરીક્ષામાં બેસે અને તેમાં પહેલો આવે તેને 'ચોંગ્ટોન' નામની પદવી મળે. એવી પદવી લેનારો બહુ જ મોટો માણસ ગણાય. એ પદવી છિન કુળને મળેલી. શ્યેનચાંગના દાદા અને શ્યેનચાંગના પિતા બન્ને એવા સમર્થ વિદ્વાન હતા. શ્યેનચાંગના પિતા સમસ્ત દેશના ચાળીસ પ્રખર વિદ્વાનોમાં પહેલા હતા, અને સરકારી અમલદાર તરીકે એમની નિમણૂક થઈ હતી.

આવા પિતાને ઘેર સાધુ બાળક શ્યેનચાંગ જન્મ્યો. તે તાસ્સની પદવી કેમ ન મેળવે? તાસ્સ એટલે ભગવાન. એ પદવી કોઈ પણ દેશમાં વિરલ જ હોય છે. એ પદવી શ્યેનચાંગે મેળવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર શ્યેનચ્યાંગના પિતા શ્યેનચ્યાંગની માને સાથે લઈ નદીમાં પ્રવાસે નીકળ્યા હતા. ચીનમાં વહાણમાં ને વહાણમાં મોટા પ્રવાસો થઈ શકે છે. ચાંચિયાઓએ શ્યેનચ્યાંગના પિતાનું વહાણ ઘેરી લીધું. તેમની પાસેથી દ્રવ્ય પડાવી લીધું, એટલું જ નહીં પણ શ્યેનચ્યાંગની માનું હરણ કરી તેને ગાઢ જંગલમાં ઉપાડી ગયા. પોતાને રહેઠાણે લઈ જઈ ચાંચિયાના સરદારે શ્યેનચ્યાંગની માતાને સખત જાપતામાં રાખી. પોતાની સાથે એ બાઈ પરણે એવી તેની ઇચ્છા હતી. એ માગણી બાઈએ ન સ્વીકારી એટલે તેના પર વિવિધ જુલમો થવા માંડ્યા. આ વખતે શ્યેનચ્યાંગ પેટમાં હતો. તેનું જતન તો થવું જ જોઈએ. એટલે કોઈ પણ રીતે એને આંચ ન આવે તે માટે એ બાઈએ યુક્તિ કરી. તેણે સરદારને વચન આપ્યું કે બાળક અવતર્યા પછી હું તમને પરણીશ. આમ તે વખતે તો તે જુલમમાંથી ઊગરી.

વખત થયે પુત્ર જન્મ્યો. માએ સજ્જ થઈ લાગ સાધી નદીમાં પડવા સારુ એક મોટું પાટિયું લીધું. તે સાથે પુત્રને બાંધ્યો અને તેના ગળામાં એક માળા નાખી; એવી આશાએ કે છૂટાં પડીએ તો પણ જીવતાં હોઈએ તો કોઈક વાર પણ દૈવયોગે પાછાં મળી શકાય. છેલ્લી વારની ભેટ લઈ એ પાટિયું વહેતું મૂકી પોતે ઝંપલાવ્યું. કેટલેક દૂર સુધી તણાઈ જઈ તે કાંઠે પહોંચી. તેનો જીવ બચ્યો. કેટલેક કાળે જેમતેમ તે પોતાને ઘેર પતિ પાસે પહોંચવા પામી. છતાં તે પુત્રને વીસરી ન હતી. તેનો પત્તો જ ન મળ્યો તેથી તે એ ચિંતામાં ને ચિંતામાં આંધળી બની ગઈ. પુત્રવિયોગમાં આંખ ફૂટ્યાનું દુઃખ નજીવું હતું.

બીજી બાજુ, પેલું પાટિયું એક ધનિક ગૃહસ્થના હાથમાં આવ્યું. તેણે તે બાળકને પાળ્યું. જોતજોતામાં શ્યેનચ્યાંગ મોટો થયો. એ ગૃહસ્થ બૌદ્ધધર્મી હતા. ચીનમાં ધર્મ આપણે ત્યાં છે એવી રીતે નથી. લોકો જુદા જુદા તત્ત્વજ્ઞાનને પોતાની શ્રદ્ધા પ્રમાણે માને છે. આચારવિચાર તો બધાના કૉન્ફ્યુશિયસે લખેલી સ્મૃતિને એક સરખા અનુસરે છે. એટલે કોઈ ત્યાં એમ ન કહે કે હું બૌદ્ધધર્મી છું અથવા કૉન્ફ્યુશિયસના ધર્મનો છું; પણ એમ જ કહે કે મને કૉન્ફ્યુશિયસનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા લાઓત્સનું અથવા બુદ્ધનું તત્ત્વજ્ઞાન માન્ય છે. શ્યેનચાંગને ઉછેરનાર ગૃહસ્થ બુદ્ધના તત્ત્વજ્ઞાનને માનતો. શ્યેનચાંગ નાનપણથી જ ભારે કુશાગ્ર બુદ્ધિવાળો હતો. આઠનવ વર્ષની ઉંમરમાં તેણે બધું અક્ષરજ્ઞાન મેળવી લીધું. બૌદ્ધધર્મનું તત્ત્વજ્ઞાન પણ તે ભણ્યો. એને તે બહુ ગમ્યું. જેમ દિવસો જતા ગયા તેમ તેનો અભ્યાસનો અનુરાગ વધતો ગયો. દશેક વર્ષનો થયા પછી તો તે તત્ત્વચિંતન કરતો ધ્યાનમાં બેસવા લાગ્યો.

એક દિવસ એકાંતમાં ધ્યાન કરતો બેઠો હતો. ત્યાં દેવદૂતે આવીને તેને ઢંઢોળ્યો અને કહ્યું, 'તારી મા તારી રાહ જુએ છે. તું અમુક જગાએ જા.' શ્યેનચાંગે પોતાના પાલક પાસેથી રજા મેળવી અને દેવદૂતે કહેલી જગાએ પહોંચવા મજલો શરૂ કરી. અઠવાડિયાંઓ પછી એ ઘેર પહોંચ્યો. મા-દીકરાની ભેટ થઈ. બંને ખૂબ રોયાં. શ્યેનચાંગે પોતાનાં આંસુ માની આંખે ચોપડયાં. એ ચોપડતાંની સાથે મા આંધળી મટી દેખતી થઈ. નાનામાં નાનો દીકરો અને વળી આટલો તેજસ્વી એટલે માબાપ તો શ્યેનચાંગને ખૂબ લાડ લડાવે. ભાઈભાંડુ પણ શ્યેનચાંગને ઘેરી વળ્યાં.

પણ એ બધી મજા એને માટે નીરસ હતી. એને તો પોતાના એક મોટાભાઈ જે મઠમાં વસતા હતા તેમનો સહવાસ ગમતો. મોટાભાઈને જોઈને એને પણ સાધુની દીક્ષા લેવાનું મન થઈ ગયું. એવામાં એક દિવસ સરકારી અધિકારી આવ્યો અને મોટાભાઈને સાધુની દીક્ષા લેવાની રજા આપી. ચીનમાં સખત ધારો હતો કે સરકારનું પ્રમાણપત્ર મેળવ્યા સિવાય કોઈથી દીક્ષા ન લઈ શકાય. શ્યેનચાંગ દોડતો એ અધિકારી પાસે ગયો અને કહ્યું, 'મને પણ સાધુ બનાવો.' અધિકારી સહેજ હસ્યો અને એ છોકરાની મશ્કરી કરીને કહ્યું, 'તારા જેવડા નાના છોકરાને સાધુ ન બનાવાય. નાનાઓને સંસારનુંયે ભાન ન હોય તો સાધુપણાની ગમ કેમ પડે? જા, તારા ભાઈ જેવડો મોટો થઈશ ત્યારે તને રજા મળશે.' શ્યેનચાંગનું મોં લેવાઈ ગયું. તેને કાંઈ ચેન ન પડે. તેણે મઠની આસપાસ સવારથી સાંજ સુધી પ્રદક્ષિણા કરવા માંડી. ન ખાય કે ન પીએ, બેબાકળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈને ફર્યા જ કરે. લાગલાગટ બેત્રણ દિવસ સુધી તેની આવી દશા જોઈ એ અધિકારીને બાળક ઉપર દયા આવી. તેણે બાળકને બોલાવ્યો અને પૂછ્યું, 'બોલ, તું સાધુ થઈને શું કરીશ?' 'શું કરીશ શું? બુદ્ધ ભગવાનના બધા ગ્રંથો શોધી કાઢીશ અને એમનો પ્રચાર કરીશ. બુદ્ધ ભગવાને ફરમાવ્યું છે તે કરીશ.' નાના બાળકનો આવો જવાબ સાંભળી અધિકારી ચકિત થયો અને પીગળ્યો. તેણે શ્યેનચાંગને દીક્ષા લેવાની રજા આપી. તે બોલ્યો, 'તારા જેવા તેજસ્વી બાળકો જ સાધુપણું ઉજાળી શકે. તું ભલે નાનો રહ્યો, સરકાર તને સાધુ થવાની રજા આપશે.'

મઠમાં દાખલ થયા પછી તેણે શાસ્ત્રાર્થ કરવાનું શરૂ કર્યું. અનેક મોટા સાધુઓને એ બટુક પાસે માથું ઝુકાવવું પડતું. બૌદ્ધ શાસ્ત્રોના તે કહે એ જ અર્થ બધાને સ્વીકારવા પડતા. પણ શાસ્ત્રાર્થમાં વિજય પામવાથી એ છકી ન ગયો. તે તો વિહારમાં શાંતિથી રહી પોતાના અભ્યાસમાં ઊંડો ને ઊંડો ઊતરતો ગયો. ચીનમાં અભ્યાસ કરવાની બધી સામગ્રી ખુટાડી તેણે હિંદ તરફ નજર ફેરવી. પણ એટલામાં ચીનમાં લડાઈનો દાવાનળ ફાટી નીકળ્યો. શ્વી વંશના રાજ્યકર્તાઓ સામે ટૅાંગ વંશના રાજ્યકર્તાઓએ યુદ્ધ આરંભ્યું. શ્વી વંશના રાજાઓ સ્વભાવે કનિષ્ઠ હતા. પ્રજાનો તેઓ છળ કરતા. તેમનામાં સચ્ચારિત્ર્ય જેવું કાંઈ ન હતું. શ્યેનચાંગ જે વિહારમાં રહેતો હતો તે શ્વી બાદશાહની હદમાં હતો. લડાઈ જાગી એટલે તે શીરવેન પ્રાંતમાં પહોંચ્યો. પોતાના સાધુઓને તેણે સાથે લીધા હતા. અહીં ટૅાંગ વંશની સત્તા હતી. ટૅાંગ અને શ્વી વંશનું યુદ્ધ કેટલાક વખત સુધી ચાલ્યું. દેશમાં લડાઈને પરિણામે બધે અવ્યવસ્થા ફેલાઈ ગઈ. ક્યાંયે જંપીને બેસવાનો વારો કોઈને મળતો નહીં. આ બધી અવ્યવસ્થામાં ધર્મ તો નભે જ ક્યાંથી? ચોતરફ ધર્મને નામે અંધારું પ્રવર્ત્યું. સાચું તત્ત્વ કોઈ ન જુએ. બૌદ્ધ સાધુઓમાં જે થોડોઘણો ધર્મ હતો તે પણ ડૂબવા લાગ્યો. બૌદ્ધ ધર્મનો અભાવ અને આવી દુર્દશા શ્યેનચાંગથી જોયાં જાય એમ ન હતું. તેણે તે ધર્મનો પુનરુદ્ધાર કરવાનો નિશ્ચય કર્યો. આટલાં વર્ષના અનુભવથી તેના મનમાં દસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયું હતું કે 'જ્યાં સુધી ધર્મનો પુનરુદ્ધાર નહીં થાય ત્યાં સુધી દેશમાં શાન્તિ નથી આવવાની. આ ગોટાળા અને અવ્યવસ્થાનું મૂળ નાસ્તિકતા છે. તે ટાળવા ધર્મ સિવાય બીજું કંઈ સમર્થ નથી. ચાલતા ધર્મોમાંથી કસ ઊડી ગયો છે. કાં તો નવો ધર્મ પેદા કરવો જોઈએ, અથવા જે ધર્મ ચાલુ છે તેને નવો અવતાર મળવો જોઈએ.' શ્વી તો બૌદ્ધ મતનો હતો, પણ આ નવો ટોંગ બાદશાહ જેની સત્તા હવે આખા દેશમાં ફેલાઈ હતી તે કૉન્ફ્યુશિયસને જ માનતો. રાજકીય દૃષ્ટિએ પણ બૌદ્ધધર્મને ફરી સચેત કરવાની જરૂર હતી. આ બધું વિચારતાં હિંદમાં જઈ બૌદ્ધ ધર્મનું પૂરું સ્વરૂપ જાણવું અને બુદ્ધ ભગવાનની વિહારભૂમિની યાત્રા કરવી એ જ મારું પહેલું કર્તવ્ય છે, એમ તેને થયું. એટલું કરી ચીનમાં શાંતિ પાછી લાવવાની પણ ઉમેદ તેણે રાખી.

તે પોતાના સાથીઓને લઈ પાટનગરમાં પહોંચ્યો. બાદશાહને અરજી આપી. આ વખતે તેની ઉંમર ફક્ત ૨૬ વર્ષની હતી. છતાં એ આખા દેશમાં પ્રસિદ્ધ થઈ ચૂકેલો. એનો પ્રભાવ નાનામોટા બધા પર એટલો પડતો કે તેની નાનીમોટી દરેક હિલચાલથી રાજાને સાવચેત રહેવું પડતું. ટોંગ બાદશાહને થયું કે જો આ સાધુ હદ ઓળંગશે તો કંઈક આફત જરૂર આવવાની. આથી તે ડર્યો. તેણે શ્યેનચાંગને રજા ન આપી, પણ તેણે પાટનગરમાં રહેવા અને દેશની શાન્તિ કાયમ રાખવા વીનવ્યો. તેને શ્યેનચાંગ પ્રત્યે આદર હતો, તેથી તેણે નમ્રતાથી કહ્યું કે 'હમણાં દેશમાં માંડ શાન્તિ થઈ છે ત્યાં તમે જાઓ તો બધે અશાન્તિ થાય. તમારે અહીં જેટલી સગવડ જોઈતી હોય તેટલી તમને હું આપું. તમે અહીં જ રહો અને બધે શાંતિ ફેલાય એવો બોધ સર્વને આપો.' બાદશાહની મનાઈથી કે એની મીઠી વાણીથી શ્યેનચાંગનો નિશ્ચય ડગ્યો નહીં. તે તો લાગ જોઈને પાટનગરમાંથી છટકી ગયો અને ચીનની ઉત્તર હદ પર પહોંચ્યો. તેણે મજલો કરવા માંડી. દક્ષિણે તો અભેદ્ય બરફની પહાડી છે જ, અને પશ્ચિમનો રસ્તો પણ પહાડોને લીધે અગમ્ય છે. તેથી ગોબીતાશામાંના એક ખૂણામાંથી પસાર થયે જ છૂટકો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારથી તેના મનમાં હિંદુસ્તાન આવવાનું રમી રહ્યું હતું ત્યારથી તેણે પોતાના શરીરને કસવા માંડ્યું હતું. તેને ખબર હતી કે હિંદુસ્તાન પહોંચતાં અને ત્યાં રહેવામાં અનેક મુશ્કેલીઓ આવવાની છે અને જો એ મુશ્કેલીથી હું ગભરાઈ જાઉં તો મારાથી કશું નથી થવાનું. આથી તેણે તપ આદર્યું. શિયાળામાં ઉઘાડે શરીરે ફરવા મંડ્યો. ઉનાળામાં બેચાર ધાબળા ઓઢીને હિંદની ભારે ગરમી સહન કરવા તૈયાર થયો. દિવસો સુધી ભૂખ્યા રહીને તેમ જ બહુ ઓછું ખાઈને તથા જેવો મળે તેવો ખોરાક ખાઈને તેને પોતાને સંતોષ થાય ત્યાં સુધી આત્મપરીક્ષા કરી. આવી આત્મપરીક્ષામાંથી પસાર થયા પછી ૩૦ જણ સાથે તેણે કૂચ શરૂ કરી. કેટલાક તેની સાથે બે મજલ ગયા, કોઈ ચાર મજલ ગયા અને કોઈ એથી વધારે મજલ સુધી તેની સાથે રહ્યા. પણ તેણે ચાર માસ પ્રવાસ કર્યો ત્યાં તો એક પછી એક બધા સાથીઓએ તેનો સાથ છોડી દીધો. કોઈ માંદા પડ્યો, કોઈ મરી ગયો અને ઘણા પાછા ફર્યા. જ્યારે તે ચીનને ઉત્તર દરવાજે પહોંચ્યો ત્યારે તે એકલો જ રહ્યો હતો.

જેવો એ દરવાજે પહોંચ્યો તેવું સનનન કરતું એક તીર તેના પર ધસી આવ્યું. દરવાજાના ચોકીદારે તેને આગળ ન આવવા નિશાની કરી. પણ પોતાની ધૂનમાં શ્યેનચાંગે એ નિશાની ન જોઈ. તેથી તે આગળ જ વધ્યો. દરવાને તેને ગુનેગાર ગણી તેના પર તીર છોડ્યું. પણ સદ્ભાગ્યે એ તીર તેના કાનને અડીને પસાર થઈ ગયું. શ્યેનચાંગને પકડવામાં આવ્યો. તેને છાવણીમાં લઈ ગયા અને મુખ્ય અમલદારના હાથમાં સોંપ્યો.

પાટનગરથી શ્યેનચાંગ ભાગી છૂટ્યા પછી બાદશાહને ખબર તો પડી ગઈ કે શ્યેનચાંગ હિંદુસ્તાન જવા નીકળી પડ્યો છે. તેથી ચારે સરહદ પર હુકમ મોકલી દીધા હતા કે શ્યેનચાંગને પસાર થવા ન દેવો, પણ તેને પકડીને પાછો મોકલી દેવો. પેલા અમલદારે શ્યેનચાંગને પૂછ્યું કે 'તમે કોણ છો? જે સાધુને પકડવાનો બાદશાહે હુકમ કર્યો છે એ તમે જ કે?' પોતે જ શ્યેનચાંગ છે એમ તેણે તેની ખાતરી કરી આપી પણ સાથે સાથે તેણે ઉપરી અમલદારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નમ્રતાપૂર્વક કહ્યું કે 'મને તમે જવા દો. હું ધર્મના ઉદ્ધાર માટે જાઉં છું. મારો સ્વાર્થ નથી.' એ છાવણીમાં શ્યેનચાંગનો ઓળખીતો એક અમલદાર નીકળ્યો. બેચાર દિવસમાં શ્યેનચાંગે પોતાના પ્રભાવથી આખી છાવણીને એવી પિગળાવી દીધી કે ઉપરી અમલદારે શ્યેનચાંગને બહાર જવા દીધો. એકાદ મજલ તો તેની સાથે બે માણસો પણ મોકલ્યા, અને ગાઉ દોઢ ગાઉ પોતે તેને વળાવી આવ્યો. આ મહા વિઘ્નમાંથી છૂટ્યો એટલે શ્યેનચાંગને ભારે હિંમત આવી, અને તેણે જોશભેર પોતાનો પ્રવાસ આગળ ચલાવ્યો. કેટલેક ગયા પછી તેને રણ વટાવવાનું આવ્યું. એ ગોબીના રણમાંથી પસાર થવા તેણે પૂરતી ખારેક અને પાણીની પખાલ સાથે લીધાં. બસો લી (લી એટલે ⅓ માઈલ) સુધી ચાલે એટલું પાણી ખભા પર લાદી એ રેતીના રણમાં ચાલવા લાગ્યો. એટલો બોજો ઉપાડી રણમાં ચાલવું એ કેટલું મુશ્કેલ છે તે તો તેના અનુભવ કરનારા જ કલ્પી શકે. થોડે ગયા પછી એક વખત પાણી પીતાં જરા ચૂકી જવાયું એટલે શ્યેનચાંગના હાથમાંથી પખાલનું મોઢું છૂટી ગયું અને પોણા ભાગનું પાણી ધૂળભેગું થયું. કસોટીનો સમય આવ્યો. એકલો હોવાથી રણમાં પાણી ક્યાં મળે તેની તેને ખબર ન પડી. હજી અર્ધું રણ વટાવવાનું હતું. પાણી માટે આમતેમ ભટકતાં એ ભૂલો પડ્યો. ક્યાંય પાણીનો પત્તો ન લાગ્યો. પાણી વિના ખારેક ચાવીને કેટલું નભાય? શ્યેનચાંગ ધગધગતી રેતી પર લાંબો થઈ સૂઈ ગયો. એનાથી એક ડગલું પણ આગળ ભરાય એમ ન હતું. હવે તો તેને અહીં જ મરવું રહ્યું. રસ્તામાં ભૂલા પડેલા માણસો અને પશુઓનાં હાડકાં તેણે જોયેલાં. રેતીમાં સૂતાં સૂતાં તેની આંખો આગળ એ જ ચિત્ર ખડાં થયાં હતાં. એની સામે મોત નાચતું હતું. હવે બીજું કાંઈ કરવાપણું રહ્યું ન હતું. રેતી પર પડ્યા પડ્યા તેણે બુદ્ધ ભગવાનનું સ્તવન કરવા માંડ્યું. તેની અનેક પ્રાર્થનાઓ કરી. હિંદુસ્તાન તેના મગજમાંથી કેમે કરી ખસતું ન હતું. પોતાને જીવવાની હોંશ નથી પણ બૌદ્ધ ધર્મનું ખરું સ્વરૂપ ચીનમાં લઈ જવાની હોંશ છે; તે હોંશ પણ ઈશ્વર પૂરી ન પાડે એ ઈશ્વરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી છાજતું, એવી ધમકી પણ તેણે એ બોધિસત્ત્વને આપ્યાં કરી. આમ ધ્યાનમાં ને ધ્યાનમાં પાંચ દિવસ અને પાંચ રાત ભૂખેતરસે શ્યેનચાંગે કાઢી. આખરે ઈશ્વરે તેની સામું જોયું. પરોઢિયે ઠંડી હવા આવવા લાગી. ઊની રેતી ટાઢી પડી અને ખૂબ ઝાકળ પડ્યું. રેતીમાં આસપાસ ઝાંખરાં ઊગેલાં તેના ઉપર ઝાકળનાં ટીપાં બાઝ્યાં હતાં. ઝાકળે શ્યેનચાંગનો જીવ બચાવ્યો. ઘસડાતે ઘસડાતે શ્યેનચાંગે પેલાં ઝાંખરાં પાસે જઈ ઝાકળ ચાટીને પોતાની તરસ છિપાવી. તેનામાં નવો ઉત્સાહ આવ્યો. કોથળીમાંથી ખજૂર અને ખારેક કાઢી તેણે ખાધાં. થોડી વારે તે ઊભો થયો અને આગળ ચાલવા મંડ્યો. તેને રસ્તો મળી જવાથી વિનાકષ્ટે બાકીનું રણ વટાવી શક્યો.

તે આગળ વધ્યો. હજુ તે વસ્તીવાળા પ્રદેશમાં નહોતો આવ્યો. અનેક વગડાઓમાંથી તેને પસાર થવાનું હતું. એક વગડામાં થઈને તે નીકળતો હતો એટલામાં ચોતરફ હવા ઝેરી થઈ ગઈ. મોટો દૈત્ય રસ્તામાં આડો પડ્યો હતો. તેણે ચોતરફ પોતાના ઝેરી શ્વાસ પાથરેલા અને તેના મોઢામાંથી અગ્નિ ઝરતો હતો. એ દૈત્યની ઝાળમાંથી બચવા તે બાજુની ઝાડીમાં ભરાયો અને રક્ષણ મેળવ્યું. એ ઝાડીમાં પણ એને બેત્રણ દિવસ રહેવું પડ્યું હતું. જ્યારે પેલો દૈત્ય ચાલ્યો ગયો ત્યારે તે આગળ વધી શક્યો.

ત્રણ વાર મોતના પંજામાંથી ઊગરીને એ થોડું વધારે ચાલ્યો ત્યાં તેને એક ડોસો પોતાના દીકરા સાથે સામેથી આવતો મળ્યો. ડોસાએ શ્યેનચાંગને ઓળખ્યો. પોતાના ધર્મના ઉદ્ધાર માટે આ પવિત્ર સાધુનું સાહસ જોઈ તેની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. તેણે પોતાના જુવાન છોકરાને આ સાધુની સેવા કરવા તેની સાથે મોકલ્યો. છોકરો રસ્તાઓનો પણ ભોમિયો હતો. શ્યેનચાંગ પશ્ચિમ દિશા તરફ ઝપાટાભેર રસ્તો કાપતો ચાલ્યો.

એની ચાલવાની ઝડપથી અને ખાવાપીવાનાં ઠેકાણાં ન મળવાથી પેલો જુવાનિયો તો થાક્યો. તે કંઈ સ્વેચ્છાએ શ્યેનચાંગને મદદ કરવા નહોતો આવ્યો. થોડે ગયા પછી તેણે શ્યેનચાંગને પાછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરવા વિનંતી કરી. શ્યેનચાંગે તો આગળ વધવાની જ વાત કરી. તે જુવાને પોતે પાછા જવાની રજા માગી. શ્યેનચાંગે તેને સમજાવ્યો અને કહ્યું, 'ભાઈ, શરીરે તું મારા કરતાં જબરો છે. મારા પર આફત આવે કે હું ભૂલો પડું એમાંથી તું મને બચાવી શકે એમ છે. અને હવે તો થોડું જ બાકી છે. ઈશ્વરકૃપાએ આપણે હમણાં પહોંચી જવાના.' શ્યેનચાંગના પ્રભાવથી અંજાઈ જઈ વળી થોડી મજલ સુધી તે ઘસડાયો. છેવટે તેણે છૂટવા માટે ઘાતકી વિચાર કર્યો. એક દિવસ મધરાતે તે ઊઠ્યો. હાથમાં તલવાર લીધી અને શ્યેનચાંગની પથારી પાસે ગયો. બરાબર ધારીને એવો ઘા કર્યો કે પથારીમાં થઈને તલવાર જમીનમાં ઊતરી. પોતાનું કામ પાર પડ્યું જાણી તે તુરત ચીન તરફ ભાગ્યો. આ વખતે શ્યેનચાંગ પાણી પીવા ગયો હતો એટલે તે બચી ગયો. આવીને પથારીમાં તલવારનો ઘા જોઈ તે કળી ગયો કે શું બન્યું છે. તેણે બુદ્ધની પ્રાર્થના કરી અને પછી એકલો જ આગળ ચાલ્યો. આખરે ગોબીનું રણ અને વેરાન પ્રદેશ વટાવી તે ચીનાઈ તુર્કસ્તાનમાં આવી પહોંચ્યો. અહીં ચીનના બાદશાહનું રાજ્ય ન હતું, પણ સ્વતંત્ર ચીની રાજ્યો હતાં. ચીનથી આ ભાગ વેગળો હતો છતાં આ બધો ભાગ અને તિબેટ ચીન જ લેખાતું. આટલામાં જુદાં જુદાં છત્રીસ રજવાડાં હતાં. શ્યેનચાંગ પહેલવહેલો કોચાંગના રજવાડામાં આવી પહોંચ્યો. કોચાંગનો રાજા શ્યેનચાંગને ખૂબ ચાહતો. એ પહેલાં એક વાર ચીન જઈ આવેલો. ત્યારથી તે તેનો ભક્ત બનેલો. શ્યેનચાંગને આવેલો જોઈ તેણે તેનાં ખૂબ વખાણ કર્યાં, અને પૂજા કરી તેને પોતાને ત્યાં રહેવાનું કહ્યું. શ્યેનચાંગે કોચાંગના રાજાની વાત સ્વીકારી નહીં, પણ પોતાનો હિંદ જવાનો ઇરાદો રાજાને જણાવ્યો. રાજાએ શ્યેનચાંગને એક મંદિર બંધાવી આપવા કહ્યું અને પોતાના રાજ્યની બધી ધર્મવ્યવસ્થા તેને સોંપવા કેટલાય કાલાવાલા કર્યા. પણ શ્યેનચાંગ એકનો બે ન થયો. તેણે તો આગળ જવાની જક લીધી. રાજા ખીજે ભરાયો અને તેણે પોતાના રાજ્યની બહાર શ્યેનચાંગને ન જવા દેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનાઈહુકમ કાઢચો. તે કેદ થયો. સાથે સાથે ધમકી પણ મળી કે જો આગળ જવાની હઠ કરીશ તો પાછા ચીન જવું પડશે.

શ્યેનચાંગ ચોધાર આંસુએ રડચો. હવે શું કરવું તેની કંઈ તેને ખબર ન પડી. પોતાના આસન ઉપર તે જેમ બેઠો હતો તેમ જ બેઠો રહ્યો. ખાવાપીવાનું અને ઊંઘવાનું બધુંય છોડી દીધું. આમ એક બે ને ત્રણ દિવસ તેણેં કાઢયા. કોચાંગના રાજાથી હવે ન રહેવાયું. તે પીગળી ગયો અને ચોથે દિવસે સવારના પહોરમાં આવી તે શ્યેનચાંગને પગે પડચો, માફી માગી, અને પારણાં કરવાની વિનંતી કરી.

શ્યેનચાંગ એટલો બધો દુભાયો હતો કે તે રાજાની વાત પર વિશ્વાસ ન મૂકી શક્યો. તેને થયું કે હું ખાઈશ એટલે પછી રાજા મારા પર સખતી કરવાનો ને મને અહીં જ રોકવાનો. તે કેમે કર્યો ખાય જ નહીં. પછી રાજાએ તેને પોતાનો ભાઈ બનાવ્યો, અને સૂર્યને સાક્ષી રાખી પ્રતિજ્ઞા લીધી કે શ્યેનચાંગની મરજી વિરુદ્ધ કંઈ પણ ન કરવું. છેવટે શ્યેનચાંગે ખાધું.

બીજે જ દિવસે શ્યેનચાંગે જવાની તૈયારી કરી. રાજાએ શ્યેનચાંગને રસ્તામાં વાપરવા પુષ્કળ પૈસો આપ્યો. કેટલાંક ઊંટ, ૩૦૦ સિપાઈઓ અને જુદા જુદા ૩૬ રાજા પર લખોટા લખી આપ્યા. શ્યેનચાંગે તેમાંથી ખપપૂરતું જ લીધું. લખોટાની મદદથી તે સહેલાઈથી ચીન વટાવી હિંદ પહોંચ્યો.

પ્રભુદાસ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિંચવડના પત્રો

૧

ચિંચવડ
પોષ વદ અમાસ, ગુરુ

ચિ૦ —

. . . ગોધરેથી મામાસાહેબ આવ્યા છે. સાથે એમનો એક વત્સ છે. તેઓ ગોધરાનાં રીંગણાં લઈ આવ્યા છે. ઈંડાં જેવાં ગોળ અને સફેદ. મામાસાહેબ કહે છે કે આ છોડો બારે માસ રીંગણાં આપે છે.

પોષ માસમાં મહારાષ્ટ્રી મહારાષ્ટ્રીને મળે એટલે સંક્રાન્તિના 'તિલગુળ' તો જરૂર આપે. હરિહરભાઈના પંચાંગ પ્રમાણે મકરસંક્રાંતિ —ઉતરાણ બાવીસમી ડિસેંબરે થઈ, પણ આપણાં રૂઢ પંચાંગો પ્રમાણે ગયા રવિવારે ઊજવાઈ. તે દિવસે પાઠશાળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તલ અને ગોળના બનાવેલા લાડવા લઈ આવ્યા હતા. પૂનાથી હરિભાઉ ફાટકે પણ તલગોળનાં ચકતાં મોકલ્યાં હતાં. મામા આવ્યા તે પણ તે દિવસે જ નીકળેલા એટલે તેઓ ખાસી મજાની તલસાંકળી લઈ આવ્યા છે. એકબીજાને તલગોળ આપીને અમે બોલીએ છીએ: 'तिळगूळ घ्या आणि गोड बोला' કેમ કે તલમાં સ્નેહ છે અને ગોળમાં મીઠાશ છે. બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે એ સંકલ્પની એ નિશાની છે. વેદમાં એક મંત્ર છે:

मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुषा समीक्षामहे ।

[બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી—સ્નેહભાવથી જુએ, હું બધા તરફ સ્નેહની દૃષ્ટિથી જોઉં છું. આપણે બધા સ્નેહની દૃષ્ટિએ જોઈએ.]

આ વૈદિક મંત્રનું જ મહારાષ્ટ્રના ભાવિક લોકોએ આવું મજાનું અને મિષ્ટ રૂપાંતર કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મકરસંક્રાંતિની વાત તો ઓચિંતી હાથ આવી, નહીં તો આ ફેરે તમને કંઈ બાબતમાં લખવું એ સૂઝતું ન હતું. અને માણસને સૂઝે નહીં ત્યારે શું લખે, પથરા? આમ વિચાર ચાલતો હતો એટલે નક્કી કર્યું કે હવે પથરા ઉપર જ લખવું. ગુજરાતમાં તો પથરા છે જ નહીં. ત્યાં તો બધે ધૂળ ને ધૂળ. પ્રભુદાસને થાય છે કે પોરબંદરી પથરાને હું અન્યાય કરું છું. પણ હું તમને જ પૂછું છું કે કરવત વતી જે વહેરાય તેને પથરાનું નામ શોભે ખરું? અહીંના કેટલાક પથરા એવા તો સખત છે! આજે જ નાળિયેર જેવડો એક પથરો લઈને એક પથ્થરફોડા પાસે હું ગયો હતો. મેં એને કહ્યું, 'મારે આની અંદર પોલું છે કે શું તે જોવું છે. આને જરા ભાંગી આપો.' ભલા માણસે એની અધમણની અણિયાળી મોગરી ઊંચકીને ત્રણચાર વાર સખત ઘા કર્યા. પણ પથરો એકનો બે ન થયો. પેલો પથ્થરફોડો કહે, 'મેં તમને નહોતું કહ્યું આ પથરો નક્કર છે? અને જાત એવી કે આમ ફૂટે નહીં.'

પણ અહીં પથરાની ખૂબી તો ઓર છે. સહેજ અર્ધોપોણો કલાક ફરવા જઈએ કે પથરાનું અદ્‌ભુત કાવ્ય નજરે પડે છે. કવિઓ પોતાનું જે કાવ્ય લખે છે તે દુનિયા આગળ પ્રગટ થાય એને માટે એમનામાં કેટલી ઇંતેજારી હોય છે! પણ કુદરત તો પોતાનું ભારેમાં ભારે કાવ્ય પૃથ્વીના ઉદરમાં સંતાડી રાખતાં પણ સંકોચાતી નથી. એક ઊંડી ખાણમાંથી એક ખડબચડો પથરો લઈ અમે એ ભાંગ્યો તો અંદર શું મળે? જાંબુડા રંગનાં અને સાકર જેવા પાસાવાળાં નાનાંમોટાં રત્નોનો ભંડાર! પૈસાદાર લોકો આ રત્નોની કિંમત ન કરે, અથવા પોતાની વીંટી ઉપર ન બેસાડે, કે હાર કરીને પોતાના ગળામાં ન પહેરે; તેથી શું આનું રત્નપણું ઓછું થયું? સૂક્ષ્મદર્શક-યંત્રમાં એના પાસા જોયા તો તેમાં તો અનેક પગથિયાં દેખાયાં; જાણે કાંકરિયા તળાવનાં પગથિયાં. બીજા કેટલાક પથરાઓ બરાબર એથી ઊલટા. એમના આખા શરીર પર નાનામોટા ખાડા અને એ બધા ખાડા પાસાદાર અને અણિયાળા. આમાં વળી રંગની મજા જુદી જ. કેટલાકની નાભિ લાલ રંગની, જ્યારે કેટલાકની સાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસમાની રંગની. કેટલાક પથરાઓ પર હીરાકણીની ભાત પડેલી; ગમે તે દિશાએ જુઓ ચળક્યાં જ કરે. આ કણીઓમાં કેટલીક રાઈ કરતાંયે ઝીણી, અને કેટલીક અમદાવાદી બોર કરતાંયે મોટી. લીલા રંગના પથરાનો તો કોઈ અહીં ભાવ પણ ન પૂછે. કેટલાક પથરાઓમાં અંદર બહાર બધે લીલાં લીલાં ટપકાં જ હોય છે, અને વચમાં વચમાં અબરખ જેવો ચળકાટ હોય છે. એ પથરો જેટલો રૂપાળો હોય છે તેટલો જ સુંવાળો પણ હોય છે. પથરામાં એની જાત કાચી ગણાય. કુદરતમાં લીલો રંગ અસ્થિર છે. લીલા રંગનો ભરોસો ન રખાય. આજે છે ને કાલે નથી. વનસ્પતિમાં પણ આપણે નથી જોતા કે તડકાને લીધે જ લીલો રંગ ખીલે છે અને એ તડકો જ એ રંગ ચૂસી જાય છે? લીલો રંગ એટલે ઘડીકની લહેર. વાદળી રંગ એથી સાવ ઊલટો — આકાશ જેવો સ્થિર. અમારી પાસે વાદળી રંગના જાતજાતના પથરાઓ છે. કેટલાકનો રંગ બહુ ઘેરો હોય છે ને કેટલાકનો સાવ ફીકો. આ રંગ બધે સરખો નથી હોતો. श्यामाच्छबलं प्रपद्यते એ ઉપનિષદનું વચન રટતા હોય તેવા આ પથરા હોય છે. સફેદથી માંડીને સ્લેટના રંગ સુધીના અનેક પ્રકારો એમાં હોય છે. પરવાળાંના રંગના પથરા બહુ મળતા નથી, પણ જ્યારે મળે છે ત્યારે મન હરી લે છે. એમનો લાલ રંગ હસમુખો અને હાવકો છતાં ખાનદાન હોય છે. બીજો એક પથરો લીંબુના ચોથા ભાગની ચીરના આકારનો છે. એની એક બાજુ તમે જુઓ તો કહેશો કે લાલ દરવાજા આગળની મસ્જિદમાં જે અર્ધગોળ જાળી છે તેવો જ એ દેખાય છે. આનો ઘરતી ખડબચડી ભાતવાળી છે, અને એની કોર આંગળી જેટલી જાડી ને વાદળી રંગની છે. બીજા એક પાતળા પથરામાં પાસાદાર ચકમકની એક ઊંડી ગુફા છે. બાળ ઘણી વાર સૂક્ષ્મદર્શક કાચ લઈને અંદરનું સંશોધન કરે છે. પણ એ કેટલી ઊંડી છે એનો પત્તો હજુ નથી લાગ્યો. પથરો તોડીને જોવા જેટલો એ રસિક સંશોધક નથી.

પથરાની બીજી એક જાતને અમે અનેનાસનું નામ આપ્યું છે. એને ભાગીએ કે અનેનાસનાં પતીકાં અને તેની ચીરો જેવા કકડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. એમાંનો એક કકડો જાપાની પંખાના આકારનો છે. એક કાચબા જેવો છે; માત્ર છેક कूर्मोऽङ्गानीव सर्वशः । એક ચકમકનો પથ્થર ચામડાના રંગનું બખતર પહેરી બેઠો છે. આપણા મોટા મોટા પાણીના દેગડા પર કંસારાની હથોડીના ઠોક જેવી તેના પર ભાત છે. કેટલાક પથરાઓને ચકમકના કહેવા કે આરસપહાણના એવી શંકા આવે. કેટલાક તો મીણના ગોળા જેવા લાગે છે. એક પથરામાં પ્રશ્નચિહ્ન જેવી લીટીઓ છે. જ્યારે બીજામાં અષ્ટકોણી રકાબીનો ભાંગેલો કકડો હોય એવી ભાત છે.

તમે શંખજીરું જોયું છે? એ બહુ લીસો ને પોચો પથરો હોય છે. મરડામાં ને સંગ્રહણીમાં એની ઝીણી ભૂકી કરી માવાની બરફી સાથે ખવડાવે છે. એ શંખજીરા જેવા — પણ શંખજીરું નહીં — પથરાઓ પણ અહીં મળે છે. એનો આકાર સકરપારિયા ચોસલા જેવો હોય છે. એનાં પડ દેખાય છે એક રીતે, પણ એને ભાંગીએ ત્યારે બીજી જ રીતે ભાંગે છે. મારી પાસે એક મજાનો ત્રિકોણી પથરો છે. એ ચળકે છે ફટકડીની જેમ. પણ એની ભાત કઈ રીતે વર્ણવું? એક જ પાયા પર નાનામોટા અનેક સમદ્વિભુજ ત્રિકોણો ઊભા કરીએ તો જેવી આકૃતિ થાય તેવો એ છે. બાણની ટોચના આકારનો પણ કહી ન શકાય. કેટલાક પથરાઓમાં વાંકીચૂકી પણ સમાંતર ને સકેંદ્ર લીટીઓ હોય છે. આપણે ત્યાં જિલ્લાવાર ‘કોન્ટોર મૅપ્સ’ પડેલા છે. એમાં ટેકરી બતાવવા માટે જે લીટી દોરેલી હોય છે તે ઉપરથી કંઈક ખ્યાલ આવશે.

અંગ્રેજીમાં ત્રણ શબ્દો છે: ‘ટ્રાન્સ્પેરન્ટ, ટ્રાન્સ્લ્યુસન્ટ અને ઓપેક.’ ટ્રાન્સ્પેરન્ટ એટલે સજ્જનના મન જેવા પારદર્શક, ઓપેક એટલે મુત્સદ્દીઓના હેતુ જેવા અપારદર્શક, અને ટ્રાન્સ્લ્યુસન્ટ એટલે વિદ્યાર્થીઓના નિબંધ જેટલા અસ્પષ્ટ – પારદર્શક. મારી પાસે ત્રણે જાતના પથરાઓ છે અને વિશેષ મજા એ કે એક જ પથરામાં કોક કોક વાર આ ત્રણે સ્થિતિ જોવા મળે છે. કેટલાક પથરાઓ સાવ બાઘા જેવા દેખાય છે, પણ જ્યારે પ્રકાશ અને આપણી આંખ વચ્ચે આપણે એમને ધરીએ ત્યારે પોતાની અંદર રહેલી બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળાઓ પ્રગટ કરે છે. તમે સમુદ્રની છીપો તો ઘણી જોઈ છે. અહીં એ રંગના દૂધિયા પથરા પણ મળે છે. એક નાનકડો પથ્થર કાચકાગળ જેવો છે. એના પર અમે અમારી પેનસિલની અણી કાઢીએ છીએ.

ચોમાસામાં વરસાદમાં જેને કામ કરવું પડયું છે એ જાણે છે કે પગનાં આંગળાં સડી જાય છે ને એ આંગળાં વચ્ચેનો ભાગ આસમાની ધોળો થઈ જાય છે. પગની એ સ્થિતિ જોઈ આપણને ચીતરી ચઢે છે, પણ પથરામાં જ્યારે એ ઝાંખ દેખાય છે ત્યારે એ જોતાં મન ઠરે છે. બાળો કયાંકથી હાથના આંગળા જેવો જ એક પથરો આણ્યો છે. એના પર કાચકાગળ જેવી કણીઓ છે. પણ આવી કણીવાળો ઉત્તમમાં ઉત્તમ પથરો પ્રભુદાસ પાસે છે. કોઈ પણ કળારસિક માણસ એને એક વાર જુએ તો ભૂલી ન જાય. એક પથરાનું નાનકડું ભૂંગળું છે. એની અંદરની બાજુ બધા હીરા હીરા ચોંટેલા છે. એ કઈ રીતે બને છે એ તમારે જાણવું જોઈએ. ખાંડમાંથી સાકર કઈ રીતે બનાવે છે જાણો છો? સમુદ્રના પાણીમાંથી મીઠાના નાનામોટા ગાંગડા સરખા જ પાસાવાળા અને આકારવાળા કઈ રીતે બને છે એનો કંઈ તમને ખ્યાલ છે? મોરથૂથુ અને ફટકડી બંને એક જ પાણીમાં ઓગળી ગયા પછી એમને ફરી અલગ અલગ કેવી રીતે કરવાં એની યુક્તિ તમે સાંભળી છે? નાનકડા કે લાંબા કાગળમાં એ બધું હું તમને ન કહી શકું. કિશોરલાલભાઈને અથવા શંકરલાલભાઈને તમે પૂછી જોજો. વેરૂળની કે અજંટાની હજાર કે બે હજાર વરસ પહેલાંની કારીગરી જોઈને આપણને અચંબો થાય છે અને આપણે એમની પાસેથી મળતો ઇતિહાસ શોધીએ છીએ. પણ મારા હાથમાં રમતા આ નાનામોટા પથરાઓ પાસે એટલો બધો જૂનો ઇતિહાસ છે કે વેદકાળને પણ આ પથરાઓ ગઈ કાલને નામે સંબોધે છે!

તમારામાંથી કેટલાક જણ જાણતા હશો કે ભૂસ્તરવિદ્યા કરીને એક શાસ્ત્ર છે. એ શાસ્ત્ર પૃથ્વીના પડની સ્થિતિ કેવી છે, તે શાથી આવી બની છે, વગેરે બધી વસ્તુઓની તપાસ કરે છે. આ શાસ્ત્રનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીમાં, કૂવા ખોદવામાં, ખાણો ખોદવામાં વગેરે અનેક કામમાં ઉપયોગ થાય છે. ભૂતકાળ તરફ પ્રયાણ કરતાં જ્યાં ઇતિહાસ થાકે છે ત્યાં આ શાસ્ત્ર પોતાનું કારભારું શરૂ કરે છે. જો ચંદ્રશંકરને તમે પકડી શકો તો એચ. જી. વેલ્સના ઇતિહાસમાંથી પહેલાં થોડાં પ્રકરણનો સાર એ તમને આપી દેશે, અને પૃથ્વીની ઉંમરમાં આખી માણસજાતનો ઇતિહાસ એક ક્ષણ સમાન જ છે એ તમને સિદ્ધ કરી આપશે.

તમારામાંના કેટલાક જણ મારી સાથે ખંભાત આવ્યા હતા. ત્યાં આપણે અકીકની કારીગરી જોવા ગયા હતા. રાજપીપળાના ડુંગરોમાંથી અકીકના પથરા આણી ભઠ્ઠીમાં તે પકવે છે એટલે એ પથરામાં જાતજાતના રંગો અને ભાતો ખીલે છે. એ તો કૃત્રિમ ક્રિયા થઈ. કુદરત એ જ ક્રિયા લાખો વરસથી—હા સાચે જ લાખો વરસથી—પૃથ્વીના પેટમાં કરતી આવી છે. એ ક્રિયા આપણાથી અજ્ઞાત અને ચૂપચાપ ચાલે છે. 'સીલીકેટ' (ચકમકનો પથ્થર)નો રસ બે પથરા વચ્ચે અથવા એકાદ મોટા પથરાના પેટમાં ચૂસે છે. ત્યાં એના જાતજાતના આકાર થઈ જાય છે. એકાદ પથરાના પેટમાં પોલાણ વધારે હોય અને 'સીલીકેટ' નો રસ ઓછો ગયો હોય એટલે એના મજાના પાસા પડે છે. અહીંથી કેટલાક મજાના પથરા મોકલવાનું મન થાય છે. . . . તમને સાચવવાનું મન થાય તો સાચવશો, નહીં તો મહાવિદ્યાલયમાં શ્રી. નારાયણ મલકાનીને એ સોંપી દેજો. એ અજબ વસ્તુના શોખીન છે. એમનો કંઈક ઉપયોગ કરશે.

અહીં પ્રભુદાસે પણ પોતાનો સંગ્રહ કરવાની શરૂઆત કરી છે. એની પાસે તો ખૂબ જ મજાના પથરા ભેગા થયા છે. એક પથરાનો આકાર કાન જેવો છે. પણ એ કશું સાંભળતો જ નથી. રામનામનું રટણ કરતી વખતે વાલ્મીકિ ઋષિના કાન ક્યાં સાંભળતા હતા? બીજા એક પથરામાં કાળી, પીળી અને જર્દા રંગની એવી મજાની વીંટીઓ છે કે મને તો આગ્રાના ઇતિમાદુદ્દૌલાની કબર જ યાદ આવી. બીજા એક પથરામાં સમકેન્દ્ર લીટીઓ જ છે. ડુંગળી અર્ધી કાપી હોય એટલે અંદરનાં પડ જેવાં દેખાય છે અથવા આંગળી ઉપરનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શંખચક્ર જેવાં હોય છે તેવી જ આ લીટીઓ છે. માત્ર આની લીટીમાં ઠેરઠેર ખૂણા પડેલા હોવાથી આની શોભા વધારે છે. અહીં પાઠશાળાના વિદ્યાર્થીઓ પ્રભુદાસને પૂછે છે કે 'આ પથરાઓનું તમે શું કરો છો?' પ્રભુદાસ શો જવાબ આપે છે તે હું જાણતો નથી. મને એક વાર રામદાસભાઈએ પૂછેલું કે 'આ તારાઓ જોવાથી શો લાભ થાય?' ત્યારે મને કશો જવાબ સૂઝ્યો ન હતો. કેમ કે એ સવાલ જ મને સૂઝ્યો ન હતો.

લિ૦ કાકાના
સપ્રેમ શુભાશિષ

૨

મહા સુદ ૭, ગુરુ

આ અઠવાડિયે અનેક વિદ્યાર્થીઓના કાગળો આવ્યા છે. એટલે કેને નામે આ કાગળ લખું તે નક્કી નથી થતું!

સાંજે સૂરજ આથમી ગયો ત્યારે તે સાવ થાકી ગયેલો દેખાતો હતો. એનું તેજ ઝાંખું પડ્યું હતું. પહાડની પાછળ ઊતર્યા પછી એણે પોતાના રશ્મિનો સમૂહ કર્યો. અંધારું થયું અને પછી રાત્રિનું વિશાળ કદંબવૃક્ષ ફૂલવા લાગ્યું. પારિજાતના ઝાડ પર ફૂલોની જેમ બહાર આવે તેમ નક્ષત્રો ફૂલવા લાગ્યાં. આખી રાત ચકચક, ચકચક, ચળકયાં જ કરે. સવારે સૂરજને આવવાનો વખત થયો, પણ બીચારો તેજ ક્યાંથી આણે? અને ઝાંખો જ ઊગે તો એની આબરૂ જાય. તમને ખબર છે કે ચંદનઘોને જેમ લાંબી અને દૂર્વા જેવી જીભ હોય છે તેમ સૂરજને પણ તેવી અસંખ્ય જીભો હોય છે. એમને કિરણ કહે છે. સાડા ત્રણ ચાર વાગ્યાથી એ પોતાની જીભો બહાર કાઢી તારાઓ ચાટતો જાય છે. પ્રથમ તો ઝીણા ઝીણા તારાઓ એની જીભોને ચોંટી જાય છે. પછી, આકાશના આ છેડાથી બીજા છેડા સુધી જીભ લંબાવી તે બધા તારાઓ વીણી ખાય છે. નવલખ તારાનું તેજ ગળી ગયા પછી એ ફરી તેજસ્વી થાય છે, અને પ્રસન્ન વદને પૂર્વ દિશાને વીંધીને બહાર નીકળી આવે છે. સૂરજ નીકળ્યા પછી પણ કોક કોક વાર શુક્ર બચી જાય છે. શુક્ર આગળ દોડે અને સૂરજ એને પકડવા ચડતો રહે. બધા તારાઓ ગયા છતાં પોતે રહ્યો છે, એ જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાને 'શુક્ર અદા' કરે છે. એટલામાં એ પણ ખવાઈ જાય છે. अहंकारी व्रजत्यधः । . . .

અહીંની ઠંડી ગઈ તો હતી. ખૂબ દૂર ગઈ હતી. પણ એનું કંઈક પાછળ રહી ગયું હશે તે લેવા એ ફરી આવી. આઠ દિવસ થયાં એની શોધ ચાલતી હતી, બે દિવસ થયાં વાદળાંઓ અહીંના આકાશનાં મહેમાન છે. અને આકાશે પણ ઉદારતાથી કહ્યું છે કે આખું ઘર તમારું જ છે. ગઈ રાત્રે પૂનમ હતી એટલે ચન્દ્રનો હક આકાશ પર પૂરેપૂરો હતો. પછી શું ચંદ્ર અને વાદળાંઓ ફ્રેંચો અને અંગ્રેજો હિન્દુસ્તાન માટે લડે એમ લડવા લાગ્યાં! એ લડાઈ વચ્ચે રાહુની છાયાનો ભાવ જ ન રહ્યો.

લિ૦ કાકાના,
સપ્રેમ આશિષ

૩

ચિંચવડ, ગુરુવાર,
મહાશિવરાત્રિ

પ્રિય—

. . . આજે તમે મહાશિવરાત્રિનો તહેવાર કઈ રીતે ગાળતા હશો એના જ વિચાર આવે છે. શિવરાત્રિનો તહેવાર ઉત્સવ નથી પણ વ્રત છે. શિવરાત્રિનો તહેવાર શૈવ સાંપ્રદાયી ગણાય છે તેથી વૈષ્ણવો એને વિષે ઉદાસીન હોય છે. આ શૈવવૈષ્ણવોનો ભેદ એક વખતે આપણા દેશમાં બહુ આકરો હતો. માણસમાં લડવાની વૃત્તિ જ્યાં સુધી છે ત્યાં સુધી ગમે તે ભેદને આગળ કરી તે લડવાનો. છેક દક્ષિણમાં શૈવવૈષ્ણવોએ જૂના કાળમાં એકબીજાનું લોહી ઓછું નથી વહેવડાવ્યું.

શિવરાત્રિનું માહાત્મ્ય તમે બધા જાણો જ છો. 'હરણાંનાં સ્મરણાં' વિષે તમે વાંચ્યું સાંભળ્યું છે જ. વચન પાળવાની ટેક, માતૃવાત્સલ્ય અને પરાર્થે સ્વાત્માર્પણ એ બોધ તમે એ વાર્તામાંથી લીધો હશે જ. પણ આજે બીજી દૃષ્ટિએ શિવરાત્રિનું મહત્ત્વ મને સ્ફુરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ધર્મમાં જીવદયાનો બોધ સર્વોચ્ચ અને શુદ્ધ ભૂમિકા ઉપરથી કર્યો છે. તિર્યંચ એટલે કે મનુષ્યેતર પ્રાણીઓ એ પણ ઈશ્વરનાં જ બાળકો છે. ઈશ્વરના હૃદયમાં એમને વિષે પણ આપણા તરફ છે તેટલું જ વાત્સલ્ય વસે છે. મૂક પશુપક્ષીઓને પણ આપણા જેવી જ લાગણીઓ હોય છે. તેમને દુઃખી કરવાં એ અધમતા છે. પશુઓને પીડવાથી ઈશ્વર વિશેષે કરીને નારાજ થાય છે એ બોધ આપણા ધર્મમાં અનેક સુંદર અને અસરકારક રીતે અપાયો છે. પશુઓ દયાનાં પાત્ર નથી પણ આપણા પ્રેમનાં અધિકારી છે એ આપણો ધર્મસિદ્ધાંત છે. જીવદયા નહીં પણ જીવમાત્ર પ્રત્યે આત્મૌપમ્ય —પ્રેમ એ લાગણી આપણા ધર્મને પસંદ છે, અભીષ્ટ છે.

જીવપ્રેમનો પ્રથમ હિમાયતી તે આપણો વાલ્મીકિ. એણે રામાયણની વાર્તામાં દેવો, રાક્ષસો, મનુષ્યો સાથે પશુપક્ષીઓને પણ સરખું જ સ્થાન આપ્યું છે. તિર્યક યોનિમાં પણ વીરો, મુત્સદ્દીઓ, સાધુઓ અને પ્રેમસેવકો હોય છે એ વિષે—જાણે પોતે કાંઈ નવી વાત કહેતો જ નથી, સ્વાભાવિક વાતો જ લખે છે તેમ—વાલ્મીકિએ ગાયું છે. ભક્તશિરોમણિ હનુમાન, ઉગ્રશાસન સુગ્રીવ, આર્તત્રાણ જટાયુ અને સેતુપતિ જાંબુવાન એમને વિષે મનમાં દયાભાવ નથી ઊપજતો, પણ આદરભાવ જ ઉદ્‌ભવે છે. એ પશુપક્ષી છે એ વાત પણ આપણે ભૂલી જઈએ છીએ. એટલો સમભાવ એ જ જીવપ્રેમનો સાચો પાયો છે.

વસિષ્ઠ અને કામધેનુ, દિલીપ અને નંદિની, નોળિયો અને રાજસૂય યજ્ઞ, ગજગ્રાહ, વેદમાંની સરમા અને ચોર પણિઓ, ધર્મરાજનો શ્વાન, દમયંતીનો હંસ, નળ અને કર્કોટક, મનુ ભગવાનને બચાવનાર મત્સ્ય, રામને મદદ કરનાર ખિસકોલી—એવા એક કે બે નહીં પણ અસંખ્ય પ્રસંગો આપણા ધર્મગ્રંથોમાં વર્ણવ્યા છે. તેથી પ્રાણીઓ પ્રત્યે સમભાવ દૃઢ થાય છે. આપણા કેટલાક અવતારો પણ મનુષ્યેતર છે. જાતકકથાઓ, પંચતંત્ર, હિતોપદેશની વાર્તાઓ એ બધી એ જ દિશાએ કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હરણાંનાં સ્મરણાં' પણ આપણામાં મનુષ્યેતરો પ્રત્યે પ્રેમ અને લાગણી પેદા કરે છે. ત્યારે શિવરાત્રિને દિવસે આપણે શું કરીશું? સિદ્દૈયા કહેશે, ગોરક્ષા માટે ૨૦૦૦ વાર કાંતીશું. કિશોરલાલભાઈ કહેશે, આપણા આશ્રમમાં નધણિયાતા કૂતરાઓ છે તેમને કેમ ન અપનાવીએ? દરેક કૂતરાને જો થાય કે આપણને પોતાનો ગણી ખવડાવનાર અહીં કોઈ છે તો તે આર્ય બનશે અને નાલાયક કૂતરાને તે અહીં આવવા દેશે નહીં. ડાહ્યાભાઈ કહેશે કે પ્રથમ ગાડીમાં બનતાં સુધી ન બેસવાની અને બોજો ઓછામાં ઓછો રાખવાની નેમ રાખીએ તો જીવપ્રેમ સાર્થક થશે. મગનલાલભાઈ કહેશે, કે છોકરાઓ કૂતરાની પાછળ પડીને તેમને મારે છે તેટલું બંધ કરે તો ભારે થયું કહેવાય. ઠાકોરભાઈ કહેશે ઓરડીઓ સાફ રાખી જાળાંને પેદા જ ન થવા દેવાં એ જીવદયાનું સુંદર અંગ છે. મારા જેવો કહેશે કે રાતે પાણીમાં પડી નદીનાં માછલાંઓને ન કનડીએ તો શિવરાત્રિને પ્રસંગે માછલાંઓ માટે શિવ-રાત્રિ થશે. શંકર કહેશે ઉનાળામાં ચકલીઓ માટે પીવાનું પાણી રાખીએ એ જરૂરનું છે. દરેક પ્રસ્તાવમાં કાંઈ ને કાંઈ સુંદરતા છે, અને એ બધા જ નિયમો આશ્રમજીવનમાં શોભે એવા છે.

ત્યારે બોલો શિવરાત્રિનું સ્મરણ કરી તમે કઈ નેમ લો છો? આ કામ પ્રેમનું છે અને પ્રેમથી કરવાનું છે. એ વ્રત જાહેર કરવાની આવશ્યકતા છે જ એમ નથી. પોતાની પસંદગી કરી લેવી અને તે પ્રમાણે ઉત્સાહપૂર્વક ચાલવું.

લિ૰ કાકાના શુભાશિષ

૪

પ્રિય —

આજે અમારું બેસતું વરસ છે. સાયણ ગણતરી પ્રમાણે બેસતું વરસ આવતી કાલે ગણાય. વાનરરાજા વાલીના ત્રાસમાંથી દક્ષિણની ભૂમિ છૂટી એના આનંદમાં ઘેર ઘેર ઉત્સવ કરી લોકોએ ગુડીઓ (ધજાઓ) ઊભી કરી હતી, એ રિવાજ દક્ષિણમાં આજ સુધી ચાલે છે. બેસતા વર્ષને ગુડી પાડવા કહે છે.

બેસતે વર્ષે નવો સંકલ્પ કરવાનો હોય છે. કેમ કે બેસતા વર્ષનો દિવસ એ એક જાતની સવાર છે. સવારે જેમ થાક ઊતરી જઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી સ્ફૂર્તિ આવે છે, તેમ બેસતા વરસે નવું પાનું ખોલવાનું હોય છે. અત્યાર સુધી થઈ ગયું એ થઈ ગયું, આજથી નવી વાત, એમ પોતાને સમજાવી માણસ નવો સંકલ્પ કરે છે. નવો સંકલ્પ કરતા પહેલાં સિંહાવલોકન કરવું એ પણ માણસનો સ્વભાવ છે. સિંહાવલોકન એટલે સિંહની પેઠે પાછા વળીને જોવું તે. કહે છે કે ફલંગો ભરી દોડતો સિંહ વચમાં વચમાં થોભીને આપણે કેટલે સુધી આવ્યા, કેટલો રસ્તો કાપ્યો એનું નિરીક્ષણ કરે છે. પ્રગતિશીલ માણસને પણ એ ટેવ કામની છે. અત્યાર સુધી આપણે કયા કયા સંકલ્પો કર્યા, એમાંથી કેટલા પાર પડ્યા, કેટલા સંકલ્પો સુધારવા પડ્યા, અને કયા જતા કરવા પડ્યા એનું તારણ કાઢ્યા પછી જ નવો સંકલ્પ ઠરાવી શકાય. પ્રથમ પ્રથમ માણસ ઉત્સાહમાં આવીને પોતાનો સંકલ્પ બોલી જાય છે. જાણે બોલ્યા એટલે કરી જ નાખ્યું. બોલવાથી બુદ્ધિ દૃઢ થઈ જાય છે; સ્નેહીઓના સમભાવથી સંકલ્પ પાર પાડવા માટે અનુકૂળતા થાય છે; બોલતાં બોલતાં વિચારો સ્પષ્ટ થાય છે; કાર્યમાં એકાગ્રતા આવી જાય છે, અને પોતાની વાણીનું જ બંધન તૈયાર થાય છે. પણ બોલવામાં સંયમ હોવો જ જોઈએ. નહીં તો જૂના લોકો કહે છે તેમ બોલવાથી વરાળ નીકળી જાય છે, ધ્યાન ઢીલું પડે છે અને સંકલ્પની આવરદા વાણી જેટલી જ થઈ જાય છે. આના જેવો વિચાર કરીને જ પેલો શ્લોક રચાયો છે :

मनसा चिंतितं कार्यं वचसा न प्रकाशयेत् ।
अन्यलक्षितकार्यस्य यतः सिद्धिर्न जायते ॥

આ શ્લોક રચનાર કોઈ વ્યવહારુ માણસ હોવો જોઈએ. એની દલીલ આપણે ગળે ઊતરે નહીં. પણ એની શિખામણ ઠીક છે.

બેસતા વરસે સંકલ્પસિદ્ધિને અર્થે એકાદ વ્રત લેવાનું હોય છે. ઉત્તમ વ્રત તે ચિત્તરક્ષા વ્રત.

चित्तरक्षाव्रतं मुक्त्वा बहुभिः किं मम व्रतैः ।

છતાં એ મહાવ્રતની મદદ તરીકે એક નાનકડું વ્રત આપણે બધા લઈ શકીએ છીએ. અને તેને બેસતા વર્ષના કે બીજા મુહૂર્તની આવશ્યકતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે આપણો અનુભવ તપાસીએ તો આપણને જણાશે કે ઘણી વાર આપણે વસ્તુસ્થિતિ ઊંધી સમજીને આસપાસના લોકોને ગેરઇન્સાફ આપ્યો છે. જેટલી વાર પોતે કરેલો ગેરઇન્સાફ આપણા ધ્યાનમાં આવે તેટલી વાર જો સામા માણસની માફી માગવા જઈએ તો આપણને ખબર પડશે કે ગેરસમજ કરી લેવાની શક્તિ આપણામાં કેટલી છે. ડગલે ને પગલે માફી માગવાના પ્રસંગ એટલા બધા આવશે કે આપણે પોતે શરમાઈ જઈએ. એ વાત છોડી દઈએ તોપણ સામો માણસ પણ આપણી ચંચળ વૃત્તિ જોઈને અકળાઈ જાય. માફી માગીએ તો પોતાની કિંમત ઘટે એવી બીક રહે છે. એને પહોંચી વળીએ તોપણ માફીની કિંમત ઘટી જશે એ બીક સાચી જ છે. હવે માફીની કિંમત ઘટે એ ઠીક કે સામસામી ગેરસમજ ચાલવા દઈએ એ ઠીક? વ્યવહારકુશળ સમાજ માફીની નિખાલસતા કરતાં પ્રતિષ્ઠાની સ્થિરતા જ વધારે ચાહે છે. પણ એમ કરીને સમાજે શું મેળવ્યું છે?

જેટલી ગેરસમજો આપણા ધ્યાનમાં આવી છે તેમની આ વાત થઈ. પણ જ્યાં આપણને થાય છે કે આ વાત નિશ્ચિત છે, આમાં ગેરસમજને અવકાશ જ નથી, ત્યાં પણ કોક વાર ઘોર ગેરસમજ હોય છે. એનું શું?

ઉપાય એક જ છે કે કોઈને વિષે અભિપ્રાય બાંધવાની ઉતાવળ જ ન કરવી, એ હેતુનો જ્યાં વિકલ્પ સંભવે ત્યાં સારા હેતુની જ કલ્પના કરવી. માણસનો ઠીક ઠીક પરિચય હોવા છતાં એનું બાહ્ય સ્વરૂપ જ આપણી આગળ ઉઘાડું રહે છે. અંતર જાણવું મુશ્કેલ હોય છે. કેટલાક લોકો પોતાનું અંતર ઉઘાડું કરી જ શકતા નથી. વિચારો કે કલ્પના વ્યક્ત કરવાની ભાષા માણસે કેળવી છે. પણ હૃદય વ્યક્ત કરવાની ભાષા હજી અણખેડેલી જ રહી છે. તેથી માણસ પ્રગટ કરે છે એક, અને બીજા સમજે છે બીજું જ. એ દશા બધે ચાલે છે. એટલું ધ્યાનમાં રાખીએ તોયે ઘણું થાય. જે લોકો બહુ બોલે છે, બહુ વાતો કરે છે, વાતૂડિયા તરીકે ઓળખાય છે તેઓ અંદરથી કેટલા દુઃખી હોય છે એ કોઈ જાણતું જ નથી. બહુભાષી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતઃકરણમાં ઘણી વાર એકાકી હોય છે. એ આપણે સમજી લઈએ તોયે ઘણું થાય. આપણે ઇન્સાફ કરનાર કોણ?

આટલો વિચાર કર્યા છતાં બીજા લોકો વિષે કંઈક આકરા અભિપ્રાય આપણે ધરાવવાના જ. તે વખતે એ જ દોષ આપણા પોતાનામાં કેટલો છે એ તપાસી શકીએ તો કેવું સારું! જો આપણે પોતાને પોતાના ગમે તેટલા દોષની ક્ષમા કરી શકીએ તો બીજાનો આપણા પૂરતો એકાદ દોષ દરગુજર ન કરીએ?

જો આટલું કરતા છતાં અમુક માણસ પ્રત્યે આપણા મનમાં સદ્‌ભાવ ન જ પેદા થાય તો ખટાશના પ્રસંગો લાવવા કરતાં એની સાથેના સંબંધનો સંકોચ કરવો એ જ યોગ્ય છે. જ્યાં સદ્‌ભાવ નથી ત્યાં સહકાર કરવાનો આપણને હક જ નથી. દુનિયામાં શ્રમ-વિભાગને નામે જે જગદ્‌વ્યાપી સહકાર ચાલે છે તેથી શ્રેય જ થયું છે એમ નથી. આપણા હૃદયનો જેટલો વિકાસ હોય તેટલો જ આપણો વ્યાપ રાખીએ એ યોગ્ય છે. હૃદયથી જ સત્ય સમજાય છે એમ ઋષિઓ કહે છે.

મળીને કામ કરવા માટે ‘ महामनाः स्यात् ’ એ વ્રત આવશ્યક છે.

આ કાગળની શરૂઆત તો વિદ્યાર્થીઓને ઉદ્દેશીને કરી હતી, પણ હું જોઉં છું કે એ મેં પોતાને જ ઉદ્દેશીને પૂરો કર્યો છે. એટલે આને પ્રાર્થનામાં વાંચવા કરતાં જે ઇચ્છે તેને વાંચવા દેવો એ ઠીક છે.

લિ૦ કાકાના
સપ્રેમ શુભાશિષ

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar